બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

વર્ષ ૭ મું.]　　૧ લી જાન્યુઆરી ૧૯૧૪.　　[અંક ૧ લો.

આ મનુષ્ય જીવન ધન્ય છે રે! ધન્ય છે સંસાર આ—

અહીં પ્રેમ છે, સૌન્દર્ય છે, આનન્દ છે સંસારમાં;
ઊંડું નિહાળી જો! જગત્ ચાલે વ્યવસ્થિત નિયમમાં.
ફરિયાદ તું શાને કરે, કષ્ટો અને દુઃખો તણી ?
જરી નજર કર આ ચમત્કારી ઇશ લીલા મનભરી!
પરિમિતતાના ભાસ સર્વે કારણ સૌ સંપૂર્ણનાં;
પરિમિત વસ્તુ લાગતાં પણ અંશ એ અનહદ તણા.
ઇતિહાસ જુવો મનનના પ્રયોગ વળી વિજ્ઞાનના;
અગણિત ભૂલો કરી કરી અંતે વિરામે સત્યમાં.
તું ભૂલ જેવી દુઃખની પણ માન ટૂંકી જીંદગી;
રે! સત્ય આગળ સુખ આગળ નહીં ટકે લાંબી ઘડી.
અનંતતાનો, વ્યાપ્તિપટ છે, જીવન મૃત્યુ ભિન્ન શું ?
એ સૂક્ષ્મદર્શક કાચથી જ્યમ વસ્ત્રનાં છિદ્રો સમું.
આ મનુષ્ય જીવન ધન્યછે રે! ધન્ય છે સંસાર આ!
યત્નો કરતાં, પ્રાપ્ત સુન્દર સત્ય, જ્ઞાન, અનંતતા.

તા. ૨૭-૨૮ નવેંબર ૧૯૧૩.　　　　હરિપ્રસાદ.

(૧) મનના ઇતિહાસ એટલે History of Phylosophy તત્વજ્ઞાનના ઇતિહાસ.

(૨) તત્વજ્ઞાન ઇતિહાસમાં તેમજ વિજ્ઞાનના એટલે સાયંન્સના પ્રયોગોમાં વિદ્વાનોની ઘણી ઘણી ભૂલો પછી આખરે મનુષ્યને જેમ સત્ય પ્રાપ્ત થયુ છે ને સત્ય આગળ ભૂલ જેમ લાંબી ટકી નથી તેમ સુખ આગળ દુઃખ પણ લાંબો કાળ ટકતું નથી. જેને એક વખત પણ દુઃખ ભોગવ્યું છે તે સમજી શકશે કે દુઃખ ગમે એવું સખત હોય છે પણ દિવસે દિવસે ઓછું થઇ જાય છે.

ઉત્સાહ છે અને આ પત્રદ્વારા નાતસેવા કરવાની એમની જે ઉત્કંઠા છે તે મ્હને એટલી સુવિદીત છે કે ત્રિમાસિકનું ભવિષ્ય દિન પ્રતિદિન વિશેષ ને વિશેષ ઉજ્વલ થશે, એ બાબત મ્હને કોઇ પ્રકારની શંકા રેહેતી નથી. આ રીતે પત્રનું તંત્ર બદલાય છે છતાં મ્હારો સંબંધ જેવો હતો તેવોને તેવો–લેખોદ્વારા તથા બીજી પણ જે જે મદદ મ્હારાથી બનશે–તે દ્વારા યથાશક્તિ મ્હારૂં કર્તવ્ય બજાવીને કાયમ રાખીશ. ત્રિમાસિકને જન્મ આપી એને આટલે દરજ્જે વ્હડાવવામાં જે સ્વાર્થનો ભોગ મુ. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, મુ. ચીમનલાલ દરરેશમજી તથા મુ. મુકુન્દરાય આત્મારામે આપ્યો હતો તે કદી વિસરવા જેવો નથી. ત્રિમાસિક તેની હયાતી રહે ત્યાં સુધી એ સજ્જનોનું ઋણી રહેશે.

આ થોડો કાળ જે ત્રિમાસિક બંધ રહ્યું તે દર્મીયાન થોડા પણ ખરી લાગણીવાળા સદ્ગૃહસ્થો અને સન્નારીઓને ત્રિમાસિક માટે અતિશય મમતા હતી તે જણાઇ આવી છે ને ખરૂં કહીએ તો એમનીજ ઓથથી આ ત્રિમાસિક ફરી શરૂ કરવાની હિમ્મત આવી છે.

આપણી નાતમાં 'ઉચ્ચ જીવન' તરફ બેદરકારી ને પોતાના ઉદર નિર્વાહને માટે કરાતા ધંધામાં અતીશય અનુરક્ત થવાનો દોષ વિદ્વાનોમાં પણ આવેલો લાગે છે. એડીનબરો યુનીવર્સીટીનાં જુદાં જુદાં મંડળોના સંયુક્ત મેળાવડામાં પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં લૉર્ડ હોલ્ડેને વિદ્યાર્થીઓ આગળ "જીવનમાં ફત્તેહ કેમ મળે" એ વિષય ઉપર ઉપદેશ કર્યો હતો.* તેમાં કહ્યું હતું કે "વકીલાતમાં ફત્તેહ કેમ મળે એ વિષય ઉપર લૉર્ડ ચેન્સેલર જ્હોન-સ્કૉટને જ્યારે સવાલ પુછવામાં આવ્યો ત્યારે એમણે કહ્યું હતું કે એક નિયમ તો હું બતાવી શકતો નથી; પણ ખરી ફત્તેહ કોઇપણ ધંધામાં મેળવવી હોય તો **રેહેવું સાધુની માફક પણ કામ કરવું ઘોડાની માફક.** મ્હને એ ઉપદેશ તમે કોઇપણ ધંધામાં પડો તેમાં અગત્યનો લાગે છે; પરન્તુ એનો અમલ કરતાં અતીશય વ્યવહાર કુશળ–બહુજ સ્વાર્થી થઇ જવાય છે એ ધ્યાનમાં રાખજો. એમ થવાથી આપણે સાંકડા મનના ને અરસિક થઇ પડીએ છીએ. જુવાની એ બહુ સ્થીતિસ્થાપક ને અતીશય બળવાળી વસ્તુ છે. એજ વખતે વિશાળ જ્ઞાન ને સર્વમાંથી સાર લેતાં આવડે એવા સ્વભાવનો પાયો નાખી શકાય છે. સાહિત્ય, તત્વજ્ઞાન, ધર્મ એ વિષયો આપણી દ્દષ્ટીને વિશાળ કરે છે.

* જુવો Times of India તા. ૯ ફી ડીસેંબર ૧૯૧૩.

વિજ્ઞાન-સાયન્સ-નો અભ્યાસ, સંગિત અને લલિતકલાઓ પણ આપણને ઉચ્ચ કરે છે. આમાંની એક કે અનેક વસ્તુઓમાં તમે સ્થાન આપશો, જે તમને રૂચે એ તમે લેશો. વળી એમણે કહ્યું કે જુવાનીઆઓમાં એક અવગુણ બહુજ જોવામાં આવે છે કે દરેક બાબતમાં અમે બેપરવા છીએ એનો ડોળ કરવો ને ગમે તેવી સારી વાત હોય તેને મશ્કરીમાં ઉડાવવી. એ ટેવમાં તમે ભૂલે ચૂકે પણ પડશો નહીં."

ઉપર કહેલા બેપરવાઈ ને દરેક સારી વાતને મશ્કરીમાં ઉડાવવાના દોષો આપણામાં કંઇક પરેલા છે ને એ કંઇક અંશે પણ દુર થઇ, યુવકોનાં વલણ જ્ઞાન અને વિશાળ કર્તવ્યોનાં મનન તરફ વળે એવા ઇલાજ આ ત્રિમાસિકથી લઇ શકાય એમ થતું હતું; વળી ન્યુસપેપર્સના કે માસિક ત્રિમાસિકોના વાંચનમાં, કે પુસ્તકોના આત્મોન્નતિ કરી શકે એવી રીતના અભ્યાસમાં, આટલું આટલું લખતાં વાંચતાં આવડે એની આખી નાતમાંથી પણ બહુ જુજ સંખ્યાનું લક્ષ હશે છતાં એ શોકજનક સ્થીતિનો કંઇક ઇલાજ આ ત્રિમાસિક કરી શકે એમ હતું. એનાથી નાતનાં કેટલાંક સ્ત્રીપુરૂષોમાં વાંચવા લખવાના સદ્અંશો દાખલ થતા હતા; માટે બીજા કોઈ કારણથી નહીં તો માત્ર આ એકજ કારણથી આ ત્રિમાસિક બંધ રહ્યું તેથી હું ઘણો દીલગીર હતો.

ઘણાઓ વાંચવાના લેખો કરતાંએ ફક્ત નાતના ખબર અંતર માટે આ પત્ર શરૂ થાય એમ ઇચ્છે છે. ખબરઅંતર એ કંઇકઅંશે જરૂરની છે એ સ્વીકાર્યાં છતાંએ એ કંઇ એનો અગત્યનો ભાગ નથી. આપણી વર્તમાન સ્થીતિની ખરી તપાસ કરી, આપણા સમગ્ર ગુણદોષોનું સરવૈયું વખતો વખત આપતા રહી, આપણાં શરીર, મન, બુદ્ધિ અને આત્મા સર્વેનો વિકાસ કીયે માર્ગે થાય એના માર્ગો ત્રિમાસિકદ્વારા પ્રસંગોપાત બતાવતા રહેવાય એજ એના અસ્તિત્વનો હેતુ હોઇ શકે. આ બધા હદ્દેશો ઉદાર કરતાં હાલની વ્યવસ્થાથી વધારે સારી રીતે સચવાશે એમ સમજી પૂર્ણ સંતોષથી હું ત્રિમાસિકના વ્યવસ્થાપક તથા તંત્રીનો સંબંધ છોડું છું અને ઉદાર વખતમાં અજાણે અલગણે જે જે કંઇ દોષો થયા હોય તે માટે વાંચકવર્ગની ક્ષમા માંગી આ પત્રની ઉત્તરોત્તર ચડતી થાય એવું પરમેશ્વર પાસે માંગી આપની રજા લઉં છું.

અમદાવાદ. તા. ૧-૧૨-૧૩. લી૦ આપનો સદાનો તાબેદાર સેવક,

હરિપ્રસાદ મજરાય દેસાઇ

ત્રિમાસિકની નવી વ્યવસ્થા.

સ્થળ પરત્વે " બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક " ના બે અવતાર થઇ ગયા છે. તેની જન્મ ભૂમી ભરૂચ હતી. શ્રી નર્મદાનો પવિત્ર કાંઠો તેને બહુ ભાવ્યો નહિ. હવાફેર માટે અમદાવાદની સુકી હવામાં તેને લેઇ ગયા. તે શહેરની અર્થપરાયણતા પણ તેને અનુકુળ પ્રાણવાયુ આપે એમ જણાયું નહિ; હવે તેને કળિયુગના નવા તથા મહાન શહેરમાં સજીવન કરવા ઉત્સાહી તથા નિઃસ્વાર્થિ યુવકોએ સંકલ્પ કર્યો છે. ઈશ્વર તેને આ રાજધાનીના શહેરમાં દિર્ઘાયુષ આપો. તથાસ્તુ.

આ શહેરમાં " ત્રિમાસિક " ને લાંબુ આયુષ્ય મળે તેવાં સાધનો ઘણાં છે. તેના નેતાઓ ઉત્સાહી, જ્ઞાતિના ભલામાં તત્પર, આરંભેલું કામ પાર પાડવામાં ખંતીલા, હાલના સમયના લક્ષ્યોના અભ્યાસી-યુવકો છે. તેમનામાં ન્યાતના સભાસદો તરીકે જે સદ્‌ગુણો હોવા જોઇએ તેની હયાતી છે, અને ન્યાતના જથ્થાથી દૂર રહેતા હોવાથી જે નાનાં નાનાં મતભેદનાં કારણો અતિ સહવાસથી ઉભા થાય છે તે કારણોથી તેઓ રહિત રહેવાના, તથા મુંબાઇ નિવાસી હોવાથી ઘણેભાગે હંમેશાં ભેદદ્રષ્ટિ વધે તેવા યોગોથી તેઓ મુક્ત રહેવાના. ઉંચા આદર્શો ઉપર તેઓ આશ્રય રાખશે અને " ત્રિમાસિક " રૂપી બાળક દરરોજ વધ્યા કરે એમ સંભાળ રાખશે એવી ખાત્રી છે.

આપણું " ત્રિમાસિક " થોડો સમય બંધ રહ્યું, ત્યારે તેના અભાવે તેની કીંમતની પરિક્ષા, વિચારશિલ અને અવશ્ય કરીને દૂર દેશમાં રહેતા જ્ઞાતિબંધુઓ તથા બ્હેનોના જોવામાં આવી. થોડા પરિચયથી સ્વભાવિક રીતે તેનું અપમાન થવા લાગ્યું, અને ગુણો કરતાં દોષો તરફ વધારે દ્રષ્ટિ જવા માંડી હતી, પરંતુ તેના અભાવે તેના ગુણો તરફ નજર કરવા લાગી. તેની ગેરહાજરી ન્યાતની ચાલુ સ્થીતિનું અજ્ઞાન-પરદેશમાં વસનારા સભાસદોને સાલવા લાગ્યું-" ત્રિમાસિક પત્ર " જરૂરનું હતું, જ્ઞાતિના કલ્યાણ માટે હતું, તેના ઉદ્દેશો જ્ઞાતિના ભાઇ-બ્હેનોને ઉન્નતિ માર્ગદર્શક હતા. આ વિચારો ખાસ કરીને યુવક વર્ગમાં પ્રસરવા લાગ્યા, તેના પરિણામમાં ભાઇ કેશવપ્રસાદ, કાંતિલાલ, છગનલાલ તથા વૈકુંઠલાલે તેને સજીવન કરવા નિશ્ચય કર્યો અને એક વ્યવસ્થાપક મંડળીની સ્થાપના કીધી.

જગત્‌માં ત્રણ શક્તિઓ હમેશાં કામ કર્યા કરે છે–તેને ઉત્પત્તિ, સ્થીતિ તથા લય શક્તિ; અથવા પુંલ્લિંગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહે છે. આ મંડળનું કાર્ય ઉત્પાદક હોવાથી તેના પ્રમુખ થવાને મેં ઉપકાર સાથે કબુલ કર્યું છે, જે કારણોથી મેં આ મંડળના પ્રમુખ થઈ બનતી સહાય્ય કરવાનું યોગ્ય ધાર્યું છે તે કારણો હું જ્ઞાતિના બંધુઓ તથા બ્હેનો આગળ રજુ કરૂં તો અયોગ્ય નહિ ગણાય.

જ્ઞાતિની ખબર અંતર પરદેશમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓના જાણવામાં આવે નહિ તે સ્વાભાવિક છે આની ખબર માટે સ્વાભાવિક લાગણી આતુર રહે, ન્યાત સુખી છે કે દુઃખી, વૃદ્ધિના માર્ગ ઉપર છે કે અવનતિના? નવી ઉછરતી પ્રજામાં કેવા લક્ષ્યો પ્રધાનપદ ભોગવે છે, તે વિગેરે સમાચાર જાણવા ન્યાતના ભાઈ, બ્હેનો આતુર હોય છે. જ્ઞાતિના આદર્શો–ચારિત્ર્ય, વિગેરે પરદેશ વસતા જ્ઞાતિબંધુઓ તથા બ્હેનો સાફ ભૂલી ન જાય તેને માટે આપણા "ત્રિમાસિક" જેવા પત્રની ખાસ જરૂર મ્હને જણાઈ.

સ્વભાવ, લાંબા વખતના આચરણ, દેશકાળના બળ, અથવા ઇશ્વર ઇચ્છાથી કેટલાક આદર્શો આપણી જ્ઞાતિમાં સર્વ માન્ય છે. તે

૧. આત્માશ્રય અથવા પોતાની જાત ઉપર આધાર.

૨. સ્વમાન અથવા ટેક.

સ્વમાનની વૃત્તિ આપણી આખી ન્યાતમાં એટલી સુદૃઢ જડાઇ છે કે ગુજરાન માટે બીજાના ઉપર આધાર રાખવાનો જ્ઞાતિની દરેક વ્યક્તિને સ્વભાવિક કંટાળો છે તેજ પ્રમાણે જ્ઞાતિના બાઈ બ્હેન અરસપરસ અસાધારણ લાગણીનો ભાવ રાખે છે.

આચારમાં વનસ્પતિ આહાર સર્વ માન્ય છે, તે સિવાય ન્યાતિ બાધી રીતે છુટ આપે છે. વિચારમાં ન્યાત દરેક વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે તર્ક કરવા છુટ આપે છે.

હવે જે સારા અથવા ખોટા ગુણો આપણે આજ સુધીના અભ્યાસથી કેળવ્યા છે તેમાં હાલના સમયને અનુસરી વિકાસ કે સંકોચ કરવો જરૂરનો હોય તે માર્ગ બતાવવાને "ત્રિમાસિક" જેવા પત્રની ખાસ જરૂર છે. હિંદુસ્તાનની સમસ્ત પ્રજામાં જે જાગૃતિ બ્રીટીશ રાજ્યથી મળેલી શાંતિ તથા વૃદ્ધિથી જોવામાં આવે છે તે જાગૃતિ અને વૃદ્ધિમાં આપણી જ્ઞાતિએ પણ લાભ મેળવવો જોઇએ અને તે લાભ મેળવવાના સાધન તરીકે ત્રિમાસિક

મુખ્ય છે. તેમાં ખાસ કરીને સ્ત્રી વર્ગને હાલના સમયને અનુસરતી બુદ્ધિ આપવાને ન્યાતનું પત્ર બહુ ઉપયોગી છે. જ્ઞાતિના દરેક ભાઇ બ્હેનો, મુરબ્બીઓ તથા વડીલોને આ તકે હું ખાસ વિનંતિ કરૂં છું કે તેમણે "ત્રિમાસિક" ને પોતાનું ગણવું; અને જેમ માતા પોતાના બાળકની ખામી નહિ જોતાં માત્ર ગુણ જોઇ હરખાય છે તેમ ત્રિમાસિક તરફ વાત્સલ્ય ભાવથી જોવું, અને તેને દિવસે દિવસે વધારે ને વધારે ઉપયોગી કેમ બનાવાય તેનું ચિંતન કરવું કે તે દરરોજ સુધારા સાથે વધ્યા કરે.

આ સમય 'છુટ' નો છે "બંધન" નો નથી. કોઇ વ્યક્તિના વિચાર અંતિમ હોય અને જ્ઞાતિના મોટા ભાગને તે રૂચે નહિ, તોપણ તેવાં વિચારને અવકાશ આપવા માટે "ત્રિમાસિક" ઉપર કોપ કરવો નહિ એમ મારી બીજી પ્રાર્થના છે. અમુક શ્રેણીના વિચારને ત્રિમાસિકમાં જગ્યા આપવી એમ કર્યાથી વિચાર બદલાશે નહિ. પણ તેની ભૂલ બતાવવાથી બદલાવાનો સંભવ છે બળ વાપર્યાથી કોઇ દિવસ મન વશ થતું નથી વિશ્વાસથી મન બદલાય તથા વશ થાય.

સંપત્તિ કે જ્ઞાનનો ઇજારો અમુક વ્યક્તિઓ પાસેજ હોય છે એવું દુનિયામાં રહ્યું નથી અને રહેવાનું નથી—એતો પ્રભુની શક્તિની મશ્કરી કર્યા બરોબર છે—અમે પણ મનુષ્ય છીએ, તેથી અમારા લેખોમાં, લેખોની પસંદગીમાં, અગર એવી બીજી બાબતોમાં જે કાંઇ ઉણતા દેખાય, તે દૂર કરવા યોગ્ય માર્ગ બતાવવાનું કાર્ય જ્ઞાતિ-બંધુઓનું છે.

આપણી જ્ઞાતિ જોઇએ તેટલી વિચારસિક હજુ થઈ નથી એવું કેટલાક સજ્જનો તરફથી યોગ્ય રીતે કહેવાય છે એ આક્ષેપ મોડો વ્હેલો દુર થતો જોવાની અમારી અભિલાષા છે. છેવટે "ત્રિમાસિક" જ્ઞાતિની સેવા અર્થે છે એમ સર્વે ભાઇ બ્હેનો લક્ષમાં લેશે એમ આશા છે.

મણીલાલ અજીતરાય ઠાકોર.

He only does not line in vain
Who all themeans within his reach
Employs his wealth, his thought his speech
To advance the good of other men.


(*Bhagvat Purana*).

એક ઉપયોગી બાબત.

(શ્રી લેખક.)

ઉપજ કરતાં ખર્ચ વધારે ન રાખવું એ આપણામાં જુનામાં જુની પ્રચલીત કહેવત છે. દરેક મનુષ્યે આ કહેવતને પોતાના જીવન ક્રમમાં અચુક અનુભવમાં મુકવી. પોતાની આર્થિક સ્થીતીનો ખ્યાલ તેટલા માટે પોતાની પત્નીને જણાવવો, ઘણી વખત સ્ત્રીઓને પોતાના પતિની આર્થિક સ્થીતીનો ખ્યાલ નથી હોતો તેથી તેઓ ખર્ચાળ હોય છે અને એવું પણ બનેલું છે અને બને છે કે મનુષ્યો પોતાની ઉપજ .વાસ્તવિક ઉપજ કરતાં પત્નીને વધારે જણાવે છે. પરીણામ એ આવે છે કે પત્ની વધારે ખર્ચ કરે ને પતિ તે સંબંધી કંઇ અટકાવ કરે તો તેને કંજુસની ઉપમા અપાય છે. આને માટે સ્ત્રીઓને દોષ આપવો તેના કરતાં પુરૂષોને દોષપાત્ર ગણવા એ વધારે વ્યાજબી છે. શરૂઆતની પરીણીત જીંદગીમાં પુરૂષો વધારે ખર્ચ કરે. છે, તેથી તેમની નવવધુઓના મન ઉપર તેઓ શ્રીમંત છે એવી છાપ બેસે છે, તેથી કરીને પછીની જીંદગીમાં જે મીઠા સુખની આશાઓ શરૂઆતમાં કલ્પેલી હોય છે તેનો ભંગ થાય છે, વિચારોમાં મતભેદ થાય છે, નાની નાની બાબતોમાં અણબનાવ અને ગેરસમજુત પતિ પત્ની વચ્ચે ઉભી થાય છે. આવા પ્રસંગ ન બને તેને માટે અમેરીકાના એક વિદ્વાન ડાક્ટર ફ્રુટ કહે છે કેઃ—" વિશ્વાસ એ ઉત્તમ મિત્ર છે, વિશ્વાસથી જે કાર્ય સધાય છે તે અણ-વિશ્વાસ ને વ્હેમથી સધાતું નથી; માટે તમે તમારી પત્નીમાં પુરતો વિશ્વાસ મુકજો, દરેક કાર્યમાં તમે એકબીજાની સંમતિ લેજો, તમારી આવક તથા ખર્ચનો હિસાબ ચોખ્ખો રાખજો, તમારી પત્નીને તમારા ઘરનો મંત્રી નીમજો. પછી જુઓ-તમારી જીંદગીમાં સ્વર્ગીય સુખનો અનુભવ મેળવશો." વળી એક બીજો વિદ્વાન કહે છે કે " જીંદગીની જરૂરીયાતો જેને થોડી છે તે ખરા શ્રીમંત છે, સંતોષ એ ખરી લક્ષ્મી છે." અને છેવટે પ્રભુમાં વિશ્વાસ રાખી નિઃસ્વાર્થ બુદ્ધિથી પ્રાર્થના કરવાથી ખરું સુખ ને શાંન્તી મળે છે.

*રૂા. સો કમાનાર એક કુટુંબનું-ધણી ધણીયાણી તથા બે છોકરાંનું-મુંબઇમાં માસિક આશરે કેટલું ખર્ચ થાય તે બતાવવાનો નીચે એક સાધારણ અડસટ્ટો મુક્યો છે. વધુ સમજણ માટે એક ચક્ર વિભાગો કાપી આપ્યું છે. અને તેમાં ૧ થી આઠ સુધીના આંકડાએ મુક્યા છે, તે ઉપરથી ખોરાકીથી તે કમત કમત સુધીના ભાગ સમજાશે.



૧—ખોરાકી તથા ઘરનો ધરકામનું ખર્ચ	રૂા.	૪૦-૦-૦
૨—ભાડું	,,	૨૦-૦-૦
૩—કપડાં લત્તાં.	,,	૮-૦-૦
૪—કેળવણી-ફી તથા પુસ્તકો વિગેરે	,,	૮-૦-૦
૫—અણધાર્યું-વખત કવખતના ખર્ચ	,,	૮-૦-૦
૬—બચત-સંઘરો	,,	૮-૦-૦
૭—ધર્માદા આદિ	,,	૪-૦-૦
૮—હરવફરવું, મનરંજન આદિ	,,	૪-૦-૦
	કુલ રૂા.	૧૦૦-૦-૦

મુંબઇમાં મોટે ભાગે ખર્ચ ભાડાનું તથા ખાધાખર્ચ આવે થાય છે. રૂા. ખોરાકી.ની આશરે રૂા. ૪૦ ટકા જ આવે થાય તો તેમાં કાંઇ નવાઇ જેવું ન

* મિ. ફરેંચકી બાબતના રીપોર્ટને આધારે આ દેખાવો અમે આપ્યું છે. ત્રિમાસિક કમીટી.

કહેવાય. પરચુરણ ખર્ચ ખાતાંમાં શાકભાજી, બળતણ, ચાહ, ઘી, તેલ, દિવાબત્તી, ટ્રેન અગર ટ્રામ ભાડું અને નોકરનો પગાર વિગેરે ગણેલું છે.

ગુજરાત બાજુએ તેટલુંજ કમાનારને ભાડામાં, ઘરના પરચુરણ ખર્ચમાં અને થોડુંક ખોરાકીમાં. ખાસ કરીને દૂધમાં-તેમજ બીજા ખર્ચો મળી આશરે રૂ. વીશથી પચીસની વિના સંકોચે બચત થાય. અમદાવાદમાં દિન પ્રતિદિન ભાડાં વધતાં જાય છે તેથી અમદાવાદ બાજુના રૂ. ૭૦) અને ભરૂચ તરફના રૂ. ૬૫) સુધી કમાનારની સ્થિતિ અને મુંબઇના રૂ. ૧૦૦) કમાનારની સ્થિતિ સરખી થઇ રહે.

જેમ જેમ કમાણી વધતી જાય તેમ તેમ પહેલા કરતાં બીજા બધા વિભાગોમાં થોડો ઘણો વધારે ખર્ચ થતો રહેશે. દાખલા તરીકે તેજ મનુષ્ય જો રૂ. બસો કમાતો થાય તો તેનો ખોરાકી તથા ઘરખર્ચ તેજ પ્રમાણમાં રૂ એંશી નહીં પણ ઓછો થશે; પરંતુ તે વધુ ભાડાંવાળાં મકાનમાં જાય, કપડાં તેમજ પુસ્તક આદિ ખાતે વધુ રકમ વાપરે એ સ્વાભાવિક છે.

સામાન્ય રીતે નીચે લખેલા ચાર નિયમો પ્રત્યેક મનુષ્યને લાગુ પડશેઃ-

(૧) જેમ જેમ આવક વધતી જાય તેમ તેમ ખોરાકી પાછળ પ્રમાણમાં ખર્ચ ઓછું થશે.

(૨) વધતી આવક સાથે કપડાં લત્તાંનું ખર્ચ લગભગ તેટલાજ પ્રમાણમાં રહેશે.

(૩) ઘરભાડું, બળતણ અને દિવાબત્તીનું ખર્ચ પણ વધતી આવકના પ્રમાણ જેટલું રહેશે.

(૪) અને જેમ જેમ આવક વધશે તેમ તેમ કેળવણી, આરોગ્ય, મોજમજાહ અને રમતગમતનાં સાધનો, દાન અને ધર્મ તથા બચત પાછળ વધુ પ્રમાણમાં રકમ કઢાશે.

પિતાનો પત્ર.

ચી० ભાઇ મહેંદ્ર, અતેંદ્ર વ. બાળગોપાળ સમસ્તઃ—

લી० અમે અત્રે ખુશીમાં છીએ અને તમે સૌ આનંદમાં રહો એવા પ્રભુ-

છો; મને તથા તમારી માતુશ્રીને તમારો વિયોગ ઘણો સાલે છે અને તમે સૌ અમને યાદ કરતા હશો તેટલાજ અમે તમને પણ યાદ કર્યાં કરીએ છીએ. હવે અમારાથી સ્વતંત્ર રહીને નોકર ચાકરની તેમ ઘરના કામકાજની કેવી દેખરેખ રાખો છો, માંહોમાંહે સંપીને કેવા હેતથી રહો છો, તથા સગાંસ્નેહી ને આડોસી પાડોસી સાથે કેવા વિવેકથી વર્તો છો તે બધા ઉપરથી તમારી લાયકીની અમને ખાત્રી થશે.

આ તમારા જીવનની સંક્રાંતિનો બારિક સમય છે, અને તમે એનો જેવો ઉપયોગ કરશો તે ઉપર તેમજ આ સમયના તમારા વર્તન તથા ટેવો ઉપર તમારા ભવિષ્યનો પૂરેપૂરો આધાર છે માટે અત્યારે તમારે સદ્‌વર્તનશાળી થવાની અને શુભ ટેવો પાડવાની ખાસ કાળજી રાખવી જોઇએ. આમ છે તેથી તમારી માતુશ્રીની સંમતી લેઇને શીખામણના બે બોલ હું તમને આજ લખું છું અને મારા પચાસ વર્ષના અનુભવપરથી મને ઉપયોગી લાગી છે એવી બે ચાર બાબતોમાં તમારૂં લક્ષ દોરૂં છું.

૧. વડીલો સાથે કેમ વર્તવુ તે તમે સૌ સારી પેઠે સમજો છો, પણ વિશેષમાં બરોબરીઆ તથા આશ્રિતો તરફ અવિવેકી ન થવાય તેની એ સંભાળ રાખવી જોઇએ. આમાં એક નિયમ યાદ રાખજો કે જેવી અદબથી મુરબ્બી સાથે વર્તો તેવાજ બરોબરીઆ સાથે વિનયી રહેજો અને પાછા તેટલાજ વિવેકથી હલકા માણસો સાથે પણ વાતચીત કરવાની ટેવ પાડજો. આથી તમે કદી ભૂલાવામાં પડશો નહિ એટલુંજ નહિ પણ તમારી ઉપર એ બધાં વ્હાલ રાખશે—કોઇને રાજી રાખવા માટે અસત્ય ભાષણ કદી કરશો નહિ અને તે સાથે ઉપરના સૂત્રને અનુસરી ચાલશો તો તમારી ગૃહસ્થાઇ જીવન પર્યંત ટકી રહેશે-ગુરૂ અને માતપિતાની અહર્નિશ મર્યાદામાં રહેજો પણ આ બાબતમાં તમે એવા ડહાપણથી વર્ત્યા છો કે તમને કાંઈ વિશેષ લખવાની જરૂર નથી.

બીજો અને વધારે અગત્યનો ધર્મ તમારી પોતાની જાત તરફનો છે. આમાં કસરત અને નિર્દોષ રમતગમતોથી શરીરની સંભાળ રાખવી એ આપણી મુખ્ય ફરજ છે. શરીરને અને મનને બગાડે એવા દુર્ગુણોથી તમે વેગળા રહેજો અને તમારા આત્માને પાપ કે અધોગતીના માર્ગે જરાપણ જવા દેતા નહિ. દારૂ જેવા માદક પદાર્થને ન છુટકે ને તે કોઇ દાક્તર-ડાક્ટરની સલાહ વિના કદી અડતા પણ નહિ આ બાબતમાં જો ગફલત કરશો તો આપણા દેશના

ઘણા કેળવાયલા લોકની દારૂની બદીથી ખરાબી થાય છે તેવી તમારી પણ થવા પામશે-આવી બીજી પણ ઘણી છૂપી અને ગંદી આદતો છે જે શરૂઆતમાં નજીવી કે નિર્દોષ ભાસે પરંતુ અંતે અતિશય હાનીકર્તા નિવડે છે. ન્હાની ન્હાની કુટેવો ક્રમે ક્રમે મનને બુરૂં બનાવે છે તેથી મનમાં તેવા પાપી વિચારો પેસતાં વાર લાગતી નથી અને અંતમાં એવા માણસનું શરીર રોગનું ઘર બને છે, માટે ડાહ્યા પુરૂષો કહી ગયા છે તે પ્રમાણે ઇંદ્રિયોને વશ રાખી તમારી જાતનું તમારી જાત સામે રક્ષણ કરો:—'આત્માજ આત્મનો બંધુ, આત્માજ શત્રુ આત્મનો.' એ ભગવદ્ વાક્ય સ્મરણમાં રાખજો. આ દેહની અંદર વસતા શત્રુથી સાવધ રહેજો, અને જ્યારે જ્યારે તમારૂં મન આડે રસ્તે ચઢતું હોય, કે કાંઇ લાલચમાં ફસાતું હોય ત્યારે એકદમ એકાંતનો ત્યાગ કરી મિત્રમંડળ કે સગાં સ્નેહીમાં જઈ વાતચિત ઇત્યાદિ કાંઇ આનંદમાં મનને પરોવજો. આવી વખતે એકલા બેસી તર્ક કરવાથી પરિણામ અનિષ્ટ આવે છે.

તમે જે સ્ત્રીના સંસર્ગમાં આવો તેની તરફ માતા કે બ્હેન બાવથી જોજો. આ નિયમનો ભંગ કરવો એ ઘોર પાપ છે અને એવા પાપીનો અંતરઆત્મા એને ઠપકો દે છે, તથા એવા નીચની અધોગતિ થાય છે. મનુષ્ય માત્રમાં સદ્ગુણો જળવાઇ રહે એ ઉદ્દેશથી પરમાત્મા અનિતીમાન અને અપવિત્ર મનુષ્યોને રોગીષ્ટ બનાવી આ જીવનમાંએ સજા કરે છે. એક વિદ્વાન કહેછે કે:-

"મ્હેં હસ્પીતાલો, કેદખાનાં અને ગાંડાના આશ્રમો જોયાં તો તેમાં પ્રભુ પાપી માણસોકનેથી પોતાનું લેણું ચુકવતો મ્હારી નજરે પડયો" ખરો ભાગ્યશાળી મનુષ્ય પોતાની નવજુવાનીના સમયમાં આ વિષયો ઉપર સંપૂર્ણ લક્ષ આપે છે, અને તેને પુખ્ત વયે કડવો અનુભવ લઇ શરીરની ખરાબી કર્યાં પછી એ બધું શીખવું પડતું નથી.

બાળલગ્નથી આપણા દેશમાં ઘણા યુવાન સ્ત્રી પુરૂષોના સંસાર દુઃખરૂપ નીવડયા છે, અને તેઓ શરીરે તેમ બુદ્ધિએ નિસ્તેજ જણાય છે; પરંતુ તમારી બાબતમાં અમે એમ કર્યું નથી અને મને આશા છે કે તમે તમારા અભ્યાસની સમાપ્તિ બાદ ધંધે વળગી યોગ્ય રીતે પવિત્ર લગ્નગાંઠથી જોડાશો. હાલમાં તો તમે શુદ્ધ જીવન ગાળી દુર્ગુણોથી મુક્ત રહેશો ને ગજા ઉપરાંત મનને કે શરીરને શ્રમ આપશો નહીં તો તમને પ્રભુએ બક્ષેલી માનસિક અને શારીરિક શક્તિઓને લાંબો કાળ ભોગવી શકશો ને જીવન તમને સુખમય લાગશે. આપણા

પૂર્વજોની રહેણીકરણી આજ પ્રકારની હતી અને સાહેબ લોક હાલમાં આજ ધોરણે વર્તીને આપણા દેશના લોક કરતાં આગળ પડે છે. ઇંગ્રેજો આપણી પેઠે ભરજુવાનીમાં ઘરડા થઈ જતા નથી, એમના શરીરમાં રોગને સ્થાન નથી, અને એમના અકાળે મરણ થતાં નથી.

તમારા શરીરનો મજબુત અને સુંદર બાંધો સંભારીને અમને ઘણો હરખ થાય છે, પણ તે જાળવવાનું અને વિશેષ કેળવવાનું કામ તમારૂં છે. એમાં કાળજી નહિ રાખો તો બાળ લગ્નના હાની કર્તા પરિણામોથી દેશ બધો પીડાય છે તેમ તમે પણ પીડાશો.

હું તમને કુછંદમાં ન પડવા લખું છું તેથી એમ ન સમજતા કે તમારે કોઈપણ જાતની મઝા ભોગવવી નહિ. નિર્દોષ આનંદમાં તમારે નિયમસર થોડો વખત આજેજ જોઇએ, અને એ યાદ રાખજો કે મનને જેમ નિરૂપદ્રવી રમતગમતો વધારે તેમ મન વિકારો તરફ ઓછું વળે છે. અલબત તમે વૈભવમાં આસક્તિ રાખતા નહિ. આપણા પૂર્વજો સાદું જીવન ગાળી ઉંચા વિચારમાં મગ્ન રહેતા હતા—આજ આપણા લોક પાશ્ચાત્ય પ્રજાઓની દેખાદેખીથી મોજશોખમાં રહેવા લાગ્યા છે, પણ એમના વિચારો અધમ હોય છે. ઇંગ્રેજ પ્રજાના પ્રસંસાપાત્ર ગુણો આપણામાં આવ્યા નથી. તેમનો આગ્રહ, તેમની ખંત, તેમની હિંમત અને તેમના દેશાભિમાન આપણે શીખવા જેવાં છે. પણ આ સદ્‌ગુણોની સારાં પુસ્તકો કે એમના ગાઢા સહવાસ વીના આપણને માહિતી મળતી નથી, અને એમના જે ઉપર-ચોટીઆ સંસર્ગમાં આપણે આવીએ છીએ તેમાંથી તો આપણે એમની દાંભિક અને ખરચાળ ટેવો શીખીએ છીએ. તમારે આ વાત લક્ષમાં રાખવી અને તમારી સ્મરણપોથીમાં લખી રાખજો કે જીંદગીની જરૂરીઆતો ઘણીજ થોડી છે અને ખરો શ્રીમંત તો એ કે જે મનોનિગ્રહથી બીનજરૂરી વસ્તુઓ વગર ચલાવી શકે. માટે તમે સાદા જીવનમાં આનંદ માનજો અને મોકળા મનના થજો. તમારી જાતનું તથા પારકાનું બને તેટલું શ્રેય કરવા ચુકતા નહિ. નિર્દોષ આનંદો વિષે તમને લખવાનું કે ભાઇ મહેંદ્ર હાર્મોનિયમ શીખે છે તેમ નિયમિત શીખવું. ચી. જીતેંદ્રને સીતારનો શોખ છે ને સાથે સાથે રડ્યાંએ ગાતાં શીખે તો વધારે સારૂં, ન્હાનો ઇંદ્રવદન હજુ બાળક છે તેથી એને સંગીતમાં રસ પડતો નથી તોપણ એણે થોડે થોડે ગાવામાં, ચીત્ર કાઢવામાં, સુતારકામ કરવામાં કોતરવામાં બાગ બનાવવામાં કે એવા કાંઈ એને રસ પડે ને કામમાં મન પરોવવું આને

માટે તમારે ખર્ચ થાય તેની ફીકર કરતા નહીં, હું એ બધું ખુશીથી આપીશ. કેળવણીનો આ પણ એક વિભાગ છે પણ આપણા લોક એના ઉપર ધ્યાન આપતા નથી. આ શિવાય ઘરની બહાર પણ તમે ક્રીકેટ રમો, ઘોડે બેસતાં શીખો, બાયસીકલપર બેસો કે તીર મારતાં શીખો તે મને બહુ ગમે છે.

વિશેષમાં પ્રભુભક્તિમાં લીન રહી જીવાત્માને પરમાત્માની સમીપ રાખવા શાણા મનુષ્યે સતત્ પ્રયાસ કરવો જોઇએ-રૂડા ધાર્મિક જીવનવડે અધિકારીઓ આ સ્થુળ જગતની માયા અને મોહના પાસમાંથી મૂક્ત થાય છે, તેવા જીવનથી આપણામાં કાંઇક નવું ચેતન સ્ફુરે છે અને આપણી ઉત્તરોત્તર ઉન્નતિ થાય છે. માટે તમારે સત્ય નિષ્ઠાથી અને નમ્રમનથી નિત્ય પ્રાર્થના કરવી. સવ્હારમાં સ્નાન પછી પ્રાતઃસંધ્યા કરવી એ હિંદુનું મુખ્ય અને શુભ લક્ષણ છે, પણ આજકાલ લોક વહેમના માર્યા વગર સમજે સંસ્કૃતમાંજ સંધ્યોપાસન કર્યે જાય છે તેથી તેમના હૃદય ઉન્નત થતા નથી અને એ ક્રીયા નિરર્થક જાય છે. આ સંસ્થાનો ઉદ્ધાર કરવો, એ પ્રત્યેક હિંદુની પવિત્ર ફરજ છે અને તેથી તમે રોજ પ્રાતઃકાળમાં શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરવાની અવસ્ય ચાલુ રાખજો. પ્રાર્થના પછી એકાદ ધાર્મિક કે નિતીના પુસ્તકના થોડાક પાના રોજ વાંચવા. ભગવદ્‌ગીતા, રામાયણ, ઇશ્વર પ્રાર્થના માળા, તેમ બાયબલ તથા કુરાનના તરજુમામાંથી સારા બોધક ભાગ થોડે થોડે વાંચજો અલબત આમાંના કેટલાંક પુસ્તકમાં કલ્પીત વાતો તમારા વાંચ્યામાં આવશે પણ તે વાતોમાંથી એ સાર કાઢશો તો જરૂર. આમાંથી પવિત્ર અને ધર્મિષ્ટ માણસોના ઇતિહાસ તમે જાણશો, અને તમે જોશો કે કે તેઓમાંના ઘણાક વિરાગી નહોતા પણ જગતમાં રહિને સત્ય, દયા તથા ભક્તિવડે તેઓ સંસારની મોહજાળમાંથી મૂક્ત થયા છે ને સુખદુઃખનો તેમને સ્પર્શ થતો નહિ.

ઉપર કહેલાં પુસ્તકો આપણા ઘરમાં છે અને તે શિવાયના બીજા સારા ગ્રંથો વેચાતાં લેવાની હું તમને પરવાનગી આપું છું. આમાંનાં જે ગ્રંથ તમને વધારે પ્રીય હોય તે ફરી ફરીને વાંચજો એટલે એમાંથી ઘણું નવું શીખવાનું મળશે, તમારૂં મન ધાર્મિક તેમ પવિત્ર વીચારોમાં સ્થીર થશે, તથા તમારૂં જીવન નિતીમય થશે. આજ કારણથી ધાર્મિક ગ્રંથોનું વાંચન એ આપણા શાસ્ત્રોમાં મહા પુણ્યનું કાર્ય લેખાય છે. વાંચતી વેળા તમારા હાથમાંના ગ્રંથનું કદ જોઇને તમે ગભરાતા નહિ અને તેવો મ્હોટો ગ્રંથ હશે પણ તેના અમ૮.

પાનાં રોજ વાંચવાનો નિયમ રાખશો તો તમે જરૂર તે પૂરેપૂરો વાંચી શકશો. છએક મહિના આ રીત અજમાવી જોશો તો તેટલા વખતમાં પણ તમે કેટલું બધું કરી શકો છો તે જોઈ તમે દિંગ થઇ જશો. નિયમસર કામ કરવાથી અકબર બાદશાહ પોતાના સામ્રાજ્યનો વહિવટ કરી શકતો ને તે ઉપરાંત સભાઓ ભરી ધાર્મિક તથા તત્વજ્ઞાનના વિષયો ચર્ચવાનો તેને વખત મળતો. ઇંગ્લાંડના રાજા આલફ્રેડની વાત તમે વાંચી છે. એણે રાત્રી દિવસને ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યાં હતાં. તે આઠ કલાક ઉંઘ, ભોજન તથા કસરતમાં ગાળતો, આઠ કલાક રાજકારભાર કરતો અને આઠ કલાક વાંચવા લખવામાં ને પ્રાર્થનામાં ગુજારતો. આ વિષયમાં બેન્જામીન ફ્રેંકલીનનું જીવન ચરિત્ર આપણા પુસ્તકાલયમાં છે તે તમે બધા જરૂર વાંચજો અને એણે આત્મ સુધારણાઅર્થે જે સૂત્રો રચ્યાં હતાં તે બધાંનું મનન કરજો.

દુનિયામાં તમને કદાચ એમ કહેનાર માણસો પણ મળશે કે બધું બ્રહ્માંડ માત્ર જડ છે; જગતમાં પરમાત્મા, જીવાત્મા એવું કાંઇ છેજ નહિ: માણસનું મન, બુદ્ધિ કોઇની મદદ વિના ઉદ્‌ભવતા. કેટલાક રસાયણિક આદિ પ્રયોગોનું પરિણામ છે અને તેનાથી પર જે કાંઇ તત્વ હોય તેને આપણે જાણી શકીએ એમ નથી તેથી તે આપણે કાજે નિરર્થક છે. જગતની જુદી જુદી જાતો અને પ્રજાઓના ઇતિહાસ તપાસ્યાથી આ કથન અયોગ્ય ભાસે છે, અને આપણી પ્રેરણા બુદ્ધિ આગળ એ વાત ટકતી નથી. આમ છે તેથી અર્ધદગ્ધ અને વિદ્વાનો ડોળ રાખનારા-આ જમાનાના પાખંડવાદીઓનું કહ્યું તમે સાંભળશો નહિ ને સુધારાને બ્હાને નાસ્તિક મતમાં ભળશો નહિ. આ ઉતરમાંતો તમારે શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ગ્રંથો વાંચવા ને ધર્મના સિદ્ધાંતોનું મનન કરવું. એ પછી તમારું જ્ઞાન અને અનુભવ પાકટ થાય, ત્યારે કયા પંથમાં કે કયા માર્ગમાં ભળવું એ તમારી મુનસફીની વાત છે. વિશેષ આપણા કોઇ વિરોધીની રહેણી કરણીની જેવી સૂક્ષ્મ તપાસ રાખીએ તેવીજ આપણી જાતની પણ રાખવી. સૌ સાથે ભાઇચારાથી વર્તવું અને એકજ મહાન પીતા પરમેશ્વરના સૌ કોઇ સંતાન છે એમ સમજી ગરીબ, અપંગ અને અનાથ તરફ કુટુંબીજન જેવી મમતા રાખવી, ને નમનતાઇથી વર્તવું. પોતાનું પ્રત્યેક કાર્ય પ્રભુએ સોંપેલું છે એવા વિશ્વાસથી કાળજી રાખીને કરવું તથા કરેલાં કાર્યોને સર્વ શક્તિમાન જગત્‌પિતાના ચર્ણમાં પુષ્પની પેઠે સેવા બુદ્ધિથી અર્પણ કરવાં. પરમાત્માની સમીપ રહેવાનો આ સરળ માર્ગ છે અને જે સંતજનો એ માર્ગે ગયા છે તથા

જાય છે તેમને સંસારમાં નિરાશા થવાનો પ્રસંગ આવતો નથી, તેમ તેઓ વ્યવહારિક સુખ દુઃખોથી પીડાતા નથી.

ઉપર કહ્યા પ્રમાણે કસરત ને રમતગમતોથી તમારા શરીરની તથા ધાર્મિક જીવન અને વાંચન વડે તમારા મનની ક્રમે ક્રમે ચઢતી થશે ને આમાંની એ બાબતપર ઓછું લક્ષ આપશો તેટલો તમારી જાતનો વિકાસ અધૂરો રહેશે. આપણા પૂર્વજો વ્યવહાર અને પરમાર્થ વચ્ચે સમતોલ જાળવતા અને તમે સૌ પણ ઉપરના નિયમો પાળી તેમ કરવા શક્તિમાન થશો. આ બધા વિચારો મ્હેં મ્હારા લાંબા અનુભવ ઉપરથી ઘડયા છે અને તેમાંના કેટલાક તમારી જાણમાં છે તોએ તમારા બધાના લાભ સારૂ મ્હેં ફરી કહ્યા છે. મ્હારી પાસે લાંબી પુંછ નથી તેથી વારસામાં હું તમને કદાચ શુભ વિચારો અને શુભેચ્છાઓ એકલી આપી જઇશ.

તમારૂં જીવન એ વિચારો ઉપર રચશો તો બીજા કેટલાક લખેશ્રીઓ કરતાં તમે વધારે સુખી, સંતોષી અને લોકના પ્રીતીપાત્ર થશો એ નક્કી માનજો. તમે બધા આ પત્રની એકએક નકલ કરી પોતાની પાસે રાખજો ને ન્હાના ઇંદ્રવદન માટે એક નકલ સંગ્રહી મૂકજો કે તે સોળ વર્ષનો થાય ત્યારે પોતાની મેળે સમજીને વાંચી શકે.

(સંપાદક કર્મસંગી.)

—સ્ફુરણા—

(શ્રીપતરાય હકુમતરાય)

એક દિવસે શીયાળાની સહવારમાં બાહાર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં નદી તરફથી ઘર તરફ પાછો ફરતો હતો. રસ્તામાં એક વૃદ્ધ બ્રાહ્મણ હાથમાં લાકડી ટેકવી, હરીનું સ્મરણ કરતો, ચાલતો, હતો. હું ત્યાહરી 'સુમર્મા બે 'સુમર્મા ચાલતો હતો, મ્હારો હડસેલો વાગવાથી તે વૃદ્ધ બોલ્યો અલ્યા તું કોણ છે? મેં કહ્યું હું બ્રહ્મક્ષત્રિ છું. બ્રાહ્મણ બોલ્યો ભાઇ! વર્ણ તો ચાર છે, ને તું આ નામ કયાંથી લાવ્યો તે બરાબર સમજ પડતી નથી માટે તું જાણતો હોય તો કહે. મેં જવાબ આપ્યો કે મ્હારે ઘણું કામ છે, કાલે આપને આ સ્થળે

ખુલાસો કરીશ એમ કહી હું માહારે ઘેર ગયો. મારી માતાને ઉપરની બાબતના પ્રશ્નનો ખુલાસો પુછ્યો-મને કહ્યું કે ભાઇ! હું ક્ષત્રાણી છું, માહારે પેટે તેં જન્મ ધારણ કર્યો જેથી ક્ષત્રિ વર્ણમાં ગણાયો. મેં પુછ્યું તે ખરૂં, પણ બ્રહ્મક્ષત્રિ એ આખા શબ્દનો ખુલાસો માહારે જોઇએ છે. માહારી માતાએ માહારા પિતા તરફ વધુ સમજુતી સારૂ જવા કહ્યું હું માહારા પિતા પાસે જવા નિકળ્યો, ઘરમાં જોવામાં આવ્યા નહીં તેમ કોઇએ મને બરોબર કહ્યું પણ નહીં કે ક્યાં ગયા છે. નિરાશ થઈ વિચાર કરતો બેઠો. માહારા પિતા એક શાંત ઓરડામાં બેઠા હતા ત્યાં જઈ ઉપર મુજબનો પ્રશ્ન કર્યો તેમણે જવાબ આપ્યો કે "હું બ્રહ્મ છું" તું માહારો અંશ યાને રૂપ છે. ક્ષત્રાણીને પેટે જન્મ ધારણ થવાથી બ્રહ્મક્ષત્રિ ગણાયો. પિતાને વિનંતિ કરી કે મને કૃપા કરી વિશેષ ખુલાસો કરો. તે ઉપરથી તેમણે કહ્યું કે બેટા ધીરજ રાખ. હું કહું તે શાંતિથી સાંભળ.

બ્રહ્મ—એટલે સત્, ચિત્, આનંદરૂપ ઇશ્વર જે આ સર્વ બ્રહ્માંડોને ધારણ કરે છે તથા રક્ષણ કરે છે.

ક્ષત્રિનો સામાન્ય અર્થ રક્ષણ કરનાર એ બે અક્ષરનો બનેલો છે. ક્ષ. + ત્રિ.

ક્ષ-એટલે દુષ્ટનો ક્ષય કરનાર.

ત્રિ-એટલે ત્રણ ગુણનું પોષણ કરનાર. તે ત્રણ ગુણ ૧ દયા, ૨ દાન, ૩ દીનતા.

દયા, દાન તથા દીનતાની ત્રીપુટીનો ધારણ કરનાર જેના વિશે સત્ ચિત્ આનંદરૂપ ઇશ્વર વ્યાપ્ત છે એવો જે દેહ તે દેહ બ્રહ્મક્ષત્રિનો જાણવો.

ઉપર-પ્રમાણેની સમજુતી મલવાથી મ્હને ઘણોજ આનંદ થયો. બીજે દિવસે હંમેશની માફક ફરવા નિકળ્યો. આગલે દિવસે મળેલા સ્થાન ઉપર આવી પહોંચ્યો. પેલો વૃદ્ધ પણ ટુંક સમયમાં ત્યાં આવી પહોંચ્યો. માહારે મુખ આનંદમાં જોઇ તે વૃદ્ધ બોલ્યો ભાઇ તું આજે ઘણોજ ખુશનુમા જણાય છે. મેં કહ્યું "હા કાકા. ગઇ કાલવાળો ખુલાસો મને મળ્યો છે," મેં ઉપર પ્રમાણે કહી સંભળાવ્યું. તે ઉપરથી તે વૃદ્ધ મને કહે કે ભાઇ તેં જે વાત કરી તે ખરેખર યોગ્ય જણાય છે. તેવા આચરણવાળો જે પુરૂષ તે બ્રહ્મક્ષત્રિ કેહેવાય તેમાં આશ્ચર્ય નથી. પણ ભાઇ, તેવા ગુણ તારામાં છે કે કેમ? આ

સાંભળી હું ઘણોજ શરમિંદો થયો, વિશેષ ખુલાસો કરવાની માહારામાં શક્તિ હતી નહીં, જેથી નાઉમેદમાં ઘેર આવ્યો. માહારો ચ્હેરો ઘણોજ ચિંતાતુર જણાયાથી માહારી માતાએ પુછ્યું આજે કેમ તું આટલો બધો ચિંતાતુર જણાય છે? મેં કાંઇ ઉત્તર આપ્યો નહીં. માહારી માતાએ જાણ્યું કે છોકરાને ઘણીજ હૃદયભેદક ચિંતા થઇ છે. વધુ મુદત કાયમ રહેશે તો તેનાં મગજમાં વિક્રિયા ઉત્પન્ન થઇ આખા શરીરને સોસવા માંડશે, એ ચિંતા દુર કરવી જોઇએ પોતાના છોકરાને પાસે બોલાવ્યો અને તેનું ચિત બીજા વિષય ઉપર લઈ જવા ક્ષત્રિના પરાક્રમ વિશે વાત શરૂ કરી.

"પૂર્વે કાળમાં દીલ્લિની ગાદી ઉપર રાજાઓ તથા બાદશાહ વિગેરે રાજ્ય ચલાવતા હતા. તાહરા વડવાઓ તેમની નોકરી બજાવતા હતા, તે નોકરી હાલના જેવી સરળ હતી નહીં. તેઓ રાજાઓના રાજ્યની વ્યવસ્થા કરતા, તેમના અંગ રક્ષક તરીકે તેમની સેવામાં રાત દિવસ હાજર રહેતા, બાહારથી કોઇ સ્વારી ચઢી આવે તો લશ્કરમાં શસ્ત્ર લઇ યુદ્ધ કરવા જતા. એવા પ્રસંગે જીવના જોખમ માથે વ્હોરી, થયલો હુકમ પૂર્ણ રીતે બજાવતા હતા. કેટલાકોએ પોતાના પ્રાણ, રણક્ષેત્રના વિશે અર્પણ કરેલા છે, કેટલાકની સ્ત્રીઓ પોતાના ધણીના આવા થયલા વિયોગથી છુટા નહીં પડતાં એવાજ નિમકહલાલ તથા પોતાના ધણીની આજ્ઞા ઉપાડી લેનાર પુરૂષ ફરી જન્મે, અને તેઓ પોતાને પાછા મળે તેવી ઉમેદથી પોતે પોતાનો દેહ પોતાના ધણીની ચિતા સાથે અર્પણ કરી સતીરૂપ થયાં છે આવા હીન નોકરોના છોકરાંઓના પોષણઅર્થે તથા તેવાં કામના ઉત્તેજન તરીકે તેમ બીજાઓ પણ એવા દાખલા લઇ અનુકરણ કરે તે બદલ સારી જાગીરો તે સમયના રાજાઓ તેમને બક્ષીસ તરીકે આપતા. હજુ પણ તેવી જાગીરો દેશાઇગીરી વિગેરે હકો તેવા પરાક્રમ બદલ મળેલા ચાલતા છે બેટા! તેં માહરે પેટે જન્મ ધારણ કર્યો છે તે સમય હાલ બદલાઇ ગયો છે. શસ્ત્ર બાંધવાનો હાલ સમય નથી, પણ પોષણઅર્થે નોકરી અગર બીજો કોઇપણ ધંધો કરવાની જરૂર છે. તાહરા વડીલોએ કેવી રીતે નોકરી કરી તેનો સેહેજ ચિતાર તાહારા મગજ ઉપર આણ્યો છે તે પ્રમાણે જેની નોકરી આપણે કરતા હોઇએ અગર જે દ્વારાએ આપણું ઉદર પોષણ થતું હોય, તે માર્ગ તરફ આપણું વર્તન ઘણાજ ઉચ પ્રકારનું હોવું જોઇએ. નિમકહલાલી તથા પ્રમાણિકપણું એ બે મુખ્ય ગુણો બરોબર ખીલવી સોંપેલું કાર્ય ઉમંગથી બજાવી તેમનું મન સંતુષ્ટ કરવું જોઇએ.

હાલમાં બેટા તાહારા જેવા કાચી વયના ઉછરતા છોકરાને કોઈ નોકરી અગર રોજગાર મળે છે તેથી ઘણા હરખાય છે. નોકરી શું તે બરોબર સમજતા નથી પણ હું સમજું છું એવો ડોળ તેઓ બતાવે છે. કોઇની શિખામણ કાને ધરતા નથી. સ્વચ્છંદી વિચાર ગ્રહણ કરે છે. પોતાની મનકામના સંતોષવા પૈસો પેદા કરવાનો વિચાર પ્રધાન થઇ પડે છે. દ્રવ્ય પેદા કરવાના યોગ્ય માર્ગ વિકટ જણાય છે તેને છોડી પોતાની નિર્મળ બુદ્ધિનો વ્યય આડે માર્ગે કરે છે. માહરા જેવી ક્ષત્રાણીને પેટે તેં જન્મ ધારણ કર્યો છે. માહરી આજ્ઞા જો તું માને તો તાહરા વ્યવહારમાં કોઇની સાથે વિશ્વાસઘાત કરીશ નહીં. વિશ્વાસઘાતનું ટુંક રહસ્ય સમજાવું છું. એ શબ્દ વિશ્વાસઘાત એટલે કોઇ પણ મનુષ્યે આપણા ઉપર વિશ્વાસ રાખી અમુક કાર્ય સોંપ્યું હોય, અમુક વસ્તુ સોંપી હોય તેનો ઘાત યાને ભંગ કરવો. બીજો અર્થ વિશ્વ+આસ+ઘાત એટલે સર્વ વિશ્વ (જગત)ની ઉન્નતિની આશા તેમાં ભંગાણ કરવું. આ પ્રમાણે વિશ્વાસઘાત કરવાથી આટલો અનર્થ થાય છે. માટે હે પુત્ર! તું ક્ષત્રિ પુત્ર કહેવડાવવા માંગતો હોય તો આવા અનર્થ કરીશ નહીં. એ અગત્યનો ગુણ જો તું ગ્રહણ કરીશ તો તું માહરી કુખને દીપાવીશ એટલુંજ નહીં પણ ભવિષ્યમાં તાહરા વડીલોના જેવો કિર્તિવંત થઇશ."

આ સાંભળી માહરું હૃદય ઘણુંજ શાંત થયું, અને ઉપર બતાવેલા ત્રણ ગુણ વિષે સમજુતી આપવા વિનંતિ કરી. માતાએ કહ્યું બેટા ઘણું સારૂ. તું બધું એકી વખત જાણવા માંગે છે તે પ્રમાણે કહેવા હું ચ્હાતી નથી. જેમ ઘણું વાંચવાથી તે બધું યાદ રહેતું નથી. ઘણું ખાવાથી તથા ઉંઘવાથી શરીર તંદુરસ્ત થતું નથી. માફકસર ખાઇ શરીર વિષે બરોબર પચવા દીધું હોય તો તે શરીરને બળ આપે છે, તેમજ થોડું શીખીને તેને આપણા હૃદય વિષે બરાબર ઠસાવવા મનન કરતા રહીએ તો તે દ્રઢ થઇ તે પ્રમાણે આપણો સ્વભાવ બંધાઇ વર્તન થાય છે. આ એક ગુણ તને બતાવ્યો છે, તેનું એક માસ બરોબર મનન કરજે, બીજે માસ તે પ્રમાણે તાહરૂં વર્તન સુધારજે, અને ત્રીજે માસ એ ગુણ કયાં, કેવી રીતે જોવામાં આવે છે તેનો અનુભવ કરીને જણાય તે મને કહી બતાવજે, પછી તાહારી વધુ ઇચ્છા પૂર્ણ કરવા પ્રયત્ન કરીશ.

Advice.

Cease to be a dis-obedient child in the school of experience, and begin to learn, with humility and patience, the lessons that are set for your ultimate perfection. By self-discipline a man rises higher and higher and attains to every degree of virtue and holiness.

ॐ शांतिः शांतिः शांतिः

હિન્દુ અને હિન્દુ ધર્મ.

(રા. ભાઇલાલ મનજરાય દેસાઇ)

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં " Star of the East " એટલે પૂર્વ તરફનો તારો, એ નામનું માસિક પત્ર પ્રસિદ્ધ થાય છે. એ માસિક, સ્વામી વિવેકાનંદના એ દેશ માંહેના શિષ્યો ચલાવે છે. Sister Avabamia નામના વિદુષી એ માસિકના સંપાદક છે. તેઓ આજે સાત આઠ વર્ષથી વેદાંત મતનો એ ભાગમાં ઉપદેશ કરે છે. તેના છેલ્લા અંકમાં જે. એસ. વાર્નરે " હિન્દુ અને હિન્દુ ધર્મ " ના વિષયપર વિદ્વતાભરેલો લેખ લખ્યો છે તે ઘણો મોટો છે, અને માત્ર તેનો સારાંશ સમજાવવા બનતું કરવામાં આવે છે.

૧ " હિંદુઓ કેવળ મૂર્તિપૂજક છે તેઓ તત્વજ્ઞાન, નીતિ, શાસ્ત્ર અને ધર્મનું સત્ય સ્વરૂપ સમજતા નહોતા, ખ્રિસ્તી મિશનરીઓના સહવાસથી કંઇક સુધરી ધર્મનું સ્વરૂપ વગેરે સમજતાં શીખ્યા છે " એવું યુરોપખંડના અંગ્રેજો પૈકી ઘણાખરાનું માનવું થયલું, એ ભ્રમ ઇ. સ. ૧૮૯૩ માં અમેરિકાના ચિકાગો શેહેરમાં મહાન ધર્મ પરિષદ ભરાએલી તે વખતના પ્રત્યક્ષ અનુભવથી દુર થયો ! શોપેનહાર, પ્રો. મેક્સમૂલર, પ્રો ડ્યુસેન વગેરે પ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાનોની પુરેપુરી ખાત્રી થઈ ચુકી છે કે, હિંદુઓ અત્યંત પ્રાચીનકાળથી અતિ શ્રેષ્ઠ એવા તત્વજ્ઞાનને પામેલા છે.

૨. પાશ્ચાત્ય તત્વજ્ઞાનીઓમાં અત્યંત અગ્રગણ્ય એવા ફ્રેન્ચ તત્વવેત્તા **વિક્ટર કઝન** Cousin કહે છે કે, "પૂર્વના પ્રદેશમાં તેમાં મુખ્યતઃ હિંદુસ્તાનમાંના તત્વજ્ઞાનના અને કાવ્યના ગ્રંથોની ગુંથણી તેમજ તે માંહેના વિચાર જોતાં યુરોપના સર્વ પ્રદેશના ગ્રંથો, બુદ્ધિ અને વિચાર કંઇજ નથી! હિંદુસ્તાન એ અતિ શ્રેષ્ટ તત્વજ્ઞાનનું મોસાળ છે. અમે અંતઃકરણપૂર્વક ઘુંટણીએ પડી હાથ જોડી સાનંદે સદા હિંદુસ્તાનનીજ સ્તુતિ કરીશું."

૩. સર માનિઅર વીલિયમ્સ નામનો પ્રસિદ્ધ પંડિત કહેછે કે, "સ્મિનોઝા અને ડાર્વિનના મતો તેમજ શોધ સંબંધીનું સંપૂર્ણ જ્ઞાન હિંદુઓને સ્મિનોઝા અને ડાર્વિનના જન્મ પેહેલાંજ પ્રાપ્ત થયું હતું. ઉપનિષદમાં એક રૂપીએ પોતાના પુત્રને સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સમજાવ્યા પછી શીખવ્યું છે કે "આ વિશ્વ 'અસત્' થી થયું છે એમ કેટલાક કહે છે; પણ તે વ્યાજબી નથી–અસત્‌થી સત્ ઉત્પન્ન થઇ શકેજ નહીં."

૪. ગ્રીક પ્રજાને તર્કશાસ્ત્ર Logic અને તત્વજ્ઞાન Philosophy નું શિક્ષણ હિંદુ પ્રજા પાસેથીજ મળ્યું છે એવું યુરોપનાજ અનેક વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે. સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઇ વગેરે પ્રત્યેક સુજ્ઞ મનુષ્યને વિચારવા જેવા પ્રશ્નનો કેવળ યુક્તિવાદથી–From reason alone ઉત્તર આપવાનો ઉપક્રમ સમગ્ર સૃષ્ટિમાં પ્રથમ સાંખ્ય શાસ્ત્રકર્તા કપિલ મુનીએજ શીખવ્યો છે એવું જોન ડેવિસ સાહેબે લખ્યુ છે. એ સાહેબે આગળ લખ્યું છે કે, શોપેનહાર અને હાર્ટમન નામના સુપ્રસિદ્ધ જર્મન તત્વવેત્તાઓએ કપિલ મુનિના મતનોજ અનુવાદ કર્યો છે. "હિંદુ મહર્ષિઓએ પ્રતિપાદન કરેલા વેદાંતનું તત્વજ્ઞાન કેવળ માનવ બુદ્ધિની પરાકાષ્ટા છે." The Vedant philosophy of India has reached the highest pinnacle of philosophic thought which the human mind can possibly attain.

૫ ફ્રેડરિક શ્લેગેલ Schelegel કહે છે કે, "વેદાંત મનુષ્યને '**ममैवांशो जीवलोके**' "આપણામાં ઇશ્વરાંશ છે," એવું શીખવે છે, એથી માણસ માત્રને સાયુજ્યમોક્ષ એટલે મૂળના શુદ્ધ સ્વરૂપમાં મળી જવાનો માર્ગ બતાવ્યો છે. પ્લેટો વગેરે ગ્રીક તત્વવેત્તાઓએ શીખવેલું તત્વજ્ઞાન, હિંદુ તત્વજ્ઞાન આગળ અત્યંત ફીકુ પડી જાય છે! યુરોપનું અતિ ઉંચુ

તત્વજ્ઞાન એટલે પરાણે ઝાંખો પ્રકાશ આપનારા અને પ્રતિક્ષણે જવાની તૈયારીમાં રહેલા દીવા જેવું છે. હિંદુસ્તાનનું તત્વજ્ઞાન મધ્યાન્હના પ્રખર, સર્વ અંધકારને દૂર કરનારા પ્રતાપવંત સૂર્ય સમાન છે."

૬. હિંદુઓ પોતાના ધર્મને 'સનાતન' કહે છે, અને ખરેખર એ ધર્મ કદી કાળે અંત ન આવે એવોજ છે. હિંદુ ધર્મ સિવાય સૃષ્ટિપરના સર્વ ધર્મો વટ વૃક્ષનાં ડાળાં પાંખડાં છે હિંદુ ધર્મ એ સર્વ ધર્મના પ્રચંડ વૃક્ષનું થડ છે. સર્વ ધર્મનું મૂળ પણ હિંદુ ધર્મજ છે એના જેવું જેટલું ઇશ્વર વિષયક જ્ઞાન અન્ય એકે ધર્મમાં નથી.

૭ હિંદુઓ કેવળ પથ્થર પૂજક નથી ! માત્ર મિશનરીઓના સહવાસમાં એવા પથ્થર પૂજક આવેલા તેથી તેઓએ એવું ઠરાવ્યું છે ! હિંદુઓ સદા સાચા ઇશ્વરનીજ પૂજા કરે છે, મૂર્તિની કરતા નથી In India people worship the ideal not the idol. મંદિરોમાં મૂર્તિ કેવળ ઇશ્વરાંશના સદ્દગુણના સ્મરણ સારૂ હોય છે. ધ્યાન, સ્મરણ અને ચિંતન વગેરેમાં એથી સારી સહાયતા થાય છે. રામ, કૃષ્ણની મૂર્તિના પૂજનથી રામ, કૃષ્ણના ચરિત્રનું તેમજ કૃતિનું સ્વાભાવિક રીતે સ્મરણ અને તેની સાથે અંતઃકરણમાં સુભાવ ઉત્પન્ન થાય છે. ખરો હિંદુ ઉપાસક તો પોતાનો પ્રભુ સર્વગત, સર્વજ્ઞ અને સર્વ વ્યાપીજ સમજે છે:—Images and Symbols are only used as aids among the Hindus to the practice of concentration and meditation, for the natural tendency of the mind is to go from the concrete to the abstract and then to the absolute.

૮. ખરા હિંદુઓ વનસ્પતિનોજ આહાર કરે છે. તેઓ માંસ માટી ખાતા નથી. અહિંસા એ હિંદુધર્મનું ઉત્તમ શિક્ષણ છે. તેઓ મદ્યપાન પણ કરતા નથી. હિંદુ ધર્મમાં, માણસની સાથે તો શું પણ સર્વ પ્રાણી માત્ર સાથે મમતા તેમજ દયાળુપણાથી વર્તવાનો ઉત્તમ ઉપદેશ કરેલો છે, એથીજ તેઓ પવિત્ર અને શુદ્ધ છે. They are true and chaste in morals હિંદુઓ **પરહિતને માટે પોતાનો સંપૂર્ણ સ્વાર્થ ત્યાગ તો શું પણ પ્રસંગ પડે પ્રાણ પણ આપે છે**

૯. એકજ કોટ કિંવા ખમીસ, અંગરખો અથવા બદન, નાના મોટા, ૐચા નીચા સર્વના શરીરને સરખા બેસતા આવતા નથી, તે પ્રમાણે એકજ પ્રકારના અને પદ્ધતિના મતો તેમજ ધર્મ માર્ગ, અનેક પ્રકારની વૃત્તિના અનેક લોકોને પસંદ નહીં પડે એ સમજીનેજ હિંદુઓએ અનેક પ્રકારના શાસ્ત્રો તેમજ યોજનાઓ કરી છે. વિવિધત્વ અને મનુષ્ય સ્વભાવનું વિશિષ્ટત્વ છે. તેથી કોઇને કાંઈ અને કોઇને કાંઇ રૂચે અને પચે છે. સર્વને એકસરખું રૂચતું તેમ પચતું નથી. પ્રત્યેકની મનઃપ્રવૃત્તિ, અધિકાર અને પૂર્વ તૈયારી ભિન્ન ભિન્ન હોય છે, અને એથી એમના અધિકારાનુસાર જુદો જુદો માર્ગ બતાવ્યો છે. Human minds need variety, and the paths which lead to the Supreme Being should vary according to the tendency, capacity, and spiritual development of the individual. સનાતન ધર્મ અનેક નામ રૂપાત્મક એકજ પરમાત્માની ઉપાસના કરવાનું કહે છે શિવ, વિષ્ણુ, શક્તિ, ગણેશ, વિઠ્ઠલ, વિશ્વેશ્વર, જગન્નાથ અને જગદીશ વગેરે ઇશ્વરનાં અનેક નામો છે. ઉપર ઉપરથી જોનારને તે જુદા જણાશે; પરંતુ સમજનારા તે સર્વનું એકજ સ્વરૂપ જુવે છે, ઉપાસ્યો અનેક જણાય છે; પરંતુ તેવું નથી. હિંદુઓ એકેશ્વરવાદિ છે. ઋગ્વેદમાં ' **एकंसत् विप्रा बहुधा वदन्ति.** ' કહ્યું છે તેવુંજ હિંદુઓના દેવતા સંબંધમાં સમજવું.

૧૦. **હિંદુ પ્રજા સૃષ્ટિમાંની અત્યંત પ્રાચીન અને શ્રેષ્ટ પ્રજા પૈકીની એક પ્રજા છે**—આજ સુધીમાં એ પ્રજા ઉપર અનેક જબરદસ્ત આફતો આવી ગઇ ! ગ્રીક, સીથિયન, મોગોલિયન, તાર્તર, મુસલમાન, ડચ્ અને પોર્ચુગીઝ વગેરેએ હિંદુસ્તાન ઉપર થોડો ઉપકાર નથી કર્યો ! તેની પ્રજાને સંપત્તિ રહિત અને વૈભવ વગરની કરી! આટલી આટલી આફતો છતાં હિંદુસ્તાનજ ટકી રહ્યું છે ! બીજો દેશ હોત તો તેનું નામ નિશાને રહેત નહીં ! હિંદુઓની પુરાણ પ્રિયતા—Tremendous power of conservatism તેમજ સમાજ બંધન કોઇપણ જબરદસ્ત પરસત્તા તોડી શકે એમ છેજ નહીં— No foreign power can demolish the social structure of the Hindus.

૧૧. માનસ શાસ્ત્ર, તત્વજ્ઞાન, ન્યાય, જ્યોતિષ, ગાયન, વાજીંત્ર કળા, વૈદક, નીતિ અને ધર્મનું ગુરૂસ્થાન હિંદુસ્તાન છે. હિંદુસ્તાનનાજ ઉત્તમોત્તમ વિચાર વગેરેનો લાભ દુનિયાના અન્ય સર્વ દેશોને થોડાઘણો પણ મળ્યો છે;

એટલુંજ નહીં પણ એક વખત હિંદુસ્તાન સમગ્ર સૃષ્ટિના ગુરૂપદને પામ્યું છે. હજુ પણ તેના સર્વોત્તમ વિચારની સ્પર્ધા પૃથ્વિપરના કોઇપણ પ્રદેશ કરી શકે એમ નથી. ભૂમિતિ, જ્યોતિષ, ગાયનકળા અને વૈદ્યક વગેરે વિદ્યા હિંદુસ્તાનમાંજ ઉત્પન્ન થઇછે–The science of Geometry was first invented in India. The Hindus have given Algebra to the western world and they were also the first teachers of plane and spherical trigonometry. They were also first to fix the lunar mansions lunar zodiae, and the division of constellation. Wagne was indebted to the Hindus, science of music, especially for the principal idea of the leading motives. Dr. Royal of Kings' College London says we owe our fist system of medicine to the Hindus

૧૨. હિંદુસ્તાનનો ઉપકાર હાલપણ અનેક દેશો ઉપર અનેક રીતે થએજ જાય છે સાહિત્ય. કળા, ધર્મ અને નીતિ વગેરે બાબતમાં તેની શ્રેષ્ટતા જેવી ને તેવીજ જળવાઇ રહી છે પ્રખ્યાત તત્વવેત્તા. શોપેનહાર કહે છે કે, " અધ્યયનને માટે ઉપનિષદો એટલે વેદાંત જેવા ધર્મ ગ્રંથો કોઈપણ ધર્મમાં નથી મને એના અધ્યયનથીજ સારૂં સમાધાન થયું છે, અને મ્હારો અંત પણ પરમ સંતોષથી એ શાસ્ત્રોના અધ્યયનથીજ આવવાનો છે—

There is no study more beneficial and elevating to man-kind than the study of Upnishads-Vedant. It has been the solace of my life. It will be the solace of death. જગત પ્રસિદ્ધ પંડિત મેક્સ મુલર કહે છે કે, If philosophy is meant to be a preparation for a happy death, I know of no better preparation for it than the वेदांत philosophy. It is the most sublime of philosophies and the most converting of *regions*–
હિંદુસ્તાન માટે પણ ઉદગારો, સ્લેગેલ, આર્નેલ, પોલ, ડ્યુસેન, થોરો અને ઇમરસન ઇત્યાદી પંડીતોએ કાઢ્યા છે. (અધુરૂં)

મ્હારી આત્મ કથા.

---:o:---

(૧)

ના, હું ત્હેને ચ્હાતો નથી, જેણે એકફેરી ખરાં હૃદયથી એકને ચ્હાયું હોય તે ફરી બીજાને ચ્હાહી શકેજ નહી, આમ બનવું અશક્ય છે મ્હને મૃણાલિની દેવિ! ઘણી પ્રિય છે, મ્હને ત્હેનું મુખમંડળ નિહાળવાની તિવ્ર ઇચ્છા થાય છે, ત્હેની સાથે વાર્તાલાપ કરવાની વૃત્તિ ઉદ્દભવે છે, ને ત્હેનો સ્વર સાંભળવો ગમે છે આ બધું કેમ થાય છે તે ત્હમને સહેલાઇથી સ્હમજાવી શકાય તેમ છે. જે પ્રીતિ બે મિત્રો વચ્ચે હોય છે તે પ્રીતિ સંબન્ધ અમ્હારા બે વચ્ચે છે. મ્હારા વાંચકો મ્હારી આત્મકથા સાંભળી રખે મ્હને અન્યાય આપે! કેમકે મ્હને પોતાને મ્હારા હૃદયમાં ઉત્પન્ન થતી લાગણી વિષે શંકા પેદા થાય છે. પણ ના, હું તેજ અનુમાન ઉપર આવું છું કે એકવાર અર્પણ કરેલું હૃદય બીજાને કેમ અર્પિ શકાય?

હું ડૉક્ટર છું ને આકસ્માતિક્ મ્હારા ધંધાની રૂએ આ સ્ત્રીના સંબન્ધમાં આવ્યો છું. હું બંગાળાનાં ગામડાંઓમાં મુસાફરીએ નીકળ્યો હતો. આ ગામડાંઓમાં દસ પંદર ઝુપડાં તથા ધનાઢય લોકોના હવા ખાવાના બે ત્રણ બંગલા સિવાય બીજું કાંઇ દ્રષ્ટિએ પડતું નથી.

હું થાકેલો હોવાથી નદીના તટ ઉપર બેસી વિશ્રાંતિ લેતો હતો, એટલામાં એક નોકરે મ્હારી પાસે આવી મ્હને પૂછ્યું—

" સાહેબ, ત્હમે ડૉક્ટર છો? મ્હારા શેઠાણી માંદા છે ને ત્હમને જોવા બોલાવે છે "–આ સાંભળતાં હું આશ્ચર્ય પામ્યો.

આ પ્રમાણે અમ્હારો મેળાપ થયો ને ટુંક વખતમાં મિત્રતા બંધાઇ.

પણ આશ્ચર્ય તો એ બન્યું કે શરૂઆતમાંથીજ ત્હેના હાથનો સ્પર્શ, ત્હેનો સ્વર ને ત્હેનું મધુર હાસ્ય–આ બધાયે મ્હારા હૃદયમાં કાંઇ જુદીજ ભાવના ઉત્પન્ન કરી; પણ તેથી વ્હાલા વાંચક ત્હમે બીજું કાંઇ ધારશો નહીં.

ત્હેને જોતાં હું પહેલા જેને ચ્હાતો હતો તે મ્હારી આંખ આગળ ખડી થાય છે ને જ્યારે તે મ્હારાપ્રતિ જુવે છે ત્યારે મ્હારા પ્રથમ પ્રેમ-પાત્રનું ભાન કરાવે છે, ત્હેના સ્વરમાં પણ ત્હેનોજ પડઘો પડે છે, ત્હેનો સ્પર્શ પણ

જાણે મ્હારા પ્રેમપાત્રનો સ્પર્શ હોય એમ લાગે છે, હા! આને લીધેજ હું જ્યારે ત્હેના સ્હામું જોઉં છું, ત્હેનો હાથ મ્હારા હાથમાં લઉં છું ત્યારે કોણ જાણે શાથી મ્હને બહુ આનંદ થાય છે.

હવે મ્હારા પ્રિય વાંચકો, આ સાંભળી મંદમંદ હસો છો. હા, હું ત્હમે એમ કહેતા હોવ તેમ સાંભળું છું કે "પુરૂષો આવી રીતે ઘણીવાર મુઝવણમાં આવી પડે છે, ને તેઓ પ્રેમ-પુષ્પની સુગન્ધથી કંટાળતા નથી, જરૂર વખતે પૃથ્થકરણ કરી વખતને અનુસરી ચાલે છે." હા! તો ત્હમેજ કહો કે આ પ્રેમકળી છે કે પુષ્પ?

મ્હારા પ્રિય ટીકાકાર! ત્હમે કહો તે પ્રમાણે કદાચ હોય પણ હું પ્રેમ કળી ને પુષ્પના તફાવતથી અજ્ઞાન નથી ને હું જાણું છું કે મ્હારા હૃદયમાં થતી લાગણી કાંઇ પ્રેમ નથી. તે એવી જાતની કોમળ ને દૃઢ મિત્રતા છે કે જેની એક કુદરતી બક્ષીસ થોડાંજ મનુષ્યોને મળે છે. તે એ જાતની મિત્રતા છે કે જે સ્ત્રી ને પુરૂષ વચ્ચે જોવામાં આવે છે. બે પુરૂષો વચ્ચે આ જાતની મિત્રતા સંભવતી નથી. શું એક પુરૂષ પોતાનું હૃદય ખોલી પોતાના દુઃખની અને બીજી ગુહ્ય વાતો કાંઈ પણ અન્તરાય રાખ્યા વગર બીજા પુરૂષને કહી ત્હેના બદલામાં આશ્વાસન તરીકે એક અશ્રુનું બિન્દુ મેળવી શકશે? તેવો વિચાર લાવવો તે હસવા સરખું છે. ના, આ પ્રમાણે આશ્વાસન મેળવવા સારૂ સ્ત્રીનું કોમળ હૃદયજ જોઇએ છીએ. ત્યારે શું ત્હેને બધી હકીકત કહ્યા વગર રહી શકું એ સંભવિત હતું ખરૂં?

સન્ધ્યાનો સમય હતો, અમ્હે બે જણા એકલાં હતાં, ઓરડામાં દીવાનો મંદમંદ પ્રકાશ પ્રસરી રહ્યો હતો. ત્હેની સુન્દર આંખો મ્હારા મુખ સ્હામું જોયા કરતી હતી, ત્હેણે ઉંડો નિશ્વાસ નાંખી મ્હને પુછ્યું—"ડૉકટર ત્હમે શા વિચારમાં નિમગ્ન થયા છો? મ્હને ત્હમારા મુખ ઉપર ઉંડી શોકની છાયા પ્રસરેલી દેખાય છે, મ્હને લાગે છે કે ત્હમારા હૃદયમાં કોઇપણ પ્રકારનું દુઃખ છે."

હું કહી શકતો નથી કે આ સાંભળી બીજો કોઈ પણ પુરૂષ મારી જગ્યાએ હોત તો તે પોતાનું મન દૃઢ રાખી શક્યો હોત, પણ મ્હારાથી તેમ કરવું અશક્ય હતું. "હે ભગવાન! મ્હારા જેવું દુઃખ કોઇને ન આપો" એમ કહેતાં મ્હારી આંખમાં આંસુ આવી ગયાં.

આ વખતે આ કોમળાંગી બાળાને મ્હારી નજીક આવી બેઠેલી મ્હેં અશ્રુ પૂર્ણ નેત્રે જોઇ. આ ગાંભીર્ય રૂપમાં, ન્હાનપણની ચાપલ્યતા, દુખમાં ડુબેલી આંખોમાં પ્રથમનું લાવણ્ય, રસહિનને બદલે ભરેલા ગાલો, ને સ્હેજ હલેતાપણું હોત તો તે કેટલી સુન્દર લાગત? હા! આ પ્રમાણે હોત તો હમણાં તે મ્હારા પ્રથમ પ્રેમપાત્ર જેવી લાગે છે, ત્હેને બદલે જાણે તેજ છે એમ મને ભાન કરાવત.

મ્હેં ત્હેના મૃદુ ઓષ્ઠમાંથી એક ઉંડો નિશ્વાસ નીકળતાં સાંભળ્યો ને હું મ્હારા વિચારમાંથી જાગૃત થયો.

"મ્હારા શબ્દોથી ત્હમને કાંઇ દુઃખ લાગ્યું છે?" મ્હેં પુછયું.

ત્હેણે કાંઇ ઉત્તર આપ્યો નહીં. પ્રકાશ મન્દ હોવાથી મ્હારાથી ત્હેનું મુખ બરાબર જોઇ શકાતું ન્હોતું; પણ મ્હેં જોયું તો ત્હેની આંખોમાંથી આંસુની ધાર ચાલે છે.

"ત્હમને શું દુઃખ થાય છે?" ફરીથી પુછતાં પણ મૃણાલિનીએ ઉત્તર ના આપ્યો.

"ત્હમે મ્હને દુઃખ કહો. આમ કેમ છેકજ મૌન્ય ધારણ કર્યું?" મ્હેં ધીમે રહી પાછો પ્રશ્ન કર્યો.

"મ્હેં ધાર્યું હતું કે હું ત્હમારી પાસે તદ્દન અણજાણ મનુષ્ય નથી" ત્હેણે ગદ્ગદીત કંઠે ઉત્તર આપ્યો.

ત્હેના હૃદયમાં આ દુઃખ હશે એ સાંભળી મ્હને હસવું આવ્યું "આજ વિચાર ત્હમને દુઃખી કરે છે? ત્હમે આ નિર્ણયપર શાથી આવ્યા?"

"કારણકે મ્હને એમ લાગે છે કે ત્હમે મ્હારામાં વિશ્વાસ મુકતાં શંકા રાખો છો."

"શું મ્હને ત્હમારામાં વિશ્વાસ નથી, તો મ્હને બીજા કયા મિત્રમાં ત્હમારા જેટલો વિશ્વાસ છે?"

"હા! આ છતાં પણ ત્હમારાં દુઃખમાં ભાગીયણ બનાવવા ત્હમે ના કહો છો?" તેણીએ કહ્યું.

આ સુણી હું ચોંકયો, હું તેણીને તુર્ત ઉત્તર આપી ના શકયો "બ્હેન બાત વખતે મ્હારૂં હૃદય દુઃખના ભારથી દબાયલું હતું, ત્હમે આમ શંકા લાવી

મ્હને અન્યાય કરો છો મ્હારે આ દુનિયામાં બીજું કોઇ નથી કે જેની આગળ મ્હારૂં હૃદય ખોલી શકું? મ્હેં ત્હમને કહેવામાં આનાકાની કરી ત્હેનું કારણ એજ કે હું ત્હમને કહી દુઃખી કરવા માંગતો ન્હોતો. મ્હારી આત્મકથા ઘણી દુઃખમય છે." હવે મ્હેં ત્હેણીને તું કહેવા માંડયું અને પ્રિય બ્હેન કહી સંબોધી. મ્હને કોણ જાણે હૃદયમાંથી કુદરતી આ પ્રમાણે પ્રેરણા થઇ આવી.

"ધારો કે મ્હને દુઃખ થયું હોત તો શું મિત્રના વિશ્વાસનું પાત્ર બનવા લાયક થવું તે શું ત્હેનો બદલો નથી? દરેક દરેક બાબતમાં આપનો સંપૂર્ણ વિશ્વાસ હોય ત્હેના કરતાં બીજું વધારે સુખ શું જોઇએ?" તે ધીમે સ્વરે બોલી.

"બ્હેન ત્હમે બરાબર કહ્યું છે. ત્હમારા હૃદયમાં જે લાગણી પેદા થઇ તે ત્હમે દર્શાવી છે, ત્હમારા મનોભાવ ઉત્તમ છે ને તે તમને સદ્‌પંથે દોરે છે. જો મ્હને કાંઇપણ કહેવામાં શંકા ઉત્પન્ન થઈ હોય કે મ્હને ત્હમારામાં વિશ્વાસ નથી તો હું કબુલ કરૂં છુ કે મ્હારા વિચારોએ મ્હને થાપ ખવડાવી છે ને મ્હારૂં હૃદય જે કહેતું તેને ગણકાર્યું નથી. હા! મ્હેં વિશ્વાસ રાખ્યો હોત ને જે મ્હારૂં દુઃખ સ્હમજી શકે છે ત્હેની પાસે હૃદય ખોલી વાત કરી હોત તો ઘણા વખતથી મ્હારૂં દુઃખ ઓછું થઈ જાત. બ્હેન! તું મ્હારાં દુઃખની વાત સાંભળીશ, જે હું ત્હેને પણ કહી શકયો નથી કે જેને તે સંભળાવવી જોઇતી હતી–બધો વૃત્તાંત કહેતાં મ્હારી શરમભરેલી વાત ખુલ્લી કરૂં છું, જે હું શરમને લીધે ત્હેને કહી શકયો નહોતો; કે જે કહેવાથી હું પાપનું નિરવાણ કરી શકત. હું કહું છું તે સાંભળ ને સાંભળી ત્હને લાગશે કે આ દુઃખી મનુષ્ય ત્હારો વિશ્વાસ મેળવવા નાલાયક છે ને તે ત્હારામાં સંપૂર્ણ વિશ્વાસ મુકે છે.

(૨)

" મ્હારા વિલાયતથી પાછા ફર્યા પછી, મ્હેં મિત્રો તથા સગા સબન્ધીઓ સાથે થોડા દિવસ મ્હારા ગામમાં ગુજાર્યા ને પછી કલકત્તે પાછો આવ્યો. મ્હારે ઇન્ડીઅન મેડીકલ સરવીસની નોકરીપર હ્હડવાને થોડા અઠવાડીઆં બાકી હોવાથી બાકીના દિવસ મ્હારા એક જ્ઞાતિબન્ધુ ને મિત્ર કે જેમના ઘર સાથે અમ્હારે ઘણાં વર્ષથી સારો સબન્ધ હતો ત્હેને ત્યાં રહી ગાળ્યા. તે હાઇ કોર્ટના વકીલ હતા ને આ ધંધામાં સારો પૈસો પેદા કર્યો હતો. ત્હેમનાં પતિ દેવલોક પામ્યાથી તે બિચારા ઘણા દુઃખી થઇ ગયા હતા ને તેમની

દૌલત ભોગવવાને એક પુત્રી સીવાય બીજું કોઇ ન્હોતું, કે જે ત્હેમનું સર્વસ્વ હતી.

પ્રાણકિષ્ણ બાબુ સ્વદેશ છોડી બીજે કાંઇ ગયેલા નહિ તે છતાં તે જુના વિચારના નહોતા. ત્હેમની પુત્રીએ ઇંગ્રેજી કેળવણી લીધી હતી, પણ હજી સુધી ત્હેનાં લગ્ન થયેલાં નહોતાં. મયાબીનિ માંદી છે એમ મ્હને ત્યાં ગયા પછી જાણ થઇ, ત્હેને કાંઇક નવીન જાતનો રોગ લાગુ પડયો છે ને ત્હેને હિસ્ટીરીઆ પણ છે, ત્હેને કેટલી વાર મૂર્છા આવે છે, પણ સાથે બીજાં કાંઈ મારફેડના ચિન્હ જણાતાં નથી. કેટલીકવાર ચોવીસ કલાક સુધી આવી અવસ્થામાં પડી રહે છે ને તે વખતે ગાઢ નિંદ્રાવસ્થ હોય એમ લાગે છે. તે ઘણીવાર વાતો કહેતી તે ઉપરથી અનુમાન બંધાય છે કે ત્હેની આંખો બંધ છતાં ત્હેની આસપાસ શું બને છે તે તે સાંભળી શકે છે, આમ ચોવીસ કલાક સુધી પડી રહ્યા પછી ધીમે ધીમે જાગૃત થવા માંડે છે પણ બરાબર શક્તિ આવતાં ઓછામાં ઓછા ત્રણ ચાર દિવસ થાય છે.

આ રોગમાં નવાઇ જેવું એ હતું કે તે બેભાન થાય તે પહેલાં કાંઇપણ ચિન્હ દેખાતાં નહિ, તેમજ દર્દી મુર્છા આવવાનું કારણ સ્હમજાવી શકતી નહીં. મ્હને આ હકીકત સાંભળી એમ લાગ્યું કે તે મનમાં જાણતી પણ કહેતી ન્હોતી.

હું ત્યાં ગયો ત્હેના થોડા દિવસ અગાઉ આ પ્રમાણે મુર્છીત થઇ હતી. તેથી જ્યારે મ્હેં ત્હેને પહેલી વાર જોઇ ત્યારે તે પથારીવશ હતી. ત્હેના પિતાએ મ્હને ત્હેને થતાં દુઃખની હકીકત કહી તપાસવાનું કહ્યું. આ સાંભળી બાલ્યાવસ્થામાંનુ નાજુક શરીર, ત્હેની ફરતી ચકોર આંખો, ઘડીભર ના બેસતાં આખો દહાડો છુટા વાળે ને ગમે તેમ પહેરેલે કપડે કુદયા કરતી ને વાતો કરતાં ન થાકતી. તેણીનું પૂર્વાવસ્થાની સ્થીતીનું ચિત્ર મ્હારી આંખ આગળ તરી આવ્યું.

હું પ્રાણકિષ્ણ બાબુની ઇચ્છાનુસાર મયાના ઓરડામાં દાખલ થયો. મ્હારા મનમાં વિચાર આવ્યો કે, પાંચ વર્ષ પહેલાં જે રમતીઆળ ને નાજુક બાળા મેં જોઇ હતી તેજ સ્થીતિમાં જોવા પામીશ કે નહિ ? દાખલ થતાં ત્હેને પુર્વ સ્થીતિમાં દેખી આશ્ચર્ય પામ્યો.

સફેદ વસ્ત્ર ધારણ કરી બાળા કોચ ઉપર તકીઆને અઢેલી બેઠી હતી. કેશના ગુચ્છા ભ્રમર ઉપર પડેલા હતા, ને કેશકલાપ વાળ્યો હોવાથી સુન્દર નાજુક ડોક બરાબર દેખાતી હતી.

મયાબીનિ નવોઢા અવસ્થાને પહોંચી હતી, ત્હેની વાત કરવાની છટાદાર રીત, નિખાલસ મૃદુ હાસ્ય, આ મ્હારા મનમાં રમ્યાં કરે છે, ને ત્હેનું ચિરકાળ સ્મરણ રહેશે ત્હેના મુખારવિંદ ઉપર અણધાર્યું લાવણ્ય જોતાં હું ચકિત થયો. શું આ રોગી હશે? ત્હેનાં મ્હોં ઉપર સ્હેજ પીળાશ સિવાય બીજા કાંઈ પણ રોગનાં ચિન્હ જણાતાં નહોતાં જે પીળાશ ત્હેની ખુબસુરતીમાં વધારો કરતી હતી. ત્હેના હાથમાં અર્ધું વિકસેલું ગુલાબનું ફુલ હતું જે તે સુંધ્યા કરતી, તે શાન્ત ગંભીર બેઠી હતી, મ્હારા ત્યાં જઇ પહોંચતાંજ ગુલાબનું ફુલ તેણીએ બાજુએ મુકી મ્હને આવકાર આપ્યો.

"ડૉકટર દાસ પધારો! ત્હમને જોઇ ઘણી ખુશી થઈ, ત્હમે સ્હેજ પણ પહેલાં કરતાં બદલાયા નથી. ત્હમારાં કપડાંમાંના ફેરફાર શિવાય ત્હમે પાંચ વર્ષ પહેલાં હતા તેવાજ દેખાઓ છો" ત્હેણે ધીમે રહી પોતાનો કોમળ હાથ શેકહેન્ડ કરવા લંબાવતાં કહ્યું.

ત્હેના આ ધીમા ને મધુર સ્વરથી મ્હારૂં અંતઃકરણ ત્હેનાપ્રતી દોરાયું. હું ઉત્તર આપી શકયો નહિ. મ્હને મ્હારી આંખપર વિશ્વાસ ઉઠી ગયો.— 'આ મયા છે કે સ્વપ્ન જોઉંછું?' ત્હેના પિતાએ ખુરસી કોચની પાસે ખેંચી મ્હને બેસવાનું કહ્યું, ને ત્હેમણે બારી પાસે પરેલી ખુરસીપર બેસી છાપું વાંચવા માંડયું. મ્હેં ત્હેના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહોતો તેથી મ્હને લાગ્યું કે ત્હેને ખોટું લાગશે તેથી હું ધીમે રહી બોલ્યો "બાનુ ત્હમે હજી ઘણાં અશક્ત લાગો છો?"

આ સાંભળતાં ત્હેના મુખ ઉપર હાસ્ય છાઇ રહ્યું. "થોડા વર્ષમાં હું બાનુ થઇ, ત્હમે બરાબર ઇંગ્રેજી રીતભાતનું અનુકરણ કરતા લાગોછો."

આ ટીકા સાંભળી મ્હને સ્હેજ લાગી આવ્યું. "જ્યારે મ્હેં ત્હમને છેલ્લા જોયેલાં ત્યારે ન્હાની છોકરી હતાં ને હમણા એટલો બધો ફેરફાર થઇ ગયો છે કે હું ઓળખી પણ શકયો નહીં!!"

"પણ હું ત્હમને ભુલી ગઇ નથી. હા-કહેછે તે ખરૂં છે કે પુરૂષોની યાદદાસ્ત નબળી હોય છે!" તે બહુ ધીમે ધીમે સ્વરે બોલતી હતી-કદાચ એમ પણ હોય કે ત્હેના પિતાને સંભળાવવા ન માગતી હોય; પણ તે છાપુ વાંચવામાં એટલા મશગુલ હતા કે શી વાત થાય છે તે સાંભળવાની દરકાર પણ કરતા હોય એમ લાગ્યું નહિ. ત્હેના શબ્દો સાંભળી મ્હને હર્ષ પ્રદિપ્ત થયો ને હૃદય પીગળ્યું.

"મયા! પહેલાં જેવાંજ ત્હમે મશ્કિતખોર રહ્યાં છો કે બલ્કે વધારે થયાં હોવ એમ કહું તો ચાલે! ત્હમારાં કટાક્ષ સ્હામું કોણ થઇ શકે? હું પાંચ વર્ષ પહેલાંની બાલ્યાવસ્થાની સ્થીતિનો ચિતાર આપું છું તો શું તે પુરાવો બસ નથી કે હું ત્હમને ભુલી શકયો નથી?"

"મ્હને યાદ રાખી જે પુરાવો આપો છો તે સાંભળી મ્હને હર્ષ થાય છે પણ હવે વિલાયતમાં ત્હમને થયેલા અનુભવની વાત કહો?"

"તે બધી વાતો કહેવા બહુ વખત છે. પહેલાં ત્હમારા દુઃખની હકીકત કહો, મ્હને જાણ થઇ છે કે ત્હમને મુર્છા આવે છે ને તે પહેલાં કાંઇ પણ ચિન્હ દેખાતાં નથી."

"ના."

"શાથી આવે છે ત્હેનું કારણ જાણી શકો છો?—ખોરાકમાં અનિયમિતપણાને લીધે, બહુ વાંચવાથી કે વાતો કરવાથી આમ થાય છે? કે બીજું શું કારણ છે?"

મ્હને બીજા પ્રશ્ન પુછવા દીધા નહિ ત્હેણે મ્હને બોલતો અટકાવ્યો. "ત્હમે ડૉકટર છો, આમ થવાનું કારણ ત્હમારે શોધી કહાડવું જોઇએ. મ્હને આમ શાથી થાય છે તે હું શી રીતે જાણી શકું? આવા પ્રશ્નો પુછી વખત ના ગુમાવો પણ વિલાયતની વાત કહો મ્હને તેમાં રમુજ પડતાં સારૂં લાગશે."

આ પરથી મ્હને લાગ્યું કે તે મ્હારો પ્રશ્ન ઉડાવવા માંગે છે. ધીમે ધીમે વાત કહડાવીશ, હમણાં એ પ્રશ્ન પડતો મુકી ત્હેની મરજી પ્રમાણે થવા દેવું "વિલાયત?–હા તે તો સ્વર્ગજ છે, એક ફેરી ત્યાં ગયા પછી પાછું આવવાનું મન કોઇને થતું નથી."

"દીલગીરીની વાત છે કે ત્હમારે પાછું આવવું પડયું. હું ધારૂં છું કે ત્હમારો અર્ધો જીવ ત્યાં રહ્યો હશે?"

"મ્હને મ્હારો અર્ધો જીવ ત્યાં રાખવાને હરકત ન્હોતી, પણ ત્હેની ત્યાં સંભાળ લેવાને કોઇપણ ન્હોતું!!!"

અત્યાર સુધી મૃણાલિની કાંઈ પણ બોલ્યા વગર વાત સાંભળ્યા કરતી હતી તે એકદમ વચમાં બોલી ઉઠી "ત્હમે ઘણું પરોપકારનું કામ કર્યું" આ શબ્દ મ્હારા કાનપર પડતાં હું ચમકયો, મહારા ને મયાંના પ્રથમ મેળાપ વખતે મયાએ આજ શબ્દો કહ્યા હતા, હું વિચારમાં પડયો ને મૃણાલિના

મેં રહ્યાનું આશ્ચર્ય પામી જોવા લાગ્યો "પછી શું બન્યું" ત્હેણે મૃદુ સ્વરે પુછ્યું.

મ્હારે હવે કહેવાનું કાંઇજ ન્હોતું. મ્હારી વાર્તાનો તાર તુટી ગયો. મેં ધીમે રહી ઉત્તર દીધો. "પછી ખાસ કાંઇજ વાત થઇ નહીં."

તેટલા વખતમાં ત્હેના પિતા છાપું વાંચી રહ્યા હતા, તેથી હું ને તે ઓરડામાંથી સાથે બ્હાર નીકળ્યા.

"પણ ત્હમારૂં હૃદય પાછળ ઓરડામાં મુકીનેને ?"

"કોઇપણ વ્યકિતને પ્રથમ જોતાં ત્હેનાપ્રતિ પ્રેમ ઉત્પન્ન થાય છે તે હું માનતો નથી"

"પણ ત્હમારો મત બદલાવાને ઘણો વખત લાગ્યો નહીં હોય એમ હું ધારૂં છું." તેણી બોલી.

"હા, ત્હેની હું ના કહી શકતો નથી. મને હમણાં તે સબન્ધી વાત કહેતાં શરમ લાગે છે; પણ મયાના હાથની ત્હેના પિતા પાસે માંગણી કરતાં મને શરમ લાગી ન્હોતી. એક અઠવાડીઉં પણ વિત્યું ન્હોતું તેટલામાં આ પ્રમાણે મેં પગલું ભર્યું હતું આ દુઃખ સારૂ મ્હારી જાતને શ્રાપ દઉં છું, થયેલી નિરાશાનો અગ્નિ મ્હારા હૃદયમાં પ્રજળ્યા કરે છે ને હજી પણ મ્હારે શું મ્હારા દિવસો આ પ્રમાણે દુઃખમા ગાળવાના છે ? તે દિવસે મેં જાણ્યું કે મયા મ્હારી થનાર નથી. ત્હેનો વિવાહ બીજા સાથે થયો છે ને ત્હેની નાદુરસ્ત તબીઅતને લીધે લગ્ન લંબાયાં છે. આ જવાબ સાંભળી હું ઘણો નાસીપાસ થઇ ગયો બબ્બારાને લીધે જેટલું દુઃખ હમણાં થાય છે તેટલું તે વખતે થયું ન્હોતું.

દુનિયામાં ઘણાં મનુષ્યો જોવામા આવે છે કે જેમને પ્રેમમાં નિરાશા મળવા છતાં ધૈર્ય રાખવું પડે છે, યા ધીમે ધીમે રૂઝાય છે ને વખત જતાં ત્હેનું વિસ્મરણ થાય છે. હા. પણ મ્હારૂં દુઃખ—

મ્હારાથી એક શબ્દ પણ વધુ બોલાયો નહીં. મુબાલિનાએ મ્હારો હાથ પોતાના હાથમાં લઇ આંખો ઉપર લગાડ્યો. ત્હેની આંખમાંથી અશ્રુ વહ્યાં જતાં હતાં "બ્હેન! મ્હારો વૃત્તાંત અહિં બંધ કરવા દો, કેમકે વધુ સાંભળવા ત્હમારી ધીરજ નહિં રહે" આટલું મેં તુટતા શબ્દમાં કહ્યું. "આગળ ચલાવો મ્હને સાંભળવાની હિંમત છે, મ્હને એમ બતલાવો કે ત્હમને મ્હારામાં વિશ્વાસ છે" કરૂણા સ્વરે તેણીએ ઉત્તર આપ્યો.

"સાંભળ, તું બધુ જાણીશ. હું જે મકાનમાં ઉતર્યો હતો તે ભવ્ય મકાન હતુ તેમાં દરેક રીતની સોઇ હતી મધ્ય ભાગમાં દીવાનખાનું ને ત્હેની બે બાજુયે બબ્બે મ્હોટા ઓરડા હતા. વામહસ્ત તરફના એક ઓરડામાં મયાબિની સુતી હતી ને બીજે ત્હેના પિતા વાપરતા હતા બીજી બાજુના બે ઓરડામાંના એકમાં ભોજન લેવા બેસવાની ગોઠવણ હતી ને બીજે અતિથીને ઉતારો આપવામાં વપરાતો.

હા-મ્હારી મયાબિની સાથે લગ્ન કરવાની માગણી ના કબુલ થઇ તે મ્હને દિવસ યાદ આવ્યા કરે છે, તે આખો દિવસ મ્હેં ત્હેને જોઇ નહોતી ઓરડામાં જઈ મળવાનો વિચાર કરતાં મ્હને ખબર થઈ કે ત્હેના ભવિષ્યના પતિ ઓરડામાં બેઠેલા છે. તેજ દવસે મ્હેં જાણ્યુ કે ત્હેનો વિવાહ શશી-બાબુ સાથે થયેલો છે. આ ગ્રહસ્થને મ્હેં ઘણીવાર ગૃહમાં જોયાં હતાં સ્હાં-જના જમવાના વખતે મયા અમ્હારી સાથે જમવામાં નહોતી. આ પહેલીવાર બન્યું નહોતું કેમકે ઘણીવાર નબળી તબીઅતને લીધે તે પોતાના ઓરડામાં જમતી. અમ્હારા જમીને દીવાનખાનામાં ગયા પછી પ્રાણક્રિષ્ણ બાબુ એક કોચ ઉપર નિરાંતે હુકો પીતા બેઠા ને વચમાં કદી કદી ઝોકા ખાતા હતા. શશીબાબુને જેતા મ્હને તે ઘણા ઉદાસ દેખાતા હતા પણ આમ હોવાનું શું કારણ હશે તે હું સ્હમજી શક્યો નહિ કેમકે હું ત્હેમને ઘણા સુખી સ્હમજતો હતો ત્હેમને હાથમાં વિણા લઇ વગાડવા માંડી તે વખતે હું ચન્દ્રના પ્રકાશમાં સૃષ્ટિ સૌંદર્ય નીહાળતો બારી આગળ ઉભો રહો. રાત્રિનો સમય હોવાથી સઘળે શાન્તતા પ્રસરી હતી. શિશીર રૂતુ ઉતરી ચુકી હતી ને વસંત રૂતુ ચાલતી. ઝાડ, ત્હેમની પડતી છાયા, ને વળી ચંદ્રનો પ્રકાશ પણ ધ્રુજતો હોય એમ મ્હને દેખાયું. જાણે નિશાદેવીના હૃદયમાંથી નીકળતો દુઃખી સ્વર ત્હેમને કંપાવતો હોય ! શાંત રાત્રિમાં નિકળતો વિણાનો સ્વર મહારૂં હૃદય ભેદી નાંખવા લાગ્યો. મયાના હાથની માગણી વખતે થયેલા દુઃખ કરતાં અત્યંત દુઃખ આ વિણાનો સ્વર કાને પડતાં થયું. હું નિર્જીવ થઇ ગયો હોઉં તેમ મ્હારી લાગણીઓ સ્તબ્ધ થઇ.

મ્હારી દરેકે દરેક નસમાં વિણાના સ્વરે દુઃખ ઉપજાવ્યું; મ્હારૂં હૃદય દ્રવવા લાગ્યું. 'હવે તે મ્હારી નથી, મ્હારી થવાની નથી' આ વિચારો મનમાં ઉત્પન્ન થતાં જીંદગીમાં દુઃખ શીવાય બીજું કાંઇ દેખવાનું નથી એમ લાગવા માંડ્યું.

હવે મ્હારાથી વધુ સમય વિણા સાંભળી શકાઇ નહીં, હું દીવાનખાનાની બ્હાર સપાટામાં નીકળી ગયો. મયાના ઓરડા પાસેથી જતાં, ત્હેના ઓરડાનું બારણું ઉઘાડું જોયું. હું હૃદયશુન્ય બની ગયો હતો તેથી એકદમ અંદર ગયો. તેણી કોચ ઉપર શાંત સુતી હતી. હું થોડીવાર ઉભો રહ્યો, ચંદ્રનો પ્રકાશ ત્હેના મુખારવિંદ ઉપર પડતો ને તેથી નિંદ્રાવસ્થામા ઘણું સુંદર લાગતું. હું એકદમ ત્હેના સ્હામું જોઇ રહ્યો ને આસપાસ શું થાય છે તે ભુલી ગયો. મ્હને યાદ ન રહ્યું કે હવે તે મ્હારી નથી ત્હેના સૌંદર્યથી લોભાતાં હું ત્હેને ભેટી પડ્યો ને ચુંબન લીધું.

મૃણાલિની એકદમ ચમકી ઉઠી, "ચોરની માફક ત્હમે આ કામ કર્યું" આ કહેતાં ત્હેનો સ્વર ધ્રુજવા લાગ્યો.

"હા-તે હુંજ કે જેણે આ અવિચાર યુક્ત કૃત્ય કર્યું. મ્હને ધીક્કારો-હા! તેમ કરશો પણ યાદ રાખજો કે હું એક સાધારણ મનુષ્ય છું, કદાચ આવી સ્થીતિમા ફરીથી મુકાઉં તો આમ ફરીથી પણ થાય; પણ ત્હેની શી શિક્ષા થઇ છે તે સાંભળી પાષાણમય હૃદય પીગળ્યા વગર નહિં રહે. મ્હને તે પાપનો બદલો મળ્યો છે." ત્હેણે અપૂર્ણ નેત્રે કહ્યું "આગળ ચલાવો"

"બીજે દીવસે સવારે ત્હેના પિતાએ આવી કહ્યું કે મયા ગઇ કાલે રાતની પાછી મુર્છીત થઇ છે આ સાંભળતાં મને જાતપર તિરસ્કાર ઉત્પન્ન થયો ને શરમ લાગવા માંડી, ત્હેની પાસે જઇ માફી માગવા જેટલી હિંમત ના રહી, મયા ધીમે ધીમે ત્રણ ચાર દિવસે સારી થઇ," તે દરમિયાન મ્હને ત્હેના પિતામાં કાંઇ ફેરફાર લાગવા માંડ્યા. ત્હેમના હૃદયમાં કાંઇ દુઃખ હોય ને કહી શકતા ના હોય એમ મ્હને દેખાયું પણ હું ત્હેનાથી બહુ વખત અજ્ઞાન રહેવા ન પામ્યો. એક સ્હાંજે જ્યારે અમ્હે બે જણા એકલા હતાં ત્યારે ત્હેમણે વાત ઉપાડી

"ત્હમે મયાને પરણવા સારૂ હજી તૈયાર છો?" ત્હેમણે એકદમ મ્હને પ્રશ્ન કર્યો.

આ સાંભળી મ્હને શું થયું લાગ્યા હશે ત્હેનો ત્હમે વિચાર કરો, મ્હારા મનમાં ત્હેના થયેલા વિવાદ સબન્ધી વિચાર આવવા લાગ્યા.

"પણ શાથીબાબુ—" મ્હે આતુરતાથી પુછ્યું.

આ સાંભળી પ્રાણકિશોર બાબુને દુઃખ થયું હોય એમ મ્હને લાગ્યું, તે બોલ્યા—

" શશીબાબુએ ત્હેમના માતપિતાની આજ્ઞા લીધી નથી ને તેઓ વાંધો લે એમ તે કહેતા હતા માટે લગ્ન કરવા ખુશી નથી."

મ્હારે કહેવું જોઇએ કે આ સાંભળી મ્હને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થયું હોય, તેટલો હર્ષ થયો થોડાં દિવસ વિત્યાને મહારા લગ્ન મયાબેની સાથે થયા.

(૩)

મ્હેં વૃતાન્ત આગળ કહેવાનું બંધ કર્યું પણ મૃણાલિની ઘણી ઉત્સુક બની ને આગળ વધવા કહ્યું.

" પછી શું થયું ? " ત્હેણે એકદમ પુછ્યું.

" પછી શું થયું ?" સાંભળો દુનિઆમાં સુખ છેજ નહિ તે વાત કેટલી સત્ય છે. હા. જેને મેળવવા સારૂ મ્હેં આટલું કષ્ટ વેઠયું હતું, તે મ્હારી પાસે હતી હું જ્યારે ત્હેના મુખ મંડળ સ્હામુ જોઇ રહેતો ત્યારે બધું ભુલી જતો પણ તે છતાં હું સુખી નહોતો.

મ્હારી નોકરીપર ચ્હડવાને માત્ર એક અઠવાડીઉ બાકી હતું. ગંગા નદીના કીનારાપરના એક બગીચાવાળા બંગલામાં અમ્હે દીવસો ગુજરતા હતા કુદરતી અગાધ લીલા અહિં નજરે પડતી હતી પણ જે હૃદયને સુખ નહોતુ ત્હેને આ બધુ જોયાથી કાંઇ આનંદ ઉપજતો નહી. મયા પહેલા જેવી ખુશાનુમાં દેખાતી નહી ને ઉદાસ રહ્યા કરતી. હું જ્યારે ત્હેની સાથે વાત કરતો ત્યારે તે ખુશ હોય એમ દેખાડતી પણ અંતઃકરણમાં થતું દુઃખ દાબી શકતી નહોતી એમ મહને લાગતું. હું ત્હેની આંખોમાં ઘણીવાર અશ્રુઓ જોતો; પણ મ્હને જોઇ તે મ્હો ફેરવી નાંખી આંશી પાછી થઇ જતી

જ્યારે ત્હેણે જાણ્યું કે ત્હેના આ વર્તનથી મ્હને દુઃખ લાગે છે ત્યારે ત્હેણે મ્હને કહેવા બહુ પ્રયત્ન કર્યો પણ પોતાના અંતઃકરણનુ દુઃખ કહી શકતી નથી હા—હું શું ધારી શકુ ? મ્હને લાગ્યું કે હજી પણ શશીને ચ્હાય છે. આ વિચારે મ્હને બહુજ દુઃખી કર્યો.

એક રાત્રિએ જ્યારે બધુ શાન્ત હતુ ને ચન્દ્રનો પ્રકાશ બધે પ્રસરી રહ્યો હતો તે વખતે અમ્હે નદીના કીનારા ઉપર જઇ બેઠા. આકાશ પ્રકાશિત હતુ ને નદીના વહેતા જળમાં ચંદ્રનુ પ્રતિબીંબ પડતું હતું. દેખાવ બહુ રમણીય લાગતો ગાળેલા રૂપાનો ઝરો વહેતો હોય તેમ પાણી વહ્યા કરતું ને ચંદ્રના હજારો કિરણો સપાટી ઉપર ઝળકતા હતા. એકાએક શાંતિમાં વિણાનો સ્વર સંભળાયો મયાએ ચમકી એકદમ મ્હો ફેરવી

દીધું "તે દીવસે મ્હેં આજ સ્વર સાંભળ્યો હતો તે એજ છે" ત્હેણે ક્ષુબ્ધ હૃદયે મ્હને ધીમે રહી કહ્યું.

"તે કોણ છે."

"**શશીબાબુ**—આ વિણાના સ્વરે મ્હારી શક્તિ હરી લીધી હતી, મ્હારૂં કશું ચાલ્યું નહીં, હું બેભાન થઇ ગઇ, આ સબંધી હું ઘણીવાર ત્હમને કહેવા માંગતી હતી પણ જીભ ઉપડતી નહોતી, મ્હને માફ કરો."

"હવે હું સ્હમજ્યો કે ત્હેને શું કહેવાનું હતું. હવે મ્હને પશ્ચાતાપ થવા લાગ્યો; તોપણ ત્હેને કહી શક્યો નહીં કે તે નીચ કામ કરનાર **શશીબાબુ** ન્હોતો પણ હું હતો. શરમના માર્યા મ્હારા ઓષ્ટ બીડાઇ ગયા. તે ફરીથી ધીમે રહી બોલી "તે સ્હાંજે મેં **શશીબાબુને** કહ્યું હતું કે હું ત્હમારી સાથે પરણી શકીશ નહિ કેમકે હું ત્હમને ચ્હાતી નથી. તે એક શબ્દ બોલ્યા વગર ચાલ્યા ગયા. મ્હને ત્હેમને માટે ઘણું લાગ્યું. 'હા! ધીક્ છે મ્હારી જાતને' એમ કહી રોવા લાગી જ્યારે વિણામાંથી ત્હેમના હૃદયના દુઃખી ઉદ્ગાર નીકળતા સાંભળ્યા ત્યારે મ્હને બહુ લાગી આવ્યું ને હું બેભાન થઇ ગઇ. હું ત્હેમને સારૂં પુષ્કળ રોઇ, ત્હેના બદલામાં જ્યારે હું આવી દુઃખી સ્થીતિમાં પડી હતી ત્યારે તે નીચ હીચકારાએ આવી મ્હારા શરીરને સ્પર્શ કર્યો, મ્હને માફ કરો. ત્હમેજ વિચારો, આમાં મ્હારો વાંક ન્હોતો, હું ખરા પ્રેમથી માત્ર ત્હનેજ ચ્હાહું છું."

આ સાંભળી મ્હને અહુજ વેદના થઈ. હું હિંમત હારી ન જતાં ત્હેનો હાથ મ્હારા હાથમાં લઇ કહેવા જતો હતો કે "તે નીચ હીચકારો **શશીબાબુ** નહોતો; પણ હું હતો" એટલામાં **મયા** મુર્છીત થતાં પાણીમાં પડી. મ્હારા શબ્દો મ્હારા મ્હોમાં **રહી** ગયા. હું પુતળા જેવો બની ગયો ને એકદમ પાણીમાં કુદી પડયો; પણ—

હું અવાક બની ગયો. મૃણાલિની જે મહારી પાસે બેસી અશ્રુઓ સારતી હતી તે મૃદુ સ્વરે બોલી "ત્હમે મ્હને ઓળખો છો? ત્હમે ધારો છો તેમ હું મૃત્યુ પામી નથી. હા-જે શબ્દો ત્હમે મ્હને હમણા કહ્યા તે તે વખતે કેમ કહ્યા નહીં?"

હવે મ્હને ભાન થયું, મ્હારી આંખ આગળનો પડદો જતો રહયો. હા. **આજ મયા**, તેજ **મયા** કે જેને હું મરણ પામેલી ધારી શોક કરતો હતો.

"હા હું તેજ મયા છું, ત્હમે મ્હને ઓળખી શક્યા નહીં પણ મ્હેં તમને કિનારા ઉપર જોતાં તુર્ત ઓળખ્યા" ત્હેણે મંદ સ્વરે કહ્યું.

"ત્હમે મ્હને આ વાત પહેલાં કેમ ના કહી ?"

"હું જાણવા માગતી હતી કે મ્હને ઓળખ્યા વગેર ત્હમે મ્હાતા'તા કે નહિ ? ત્હેણે સજળ નેત્રે હસી પડતાં ઉત્તર દીધો.

"ત્હમે પ્રથમ જેવાજ તોફાની રહ્યા છો" મેં કહ્યું.

"આ પાંચ વર્ષ ઘણાં દુ:ખમાં ગાળ્યાં છે, હું બચવા પામી પણ મ્હને શા સારૂ બચાવી ? શા સારૂ શશીબાબુએ નદીમાંથી બ્હાર ખેંચી કહાડી ? ત્હમે આટલા વર્ષ સુધી કયાં હતા" મયાએ દીલગીરી ભરેલે મુખે ઉત્તર દીધો.

"હું કયાં હતો ! આ મ્હારાથી કહી શકાય એમ નહોતું જ્યારે મને ભાન આવ્યું ત્યારે મ્હેં જાણ્યું કે હું ઇસ્પીટાલમાં હતો. મ્હને કયાંથી બચાવ્યો ! કહોને બચાવ્યો ! ઇસ્પીટાલમાં શી રીતે આવ્યો તે સબંધી કશું જાણતો નથી. હું તદન મુંઢ બની ગયો હતો. એક મહિનાથીજ મ્હારી ગુમ થયેલી યાદશક્તિ પાછી આવી છે. હું ત્હમારી પાછળ પાણીમાં કુદી પડયો ત્યારથી આજ પર્યંત આ જીંદગી વિશે કશું જાણતો નથી.

અશ્રુ પૂર્ણ નેત્રો તથા શોકને હર્ષની મિશ્રીત છાયા મયાના મુખ ઉપર નીહાળતાં હું આગળ વાધ્યો "હું સાજો થયો ત્યારથી ત્હમારી શોધમાં કલકત્તેથી ઢાકા ગયો હતો ને ત્યાંથી પાછો કલકત્તે જઇ જે જગ્યાએ આપણે આવી ક્રુર રીતે છુટાં પડયાં હતાં ત્યાં ગયો હતો. જ્યારે ત્હમારી શોધમાં નિરાશ થતાં કલાન્ત થયો ત્યારે અહિં વિશ્રાંતિ લેવા આવ્યો જ્યા અચાનક ત્હમે મળ્યા. ત્હમે અહિં શી રીતે આવ્યા ?"

જ્યારે ત્હેને પોતાના પિતાના મૃત્યુ પામ્યાના સમાચાર અને પોતાનું મકાન ભાડે આપી અહિં માસી સાથે રહેવા આવ્યાની હકીકત કહેવા માંડતાં ત્હેનો કંઠ રૂંધાઇ ગયો ને નયનો અશ્રુથી ભરાઇ ગયાં.

તે મ્હને એકદમ ભેટી પડી હવે અમ્હારા બે વચ્ચે કાંઇ પણ અંતરાય રહયો નથી ને ભુતકાળની દુ:ખી સ્મૃતિ વિસરી ગયા છીએ.

હન્સુ–બન્ધુ.

અમારી નોંધ.

—:o:—

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક

ફેરફાર એ દુનિયાનો મહાન નિયમ છે Old order changeth yielding place to new એ મહાન ઇગ્રેજ કવિ ટેનીસનની પંક્તિ દરેક બાબતમાં ખરીજ છે એમ લાગે છે દુનિયામાં સદા સર્વત્ર ફેરફાર થયાજ કરે છે, તો આ નાનકડા બ્ર ક્ષ ત્રિમાસિકમાંના નજીવા ફેરફારથી કોઇને કાંઇ ખાસ અચંબો થશે નહિજ. સુરતમાં અને અમદાવાદમાં ઉત્તમ રીતે ચાલ્યા પછી કાંઇક કર્મયોગે તે મુંબઇથી પ્રસિદ્ધ થાય છે. અમે ઇચ્છીએ છીયે કે નાતમાં અને બહાર આગલા વ્યવસ્થાપકોની અને અન્ય બંધુઓની મહેનતને લીધે તેની જે પ્રતિષ્ઠા બંધાઈ છે તે જાળવી રાખવા અમારૂં મંડળ શક્તિમાન થાય. લગભગ એક વર્ષ તે બંધ રહ્યું તે દરમિયાન તે ફરી સજીવન થાય એવી ઈચ્છા ઘણા બંધુઓ તથા વડીલો તરફથી દર્શાવવામાં આવી અને તેના પરિણામરૂપ રા. વૈકુંઠરાય શ્રીપતરાય, રા. કેશવપ્રસાદ છોટાલાલ, રા. જીવણલાલ માધવલાલ અને રા. કાંતિલાલ ભોગીલાલ એઓએ ત્રિમાસિક ચાલુ રાખવાનો સંકલ્પ કરી રા. મણીભાઈ અજીતરાયજીને એમના નેતારૂપે એમની સાથે જોડાવા વિનતી કરી, જે એમણે માન્ય કરી સર્વેને આભારી કર્યાં, અને તેથી આ પત્ર આજે પ્રસિદ્ધ કરી શકાય છે. નાતના સજ્જનો આ બાબતમાં દરેક રીતે મદદ કરશે એમ આશા છે. ઘણી તરફથી ઉત્સાહકપત્રો આવ્યા છે તે સર્વનો આ સ્થળે ઉપકાર માનીયે છીયે જે સર્વે ગૃહસ્થોએ અગાઉથીજ વી. પી. સ્વીકારવાની ઉદારતા બતાવી છે તેમનો પણ આભાર માનીયે છીયે અને જે ગૃહસ્થોએ હજીસુધી વી. પી. મોકલવા લખ્યું નથી તેમને વિનંતી કરીયે છીએ કે તેઓએ આ અંક મળે કે તરતજ કાંતો લવાજમ મોકલવા કૃપા કરવી અથવા તો બીજો અંક વી. પી થી મોકલવા લખી દેવું. તે શીવાય અમારે દીલગીરીથી કહેવું પડે છે કે, બીજો અંક તેમને મોકલી શકાશે નહિ. લેખોની બાબતમાં અત્યાર સુધીમાં ચાલતી આવેલી રૂઢીજ અમે અખત્યાર કરી છે. રાજદ્વારી વિષયો આપણે લેવાના નથી તેમ સુધારાવાળા કે એવા કોઇપણ ખાસ પક્ષનું આ ચોપાનીયું નથી. દરેક તરેહના લેખ, જો તે અંગત ટીકા વગરના અગર કાંઇ તિરસ્કાર કે ટોળ વગરના હશે તો તે આ પત્રમાં આવે તેમાં વાંધા જેવું નથી. જ્ઞાતિ સંબંધના વિષયોની ચર્ચા થાય તે ઇચ્છવા જોગ છે તે ઉપરાંત નીતિના, ચારિત્ર્ય બંધાય તેવા અને બુદ્ધિ ખીલે તેવા વિષયો પત્ર અંદર આવે તેમ પ્રયત્ન કરીશું; પરંતુ લેખોની ઉત્તમતા જળવાય તે માટે સર્વે વિદ્વાનોને વિનતી છે કે તેમણે અવાર નવાર લેખો મોકલી જ્ઞાતિ સેવા કરવામાં અમને મદદ કરવી. છેવટે આ પત્રની બાબત ગીતારૂપી જે ઉત્સાહ બતાવવામાં આવ્યો છે તે ચાલુ રહે અને આ પત્ર જ્ઞાતિસેવા અને તે દ્વારા દેશસેવા બજાવવાનું સાધન થાય તેવી અમારી અન્તઃકરણપૂર્વક પ્રાર્થના છે

મુંબાઇની તેમજ બીજે ઠેકાણેની બેંકો તુટવાથી આપણી નાત પણ હજારોની બલકે લાખોની નુકશાનીમાં આવી ગઈ છે. ગોલ્લીના ખરાબ વખતને લીધે થયલા પૈસા સંબંધીના ધા હજી તો પૂરા રૂઝાયા નથી તેવામાં વળી આ ફટકો પડે તે આપણા જેવી નોકરીયાત નાતને વધારે

આપણી નાત અને બેંકો.

લાગે તેમાં કાંઇ નવાઇ જેવું નથી; પરંતુ આપણે સર્વેએ ધ્યાનમાં રાખવું કે પૈસામાંજ કાંઇ ધન સમાઈ જતું નથી, ખરૂં ધન તો મનની શાંતિ છે અને તે કોઇયે પણ ખોવી જોઇયે નહિ. વળી આપણા યુવકો તે આપણું ધન છે, અને આ વખતના પરીક્ષાના પરિણામોથી ઉત્તેજીત થઇ આપણે નિરાશા દૂર કરવી જોઇએ.

અમારા સાંભળવામાં એમ આવ્યું છે કે મહાલક્ષ્મી ટ્રેઇનીંગ કૉલેજમાંથી કેટલીએક કન્યાઓએ અભ્યાસ બંધ કરી દીધો છે એ વાત ખરી હોય તો તે જરા દિલગીરી ભરેલું છે; પણ તેથી કેળવણી ફંડના ઉત્સાહી મંત્રિઓએ નિરાશ થવું

કન્યા કેળવણી.

નહિ. કદાચ આપણા સાંસારિક બંધનોને લીધે કોઇયે અભ્યાસ છોડયો હશે; પરંતુ નીચેના ધોરણોમાંથી કન્યાની સંખ્યા વધે છે તે ઉપરથી નિરાશાનું કાંઇપણ કારણ નથી. જે બ્હેનોએ શાળા છોડી હોય તેમને અમે વિનંતી કરીયે છીયે કે તેઓએ શાળા છોડી તે સાથે અભ્યાસ કદીપણ છોડવો નહિ. ગમે તેવી મુશ્કેલી હોવા છતાંએ અભ્યાસ કરનારા ઘણા દાખલાઓ નજરે પડે છે, તો પછી તમેતો તેવું કાંઇ બ્હાનું કાઢી શકો તેમ છેજ નહિ; માટે તમારે તો સારી સારી ચોપડીઓ વાંચવી, તે ઉપર વિચાર કરવો અને તે પ્રમાણે વર્તન કરવું

અત્યારે, દક્ષિણ આફ્રિકામાં જે બનાવ બન્યો છે તેથી આખો દેશ, પ્રજા અને સરકાર બધાંજ ખળભળી રહ્યાં છે. આ પ્રસંગે ત્યાં મોકલી આપવા જે ફંડો થયાં છે તે ઉઘરાવવામાં, સભાઓ મળી હતી તેમાં ભાષણો કરવામાં અને બીજી

દક્ષિણ આફ્રીકા.

અનેક રીતે આપણા જ્ઞાતિબંધુઓએ જે મદદ કરી છે તે ઘણીજ સંતોષકારક છે.

છેલ્લા ત્રિમાસિકમાં વ્યવસ્થાપકે આ સંબધી લખ્યું હતું ત્યાર પછી એક આખું વર્ષ ચાલી ગયું છે છતાંએ હજી કૉન્ફરન્સ સંબંધી કાંઇજ સાંભળવામાં આવ્યું નથી તે ઘણુંજ દિલગીરી ભરેલું છે. દિ. બા. અંબાલાલભાઇએ

બ્ર. ક્ષ. કૉન્ફરન્સ

તથા આમોદ પરિષદ્‌ના પ્રમુખશ્રીએ તથા બીજા અનેક ગૃહસ્થોએ કૉન્ફરન્સની ઉપયોગીતા વિષે જે જે કહ્યું છે તે તરફ અમે સર્વેનું ધ્યાન ખેંચવા રજા લઇયે છીયે અને આશા રાખીએ છીયે કે ઘટતે ઠેકાણેથી આ સંબંધમાં હીલચાલ કરવામાં આવશે અને આવતા ઉનાળાની રજાઓમાં કૉન્ફરન્સ જરૂર મેળવવામાં આવશે.

સાહિત્ય સેવા.

પ્રમાદધનની અભુતા

સા. શ્રી. સ્વ. ગોવર્ધનભાઈની લેખીનીથી મહત્તાને પામેલા સરસ્વતિચંદ્રના લેખથી ગુજરાતિ પ્રજા અજાણી નથી તેમ તેની મહત્તા માટે બે મત નથી. આ નવલકથાના અંતમાં કુમુદ સુંદરીની થયેલી સ્થીતિ જુદા સ્વરૂપમાં ગોઠવવામાં યત્ન કરી અવનવીનરીતે પ્રમાદધનનું પ્લોટ સા. શ્રી. ધિરજલાલ નરસેરામ દેસાઇએ ગોઠવી પ્રસિદ્ધમાં આણ્યું છે.

આ શ્રી. ધિરજલાલ તરફથી પ્રસિદ્ધ ગુજરાતી પત્રની ભેટ તરીકે "પાણીપતનું યુદ્ધ" "બાજીરાવ બલ્લાળ પેશ્વા" વિગેરે આજ સુધીમાં ગ્રંથો બહાર પડેલા છે તેના કરતાં આ ગ્રંથની શૈલી જુદાજ પ્રકારની રચેલી છે. આ ગ્રંથના પ્રકાશક ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતાએ સસ્તી વાર્તામાળાના પહેલા ગ્રંથ તરીકે ગુર્જર પ્રજા સમક્ષ મુકેલ છે અને તેની કીંમત કાચા પુઠાની આઠ અને પાકાની દસ આના રાખી છે ગ્રંથ કર્તાએ ગ્રંથની શરૂઆત રૂપનાયિકા કુમુદથી કરેલી છે અને રૂપનાયક સરસ્વતિચંદ્ર છે. વાર્તામાં પ્રમાદધનની પ્રમાદતા મટાડી સદ્દસંગ અને સદ્અનુભવથી ઉંચ શ્રેણીમાં ચમકતો શ્રીમાન વિદ્વાન યશવાન બનાવી નાયીકા કુમુદસુંદરી સાથે મેળાપ કરાવ્યો છે. આ સંબંધિ હમે હવે પછીના અંકોમાં પુરો રીવ્યુ લઇશું. ગ્રંથ કર્તાનો શ્રમ પ્રસંશનિય નિવડયો છે. અને તેને માટે અમે ગ્રંથ કર્તાને અભિનંદન આપીએ છીએ.

પરોપકારી પુરૂષ.

રા ધિરજલાલ નીમનલાલે 'પરોપકારી પુરૂષ' એ નામક ગ્રંથ ગોલ્ડસ્મીથના "ગુડનેચર્ડ મેન" નો અનુવાદ કર્યો છે અને ત્રિમાસિકના ગ્રાહકોને ભેટ આપ્યો છે રા. ધિરજલાલ આપણી જ્ઞાતિના ત્રિમાસિકના વાંચકોને જ્ઞાત છે. આવા સાહિત્ય સેવાના કાર્યોમાં તેમને યશ મળો એમ અમે ઇચ્છીએ છીએ.

મેલેરીયા તાવ.

આપણા ત્રિમાસિકના જુના તંત્રી વિદ્વાન ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં મેલેરીયા તાવ ઉપર એક સુંદર ભાષણ આપ્યું હતું જે પુસ્તકના રૂપમાં સોસાયટી તરફથી પ્રસિદ્ધ થયું છે ભાષા ઘણી સહેલી છે અને વિષય દાક્તરી હોવા છતાં ચિત્રો આપી અતિ રસિકતાથી ચર્ચવામાં આવ્યો છે. વળી દેશભક્ત જોરદ્દ હિંદના દાદા દાદાભાઈ નવરોજીનું જીવન વૃતાંત પણ એમના તરફથી લખવામાં આવ્યું છે અને બાબુરાવ જીવણલાલ દેસાઇએ પ્રસિદ્ધ કર્યું છે. આ બંને પુસ્તકો આપણી જ્ઞાતિના સર્વેને વાંચવા અમે ભલામણ કરીયે છીએ

વિનંતીઃ—પોતાને ત્યાં બનેલા બનાવોની નોંધ અમને વખતસર જણાવવા દરેક જ્ઞાતિ બંધુને અમારી નમ્ર વિનંતિ છે, જેથી કરી ત્રિમાસિકમાં વખતસર પ્રગટ થઇ શકે.

જ્ઞાતિના ખબર અંતર.

રા. ચીમનલાલ કલ્યાણરાય ઠાકોરની બદલી સુરતની સરકારી બ્રાન્ચ સ્કુલના કલાર્ક તરીકે રૂ૦ ૩૦ પર થઇ છે.

રા. ચીમનલાલ કલ્યાણરાય (અમદાવાદ વાળા) ની બદલી સુરતના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના હેડ કલાર્ક તરીકે થઇ છે

રા. ભુપતરાય ગોવિંદરાય ઠાકોરની સુરતથી વલસાડ ડીવીઝનના મામલતદારની કચેરીમાં થઇ છે.

રા. ચીમનલાલ ઉત્તમરામની સુરતથી વલસાડની મુનસફ કોર્ટમાં બદલી થઇછે

રા. મુકુન્દરાય બલવંતરાય દેસાઇ એમ. એ. ને સુરત હાઇસ્કુલમાં રૂ ૧૦ નું પ્રમોશન મળ્યું છે.

રા. ઠાકોરલાલ અમૃતલાલ ઠાકોર બી. એ. ને ગોધરા ડીવીઝનના કાયમના પોષ્ટલ ઈન્સ્પેકટર નીમ્યા છે.

રા. વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોર બી. એ ને મુંબઇની મોરારજી ગોકલદાસ મીલ્સમાં રૂ. ૨૫ નું પ્રમોશન મળ્યું છે

રા. ચંપકલાલ શ્રીપતરાય ઠાકોર મહુવા (કાઠીઆવાડના) પ્રેસમાં રૂ ૬૦ ના પગારથી મેનેજર તરીકે નીમાયા છે.

રા. ઇશ્વરલાલ ગોવિંદલાલ મજમુદાર ઇટોલા ન્યુ જીનીંગ ફેકટરીમાં રૂ ૮૫ ના પગારે નિમાયા છે.

રા. નરહરીલાલ ચીમનલાલ લાખીઆ રૂ ૩૫ ના પગારે ટેમ્પરરી ટાઈમકીપર નીમાયા છે.

રા. વૈકુંઠલાલ ભગવાનલાલ ઠાકોર આસીસ્ટંટ એનજીનીયર તરીકે લાલગીર મલજી કુંપનીની નવી મીલમાં રૂ. ૫૦ ના પગારે નીમાયા છે.

રા. નગીનલાલ વેણીલાલ દેસાઇની બદલી વાગરાથી સુરચ સબજજ તરીકે નીમાયા છે.

રા. બાપાલાલ હરીલાલ દેસાઇની બદલી અંકલેશ્વરથી વાગરા સબજજ તરીકે થઇ છે.

રા. પ્રાણલાલ હરિપ્રસાદ દિવાનની બદલી આમોદથી ગોધરાના કલેકટરના ચીટનીસ તરીકે થઇ છે.

રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર બી. એ. ની બદલી રાજકોટથી પુના ડેક્કન કોલેજમાં હીસ્ટરીના પ્રોફેસર તરીકે રૂ. ૫૦૦) થી થઇ છે.

રા. બાબારાવ ગણપતરામ ઠાકોરે અમદાવાદ બ્રહ્મક્ષત્રિય એસોસીએશનમાં ડા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇના પ્રમુખપદ નીચે "લગ્ન" વિષય ઉપર ભાષણ કર્યું હતું.

દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇએ અમદાવાદ સ્વદેશી મિત્રમંડળ તરફથી ઉજવાયલી દાદાભાઇ જયંતિ પ્રસંગે રા. જીવણલાલ વ્રજરાય દેસાઇના પ્રમુખપણા નીચે મી દાદાભાઇ નવરોજજીના જીવન સંબંધી વિદ્વત્તા ભરેલું ભાષણ કર્યું હતું.

અમદાવાદમાં મળેલી પ્રાન્તિક સંસાર સુધારા સમાજમાં આવકાર આપનાર મંડળના પ્રમુખનું ભાશણ રા. જીવણલાલ વ્રજરાય દેસાઇએ વાંચ્યું હતું. અને કેટલાક અગત્યના ઠરાવો ઉપર રા. જીવણલાલ વ્રજરાય દેસાઇ, રા. પ્રાણલાલ કીરપારામ દેસાઈ અને ડૉ હરીપ્રસાદ વ્રજરાય દેસાઇએ ભાષણ આપ્યાં હતાં.

વિષ્ણુપ્રસાદ મણીલાલ ઠાકોર (અમદાવાદ) અને ઠાકોરલાલ ચુનીલાલ દેસાઇ (ભરૂચ) ગવર્નમેન્ટ કોમર્શીયલ કોલેજમાં દાખલ થયા છે.

બાપાલાલ કહાનદાસ દેસાઈ અને દીલસુખરાય નવનીધરાય મુનશી (જુનાગઠ) ના (સીંધ) હૈદ્રાબાદ મેડીકલ સ્કુલમાં દાખલ થયા છે.

રા. પ્રાણલાલ કીરપારામ દેસાઇ બી. એ. એસ. ટી. સી. ડી. ને સરકાર તરફથી પુના ડ્રીલ શીખવા મોકલ્યા હતા.

રા. ત્રિભોવન કેશવલાલ દેસાઇ જામનગર સ્ટેટમાંથી પોરબંદર સ્ટેટમાં વેટર્નરી સર્જ્યન તરિકે ગયા છે.

રા. મુકુંદરાય કેશવલાલ ઠાકોરે અત્રે "સાઉંડ ઇનવેસ્ટમેંટ એજનસી" ના નામથી બીઝનેસ કરવું શરૂ કર્યું છે.

રા. મુકુંદરાય બલવંતરાય દેસાઇ એમ. એ ને મુંબઇ સેકન્ડરી ટીચર્સ કોલેજમાં સરકાર તરફથી અભ્યાસાર્થે મોકલ્યા છે.

રા. ચીમનલાલ આર. દેસાઇએ મીલો ને સ્ટોરનો સામાન પુરો પાડવાની ફર્મ મુંબઇમાં ઉઘાડી છે.

ભરૂચમાં નાતાલના તહેવારોમાં મળેલી આર્ય મહિલા પરિષદનું પ્રમુખસ્થાન સૌ. મંગળાગૌરી ચુનીલાલ સેતલવાડને આપવામાં આવ્યું હતું. સૌ. રસીકમણી બાલમુકુંદરાય દેસાઇએ તે પ્રસંગે ભાષણ કર્યું હતું,

આર્ય ધર્મ પરિષદનું પ્રમુખસ્થાન સ. રા. બા. મોતીલાલ ચુનીલાલ દેસાઇને આપવામાં આવ્યું હતું.

પરિક્ષાના પરિણામો.

એલ એલ. બી (જુનમાં)	
દીનકરરાવ નરભેરામ દેસાઇ	ભરૂચ
એલ. એલ બી. (પહેલી) (જુનમાં)	
ઇશ્વરલાલ હીરાલાલ દેસાઇ	અમદાવાદ
એલ. એલ બી (ડીસેમબરમાં)	
ઈશ્વરલાલ બ્રજરાય દેસાઇ	,,
એલ. એલ. બી (પહેલી)	
ઇશ્વરલાલ નરમીંલાલ દેસાઇ	ભરૂચ
છોટાલાલ ભગવાનલાલ છત્રપતી	જુનાગઢ
બી એ	
કાન્તિલાલ દોલતરાય ઠાકોર સેકન્ડ (ક્લાસ)	ભરૂચ
જયન્તિલાલ નરભેરામ ઠાકોર ,, ,,	અમદાવાદ
બળવંતરાય ચંદુલાલ ઠાકોર	,,
રમણીકલાલ અમુલખરાય દેસાઇ	,,
એમ બી. બી. એસ (બીજું વર્ષ)	
અજીતરાય નવનીધરાય મુનશી	જુનાગઢ
પુરૂષોતમ મુળચંદ દેસાઇ	,,
સબ એસીસ્ટંટ સર્જન.	
ધીરજલાલ જગ્ગીએતરામ ઠાકોર	ભરૂચ
ઈન્ટર મીડીયેટ.	
પાંડુરાવ ભાઈલાલ (સેકન્ડ ક્લાસ)	અમદાવાદ
કાન્તિલાલ છગનલાલ ઠાકોર	સુરત
ધનવંતરાય સાકરલાલ	ભરૂચ
પ્રીવીયસ (યુનિવર્સીટી.)	
કાન્તિલાલ મુલચંદ દેસાઈ	જુનાગઢ
કેસરીપ્રસાદ સાકરલાલ ઠાકોર	અમદાવાદ
પ્રીવીયસ (કોલેજમાં પાસ થયેલા)	
ઠાકોરલાલ ચુનીલાલ દેસાઇ	ભરૂચ
નરહરીલાલ કલ્યાણરાય દેસાઇ	આમોદ
કનૈયાલાલ કલ્યાણરાય ઠાકોર	અમદાવાદ
બાબારાવ ગણપતરામ ઠાકોર	,,
રતીલાલ દુર્ગાદાસ દેસાઇ	જુનાગઢ
એસ. ટી સી ડી	
ફુંણલાલ ગણપતરામ ઠાકોર	અમદાવાદ

મેટ્રીક:—	ચંદ્રવદન ધીરજલાલ ઠાકોર	સુરત
	જયન્તિલાલ મોતીલાલ ઠાકોર	,,
	ચંદ્રલાલ પ્રાણલાલ દેસાઇ	ભરૂચ
	વૈકુંઠલાલ ભોગીલાલ દેસાઇ	,,
	વૈકુંઠલાલ મગનલાલ દીવાનજી	,,
	વિષ્ણુપ્રસાદ ભોગીલાલ દેસાઇ	અમદાવાદ
	*મનહરલાલ સાકરલાલ દેસાઈ	,,
	યશવંતરાય ત્રીકમલાલ દેસાઇ	,,
	હરિપ્રસાદ બુલાખીદાસ દેસાઇ	,,
	ભગવંતરાય ચીમનલાલ દેસાઇ	,,
	કૃષ્ણપ્રસાદ છોટાલાલ દેસાઈ	,,
	‡રામપ્રસાદ નંદરાય દેસાઇ	,,
	ગીરધરલાલ આણંદરાય દેસાઇ	,,
	બાબુરાવ જીવણલાલ દિવાન	,,
	જગન્નપ્રસાદ નરભેરામ ઠાકોર	,,
	પ્રાણલાલ નરભેરામ ઠાકોર	,,
	કૃષ્ણલાલ જીવણલાલ છત્રપતિ	જુનાગઢ
	હરીલાલ ચંદુલાલ દેસાઇ	,,
	દીલસુખરાય નવનીધરાય મુનશી	,,
નાસિક પોલીશ ટ્રેનીંગ સ્કુલ:-	કાંતિલાલ નરસીલાલ ઠાકોર	અમદાવાદ

સનાતન ધર્મની પરિક્ષા પસાર કરનાર ઉમેદવારોને મળેલાં ઇનામ.

પરિક્ષા ૪ થી.

રામપ્રસાદ નંદરાય દેસાઇ (અમદાવાદ) ને રૂ. ૧૨) નું ઇનામ અને મર્હુમ શેઠ ધરમશી મોરારજી ગોકલદાસ મેમોરીયલ ગોલ્ડ મેડલ મળ્યાં છે.

પરિક્ષા ૭ મી

ધનવંતરાય બલવંતરાય દેસાઇ (ભરૂચ) રૂા. ૧ ઇનામમાં મળ્યો છે.

શારદાગૌરી હરિપ્રસાદ (અમદાવાદ) ને સ્વ. શકુંતલાબાઇના સ્મારક ફંડમાંથી એક ચોપડીનું ઇનામ મળ્યું છે.

પરિક્ષા ૧૦ મી.

કુસુમ ચીમનલાલ સેતલવાડ (અમદાવાદ) રૂા. ૧ ઇનામમાં મળ્યો છે,

પદ્માવતી ચીમનલાલ ,, રૂા. ૪ ઇનામમાં મળ્યા છે.

---

* યુનિવર્સીટીમાં છઠ્ઠા આવ્યા છે.

‡ રામપ્રસાદ નંદરાય દેસાઇ એ સ્કુલફાઇનલની પરિક્ષાપણ પસાર કીધી છે.

સૌ. શીવલક્ષ્મી લક્ષ્મીરામ હરીનાથ	ને પુત્રી	આમોદ
સૌ. હીરાગૌરી કૃષ્ણલાલ નરભેરામ	ને પુત્ર	,,

મરણ.

ભગવંતરાય ડાહ્યાભાઈ	ઉમર વર્ષ	૬૦	લકવાથી	સુરત
સૌ. નાથી બ્હેન	,,	૨૦	પાકું	,,
સૌ. ચુંનીગૌરી મગનલાલ	,,	૩૦	સુવારોગ	,,
નરેંદ્ર મગનલાલ	,,	૧૦	તાવ	,,
સૌ. વીરમતીનો બાળક પુત્ર	ઉમર વર્ષ	૧૦ દિવસ	નબળાઇ	સુરત
સૌ. મંગળાગૌરી કનૈયાલાલ નરભેરામ	,,	૩૦	ક્ષયરોગ	આમોદ
બલવંતરાય વ્રજરાય દેસાઇ	,,	૩૫	ત્રિદોષ	,,
ગંગા. સ્વ. કલ્યાણકોર	,,	૫૦	તાવ	,,
ગં. સ્વ. દેવકોર બ્હેન	,,	૪૦	,,	,,
સૌ. રસીકગૌરી નરહરીલાલ બલવંતરાય	,,	૨૭	ક્ષયરોગ	ભરૂચ
ત્ર્યંબકલાલ હીંમતરામ ઠાકોર	,,	૪૫	કેનસર	,,
મહોટી બ્હેન	,,	૭૫	ઘડપણ	અમદાવાદ
માણેક બ્હેન	,,	૯૬	,,	,,
સૌ. હીરાગૌરી શંભુપ્રસાદ ચીમનલાલ ઠાકોર	,,	૩૨	કેનસર (ગળાંની ગાંઠ)	
ઇચ્છાલક્ષ્મી નરસીલાલ માધવલાલની વિધવા	,,	૩૩	અતીસાર	,,
પરમોદરાય લક્ષ્મીરામ	,,	૭૦	ત્રીદોષ	,,
સૌ. શિવલક્ષ્મી અંબાલાલની બાળક પુત્રી		૨ કલાકની		,,
હરીગંગા ચીમનલાલની પુત્રી		૧૮ દીવસની		,,
નાથી ઠાકોરલાલ	,,	૨૧	પાકું	,,
હરીગંગા પ્રાણસુખરાય	,,	૫૪	ક્ષયરોગ	,,
ઉત્તમરામ ગણપતરામ (નાના સાથ વાળા)	,,	૭૫	ઘડપણ	,,
વકીલ સાકરલાલ પરમોદરાય		૭૦	ઘડપણ	ભરૂચ
સૌ. જસવંતિ બલવંતરાય		૩૫	ન્યુમોનીયા	,,
જસવંતરાય સાકરલાલ મુનશી	,,	૪૦	તાવ	જુનાગઢ
કેશવલાલ મુળચંદ	,,	૬૦	ઘડપણ	,,
જેસુખલાલ દર્શનરાય	,,	૩૬	લાંબી માંદગી	,,
કાળી બ્હેન.	,,	૮૫	ઘડપણ	,,

લગ્ન.

ચંપકલાલ શીવનરાય	ઉમર વર્ષ ૨૪	ના લગ્ન	બ્હેન	પદમાગૌરી માણેકલાલ	ઉમર વર્ષ ૧૫	સુરત
છોટાલાલ નરસીંગરાય	,, ૩૮	,,	,,	નિર્મળાગૌરી મણીલાલ	,, ૧૬	,,
ત્રીકમલાલ નરસીલાલ	,, ૨૮	,,	,,	મદનગૌરી મથુરાંદાસ	,, ૧૩	,,
કનૈયાલાલ કુરણારામ	,, ૨૪	,,	,,	હીરાગૌરી દોલતરાય	,, ૧૭	ભરૂચ
ઇશ્વરલાલ નરસીલાલ	,, ૨૪	,,	,,	કુમુદાગૌરી મોતીલાલ	,, ૧૫	,,
ઇશ્વરલાલ ગીરધરલાલ	,, ૨૩	,,	,,	મદનગૌરી ભોગીલાલ ભાસ્કરલાલ	,, ૧૫	,,
ઠાકોરલાલ ચુનીલાલ	,, ૨૦	,,	,,	મંગળાગૌરી સાકરલાલ	,, ૧૬	,,
છગનલાલ નરશીલાલ કાનુંગા	,, ૩૫	,,	,,	જયાગૌરી હીરાલાલ	,, ૧૮	અમદાવાદ
પ્રીતમરાય ગજરાય દેસાઇ	,, ૨૪	,,	,,	ભાનુમતી પ્રાણશંકર	,, ૧૭	,,
ઠાકોરલાલ ગોવીંદલાલ	,, ૩૦	,,	,,	ચંદ્રમણી નરસીંલાલ	,, ૧૮	,,
મોતીલાલ અમુલખરાય	,, ૩૧	,,	,,	પદમાવતી પ્રાણલાલ	,, ૧૫	,,
જયંતિલાલ ત્રીકમલાલ	,, ૨૩	,,	,,	નિર્મળા ચીનાબાઈ	,, ૧૬	,,
ગુણવંતરાય માણેકલાલ નાનાસાયવાળા	,, ૨૨	,,	,,	ધનલક્ષ્મી ધીરજલાલ	,, ૧૫	,,

---

મુંડણ.

રાજેંદ્રલાલ ઠાકોરલાલ	સુરત
દીનકરરાવ અમૃતલાલ	,,

આ અંક સાથે વહેંચવામાં આવેલા "ધી ઓરીએન્ટ ઇન્ડીઆ મેન્યુફેકચરીંગ કંપની" ના હેન્ડબીલ તરફ અમારા વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ

———— o ————

તમે × × × ક્ષત્રિયની વાત કરોછો × × × પણ તેઓજ હિન્દુ ધર્મમાં જે ઉચ્ચ શ્રેણીનું અને સુંદર છે તેના જન્મદાતા છે ઉપનિષદો કોણે લખ્યા? **રામ** કોણ હતા? કૃષ્ણ કોણ હતા? બુદ્ધ કોણ હતા? જૈનોના તીર્થંકરો કોણ હતા? જ્યારે જ્યારે ક્ષત્રિઓએ ધર્મનો ઉપદેશ આપ્યો છે, ત્યારે ત્યારે તેઓએ દરેક વ્યક્તિને તે આપેલ છે અને જ્યારે જ્યારે બ્રાહ્મણોએ કંઇપણ લખ્યું છે, ત્યારે ત્યારે તેઓએ બીજાના સર્વ હકકો સ્વીકારવાની ના પાડી છે

× × × × × × ×

હિંદનો ઉદ્ધાર હિંદવાસીઓના હાથથીજ થવાનો છે તો તમે કે જે માતૃભૂમિના યુવકો છો તેમાંથી ડઝનબંધ પુરૂષો આ નવિન ભાવના ઉપર લગભગ ગાંડા જેવા બની શકો તેમ છે

× × × × × × ×

મારા બન્ધુ! અડચણ વગર કંઇપણ સારૂં કામ કરી શકાતું નથી જેઓ અંતસુધી કાર્યમાં મંડયા છે તેઓજ જય મળવે છે મારી શ્રદ્ધા છે કે જ્યારે એક વર્ણ થશે, એક વેદ સંપ અને એકત્રતા થશે, ત્યારે સત્યયુગ પ્રવર્તશે. આ સત્યયુગનો વિચારજ હિંદને સજીવન કરે તેમ છે

સ્વામિ વિવેકાનંદ

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસીક મંડળ.

પ્રમુખ—રા રા મણીલાલ અજીતરાય ઠાકોર બી એ

મેમ્બરો—રા રા કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ, બી એ, એલએલ બી

„ રા રા વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી એ

„ રા રા કાન્તિલાલ ભોગીલાલ દેસાઇ

રા રા જીવણલાલ માધવલાલ ઠાકોર

સુચના—

ત્રિમાસિક સબંધિ પત્રવ્યવહાર કોઇપણ વ્યક્તિ
ત્રિમાસિક ઓફીસ કલ્યાણ બીલ્ડીંગ્સ નં ૪—
સરનામે કરવો

સોના તથા રૂપાના ચાંદો મેળવ

ઓટો-મોહીની

(રજીસ્ટર્ડ)

અત્તર છે, જેની મધુર ખુશ્બો માટે ...
પ્રદર્શનમાં સોનાનો ચાંદ તથા મદ્રાસના પ્રદર્શ...
સીલ્વર મેડલ મળ્યો છે. જો કોઇ એમ સાબીત ...
આપે કે તેની ખુશ્બો ટકતી નથી તેને રૂ: ૧૦૦ નુ
ઇનામ આપવાને બંધાઇએ છીએ. માત્ર નાની બા...
ખરીદી અજમાવી જુઓ. નપસંદ પડે તો પૈસા પાછા.
કીં૦ અરધા ઔંસની બાટલીના રૂ. ૨-૦-૦, એક ડ્રામ
ની ટયુબના રૂ. ૦-૧૨-૦. સુગંધી કાર્ડ દા. ૧) ન
રૂ: ૦-૧૨-૦.

એકલા માલેકો,

ધી ઓરીએંટલ ડ્રગ એન્ડ કેમીકલ કું

જુમા મસજીદ—મુંબઇ

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ॥

Awake! Arise! Stop not Until the Goal is Reached.

જાગૃત થાવ! ઉઠો! સાધ્ય પ્રાપ્ત કરતા સુધી વિરમો નહિ.

ઉપનિષદ.

પ્રકાશક:—કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ,

બી. એ, એલએલ. બી.

વ્યવસ્થાપક:—બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક મંડળ;

કલ્યાણ બીલ્ડીંગ્સ નં. ૪. રૂમ નં. ૨૯, મુંબઇ.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે ૧–૨–૦. છુટક નકલના ૦–૪–૦.

વર્ષ ૭ સું.] ૧ લી એપ્રીલ ૧૯૧૪. [અંક ૨ જો.

અનુક્રમણિકા.

	વિષયક.	લેખક.	પૃષ્ઠ
૧	ગીતાંજલી	ડા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ	૧
૨	એક સ્વપ્ન	રા કર્મસંગી	૩
૩	વર વિક્રયના રિવાજને ભોગ થઇ પડેલી એક બંગાળી બાળા ...	રા. ત્રંબકલાલ ચંદ્રશંકર દેસાઈ	૮
૪	વર વિક્રય અને સ્નેહલતા... ...	સૌ. ધનલક્ષ્મી.	૧૨
૫	સુનેરી મહેર	રા. જાદવરાય હુકુમતરાય ઠાકોર	૧૪
૬	આપણી ન્યાત અને પ્રૌઢ વિવાહ.	રા. ત્રંબકલાલ ચંદ્રશંકર દેસાઇ	૧૮
૭	કોલેજની રમતમાં (વાર્તા)	રા "K."	૨૬
૮	ત્રિમાસિકમાં વાર્તા કેવી જોઇએ ?	પ્રો. બળવંતરાય ક. ઠાકોર-બી.એ	૩૧
૯	ચર્ચાપત્ર એક હાનિકારક રિવાજ.	રા "I.B."	૩૩
૧૦	પ્રાસંગિક નોંધ	ત્રિમાસિક ઑફીસ	૩૪
૧૧	ન્યાતના ખબર અંતર	,, ...	૪૧
૧૨	લવાજમની પહોંચ...	,, ...	૪૫
૧૩	એક વિનંતિ	,, ...	૪૮

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

વર્ષ ૭ મું.]   ૧ લી એપ્રીલ ૧૯૧૪.   [અંક ૨ જો

ગીતાંજલી.

I have had my invitation to this world's festival, and thus my life has been blessed. My eyes have seen and my ears have heard.

It was my part at this feast to play upon my instrument, and I have done all I could.

Now I ask, has the time come at last when I may go in and see thy face and offer thee my silent salutation ?

મુજને હતું પણ નોતરૂં જગ્ મહોત્સવે વળી મ્હાલવા !
ધન્ય ભાગ્ય મારા જીવને, ગણતો વળી અહિં આવવા !
જોઇ લીધી સારી જહાં, વળી સાંભળી સૌ ખલ્કને !
વાજીંત્ર મુજ બજાવીયું, સોંપ્યું પ્રભુએ જે મ્હને !
પૂછું ! પ્રભુને એટલું, શું વખ્ત મારો થઇ ગયો !
અભિલાપ અંતરની હતી, તવ દર્શને થઉં ખડો !

જગત્ના આ મહોત્સવમાં આવવાનું મ્હને પણ આમંત્રણ મળ્યું હતું, અને અહીં આવવાથી મ્હારૂં જીવન કૃતાર્થ થયું છે. મ્હારી આંખોએ જોવાનું જોયું છે અને કાનોએ સાંભળવાનું સાંભળ્યું છે.

આ ઉત્સવમાં મ્હને મ્હારૂં વાજીંત્ર બજાવ્યા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, અને યથાશક્તિ મ્હારાથી બન્યું એટલું સારી રીતે મ્હેં બજાવ્યું છે.

હવે હું પુછું છું કે હે પ્રભુ! હજી વખત થયો છે કે નહીં? મ્હારે અંદર આવીને ત્હારાં દર્શન કરવાં છે, ને ગુપ્તપણે તને પગે લાગી જવું છે.

ઉપરનું કવિત્વમય ગદ્ય મહાન્ બંગાળી કવિ રવીન્દ્રનાથ ટાગોરની જગત્ પ્રસિદ્ધ **ગીતાંજલી**માંથી લીધું છે. માત્ર ૧૦૦ પાનાનાં એ ન્હાનકડા પુસ્તકે જગત્‌ના કાવ્ય રસિકજનોને એટલાં મુગ્ધ કરી દીધાં છે, અને એ પુસ્તકની પ્રસિદ્ધીથી એ કવિને નોબલ પ્રાઇઝ મળ્યા ઉપરાંત પોતાની લાંબા કાળની અભિલાષા હતી કે 'સમગ્ર જગત્‌ને ઉન્નત કરે એવાં કાવ્યો લખાય' તે ફળીભૂત થઇ છે એટલુંજ નહી પણ આપણા પતિત ભારત વર્ષનું પણ માન સુધરેલી દુનિયામાં એમણે વધારી દીધું છે.

ઉપરના કાવ્યના એમના વિચારોનું જરા મનન કરીએ. સંસારને એ, એક મ્હોટા 'ફેન્સીફીટ' અથવા તરેહ તરેહવારનાં પ્રદર્શનો વખતે ભરાતા ભવ્ય મેળાઓ ભરાય છે એના જેવો-ઉત્સવ-મહોત્સવ જેવો ગણે છે.

આપણા દેશના પ્રાચીન કવિઓ બહુધા વિરાગ વૃત્તિનાં કાવ્યો લખી આ સંસારને અસાર, ક્ષણિક જાળ જેવો અને નિરસ ગણી મનુષ્યનું મન વધારે વિપરીત નહી તો સંસાર તરફ તદ્દન ઉદાસીન વૃત્તિવાળું તો બનાવી દેછેજ.

એ જાતનાં કાવ્યોએ ઘણા વખતથી આપણને નિરુત્સાહી બનાવી કર્તવ્યભ્રષ્ટ કર્યાં છે. રવિન્દ્રનાથે સંસારને એક મ્હોટા મેળા જેવો ગણી એને જોવાલાયક ને એમાં ફરવાલાયક ગણ્યો છે. પોતે કહે છે કે મ્હારી આંખો જોવાનું જોઇ અને મ્હારા કાનો સાંભળવાનું સાંભળીને ભાગ્યશાળી થયા છે. અને આ મહાન્ મેદનીમાં આવીને મ્હારૂં જીવન પણ સાર્થક થયું છે.

આપણે પણ સંસાર તરફ આ વૃત્તિ રાખી શકીએ તો સંતોષ, ઉત્સાહ અને આનન્દથી સુખ દુઃખના અનેક પ્રસંગો આવે છતાં સમાધાન રાખી શકીએ અને કવિ જેમ પોતાને સોંપાયેલા વાજીંત્ર વગાડવાના કામને યથાશકિત સારૂં બજાવી સંતોષ દર્શાવે છે તેમ આપણને પણ જે જે કર્તવ્યો સોંપાયાં હોય તે યથાશકિત સારામાં સારાં બજાવી શકીએ અને ભોળાં, નિષ્કલંક બાળકો જેવી નિર્દોષ જીજ્ઞાસાથી આપણે પણ આ ભવ્ય મેળાના યોજક શ્રી જગદીશ્વરનાં દર્શન કરવાનો સમય આવ્યાની રાહ એક પગે જોઇ રહીએ.

ચરતુ

મનુષ્ય જીવન એ જેમ દુર્લભ છે તેમ જીવતાં પણ શીખવું પડેછે. જીવન ગાળવાની કલા છે ને એકલા જેમ વ્હેલી પ્રાપ્ત થાય તેમ સારું. 'ગીતાંજલી'માં જીવનકલા ઉપરાંત જીવનને રસમય, સુન્દર અને ઉન્નત કરે એવું ઘણું છે. એ કવિ સંસારને અસાર ગણતો નથી. એ તો સૃષ્ટિ સૌંદર્ય, ચારિત્ર બળ અને સર્વત્ર વ્યાપેલી પવિત્રતા તથા તેજને હરહમેશ પૂર્ણ હર્ષ અને આનન્દથી નિહાળે છે, ને પોતાને અહોભાગ્ય માનેછે. એની પ્રાર્થનાઓ કોઇ દુનિયાના પદાર્થોને માટે સકામ નથી તેમ પ્રાર્થના કરનાર અને પ્રાર્થનાઓ સાંભળનાર ઘણી વાર એક થઇ જતા લાગેછે. પ્રેમલક્ષણા ભક્તિ જેવી કવિત્વમય પ્રાર્થનાઓમાં एकमेवाद्वितीयं વિરમે છે. એ ઇશ્વરને સૃષ્ટિ સૌંદર્યમાં, મનુષ્યોમાં, હલકા અને પતિત જનોમાં, બાલકોમાં અને પોતાના અંતઃકરણમાં બિરાજમાન જુવેછે એમને પવિત્રતા, સેવા અને કર્તવ્યનિષ્ઠા એ તો કુદરતમાંથીજ મળી ગયાંછે. એવા મહાન્ કવિની અને એમના કાવ્યોની વિશેષ ઓળખાણ કરવા સર્વે વાચકવર્ગને આગ્રહપૂર્વક ભલામણ કરી છેવટમાં એટલું જણાવીશ કે ઇંગ્રેજી, *સંસ્કૃત, *પર્શીયન, ગુજરાતી અનેક કાવ્યો મ્હેં વાંચ્યાં છે, પણ એમાં 'ગીતાંજલી' જેવું કોઇ જોયું નથી.

હરિપ્રસાદ.

એક સ્વપ્ન.

સંસારનું નૂર છે નાર, સજન સંસારનું નૂર છે નાર.
સ્રી સુધરે સકળ સુખસાર, સજન સ્રી સુધરે સકળ સુખસાર.
ધૂળધાણિ બધુંજ નિર્ધાર, એવણ ધૂળધાણિ બધુંજ નિર્ધાર—
સજન સંસારનું નૂર છે નાર.

રાત્રે વાળુ કરી નિત્ય કર્મથી પરવારી જરા આરામ લેતો આરામ ખુરશીમાં પડયો પડયો હું જુના ત્રિમાસિકનાં પાનાં ઉથલાવતો હતો. ત્યાં અચાનક મ્હારી આંખ મળી ગઇ અને નાતનાજ વિચારો મનમાં ઘોળાતા હોવાથી મને તે વખતે જે સ્વપ્ન આવ્યું તે આપના વાંચકવર્ગની સેવામાં રજુ કરૂંછું.

એકાએક આકાશમાંથી ચંદ્રના રૂપેરી કીરણને આધારે જાણે નીચે ઉતરી આવતા એક દિવ્ય પુરૂષને મ્હેં જોયા. તેમના તેજસ્વી ચહેરાને લીધે અને તેમના

* ભાષાંતર.

પ્રકાશમાન પાંખોથી મ્હારા મનમાં સહસા તેમને માટે માન પેદા થયું, અને હું એ દિવ્ય મૂર્ત્તિને નમન કરવા જતો હતો ત્યાં તો તેમણે મને ઈસારો કરી પોતાની પાંખ પર ચઢાવી દીધો. અમે બન્ને અંતરિક્ષમાં ઉડયા અને વાદળીઓની પેઠે અદ્ધર આકાશમાં ફરવા લાગ્યા. અત્યારસુધી હું એ પુરૂષને કાંઇજ પૂછી શકયો નહોતો પણ હવે મ્હેં તેની સાથે વાત કરવાની હિંમત ધરી.

પૂછતાં મને માલુમ પડયું કે પરમાત્માની જુદી જુદી શક્તિઓ જેમ ભિન્ન ભિન્ન તત્વોમાં રહી અગ્નિ,વરૂણ આદિ દેવોના રૂપે આપણું રક્ષણ કરે છે, અને આપણને પોષણ આપે છે. તેમ આ દેવ પણ આર્ય સંસારના સંરક્ષક હતા, અને આપણી પામર મનુષ્યોની જાણ બહાર આપણું રક્ષણ કરે જતા હતા. આપણી અબળાઓની દુર્દશાનું દિગ્દર્શન કરાવવાના હેતુથી તેમણે મને દર્શન દીધાં હોય એમ લાગ્યું.

તેમણે મને કહ્યું કે તમે બ્રહ્મક્ષત્રીઓ અમે વિદ્વાન છીએ, સુધરેલા છીએ એવો ખોટો બકવાટ શેનો કરો છો? તમારે હજી ઘણું કરવાનું છે, અને વિશેષમા સ્ત્રીઓ માટે તમે કાંઇજ કર્યું નથી. છોકરાઓને બધી રીતે કેળવો છો, બાઇસિકલ, ક્રીકેટ, ફુટબોલ વીગેરે સાધનોથી શરીર સુધારવાની જોગવાઇ કરી આપો છો, અને તેમને વિદ્વાન બનાવવા ખંતથી મંડયા રહો છો, ત્યારે તમારી છોકરીઓને ચુલાના ધુમાડામાંથી અને અંધારીઆં ઘરમાંથી બહારજ કહાડતા નથી–એ કેવા પક્ષપાત તથા અન્યાય છે.

આટલું કહેવાની સાથે એમણે પોતાની પાસેનો ન્હાનો દંડ હલાવ્યો અને એકાએક ત્યાં મ્હોટો ધડાકો થયો. આ અવાજ શેનો છે તે જોવા જાઉં છું ત્યાં તો એક મ્હોટા સુવાવડખાના જેવો દેખાવ મ્હારી નજરે પડયો. આ સુવાવડખાનું તે કાંઇ આપણી ઇસ્પીતાલોના ધાટનું નહોતું, પણ એમાં ઘણાક નીચા અને ન્હાના ઓરડા હતા. મ્હોટા ભાગે ઓરડામાં અંધારૂં હતું અને માંહિ કોઇકમાં એકાદ જાળીયું હતું. જાળીઆમાં પણ કોઇક ઠેકાણે જુના ધાબાના ડુચા મારેલા હતા, તો કોઇક જાળીયું એક પાટલુન પહેરેલા પુરૂષ આવે કે તરત ઉધડતું જણાતું.

દરેક ઓરડામાં એકાદ જુના વહાણ કે નેતરના ખાટલામાં ધાબા જેવા અને માંહિ માંહિ બાસ મારતાં લુગડાં પહેરી એક એક બાઈ સુતી હતી–બાઇ નહિ પણ છોકરી કહીએ તો ચાલે કારણ કે સુતેલી સીના મુખ તરફ

જોતાં તે કાંઇ સોળેક વર્ષથી વધારેની હોય એમ લાગતું નહોતું. નવાઇ જેવું તો એ હતું કે આમાંની દરેકની પાસે એકેક સ્ત્રી બાળક હતું. બાળકોમાંથી કોઈકજ એકાદ મહિના ઉપરનું થયું હશે. બાળકનું શરીર જોતાં તેમાં માત્ર હાડપીંજર શિવાય બીજું કોઈજ નહોતું. એ શ્વાસ લેતું તે ઉપરથીજ જણાતું કે તે જીવે છે બાકી તે પૂરૂં રડી પણ શકતું નહિ—માતામાંજ ઘાંટો પાડીને બોલવાની શકિત ના હોય તો બાળક કયાંથી લાવે? મ્હારી પાસે ઉભેલા દેવે મને કહ્યું કે ત્હેં કેટલાંક સંસ્કૃત પુસ્તકો વાંચ્યાં છે અને રામાયણ મહાભારત આદીમાંથી કથાઓ પણ સાંભળી છે; તેમાં જે સ્ત્રીઓનું વર્ણન આવે છે તે સ્ત્રીઓમાં ને આમાં કાંઇ ફેર છે? આમની દુઃખી સ્થિતીનો વિચાર કરતાં હું આંસુજ પાડતો હતો અને કાંઈ જવાબ વાળી શકયો નહિ.

તે દેવતા બોલેજ ગયા. તેમણે કહ્યું અસલ આર્યાવર્તમાં પુત્રને જોઇ માતાના સ્તનમાંથી દુધની સેર નીકળતી-આજ કલ્પાંત કરી રોતા બાળકને છાનું રાખવા પણ માતાના સ્તનમાં દુધ નથી હોતું અને તેનો શીશી આદી કૃત્રિમ ઉપાયોથી નિભાવ થાય છે. પ્રાચીનકાળની ક્ષત્રાણિઓ અને રજપૂતાણીઓ તેમના પતી સાથે રણમાં જતાં સુધી પાછી પાની કરતી નહિ એ તેં વાંચ્યું હશે. આજતો દાકતરના એક ન્હાના ઓપરેશન (નસ્તર) ની વાત સાંભળતાં કંઇ કંઈ સ્ત્રીઓને હિસ્ટીરીઆ કે તાણ થઈ આવે છે. આવાં સ્ત્રીઓનાં શરીર છે છતાં ૧૩–૧૪ વર્ષમાં તેમને પરણાવવાની ધડામાર થતી તમારામાં બંધ પડી નથી. જાણે લગ્નની જરૂર એકલી કન્યાઓનેજ હોય નહિ તેમ તેમના જન્મથી અથવા તો છેક ન્હાનપણમાંથી વિવાહની ગોઠવણ ચાલતીજ હોય છે. તેમાં ૧૩–૧૪ વર્ષ થતાં તો માબાપમાં અતિશય અધિરાઇ આવી જાય છે. માબાપની અસર પુત્રીપર થાય છે ને તેપણ પોતાને માટે અહર્નિશ ચીંતાતુર રહે છે. તેથી પરિણામે તેનાં શરીર ને મન નીર્બળ બને છે.

અમે ઓરડાઓ જોતા જોતા આગળ ચાલ્યા. ઘણા ઓરડાઓમાં એક એક બીજી પ્રૌઢા સ્ત્રી સારવારમાં રોકાયલી નજરે પડતી હતી; અને સ્ત્રીઓનું એક ટોળું એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ સુવાવડીઓને જોવા ફરતું હતું ને જ્યાં તે જતું ત્યાં અડધોએક કલાક બેસતું. થોડીવારે અમે ઉભા હતા તે ઓરડા આગળ આ સ્ત્રીઓ આવી પહોંચી. હું પેલા દેવ સાથે હતો તેથી એ અમને દેખી શકતી નહોતી ને અમે એમની વાતો સાંભળતા ઉભા રહ્યા. સૌએ મળી હાલની છોકરીઓનાં નબળા શરીરની ચર્ચા ચલાવી અને તેમાં

દરેક સ્ત્રીએ પોતાની પુત્રીની વાત ઉમેરી–શરીર નબળાં છે એ બીના સર્વાનુમતે કબુલ થઇ એટલે બધી સ્ત્રીઓ ઉઠી. કારણ કે નબળા બાંધાને સબળ કેમ કરવા તેનો ગંભીર વીચાર તેઓ કદી કરતાંજ નહોતાં. સુવાવડીઓમાંની ઘણીખરી લાંબો કાળ ખાટલા વશ રહે એમ લાગતું હતું; કેટલીકને અવાર નવાર તાણ આવે જતી હતી, કેટલીકમાં તાવ ઘર કરી બેઠો હતો અને કેટલીક તદન બેભાન જેવી હાલતમાં હતી.

બાળકો જે ઉપર જણાવ્યા મુજબ બધાં સ્ત્રી બાળકો હતાં. તેમાંનાં કોઇકને માટે ખાસ ધાવ રોકવામાં આવી હતી. પણ તેવાં બહુજ થોડાં હતાં; કેટલાકને વખત બેવખત શીશીદ્વારા દુધ મળતું અને કેટલાંક તો ગલસુઠી અને ડચકાં ખાઈ પોતાનું ટુંકું જીવન સમાપ્ત થવાની રાહ જોતાં હોય એમ લાગ્યું. 'મુઈ રાંડ એની માનો જીવ લેવા આવી છે' એ શબ્દ અમે ઘણે ઠેકાણે સાંભળ્યા. મ્હારી સાહેના દેવે મને કહ્યું કે આમાં તને શું ખરૂં લાગે છે? આ બાળકો માના જીવ માટે જવાબદાર છે કે તેમની માતાઓ બાળકની આ નિર્માલ્ય અવસ્થા માટે જવાબદાર છે? ખરૂં જોતાં બાળકોની આ સ્થિતી સારૂં માતાઓને દોષ દેવો ઘટે છે. બાળકના બાંધાનો આધાર મા ઉપરજ છે, અને માતા નબળી તો બાળક અવશ્ય નબળું હોવાનું. અમે જોયાં તેમાંનાં કેટલાંક બચ્ચાંઓ ભીની ને ભીની પથારીમાં લાંબા વખતથી પડી રહેલાં હતાં; ટુંકામાં સ્ત્રી બાળક એટલે એના ઉપર ન ચાલેજ ધ્યાન અપાતું.

બાળકના જન્મથીજ તેની આમ અવગણના થતી જોઈ મને બહુ માઠું લાગ્યું, મ્હારો ખીન્ન ચહેરો જોઇ પેલા દિવ્ય પુરૂષે પોતાના હાથમાંનો દંડ ફેરવ્યો. દંડ ફરતાની સાથે બધો દેખાવ એકાએક બદલાઇ ગયો. અને પછી તો પાંચથી બારેક વર્ષની ઉમ્મરનાં છોકરાંના જાણે એક મ્હોટા મેળામાં ફરતા હોઇએ એમ મને ભાસ થયો. આની અંદર છોકરા તથા છોકરીઓ બન્ને મ્હારા નેત્રામાં આવ્યાં. છોકરાઓમાંના કેટલાક નિશાળના પાઠ તૈયાર કરતા, કેટલાક સ્કુલમાં જવાની તૈયારી કરતા હતા, અને પોતાની બ્હેનોને ટાપી, દફતર વીગેરે આણવાની આજ્ઞા કરતા હતા. કેટલાક તો વગર વાંકે બ્હેનને અડાવતા હતા. કોઇક નિશાળના કામથી પરવાર્યા જણાતા હતા, અને ક્રીકેટ, ગીલ્લીદંડા, સાત તાળી વીગેરે રમવામા એકતાન થઇ ગયા હતા. કેટલાક ફરવા જતા હતા, બીજા અમથા બેઠાં બેઠાં તડાકા હાંકતા હતા કે પાનાં રમતા હતા અને કેટલાક જાણે કાંઇજ કામ ના હોય તેમ આળસુ બેસી રહ્યા હતા.

આમાં જે છોકરીઓ હતી તેમાંની કેટલીક પોતાના ભાઇઓને નિશાળમાં મોડું ન થાય તેથી તેનની મદદમાં હલી હતી ને તેમને જોઇતું કરતું આણી આપતી; કેટલીક પાસે એઠાં વાસણના ઢગલા પડેલા હતા; કોઇક પોતાને નિશાળનો વખત થઇ જવાથી રડતી હતી અને રડતી રડતી પણ પોતાના ન્હાના ભાઇને રોતો છાનો રાખતી. કોઈક નિશાળના કામમાંથી પરવારેલી તેથી ઘરનું વાસી કામ કરતી, તો કોઈ ઘઉં, ચોખા એવું કાંઇ વીણતી હતી. માંહિ માંહિ કેટલીકના માબાપ તો જુની ઢબ પ્રમાણે કસરતની હીમાયત કરનાર હશે તેમણે તે બીચારીઓને દળવાનું કે ખાંડવાનું કામ સોંપ્યું હતું. કોઇક નવરાશનો વખત હોવાથી એકાદ રામરક્ષાનો, કે વિષ્ણુસહસ્રનો પાઠ સંસ્કૃતમાં ગોખતી હતી. એક બે ચીબાવલી છોકરીઓએ પોતાના ભાઈ સાથે બાગમાં જવાનું મન કર્યું હશે તેના જવાબમાં વડીલ તરફના વાગ્પ્રહાર સાંભળતી અને આંસુ સારતી પણ આમાં નજરે પડી.

આ સંઘમાંની કેટલીક બાળાઓના હાથમાં પોતાના ભાઇઓએ જુના કરી નાંખેલાં પાકીટ હતાં, કેટલીકના હાથમાં છુટી ચોપડીઓ હતી પણ તેમાં ઘણીક જુની હતી ને કેટલીક ખાસ કન્યાશાળામાં ચાલતી તે નવી હતી. મ્હોટે ભાગે આ છોકરીઓના ચહેરાપર તેજ નહોતું. સાત આઠ વર્ષની ઉમરની છોકરીઓ કરતાં બારેક વર્ષનીઓ તો વળી અતિશય શરમાળ, બીકણ, ને કડક દાબમાં ઉછરી હોય તેથી છુટથી વાત પણ ન કરી શકે એવી લાગતી હતી. આમાંની ઘણીકના હાથમાં ગુજરાતી પુસ્તકો હતાં, કેટલીક ભાગું તુટયું ગુજરાતી ભણેલી તેથી ઇંગ્રેજી શીખવા જતી હતી, અને કેટલીક પાસે તો વળી સંસ્કૃત પુસ્તક પણ હતાં માબાપની મરજી એજ એમના ભણતરનું ધોરણ હોય એમ દીસતું હતું ને એમને માટે મ્હોટે ભાગે અભ્યાસમાં કોઇ નિયમ સચવાતો નથી એમ અમારી ખાત્રી થઇ. આ બાળાઓ પાસે ચોપડીઓના થોકડા હતા એટલુંજ બાકી એમાંની એકાદ બે ને વાંચવા કહ્યું તે તેમણે એવી રીતે વાંચ્યું કે જાણે પુરું ભાષાનું જ્ઞાન પણ ના હોય. મ્હારી સાથેના દેવાંશી નર બોલ્યા કે તમે કેવા અવિચારી મનુષ્યો છો? તમારા પુત્રોની તમે અપૂર્વ સંભાળ લો છો ત્યારે તે બાર વર્ષે ગુજરાતી પાંચ ચોપડી માંડ માંડ પૂરી કરે છે છતાં તમે એટલીજ ઉમરમાં કે ત્યાર પછી એકાદ બે વર્ષમાં છોકરીઓને—ગુજરાતી, ઇંગ્રેજી, સંસ્કૃત, વૈદક, શીવણ, ભરત, રસોઇ, ઘરકામ, છોકરાં ઉછેરવાનું તથા હિસાબ, નામું વીગેરે અનેક બાબતો શીખવવા માંગો છો એ શી રીતે બને? અબળા જાતીમાં રાક્ષસી શક્તિ કયાંથી સંભવે?

આટલું કહી તે દિવ્ય પુરૂષ મને પારસીના એક ઘરમાં લઈ ગયો, ત્યાં પણ જોઉં છું તો ચાર પાંચ છોકરાંઓ હતાં. બધાં આઠથી સોળની અંદરનાં હતાં. તેમાંનાં ત્રણેક નિશાળેથી તરત આવેલાં એટલે દફતર મૂકી નાસ્તો કરતાં હતાં. એક છોકરી બધાંને ખાવાનું આપતી હતી. તેની ઉમ્મર પંદરેક વર્ષની હશે. એ નિશાળે જતી નહોતી. થોડી વારે એ છોકરીની માતા ફરવા ગઇ હતી ત્યાંથી પાછી ફરી ઘેર આવી. રસ્તામાં પોતાની જુની બ્હેનપણીના મ્હોટાનું એણે પોતાની દીકરી માટે માગું કર્યું હતું. પણ બ્હેનપણી છોકરાની મા તેથી ખીજાઇ ગઇ, ને હમણાં શી ઉતાવળ છે કરી કાંઇ ઉત્તર વાળ્યો નહોતો. આથી તે ચીડાઇ હતી ને પાડાને વાંકે પખાલીને ડામે તેમ ઘેર આવી બધો ગુસ્સો છોકરી ઉપર કાઢવા માંડયો. પોતાના ભાઇને ખાવાનામાં અથાણું આપતાં છોકરીને જરા વાર લાગી, તેથી માતાએ અલી......કરી એક ધાંટો એવો તો કહાડયો કે હું પણ ચમક્યો હઉં તેમ સફાળો જાગી ઉઠયો. ને લાગલોજ 'ભાઇ, ભાઇ, ઉઠો ચાહ થઇ ગઇ છે' એમ કહેતો મ્હારી ન્હાની બ્હેનનો કોમળ સ્વર રોજના નિયમ પ્રમાણે મ્હારે કાને પડ્યો.

કર્મસંગી.

વર વિક્રયના રિવાજનો ભોગ થઈ પડેલી એક બંગાળી બાળા.

વર વિક્રયના રિવાજને લીધે એક બંગાળી બાળાએ આપઘાત કર્યાનો બનાવ ગયા જાનેવારી માસમાં કલકત્તાના ખાતે બન્યો છે. કલકત્તામાં રાજવલ્લભ સ્ટ્રીટમાં રહેનાર બાબુ હરેન્દ્રચંદ્ર મુકરજીએ પોતાની ચૌદ વર્ષની સ્નેહલતા નામની છોકરીના બે હજાર રૂપીઆ પહેરામણીના આપવાના કબુલ કરી એક ઠેકાણે લગ્ન કરવાનું નક્કી કર્યું. મુકરજી બાબુ ઘણા ગરીબ હોવાને લીધે બે હજાર રૂપીઆ એકઠા કરવાને એણે ઘણાં ફાંફાં માર્યાં, છતાં કાંઈ વળ્યું નહિ ત્યારે છેવટે પોતાનું ઘર ગીરો મુકી એટલી રકમ કરજે કઢાવવાનો વિચાર કર્યો. આ વાતની સ્નેહલતાને ખબર પડવાથી ઘર ગીરો નહિ મુકવાને મુકરજી બાબુને ઘણી આજીજી કરી, પણ પુત્રી વત્સલ પિતાએ તે માન્યું નહિ; આખરે ઘર ગીરો મુકાયું. પોતાના લગ્નને લીધે આખું કુટુંબ ઘરબાર વગરનું થતું

જોઇ એ સંકટમાંથી કુટુંબને બચાવવાને સ્નેહલતાએ આત્મઘાત કરવાનો નિશ્ચય કર્યો; એક રાત્રે આગ ચેતાવી તેની વચ્ચે બેઠી. ઘરમાં મોટો ભડકો થતો જોઇ આસપાસના પડોશીઓ જાગી ઉઠયા, અને સ્નેહલતાને આગમાંથી બહાર કહાડી. એ વખતે તે બેસાન અવસ્થામાં હોવાથી એને ઇસ્પીતાલમાં લઈ જવામાં આવી, જ્યાં એ થોડા વખત પછી મરણ પામી. આત્મઘાત કર્યા અગાઉ એણે એના પિતાને એક પત્ર લખ્યો હતો. એ પત્ર ઘણો અસરકારક હોવાને લીધે તેનું ભાષાંતર નીચે આપ્યું છે.

પૂજ્ય પિતાજી,

મારા લગ્નને માટે તમે ઘર ગીરો મુકવાનું નકકી કર્યું ત્યારથી મને બીલકુલ ચેન પડતી નથી. ઘર ગીરો મુકશો નહીં, તમને ગીરો મુકવાની જરૂર પણ પડશે નહીં; કારણ કે ખરાબ ચોઘડીયામાં જન્મેલી તમારી દુઃખી પુત્રીનો આત્મા આવતી કાલે સૂર્યોદય થતાં અગાઉ સંસાર જંજાલ છોડી જે સ્થાનમાં અખંડ શાંતી પ્રસરી રહી છે તે સ્થાનમાં નિવાસ કરવાને ચાલ્યો ગયો હશે.

તમને મારાપર ઘણું હેત છે, મારા જેવી ક્ષુદ્ર પ્રેમલતાને તમારા અંતઃકરણની આસપાસ તમે વીંટળવા દીધી છે. તમારા જેવા વત્સલ પીતાના પ્રેમથી, રાજકન્યાઓ પણ સ્વપ્નમાં અનુભવી નહિ શકે એવા સુખનો આસ્વાદ હું લઉં છું, તમારા આવા નિઃસ્વાર્થ પ્રેમના બદલામાં હું તમારા દુઃખનું કારણ થાઉં ?·મારે લીધે આખું કુટુંબ ઘરબાર વગરનું થઇ આખી જીંદગી દુઃખ અને કંગાલ અવસ્થામાં ગાળે ? આ વિચારો મારા કોમળ હૃદયને ભેદી નાંખે છે.

પૈસાની સગવડ કરવાને પરમદહાડે સવારથી સાંજ સુધી રખડી રઝળી, થાકયા પાકયા, પગે સોજા ચઢેલા તમે પાછા ઘેર આવ્યા તે વખતની તમારી દુઃખમય મુદ્રા મારી નજર આગળથી ખસતી નથી. "આપણું સર્વસ્વ ગયું" એ શબ્દો તમારા મુખમાંથી જ્યારે મેં સાંભળ્યા ત્યારે મને ઘણુંજ દુઃખ થયું. એ શબ્દોના ભણકારા હજી મારા કાનમાં વાગે છે. બહારથી પાછા આવ્યા પછી થોડીવાર વિશ્રાંતી લીધા બાદ પૈસા મેળવવાને માટે પડેલી મુશ્કેલી; એક ઠેકાણેથી પૈસા મેળવવાની આશા હતી તેમાં છેલ્લી ઘડીએ નિષ્ફળ થવું; અને આખરે ઘર ગીરો મુકવાની પડેલી ફરજ વિગેરે હકીકતનું તમે જે વર્ણન કર્યું તે સાંભળી મારા અંતઃકરણમાં કારી ઘા પડયો છે.

પિતાજી, મારાથી આ દુઃખ સહન થતું નથી મારે મન તો લગ્ન એટલે મને ઠેકાણે પાડવાને આજ લાંબો વખત થયાં તમે જે ચિંતામાં પડ્યા છો તે ચિંતામાંથી તમારી મુક્તિ, મને આટલી મોટી ઉમર સુધી તમે કુંવારી રાખી તેને માટે લોકોએ તમારી નીંદા કરવામાં કાંઇ બાકી રાખ્યું છે? મારે માટે યોગ્ય સ્થાન મેળવવાને તમે કેટલાં ફાંફાં માર્યાં છે? આપણા વડીલોપાર્જિત ઘરમાં પારકાનો પગ પડવા નહિ દઉં, પારકાનો અવાજ સુદ્ધાં આવવા નહિ દઉં. (મતલબ કે ઘર ગીરો મુકવા નહિ દઉં) પુજ્ય પિતાજી તમારે કોઇપણ જાતનો ભોગ આપવાની જરૂર નથી હું મારી જાતનો ભોગ આપું છું.

પિતાજી, મેં સાંભળ્યું છે કે ગયે વર્ષે બર્દવાન જીલ્લામાં મહા પુર આવ્યું અને ઘણાં કુટુંબો ઘરબાર વગરનાં થઇ પડ્યાં તે વખતે કેટલાક કુલીન અને સુશિક્ષીત યુવકો તેમના દુઃખનું નિવારણ કરવાને સ્વયંસેવકવ્રત સ્વીકારી આગળ પડ્યા હતા. આવા પરોપકારી યુવકોને ઇશ્વર સુખી રાખો; એમને સદ્‌બુદ્ધિ આપો. મેં એવું પણ સાંભળ્યું છે કે કેટલાક યુવકોએ વિદેશી માલ નહીં વાપરવાનો સંકલ્પ કર્યો છે. વળી થોડા દિવસ ઉપરજ આફ્રીકામાં દુઃખ ભોગવતા આપણા દેશ-બંધુઓના દુઃખ નિવારણાર્થે કેટલાક ઉચ્ચ વૃત્તિના યુવકો પૈસા ઉઘરાવવાને ઘેરઘેર રખડ્યાનું પણ મારા સાંભળવામાં આવ્યું છે. આ યુવકો પૈકી કોઇને પણ પોતાના જાતી બંધુઓને માટે સહાનુભુતિ નહિ હોય?

પિતાજી, ગઇ કાલે રાત્રે મને સ્વપ્નું આવ્યું તે પરથી આજે જે કાંઈ હું કરવા ધારૂં છું તેનો મેં સંકલ્પ કર્યો છે. મનને તલ્લીન કરી નાખે એવા આનંદમય ગાન અને પૃથ્વી તથા સમુદ્રમાં કોઇ પણ દિવસ નહિ જોયલા એવા પ્રકાશ મધ્યે સ્મીત હાસ્ય કરતાં દુર્ગામાતાને મેં સ્વપ્નમાં જોયાં. તેમણે મને કહ્યું કે આકાશમાં આનંદમય સ્થાન છે ત્યાં તું આવ. એમની આજ્ઞા સાંભળતાં તમારી દુઃખમય મુદ્રા, પરમ પ્રિય માતુશ્રી, આપણા ગરીબ ઘરને આનંદમય કરનારા મારા નાનાં ભાઇ બહેન મને યાદ આવ્યાં. પરંતુ તમને બધાંને દુઃખમાંથી મુક્ત કરવાનો નિશ્ચય કરી માતાને મેં કહ્યું કે સ્નેહપૂર્વક કરેલું તમારું નિમંત્રણ હું જેમ બને તેમ જલદી સ્વીકારીશ.

મારો આત્મા આ દુઃખમય કષ્ટમય સંસાર ત્યાગ કરીને જશે, ત્યાર પછી મારી રોપ રહેલી રક્ષા ઉપર તમે અશ્રુ ઢાળશો એ હું જાણું છું. હું જઈશ

પણ ઘર બચશે. જાગૃત થયા પછી આ સંસાર યાત્રા કેવી રીતે સમાપ્ત કરવી તેનો વિચાર કરવા લાગી. મને ત્રણ ઉપાય સુઝ્યા—આગ, પાણી અને ઝેર, આખરે આગ મેં પસંદ કરી છે. હું જે અગ્નિ પ્રદિપ્ત કરીશ તે અગ્નિથી આખો દેશ બળી ભસ્મ થાઓ.

પિતાજી, હવે છેવટના પ્રણામ. આત્મભોગ આપવાનો સમય નજદીક આવ્યો છે. સંસાર ગાઢ નિંદ્રામાં પડ્યો છે, થોડા વખતમાં હું પણ અખંડ નિંદ્રામાં પડીશ. કદી પણ નહિ અનુભવેલી એવી આનંદમય વૃત્તિ હું અનુભવું છું. જેવી રીતે તમારા પ્રેમમય અંતઃકરણમાં હું નિવાસ કરૂં છું તેવીજ રીતે આકાશના મારા નવીન સ્થાનમાં દુર્ગા માતાના ચરણકમળ આગળ સ્વયંભૂ જ્યોતીમાં નિવાસ કરીશ; અને તમારી અને માતુશ્રીની આવવાની રાહ જોતી બેસીશ.

લી૦ તમારી ભાગ્યહીન પુત્રી,

સ્નેહલતા.

હરેન્દ્ર બાબુએ એની પ્રિયપુત્રીની રક્ષા ઉપર અશ્રુ ઢાળ્યાંજ હશે. પ્રિય વાંચક તું પુરૂષ હો કે સ્ત્રી હો, વૃધ્ધ હો કે યુવક હો, શ્રીમંત હો કે ગરીબ હો, તું પણ ભાગ્યહીન સ્નેહલતા પાછળ અશ્રુ ઢાળ. તારી આસપાસ નજર કરશે તો તારા કુટુંબમાં, તારા સગાંવહાલાંમાં, તારા સ્નેહીઓમાં તથા તારી ન્યાતમાં હરેન્દ્રબાબુ જેવા અનેક દુઃખી પિતા અને સ્નેહલતા જેવી ભાગ્યહીન અનેક કન્યાઓ તને મળી આવશે. તારી ન્યાતમાં પણ વર વિક્રયનો રિવાજ ઘર ઘાલીને બેઠો છે અને અનેક કુટુંબને હમેશને માટે કંગાલ કરી નાખે છે. આ રિવાજ કાઢી નાખવાને તારી યથામતી, યથાશક્તિ મદદ કર. લગ્ન પ્રસંગે કન્યાનાં માબાપ પાસેથી કંઈને નામે મોટી રકમ નહિ કઢાવવાનો સંકલ્પ કર, તારા સગા સંબંધીઓ, ઇષ્ટ મિત્રોને પણ એવો સંકલ્પ કરવાનો બોધ આપ, વિનંતી કર અને તારી ન્યાતને કનિષ્ટ દુઃખમય સ્થિતિમાં પડતી અટકાવવાનો પ્રયાસ કર.

સ્નેહલતાના મરણથી આખા બંગાળામાં ખળભળાટ થઇ રહ્યો છે. એના મરણના બે ત્રણ દિવસ પછી કલકત્તામાં એક મોટી સભા ભરાઇ હતી. તેમાં અસરકારક ભાષણો થઇ ઉઠીને ભોગ થઇ પડેલી બાળાની યાદગીરી કાયમ રાખવાને પૈસા એકઠા કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એનું

ખાવલું હતું કરવાની પણ કેટલીક તરફથી સૂચના કરવામાં આવી હતી. એ સભામાં લગભગ હજાર ગૃહસ્થોએ લગ્ન પ્રસંગે પહેરામણીના પૈસા નહિ લેવા માટે સોગંદ ખાધા છે. આ બનાવ સંબંધી એક બંગાળી ગૃહસ્થ સાથે વાતચીત થતાં તેણે કહ્યું કે આવા સોગંદ ઘણી વખતે લેવામાં આવ્યા છે, પણ પ્રસંગ આવે કોઇ પાળતું નથી. સરકાર જ્યાં સુધી કાયદો નહિ કરે ત્યાં સુધી એમાનું કંઈ વળે એમ નથી. પણ આ કમકમાટ ભરેલા બનાવથી સમાજપર સચોટ અસર થશે એમ લાગે છે. સ્નેહલત્તાએ પ્રદિપ્ત કરેલો અગ્નિ આખા દેશને બાળી ભસ્મ કરવાને બદલે જ્ઞાનાગ્નિ થઈ આપણા દેશી બંધુઓનો અજ્ઞાનરૂપી અંધકાર નાશ કરે એવી પ્રભુને પ્રાર્થના કરી આ લેખ સમાપ્ત કરું છું.

અંબકલાલ ચંદ્રશંકર દેસાઈ.

વરવિક્રય અને સ્નેહલતા.

આપણી નાતમાં છેલ્લા પાંચ સાત વર્ષ થયાં વરવિક્રયનો રિવાજ એટલો બધો વધી ગયો છે કે તે વિષય ઉપર નાતવાળાઓનું જેટલું ધ્યાન દોરાય તેટલું ઓછું છે. શરૂઆતમાં જે વરોના બસેં પાંચસેં બોલાતા હતા તેમના હાલમાં બે હજાર ને ત્રણ હજારે માંગણીઓ થવા માંડી છે. જ્યાં સુધી આપણી નાતનો કેળવાએલો વર્ગ આ તરફ લક્ષ નહિ આપે ત્યાં સુધી આનો કંઇપણ રસ્તો નિકળવો મુશ્કેલ છે એટલુંજ નહિ પણ એમાંથી અનેક અનર્થ પરિણામો પણ આવવાનો સંભવ છે. વરવિક્રયને અંગે એક અતિ ચોંકાવનારો દાખલો બંગાળામાં થોડાજ દિવસ ઉપર બન્યો છે. બંગાળામાં ફરીદપુર જીલ્લાના કાગદી ગામના રહીશ બાબુ હરેન્દ્રચન્દ્ર મુકરજીની સ્નેહલતા નામની પંદર વર્ષની એક છોકરીએ પોતાના બાપને વરવિક્રયમાં આપવા પડતા પૈસા સંબંધી મહાન મુશ્કેલીમાંથી ઉગારવા સારૂ પોતાના આત્માનો ભોગ આપ્યાની વાતે આખા બંગાળાના સંસાર સુધારકોને હચમચાવી મુકયા છે. કુમળી વયની આ બાળાએ પોતાના બાપને આવા દુઃખમાંથી ઉગારવા સારૂ ખરી મધ્યાન્હે પોતાના ઘરના છાપરા ઉપર ચઢી પ્હેરેલા કપડાંને ગાસલેટ છાંટી શરીરને બાળી મુકયું હતું. આવી જાતનો દાખલો બનવો એ બહુ મુશ્કેલ વાત છે.

કારણ કે સ્નેહલતા જેવી દૃઢ મનની કન્યાઓ મળવી મુશ્કેલ હોય છે. તેમ છતાં પણ આપણી નાતમાં જો વરવિક્રયના રિવાજપર કાંઇ અંકુશ મુકવામાં ન આવે તો આગળ ઉપર આવી જાતનો દાખલો બને અને બીજા પ્રકારના અનર્થો થાય તો એમાં કાંઇ નવાઈ જેવું નથી. હા, કદાચ અભણ ને અજ્ઞાન બૈરાંઓજ માત્ર આવા વરવિક્રયમાં ભાગ લેતાં હોય તો તેનો છેડો કોઇ વાર પણ આવે. પણ આપણી નાતમાં તો ભણેલા ગણેલામાં ખપતા અને ડાહપણનો ડોળ ઘાલનારા મરદો પણ આવા અનર્થોમાં ભાગ લે છે. એટલુંજ નહિ પણ જો લોક વાયકાપર વિશ્વાસ રાખીયે તો એઓ જાતે વરવિક્રયના નાણા ગણી લે છે. આ ખરેખર દિલગીર થવા જેવું છે. બંગાળામાં બનેલા આ દાખલાથી શું આપણી આંખ નહિ ઉઘડે? શું આપણી નાતમાંથી કોઇ સ્નેહલતા ઉભી થાય ત્યાં સુધી આપણે હાથ જોડી બેસી રહીશું? મે૦ તંત્રી સાહેબ તમે એક *વખત સુઇ ગએલા ત્રીમાસિકને પાછું જગાડયું પણ તમે આવા અનર્થોમાંથી* ઉગરવાનો કાંઇ રસ્તો શોધી ન કહાડો તો પછી તમારા ત્રિમાસિકનું શું કામ છે? વાતો વાંચવાની તો બીજા ઘણા ચોપાનીઆમાંથી મળે છે. તમારે તો આપણી નાતને સુધારવા પ્રયત્ન કરવાનો છે. આપણો પુરૂષ વર્ગ આ બાબતમાં બૈરાંઓને નકામાં વગોવે છે. પણ ઘરમાં બે ત્રણ હજારની કોથળીઓ આવે ને તે વાત પુરૂષો જાણે નહીં એ બનવા જોગ છે એમ હું ધારતી નથી. હા, પછી નકામાં બૈરાંઓને વગોવી પુરૂષોને પોતાનાં ઘર ભરવા હોય તો ભલે. પણ નક્કી માનજો કે આ લાંબો વખત ટકશે નહિ અને આખરે આપણી નાતમાં પણ કોઇ સ્નેહલતા નિકળશે અને એ બધાનો કોપ નાતના પુરૂષોપરજ પડશે. ઘણા વર્ષ ઉપર કન્યાઓ શોધી પણ નહોતી જડતી એવી આપણી નાતની સ્થીતિ હતી એમ ઘરડાઓ કહે છે. ભવિષ્યમાં પણ આવી સ્થીતિ આવશે એ પુરૂષોએ યાદ રાખવું જોઇએ. હાલમાં બંગાળામાં વરવિક્રયના રિવાજને દૂર કરવા સારૂ કલબો ને મંડળીઓ સ્થપાવા માંડી છે. આપણી નાતમાં પણ આવું કાંઈ થાય તો એનું પરિણામ જરૂર શુભજ આવશે. પછી તો ભણેલા ગણેલા (માં ખપતો) પુરૂષવર્ગ જાણે!

અમદાવાદ તા. ૨૮-૨-૧૯૧૪. સૌ. ધનલક્ષ્મી.

સુનેરી મહેલ.

ભરૂચમાં સુનેરી મેહેલ નામની જગ્યા પ્રસિદ્ધ છે. તે જગ્યાએ પ્રથમ નવાબ સાહેબનો મેહેલ હતો. તે મેહેલ પડી જવાથી ત્યાં મકાનનું કાંઈપણ નીશાન રહ્યું નહોતું. તે વખતે એટલે આજથી ૩૦, ૩૫ વર્ષ ઉપર કોઇ મુસાફર ત્રીજા વર્ગમાં મુંબઇથી અમદાવાદ તરફ જતો હતો. સુરતના સ્ટેશનથી ચાર પાંચ મુસલમાનો ભરૂચ આવવાને તે ડબામાં બેઠા. વાતોના ગપાટા મારતાં સુનેરી મેહેલ સંબંધે વાત નીકળી. મીયાંભાઇની વાતો તો તમે જાણો છો. રૂપ એવું આપ્યું કે તે મેહેલ હાલ કાયમ હોઇ અતી સુંદર છે. એથી તે મેહેલ જોવા પેલા મુસાફરને ઉત્કંઠા થઇ. દીવસનો વખત હતો તેથી તેણે વિચાર્યું કે આવો શુંદર મેહેલ જોવો જોઇએ. તેથી રાતની ગાડીમાં જવા વીચારી તે ગાડીમાંથી ઉતરી-ભાડાની ગાડી કરી ગાડીવાનને સુનેરી મેહેલ આગળ ગાડી લઈ જવા કહ્યું. ગાડીવાને ગાડી ત્યાં લઈ જઇ ઉભી રાખી-એટલે પેલા મુસાફરે ઉભી રાખવાનું કારણ પુછતાં એજ સુનેરી મેહેલ હોવાનું કહ્યું. તે ઉપરથી તેણે તેને મેહેલ કયાં છે તે વિષે પુછયું ત્યારે તેણે જવાબ દીધો કે, ઘણા વર્ષો થયાં મેહેલ તો પડી ગયો છે. આ જગ્યા હાલ સુનેરી મેહેલના નામે ઓળખાય છે. તે ઉપરથી પેલા મુસાફરે કેટલીક તપાસ કરી નિરાશ થઈ પાછો સ્ટેશને ગયો. હાલ તે જગ્યાએ કેટલાંક મકાનો બંધાયાં છે.

૨. શુરા બંધુઓ, આપણા ક્ષત્રીઓની જુની સ્થીતિ તરફ નજર કરશો તો જણાશે કે આપણી સ્થીતિ સુનેરી મેહેલ ઉભો હતો તેના જેવી હતી. અકબર બાદશાહના વખતમાં રાજ્ય વસુલમાં ખોટ ન આવે એવી પ્રથમ જમાબંદી કરનાર ટોડરમલ દીવાન થઈ ગયો. એજ બાદશાહોએ-ઉંચ જ્ઞાતિમાં પુનઃલગ્ન કરવા સંબંધે કાયદો કર્યો. લલુ તથા જગપન જેવા બે બાહાદુર ભાઇઓએ અકબર જેવા બાદશાહ સામું થઈ તેનો દોર ઉતારી કાયદાનો અમલ થવા દીધો નહીં. નીઝામ હૈદ્રાબાદમાં દીવાન મુસલમાન હતો પરંતુ તેનું કામ મહીપતરાય કરતા હતા. તે રાજ્ય ઉપર કંપની સરકારનું લશ્કર ચડી આવ્યું ત્યારે નિઝામ વગેરે ડરી ગયા હતા પરંતુ મહીપતરાયે હીમત ધરી તેમની સામું લશ્કર લઇ જઇ તેમને મારી હઠાવી નિમકહલાલી બતાવી હતી. એજ રાજ્યમાં લાલા ચંદુલાલજી કરીને દીવાન થઈ ગયા. જેની ધર્મ-

સંબંધી ઉદારતા એટલી બધી પ્રખ્યાત થઇ ગઇ છે કે એ હૈદરાબાદ ને લાલા ચંદુલાલના હૈદરાબાદને નામે ઓળખાય છે. વડોદરામાં સુરેશ્વર દેશાઇને રૂ. ૨૦૦૦૦) વીશહજારની જાગીર મળે છે તે પ્રથમ આપણી જ્ઞાતિના દીલ્હીના એક મોટા જાગીરદારની હતી. દીલ્હીમાં તેની જાગીર એટલી મોટી હતી કે, વડોદરાની જાગીર સુરેશ્વર દેશાઇવાળાને સોંપેલી તે તરફ લક્ષ આપ્યું નહીં, જેથી અંતે તે જાગીર તેની થઇ ગઇ. બીજા પણ ઘણા ક્ષત્રીઓ એવી ઉચ્ચ પદ્વી અથવા જાગીરીવાળા થઇ ગયા છે. આટલીજ હકીકતથી ખાત્રી થશે કે, સુનેરી મેહેલ ઉભો હતો તે વખતના જેવી આપણી સ્થીતિ હતી. પેલા મુસાફરની હાંસી થયા વખતે મેહેલની જે સ્થીતિ તે સ્થીતિ અથવા લગભગ તેના જેવી આપણી જ્ઞાતિની આવેલી જણાય છે.

આપણી જ્ઞાતીના લોકો રાજ્યકાજમાં ભાગ લે છે. તે કારણે કેળવાયલી અને સુધરેલી જ્ઞાતિ કહેવાય છે. દેશના બીજા ભાગોના કેળવાયલા લોકો સાથે મુકાબલો લેતાં આપણી જ્ઞાતિ પછાત છે એમ દેખાઇ આવશે. થોડી મુદત પેહેલાં આપણી જ્ઞાતિમાં ગ્રેજ્યુએટો જુજ હતા. હાલ થોડાઘણા થયા છે. બીજા કેટલાક મેટ્રીક સુધી જઇ અટકી ગયા છે. તોપણ બાકી રહેલો મોટો ભાગ-કેળવણી લીધા વગરનો છે એમ કેહેવાને હરકત નથી. અર્થાર્થ-સુનેરી મેહેલના ખંડેરમાં હાલ જેમ મકાન બંધાયા છે તેમ આપણી જ્ઞાતિમાં પણ કેળવણીના મકાનો થવા લાગ્યાં છે. આપણે આવાં થોડાં મકાનોથી સંતોષ માની બેસી રહેવાનું નથી-આપણે તો સુનેરી મેહેલ બાંધવાનો છે આપણી જ્ઞાતિમાં હજાર બેહજારનો પગાર લાવનાર કોઇ અમલદાર નથી. વકીલાતનો ધંધો કરી કમાનાર એક બે હશે તે આખી ન્યાતના પ્રમાણમાં-નહીં જેવા છે. સુનેરી મેહેલની જગ્યાએ જે નાના મકાનો બંધાયાં છે તે મજબુત છે. આપણી જ્ઞાતિમાં કેળવણીના જે મકાનો બંધાયાં છે તે પૈકી કેટલાકના પાયા મજબુત નથી. જો કેળવણીનો પાયો મજબુત હોત તો છોકરાના લગ્ન વખતે પાછલે હાથે જે વેપાર ચાલે છે તે ચાલે નહીં. દરેક જણ એ વેપાર માટે ભુંડું બોલે છે, પરંતુ તેનાથી દુર રહેતા નથી અથવા રહી શકતા નથી. લગ્નનો સંબંધ થવાથી વેહેવાઇઓ વચ્ચે સ્નેહ બંધાયો એમ કહેવાય છે. કવી નર્મદાશંકર દેશમાં સ્નેહ કેવો છે તે વિષે નીચે પ્રમાણે લખે છે:—

સ્નેહ શૌર્ય તો નથી દેશમાં, સ્નેહ શૌર્ય તો નથી—ટેક.
હતું હતું પણ નથી નથી રે, નથી લાજ રહી રતી—દેશ૦
બીજા દેશના લોક હસે છે, જોઇ આપણી ગતી—દેશ૦
જ્ઞાની કાંઇ વળી દયા ખાય છે, જોઇ ફીરતી જતી—દેશ૦
કુસંપ કરીને દેશ ગુમાવ્યો, હિણપન ભુંડી અતી—દેશ૦
મરણુંતે દુઃખથી છુટવું પણ, અપકીરતી છતી—દેશ૦
દાસ કાયરા સદા કહેવાણું, કવિજન લાજે કથી—દેશ૦
વીર પૂર્વજો નિરાશ જોએ, ભણિ ધિક ધિક સંતતી—દેશ૦

આ કવિતામાં દર્શાવેલો સ્નેહ આપણી જ્ઞાતિને કેટલે દરજ્જે લાગુ પડે છે, તે વાંચક વર્ગે વિચારવાનું છે.

આપણી જ્ઞાતિમાં પાછલા હાથનો વેપાર ચાલવાથી આપણાથી ઉતરતી પંકતીના અને થોડી કેળવણીવાળા લોકો આપણી હાંસી કરે છે, તે તરફ મહેરબાની કરી જુઓ. એટલુંજ નહિ પરંતુ આવી સ્થિતિ કેટલી મુદત ચાલશે અને છેવટ પરિણામ શું આવશે તે ઉપર દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરો વેપાર છુપો થાય છે, પરંતુ જેને રકમ કહાડવી પડે છે, તેને હૈયે હોળી સળગેલી હોય છે જે બાહાર દેખાયા વગર રહેતી નથી. આથી હીણપત તો લાગતીજ નથી, તો પછી અપકીર્તીનું લેખુંજ શું ?

જ્ઞાતિને એક વ્યક્તિ તરીકે જોતાં દરેક અવયવોએ એકસંપથી ચાલવું જોઇએ અવયવો જુદી જુદી રીતે વર્તે તો તે એક વ્યકિતની શી દશા થાય તે સુજ્ઞ બંધુઓએ વિચારવાનું છે.

ક્ષત્=પા, ત્રા=બચાવવુ. બીજા માણસને ઘાથી બચાવે તે ક્ષત્રી એવો મુળ ધાતુ ઉપરથી અર્થ થાય છે. હવે તો અંદર અંદર કાપાકાપી કરવાની એટલે ક્ષત્રીપણું રહ્યુ કયાં ? માટે હવે જાગૃત થાઓ. બીજાને બચાવવાની વાત તો આઘી રહી પરંતુ હાલ તો પગ ઉપર કુહાડો વાગવાનો છે, તે વાગતાં પહેલાં બચાવનો રસ્તો કરો.

આપણી જ્ઞાતિના છોકરા હુશિયાર અને ચાલાક હોય છે. પરંતુ માબાપની કાળજી તેમને કેળવવા તરફ પુરતી ન હોવાથી, તેમજ બીજા કેટલાક કારણોને લીધે છોકરા ઉચ્ચ કેળવણી લેવા પામતા નથી.

મોટો ભાગ ઉચ્ચ કેળવણી લે તો ઘણામાંથી થોડા પણ હીરા જેવા ઝળકી ઉઠે, અને બીજા તેમના અથવા પોતાના પ્રકાશથી પ્રકાશીત થાય તો સુનેરી મેહેલ બંધાયો સમજવો. પછી પાછલા હાથના વેપાર ઉપર આપોઆપ તીરસ્કાર ઉત્પન્ન થશે.

કન્યાવિક્રય માટે આપણી જ્ઞાતી ધિક્કાર દર્શાવે છે. પ્રથમ આપણી જ્ઞાતીમાં કન્યાની અછત હતી ત્યારે વરના માબાપ તરફથી કન્યાના માબાપની કેટલીક ખુશામત કરવી પડતી હતી. અને તેમ કરીને કન્યા મેળવતા; પરંતુ કન્યાવાળા પાછલા હાથનો વેપાર કરતા નહીં. લગ્ન પ્રસંગે ખર્ચ માટે પૈસા પુરતા ન હોય તો કુંકુને કન્યા આપીશ એમ કહી વીવાહ કરતા હતા. હાલ વરવિક્રય થવા માંડયો છે. જો કન્યાવિક્રય માટે ધિક્કાર ઉપજતો હતો તો તેવીજ લાગણી વરવિક્રય માટે કેમ ન થવી જોઇએ.

મારી શુરી બેહેનોને વિનંતી.

પ્રથમના ક્ષત્રીઓ રણમાં શુરા હતા–તોપણ સામા લશ્કરનું જોર અતીશય જોઇ પાછી પાની કરતા ત્યારે ક્ષત્રાણીઓ રણમાં પડી–પોતાના ધણી, ભાઇ વિગેરેને શુર ચહડાવતી, તેમજ રાજકાજમાં પણ આગળ પડી કાર્યકુશળતા બતાવતી. આજ તેમાનું કાંઈપણ બતાવશો કે નહીં? ઉપરની હકીકત લક્ષપૂર્વક મનન કરી, ભવિષ્યના પરીણામ ઉપર વિચાર કરી સુધારો કરવામાં તમો આગળ પડતો ભાગ લો તો ઉત્તમ કાર્ય થશે. આવી રીતે પૈસા મેળવવા કરતાં છોકરા મોટા થયે પુષ્કળ પૈસા પેદા કરે અને સુનેરી મેહેલ બંધાય તેવી રીતની કેળવણી આપવા તરફ લક્ષ રાખવા વિનંતી છે. કાગળ–સફેદ ચાંદની જેવો હોય પરંતુ તેની બીજી બાજુએ–લાલ, ભુરો, કાળો રંગ લગાડયો હોય તો કાગળની સફેદીમાં ઝાંખ મારવાની–માટે તે પ્રમાણે ન થવા છોકરીઓને પણ કેળવણી આપવી જોઇએ.

કોઇ શખ્સને એક અથવા વધારે પુત્રી હોય અને તેની પાસે નાણાંની સવડ ન હોય તો તેણે પોતાની પુત્રીને કુંવારી રાખવી કે શું? કોઇ પ્રશ્ન કરશે કે કોની પુત્રી કુંવારી રહી? તો તેના જવાબમાં એટલુંજ કે હાલ જે મોટી ઉમ્મર થાય છે તે જોતાં અને હવે પછી કેટલી ઉમ્મરે પરણવા લાયક થશે તે ઉમ્મરનો વિચાર કરતાં પ્રશ્નનો ખુલાસો થઇ જશે કુંવારી રહી અથવા ઘણી મોટી ઉમ્મર થઇ ગઇ અને તેણીએ કાંઇ અપકીર્તી કરી તો તેથી આખી

જ્ઞાતિને કલંક લાગશે કે નહીં. માણસ મુવાનો ભય નથી, પરંતુ જમ પેંધ્યાનો ભય છે આપણે તો માણસ મુવાનો તેમ જમ પેંધ્યાનો બેઉ ભય રાખવાના છે.

ઇશ્વર સર્વને સદબુદ્ધિ આપી આવા બેરા પ્રસંગનો દહાડો ન આવે એટલી પ્રાર્થના કરી વીરમું છું.

ૐ શાંતિ. શાંતિ. શાંતિ.

જાદવરાય હકુમતરાય ઠાકોર.

આપણી ન્યાત અને મોઢ વિવાહ.

ત્રિમાસિકના ગયા અંકમાં પ્રસિદ્ધ થએલી લગ્નની ટીપ ઉપરથી માલમ પડે છે કે ત્રિમાસિક થોડા વખતને માટે બંધ પડ્યું ત્યારથી તે પાછું સજીવન થયું તે દરમ્યાન આપણી ન્યાતમાં એકંદર તેર લગ્ન થયાં. એ લગ્નો પૈકી બે લગ્નમાં કન્યાની વય અઢાર વર્ષની, બેમાં સત્તર, ત્રણમાં સોળ, પાંચમાં પંદર અને ફક્ત એકમાંજ તેર વર્ષની હતી. તેમજ વરની વય વીશથી આડત્રીશ વર્ષ સુધીની આ ટીપમાં જોવામાં આવે છે. આપણી ન્યાતમાં બાળ વિવાહનો રિવાજ ધીરે ધીરે નાબુદ થતો જાય છે એવું આ આંકડાઓ ઉપરથી અનુમાન કાઢી શકાય. ન્યાતનો દરેક હિતચિંતક આ નવા દાખલ થતા રિવાજને આનંદની દૃષ્ટિથી જોશે. "બાળ વિવાહ હાનિકારક છે તેથી તે બંધ થવો જોઇએ" એ વિચાર કરતાં બીજાં અનેક કારણોને લીધે આપણી ન્યાતમાં છોકરીઓને મોટી વય સુધી અવિવાહિત રાખવામાં આવે છે; કારણ કે છોકરી દશ બાર વર્ષની થઇ કે તેના લગ્ન કરવાની માબાપને પૂર્વે જેવી ચિંતા થતી તે ચિંતામાં કાંઇ પ્રકારો થએલો જણાતો નથી અને યોગ્ય સ્થાન મળે તો હજી પણ બાળપણમાં લગ્ન કરવામાં આવે છે. પરંતુ આસપાસના સંજોગો તથા બીજા અનેક કારણોને લીધે છોકરીના, મોટી વય સુધી લગ્ન લંબાવવા પડે છે. આ કારણો પૈકી આર્થિક સ્થિતિ અને વાણિજ્ય એ બે મૂખ્ય છે.

દરેક છોકરીના લગ્ન બાર વર્ષની અંદર થવાજ જોઇએ એવી શાસ્ત્રની આજ્ઞા છે અને એ આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર મહા પાતકી ગણાય છે એવી માન્યતા આખા હિંદુસમાજમાં છે જેથી કન્યાકાળ વીતી જાય તે અગાઉ દરેક માબાપ સારો છોકરો ન મળે તો હલકી પ્રતિના છોકરા સાથે અને લગ્ન કાર્ય કરવાને પૈસા ન હોય તો કર્જ કાઢીને પોતાની છોકરીના લગ્ન કરી નાખે છે આ માન્યતા આપણી ન્યાતમાંથી ગયા દસ બાર વર્ષમાં ધીરે ધીરે ઘસાતી જાય છે છોકરીને બાર વર્ષની ઉમર થઇ ગયા પછી પરણાવવી એ શાસ્ત્રની દૃષ્ટિએ પાપ છે એવું આપણી ન્યાતમાં ઘણાંજ થોડા-અને પુરૂષ વર્ગમાં તો બલકે કોઇજ-માને છે. શાસ્ત્રની આજ્ઞાનો ભય જતો રહેવાથી હાલ જે ૨૦.૨ વર્ષ સુધી છોકરીઓને અવિવાહીત રાખવામાં આવે છે તે વય કેટલે સુધી વધશે તેનું ખાત્રી-લાયક અનુમાન કરવું હાલ કઠિણ છે. કદાચ આગળ જતાં છોકરીઓને આ જન્મ અવિવાહીત રહેવાનો પ્રસંગ આવશે એવી ધારતી રાખી શકાય. આ ધારતી રાખવાના અનેક કારણો છે.

(૧) આર્થિક સ્થિતિ-આજકાલ મોઘવારીને લીધે તેમજ મોજશોખના સાધનો વધવાથી તથા જરૂરીઆતની ચીજોની સંખ્યામાં ઘણો વધારો થઈ ગયો હોવાથી મધ્યમ વર્ગનો-જે વર્ગમાં આપણી ન્યાતને મુકી શકાય-ખર્ચ ઘણો વધી પડયો છે. જે ચીજો પૂર્વે ફકત આનંદ ઉત્સવને પ્રસંગેજ વાપરવામાં આવતી તે ચીજો હાલ રોજની જરૂરીઆતી ચીજો થઇ પડી છે. આખા સમાજની રૂઢીમાં પણ ધીરે ધીરે ફેરફાર થતો જાય છે અને કપડાં લતાં વિગેરેમાં પહેલા કરતાં ખર્ચ ઘણો વધી પડયો છે આ વધતા જતા ખર્ચ ઉપર અને ખાસ કરીને સ્ત્રીઓના કપડાં લત્તાં માટે વધતા જતા ખર્ચ માટે ઘણે ઠેકાણેથી ફરીઆદ પણ સાંભળવામાં આવે છે. પણ આ ફરીઆદ નિરર્થક છે અને વધતો જતો ખર્ચ અનિવાર્ય છે. કારણ કે આખા સમાજનો પ્રવાહ બદલાતો જાય છે. અને આપણી ન્યાત જે હાલ કેળવાયલી ન્યાતોમાં ગણાય છે તે મોભો કાયમ રાખવાની જરૂર હોવાથી આ બદલાયલા પ્રવાહની સાથે મને અથવા કમને તણાયા વગર છુટકો નથી.

છોકરાઓને સારી કેળવણી આપવી એ આપણી ન્યાતનો દરેક ગૃહસ્થ પોતાની ફરજ સમજે છે એટલુંજ નહીં પણ ઉચ્ચ પ્રકારની કેળવણી હાલના સમયમાં દ્રવ્ય પ્રાપ્તીને માટે અવશ્ય છે એ પણ તે સારી રીતે જાણે છે. આથી દરેક માબાપ પોતાના છોકરાંઓની કેળવણી પાછળ પોતાથી બને

તેટલો ખર્ચ કરે છે અને કેટલીક વખતે કર્જ કાઢીને પણ કેળવણી આપે છે. વળી કેળવણી આપવાનો ખર્ચ પણ ગયા દસ બાર વર્ષમાં ઘણો વધી પડયો છે અને હજી દિવસે દિવસ વધતો જાય છે.

આ સિવાય અનેક કારણોને લીધે દિવસે દિવસે કુટુંબ નિર્વાહનો ખર્ચ એટલો બધો વધી પડયો છે કે સારી કમાણીવાળાઓથી પણ પહોંચી શકાતું નથી વળી ગયા ચાર પાંચ વર્ષમાં અને ખાસ કરી થોડા વખતપર બેંકોએ કાઢેલા દેવાળામાં આપણી ન્યાતનો ઘણો પૈસો ઘસડાઈ ગયો છે. પ્રતિકૂળ પ્રસંગોમાં પૂર્વ સ્થિતિએ પાછું પહોંચવું ઘણું કઠિણ છે આવાં અનેક કારણોના પરિણામે લગ્ન પ્રસંગે થતો ખર્ચ કરવાને સારી કમાણીવાળાઓ પણ કચવાય છે. છોકરીઓનો કન્યાકાળ વીતે ત્યાર અગાઉ તેના લગ્ન નહિ કરનાર માબાપ પાતકી ગણાય એવી શાસ્ત્રની આજ્ઞાનો ભંગ જતો રહ્યો છે. લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં કાંઇ ઘટાડો કરવામાં નહિ આવે તો છોકરીનાં માબાપો આગળ જતા કર્જ કરીને છોકરીને પરણાવવા કરતાં તેને આ જન્મ અવિવાહીત રાખવી પસંદ કરશે.

(૨) વર વિક્રય-ખરાબમાંથી સારૂં પરિણામ આવે છે એવી અંગ્રેજીમાં એક કહેવત છે એ કહેવત વરવિક્રયના રિવાજને કાંઇક અંશે લાગુ પાડી શકાય. હાલનો પ્રૌઢ વિવાહ આ રિવાજને કેટલેક અંશે આભારી છે; પણ આગળ જતાં આ હાનિકારક રિવાજના દુષ્ટ ફળ ચાખવાનો પ્રસંગ આવશે એવી ખાત્રી રખાય છે દરેક માબાપ પોતાની છોકરી સારે ઘરે પડે અને સુખી થાય એવી સ્વાભાવિક ઇચ્છા રાખે છે પરંતુ સારે ઠેકાણે વિવાહ કરવાને ઘણો ખર્ચ થનો હોવાથી આર્થિક સ્થિતિ નબળી હોય છે તો થોડે ખર્ચે સારૂં સ્થાન મેળવવાને તે બનતો પ્રયાસ કરે છે અને શાસ્ત્રમાં બાંધેલી લગ્નની વયની મર્યાદાનું ઉલ્લંઘન કરવાના પાપ કરતાં છોકરીના સુખ તરફ વધારે લક્ષ આપી જેમ બને તેમ લગ્ન લંબાવવામાં આવે છે વળી આપણે ઉપર કહી ગયા છીએ કે હાલમાં સારી કમાણીવાળાઓને પણ કુટુંબનો ખર્ચ નિભાવનો ઘણો મુશ્કેલ થઇ પડયો છે આવા સંજોગોમાં વરવિક્રયને માટે મોટી રકમ ખરચી કુટુંબને હંમેશને માટે દુઃખ અને દેવામાં નાખવા કરતાં તેમજ થોડો ખર્ચ કરી છોકરીને અયોગ્ય સ્થાને નાખી તેને હમેશને માટે દુઃખી કરવા કરતાં તેને અવિવાહીત રાખવી વધારે શ્રેયસ્કર માનવામાં આવશે. વરવિક્રયના રિવાજને લીધે આપણામાંથી શ્રીમંત, ઉત્સાહી અને કેળવણીમાં

આગળ-વધેલી પારસી કોમમાં છોકરીઓ આ જન્મ અવિવાહીત રહે છે એ પ્રત્યક્ષ ઉદાહરણ આપણી આગળ છે.

(૩) જે પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગમાં આપણે આવ્યા છીએ તે પ્રજાના રીત રિવાજોની આપણી ઉપર એવી સચોટ છાપ પડે છે કે તે રિવાજોનું જેમ બને તેમ અનુકરણ કરવાને આખી હિંદુ સમાજ અને મુખ્યત્વે કરી એ સમાજનો કેળવાયલો વર્ગ તત્પર રહેલો હોય એમ જણાય છે એ પ્રજાનો સ્ત્રીસ્વાતંત્ર્ય એક મુખ્ય ગુણ છે સ્ત્રીને આ જન્મ અવિવાહીત રહેવાની પણ એ સમાજ પૂર્ણ છુટ આપે છે. આ રિવાજનું આપણી સમાજે હજી પૂર્ણ અનુકરણ કર્યું નથી પણ અનુકરણ કરવાને મર્ગે લાગી છે એવું માલમ પડે છે. પ્રસંગ અને અનુકુળતા પ્રાપ્ત થએ તેનું પૂર્ણ અનુકરણ થશે એવું ધારી શકાય.

સ્ત્રીઓ આજન્મ અવિવાહીત રહે એ હિંદુ સમાજની દૃષ્ટિએ અને મુખ્યત્વે આપણી ન્યાતના હિતની દૃષ્ટિએ શ્રેયસ્કર છે કે નહિં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નનો ઉત્તર હું નકારમાં આપીશ આપણે પ્રથમ સામાજીક દૃષ્ટિયે વિચાર કરીએ. સ્વયં સેવક-વૃત્તિ સ્વીકારી સમાજ સેવાના ઉદ્દેશથી, કીંવા વિદ્યોપાર્જન અથવા આત્મોન્નતિના મહા આશયથી જે સ્ત્રીઓ અખંડ બ્રહ્મચર્યવ્રત સ્વીકારવાનું પસંદ કરે તે સ્ત્રીઓ નિ:શંક પ્રસંશાપાત્ર છે. સમાજ ઉન્નતિના કાર્યમાં એવી સ્ત્રીઓની ઘણી જરૂર પણ છે. પરંતુ જે સ્ત્રીઓની લગ્ન કરી સંસાર સુખનો લહાવો લેવાની ઇચ્છા હોય પણ માબાપની આર્થિક સ્થિતિને લીધેજ કુમારીકા રહેવું પડે તે સ્ત્રીઓ વિષે આપણે વિચાર કરવાનો છે મોટી વયની કુમારીકાઓનું પોષણ કોણે કરવું એ પ્રશ્ન પ્રથમ ઉદ્ભવે છે. મનુ ભગવાન કહે છે કે, સ્ત્રી સ્વાતંત્ર્ય ભોગવવાને અયોગ્ય છે અને આપણી સમાજ-સ્ત્રીઓને સ્વતંત્ર રહેવાની છુટ પણ આપતી નથી, જેથી બાળ વિધવાની માફક એમના ભરણપોષણનો બોજો માબાપ જીવતા હોય ત્યાં સુધી તેમનાપર અને તેમના મરણ પછી ભાઇ ઉપર અને ભાઇ નહિ હોય તો કોઇ નિકટના સગાંવહાલાં પર પડશે. આથી પ્રૌઢ વિવાહથી બાળ વિધવાનો વર્ગ લય પામશે તેને બદલે આજન્મ કુમારીકાનો બીજો વર્ગ ઉભો થશે. વિધવાને પિએર અને સાસરાના કુટુંબીઓ જોડે સંબંધ હોવાથી તેના ભરણપોષણ કરનારાઓની સંખ્યા આજન્મ કુમારીકાઓ કરતાં અધિક હોય છે આથી એક રીતે આજન્મ કુમારિકાઓ કરતાં વિધવાની સ્થિતિ કેટલેક

દરજ્જે સારી ગણાય. વળી વિધવા પોતાના મૃત પતિના પ્રેમને યાદ કરી અથવા કાંઈ સંતાન હોય તો તેની સંભાળ રાખવામાં પોતાનું આયુષ્ય આપી શકે. પણ કુમારિકાને તેમાનું કાંઇ નહિં હોવાથી અને નૈસર્ગિક વાસના તૃપ્ત કરવાની લાલસા રહેવાથી તેને આડે માર્ગે ઉતરવાનો ઘણો સંભવ છે જેથી સમાજની નીતિ નીઇયતા હલકી થવાની ધાસ્તી રહે છે. કોઇ કદાચિત પ્રશ્ન કરે કે સ્વતંત્ર રીતે કમાઇ તેઓ પોતાનું પોષણ કરી શકે. આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે સ્વતંત્ર રીતે ધંધો કરી શકે એવા પ્રકારનું શિક્ષણ આપણી સ્ત્રીઓને આપવામાં આવતું નથી અને કદાચ આપવામાં આવે તો પણ સ્ત્રીઓ પુરૂષની સાથે ધંધા રોજગારમાં હરીફાઇમાં ઉતરવાને પુરૂષોની સાથે, યુરોપીઅન સ્ત્રીઓની માફક છૂટથી હરે ફરે એ સમાજની નીતિની દૃષ્ટિથી હિતકારક લાગતું નથી.

એ વિષે આપણી ન્યાતની દ્રષ્ટિથી વિચાર કરતાં માલમ પડે છે કે એક તો આપણી ન્યાત ઘણી નાની છે, જેથી ન્યાતની મનુષ્ય સંખ્યા જેટલી વધે તેટલી ન્યાતને લાભ કરક છે. પરંતુ છોકરીઓ આજન્મ અવિવાહીત રહેવાથી મનુષ્ય સંખ્યામાં વધારો થવાને બદલે ઘટાડો થશે. એથી ન્યાતને આગળ જતાં ઘણું નુકશાન પહોંચશે.

આજન્મ કુમારિકા રહેવાનો રિવાજ આપણી ન્યાતમાં પ્રવેશ ન કરે તેને માટે આપણી આર્થિક સ્થિતિ સુધારવાને અને લગ્ન પ્રસંગે થતો અયોગ્ય ખર્ચ ઓછો કરવા તરફ દરેક ન્યાતી બંધુએ લક્ષ આપવાની જરૂર છે.

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો એક સિદ્ધાંત છે કે કાળક્રમે સૃષ્ટિમાં ફેરફાર થયા કરે છે. આ ફેરફારને જે પ્રાણી અનુકુળ થઇ જઈ પોતાની રહેણીકરણી અને સ્વભાવમાં ફેરફાર કરે છે, તે પ્રાણી સૃષ્ટિમાં રહેવાને યોગ્ય ઠરે છે; અને જે પ્રાણીઓ આ પ્રમાણે કરતા નથી તેઓનો ક્રમે ક્રમે લય થાય છે. સમાજશાસ્ત્રીઓ આ સિદ્ધાંત સમાજને પણ લાગુ પાડે છે. કાલાનુસારે સમાજની પરિસ્થિતિમાં ફેરફાર થાય છે, એ ફેરફારને લીધે સામાજીક, નૈતિક, ધાર્મિક અને વ્યવહારિક ભાવનાઓ પણ બદલાય છે, નવી ભાવનાઓને અનુસરતી સંસ્થાઓમાં ફેરફાર કરે છે. તે સમાજ બીજા સમાજો સામે ટક્કર ઝીલવાને સમર્થ થાય છે અને જે સમાજ નિરૂપયોગી હાનિકારક સંસ્થાઓનું રક્ષણ કરવામાં પોતાની શક્તિનો વ્યય કરે છે, તે સમાજનો ધીરે ધીરે લય થાય

છે. પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગમાં આવ્યાથી આપણી પરિસ્થિતિ ઘણી બદલાઇ છે. રેલ્વે, તારયંત્ર તેમજ દિવસે દિવસે થતી નવી વૈજ્ઞાનિક શોધોને લીધે પરિસ્થિતિમાં બહુજ ઝડપથી ફેરફાર થતો જાય છે. આ ફેરફારના જોસભર પૂરમાં આવ્યે સમાજ ભાવે અથવા કભાવે ઘસડાય છે. અને ઇચ્છા હોય કે ન હોય તોપણ પરિસ્થિતિને અનુકુળ થાય એવું ઘણું ગ્રહણ કર્યા વગર ચાલતું નથી. તેની સાથે જુનું પણ હાલની સ્થિતિને પ્રતિકુળ થએલું ઘણા વર્ષના નિકટ સહવાસને લીધે છોડતાં મન કંપારી ખાય છે. દાખલા તરિકે છોકરાને ઉંચ્ચ પ્રકારનું શિક્ષણ આપ્યા વગર ચાલતું નથી. એ શિક્ષણ પાછળ આપણા પૂર્વજોએ સ્વપ્નમાં પણ અનુમાન નહિ કરેલો એટલો ભારે ખર્ચ કરવો પડે છે. તેમજ સમાજની રૂઢીને આધિન રહી લગ્ન તથા મરણ પ્રસંગે ઘણો નિરર્થક ખર્ચ પણ કરવો પડે છે આથી જુના અને નવા બંનેનો બોજો સમાજને ખમવો પડે છે, અને એ બોજો દિવસે દિવસે અસહ્ય થવા લાગ્યો છે.

આપણી ન્યાતે નવી સ્થિતિને અનુકુળ થવાની યોગ્યતા દર્શાવી છે. પરદેશગમનનો પ્રશ્ન જે બીજી ન્યાતોમાં કંકાસનું મૂળ થઇ પડયો છે, તે પ્રશ્ન આપણી ન્યાતમાં ઉત્પન્નજ થયો નથી. એટલુંજ નહિ પણ પરદેશગમનને ઉત્તેજન આપવાની ખાતર, વિદ્યા સંપાદન કરવા અથવા વેપારને અર્થે પરદેશ જનારા ગૃહસ્થને ન્યાત તરફથી અભિનંદન આપવામાં આવે છે. સ્ત્રી કેળવણી વિગેરેમાં પણ આપણી ન્યાત બીજી ન્યાતો કરતાં કાંઈ પછાત નથી, એ સિવાય બીજી ઘણી બાબતોમાં કાળને માન આપ્યું છે, પણ હજી ઘણી બાબતોમાં આપણે જુના પણ અર્થ વગરના અને હાનિ-કારક રિવાજોને વળગી રહ્યા છીએ. એ રિવાજો જેમ બને તેમ જલદી બંધ કરવાને યત્ન કરવો જોઇએ.

ઉપર કહેલા રિવાજોના બે ભાગ પાડી શકાય (૧) શાસ્ત્રોક્ત અને (૨) વ્યવહારોક્ત. આપણા રિવાજોમાં શાસ્ત્રોક્ત કે વ્યવહારોક્ત છે તે જાણવું પણું કઠિણ પડે છે. પરંતુ કેટલાક રિવાજો જેવા કે વરવિક્રય, મરણ પ્રસંગે રડવું કુટવું, ન્યાતિભોજન વિગેરે વ્યવહારોક્ત ખાત્રીથી કહી શકાય. આ બેમાંથી વ્યવહારોક્ત પણ સ્થિતિને પ્રતિકુળ રિવાજો બંધ કરવા તરફ પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ. આવા અનેક રિવાજો તરફ પંચ અને કોનફરન્સ તરફથી અણગમો બતાવવામાં આવ્યો છે, અને તે બંધ કરવાને ન્યુવકોએ આગળ પડવું જોઇએ, આ રિવાજો બંધ કરવામાં ઘણી વખતે પુરાણપ્રિય ગૃહસ્થો (આ ગૃહસ્થોમાં ઘણાં વૃદ્ધ પુરુષો હોય છે) તથા સ્ત્રીઓ તરફથી અડચણ

મુકવામાં આવે છે, જેથી કેટલીક વખતે ઉત્સાહી યુવકો પોતાના વિચાર અમલમાં મુકી શકતા નથી. આવા પ્રસંગે વિચાર સ્વાતંત્ર્ય અને કુટુંબ કલહ એની વચ્ચે વિગ્રહ થાય છે અને વડિલોને માન આપવાની ખાતર તથા કુટુંબ કલહ થતો અટકાવવાને વિચાર સ્વાતંત્ર્યને નમતું આપવું પડે છે. જે સ્વતંત્ર વિચારના યુવકો ગૃહસંસારમાં પણ સ્વતંત્ર છે તેઓને વ્યવહારીક્ત પણ હાનિકારક રિવાજો બંધ કરવા આગળ પડવા વિનંતિ કરવામાં આવે છે.

શાસ્ત્રોક્ત રિવાજોમાં હાથ ઘાલવો એ ઘણું નાજુક કામ છે કારણ કે તેમ કરવામાં ઘણાની ધાર્મિક લાગણી દુખાવાનો સંભવ છે. પણ શાસ્ત્રને નામે કેટલાક અશાસ્ત્રીય રિવાજો આપણી ન્યાતમાં દાખલ થઇ ગયા છે તેની પ્રથમ પરિક્ષા કરવાની જરૂર છે. વળી શાસ્ત્રમાં કેટલી કેટલીક આજ્ઞાઓ હાલની બદલાયલી જીંદગીમાં પાળવી અશક્ય થઇ પડી છે. દાખલા તરીકે પંચ મહા યજ્ઞ લઇએ. મનુભગવાન આ યજ્ઞ દરરોજ કરવાની દરેક ગૃહસ્થને આજ્ઞા કરે છે અને તે નહિ કરનારો મહા પાતકી ગણાય છે. હાલના સમયમાં શરીરસ્થ ઉદરરૂપી અખંડ પ્રજ્વલીત મહાયજ્ઞને દિવસમાં ઓછામાં ઓછી બે વાર આહુતી આપવાની સામગ્રી પ્રાપ્ત કરવાને પોલીસ ખાતામાં નોકરી કરનાર ગામેગામ રખડનારો ગૃહસ્થ. સવાર, સાંજ તથા રાત્રે અનિયમીત વખતે રેલ્વે તથા પોષ્ટ ખાતામાં નોકરી કરનાર, ઉપરી અધિકારીની મરજી અનુસાર કામ કરનાર કારકુન. એ સિવાય ધંધા અર્થે દેશપરદેશ રખડનારાની ઈચ્છા હોય છતાં પણ પંચ મહાયજ્ઞ કરવો અશક્ય થઇ પડયો છે. એ સિવાય બીજા અનેક દાખલા આપી શકાય. મનુસંહિતાની અનુક્રમણિકાનું જ ફક્ત અવલોકન કરનારને હાલની જીંદગીને અનુકુળ નહિ એવી અનેક આજ્ઞાઓ મળી આવશે, જેથી શાસ્ત્રોક્ત પણ આપણી આર્થિક તેમજ શારીરિક હાની કરનારા રિવાજો અટકાવવાનો વખત ક્યારનો આવી ચુકયો છે અને જો કાળને માન નહિ આપીએ તો કાળ આપણું ભક્ષણ કરશે.

વરવિક્રયના રિવાજનો આપણી આર્થિક સ્થિતિ સાથે ઘણો નિકટ સંબંધ હોવાથી અને એ રિવાજને લીધે આપણી લગ્ન પદ્ધતિમાં ઘણો ફેરફાર થયો છે અને હજી થતો જાય છે તેથી એ વિષે કાંઇ વિવેચન કરવાની જરૂર છે. ગયા દશ પંદર વર્ષમાં આપણી ન્યાતમાં આ રિવાજ જડ મૂળ ઘાલી બેઠો છે અને દિવસે દિવસે એનાં મૂળીઆં ઘણાં ઉંડાં જતાં જાય છે એ ઘણું શોચનીય છે. ન્યાતની દરેક વ્યક્તિ આ રિવાજને ઘણી દીલગીરીની નજરથી

તુરે છે. પંચોએ અને કોન્ફરન્સોએ વખતો વખત નિષેધદર્શક ઠરાવો પણ પસાર કર્યા છે. છતાં પણ લક્ષ્મી એક એવી મોહક વસ્તુ છે કે તેનો સમાગમ થતાં દૃઢ નિશ્ચય ચળી જાય છે. અને જાહેર રીતે અથવા મનમાં કરેલા સંકલ્પનો ભંગ થાય છે. કેટલાકને છોકરીને માટે પૈસા આપવા પડતા હોવાથી તેનો બદલો વાળવાને છોકરાને માટે લે છે. આવા અનેક કારણોને લીધે આ રિવાજ બંધ પડવાનાં ચિન્હ જણાતાં નથી. આપણા બંગાળી અને દક્ષણી બંધુઓની સમાજોમાં પણ એજ રડાકૂટો છે.* થોડા વખત ઉપર એક બંગાળી ગૃહસ્થે, લગ્ન વખતે કાંઇપણ પહેરામણી લેવી નહિ એવી પ્રતિજ્ઞા લેનારા અવિવાહીત યુવકોનું મંડળ ઉભું કરવાની હીલચાલ વિષે વર્તમાન પત્રમાં વાંચવામાં આવ્યું હતું, અને એ વિષે ત્રિમાસિકમાં પણ ઘણુંખરું નોંધ લેવામાં આવેલી. આ ગૃહસ્થનો યત્ન કેટલે અંશે ફળીભૂત થયો છે તે જાણવાને કાંઇ સાધન નથી. પણ એવો યોજેલો ઉપાય તાત્કાલિક ફળદાયક જણાતો નથી. એણે મૂળને બદલે ડાળપર પોતાનો પ્રયોગ આરંભ્યો છે. આપણી સમાજમાં લગ્ન સંબંધ ગોઠવવામાં અને તે પ્રસંગે આપવા લેવાનું ઠેરવવામાં જે છોકરાનાં લગ્ન થવાનાં હોય તેની બિલકુલ સંમત્તિ લેવામાં આવતી નથી. આથી એવી પ્રતિજ્ઞા લીધેલા યુવકો હાલની સ્થિતિમાં ફેરફાર કરી શકે એમ લાગતું નથી આ ગૃહસ્થે પ્રયોગને માટે ડાળ વડની ડાળની પેઠે વડવાઈ થઈ જમીન સુધી પહોંચી મૂળરૂપ થશે—પ્રતિજ્ઞા લીધેલા યુવકો વડિલપણું પ્રાપ્ત કરશે—ત્યારે એની મહેનતના ફળની આશા રાખી શકાય. ગયા ડિસેમ્બર માસમાં કલકતામાં પ્રસિદ્ધ થતા "સ્ટેટસમેન" નામના દૈનિક પત્રમાં "મેરેજ માર્કેટ (લગ્નનું વિક્રય સ્થાન) એ મથાળા નીચે કેટલાંક ચર્ચાપત્ર છાપવામાં આવ્યાં હતાં. તેમાં એક લેખકે એવી સૂચના કરી હતી કે આ રિવાજ બંધ કરવાનો ફક્ત એકજ માર્ગ છે તે એ કે કન્યાના માબાપોએ સંપ કરવો અને જે કોઈ પહેરામણીના પૈસા માગે તેને છોકરી આપવી નહિ. કારણકે છોકરીના માબાપને છોકરી પરણાવવાની જેટલી ગરજ છે તેટલીજ છોકરાના માબાપને પણ છે. ફેર ફક્ત એટલોજ છે કે શાસ્ત્રમાં અમુક વયની અંદર છોકરી પર-

* આ લેખ લખ્યા પછી એક બંગાળી બાળાએ આ દુષ્ટ રિવાજને લીધે આત્મઘાત કર્યાનો બનાવ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયો છે, જેની આ પત્રમાં બીજે ઠેકાણે નોંધ લેવામાં આવી છે.

સાવવીજ જોઇએ એવી આજ્ઞા હોવાથી છોકરીનો બાપ લગ્ન કરવાને અધીરો થઇ જાય છે તેનો છોકરાના માબાપ લાભ લે છે. છોકરો કમાતો થયા પછી અથવા તો તેને પરદેશમાં એકલા રહેવાનો પ્રસંગ આવે ત્યારે માબાપને તેના લગ્ન કરવાની ઇચ્છા થાય છે. આપણી ન્યાતમાં શાસ્ત્રમાં કહેલી કન્યાના લગ્નના વયની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે જેથી એ બંગાળી ગૃહસ્થે સુચવ્યા પ્રમાણે સંપ કરવામાં આવે તો છોકરાના માબાપ ઠેકાણે આવે. પણ મનુષ્ય સ્વભાવ તરફ લક્ષ આપતાં એ સુચના અમલમાં મુકવી ઘણી કઠિણ લાગે છે. આ હાનિકારક રિવાજ બંધ કરવાને અમલમાં મુકી શકાય એવી સુચના ત્રિમાસિકદ્વારા કોઇ ગૃહસ્થ ન્યાતની સમક્ષ મુકશે તો ન્યાત તેની હંમેશાં માટે ઋણી રહેશે.

અંબાલાલ ચંદ્રશંકર દેસાઈ.

કૉલેજની રજામાં.

ધી મહાલક્ષ્મિ ટ્રે. કૉલેજના કમ્પાઉન્ડમાં સુંદર વસ્ત્રથી શણગારાયલી અને આનંદી દેખાતી કન્યાઓ આમતેમ ફરતી હતી. આઠ દસ વર્ષની ઉમ્મરથી માંડીને તે છેક સત્તર અઢાર વર્ષની છોકરીઓ ત્યાં જોવામાં આવતી હતી. અત્યારે બપોરની આરામની રજા પડી હતી, તે સમયે સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વખત ગાળતાં હતાં. ખાલી ક્લાસની અંદર સોળેક વર્ષની એક છોકરી પોતાની ડ્રૉઇંગબુક લઇ અંદર કાંઇ ચીતરતી હતી, તેવામાં પાછળથી કદાવર બાંધાની ગૌર વર્ણની ચૌદેક વર્ષની એક બાલિકા દોડતી આવી, અને પેલી ડ્રૉઇંગ ચીતરતી બાલાને ખભે બે હાથ મૂકી દીધા. આ બનાવ એટલો તો સપાટાબંધ બન્યો કે તે ડ્રૉઇંગ ચીતરતી બાલાને કાંઇજ ખબર પડી નહિ. અને ખભા ઉપર સ્પર્શ થવાથી એકદમ ચમકી અને રંગની પ્યાલીને હાથનો આંચકો લાગ્યો અને ડ્રૉઇંગ બુકમાંના સુંદર ચિત્રનો મોટો ભાગ રંગથી બદલાઇ ગયો. આ જોતાંજ પેલી ઉન્મત્ત બાલાનું મ્હોં પણ ઉતરી ગયું અને તદન રારનિંદી બની ગઇ અને બોલી, જ્યોત્સ્ના બ્હેન મને માફ કરો, ભાઇ સાહેબ, હું અને સરલા રમતાં હતાં, તેમાં કાંઇ તકરાર પડી, અને અમારા

રોજના નિયમ પ્રમાણે તમારી પાસે તેનો નિવેડો આણવવાના હેતુથી હું દોડતી દોડતી તમને ખોળવા આવી, અને તમે તો રજામાંએ કલાસમાં બેસી કાંઇનું કાંઇ કરતાંજ હશો એમ ખાત્રી હોવાથી હું અહીંજ આવી, પણ મ્હને ખબર નહિ કે તમે ડ્રોઇગ ચીતરો છો, નહિ તો આમ ના થવા દેત. બોલો, જ્યોત્સ્ના બ્હેન, મારા ઉપર ખોટું લાગ્યું છે?

જ્યોત્સ્ના—સરોજ! તું જો કે મારી નાની બ્હેન સરલા કરતાં વર્ષ દહાડોજ મોટી છું, છતાંએ જાણે હું તને મ્હારી બરોબરીયણ ગણું છું. અને બ્હેન કરતાં પણ વધારે બ્હેનપણીનો ભાવ હું તારી તરફ રાખું છું. હું જાણું છું કે ત્હેં કાંઇ આ જાણીજોઇને તો નથીજ કર્યું. પણ તને ખબર છે કે મ્હારી કેટલા દિવસની મહેનત ઉપર ધૂળ વળી છે? જો, તું આ ચિત્ર જો, કોનું છે એ?

સરોજ—(ચિત્ર જોઇને) એ તો રમણલાલનું છે, તમારા વિવાહિત પતિનું છે જ્યોત્સ્ના બ્હેન, ખરેખર આતો માફ ના થાય એવો ગુન્હો મારાથી થયો છે, અને વળી રંગ પડયો છે પણ કપાળ ઉપર. ખરેખર જ્યોત્સ્ના બ્હેન મને મારી જાત ઉપર બહુજ ગુસ્સો ચઢયો છે હું હજી છેક આવીજ કેમ રહી હોઈશ. મારા મનથી તો હું બહુએ ડાહી થવા જાઉં છું, પણ આ દોડવાનું કે કુદવાનું કે એવું કાંઇ આવે છે, ત્યારે હું ભાન ભૂલી જાઉં છું. મને તેમાં બહુજ આનંદ પડે છે, ઘણી વાર તો એમજ થઈ જાય છે કે હું છોકરો હોત તો કેવી મઝા પડત!! કૉલેજમાં ફુટબોલ અને ક્રીકેટ રમે છે, તે બધું રમવાની કેવી મઝા પડત!! પણ જ્યોત્સ્ના બ્હેન, મ્હેં આ તમને નુકશાન કર્યું છે તેની જે સજા તમારે મ્હને કરવી હોય તે કરો. હું તે ભોગવવા કબુલ છું.

જ્યોત્સ્ના—બોલ, સરોજ બોલ, હું કહું તે કરવા કબુલ છું?

સરોજ—હા, જરૂર મ્હેં ગુન્હો કર્યો છે અને તેનું ફળ પણ મારેજ ભોગવવું જોઇએ.

જ્યોત્સ્ના—બેસ ત્યારે સરોજ, જરી અહિં બેસ. જે થયું તે ના થયું થવાનું નથી અને તેથી ગુસ્સે થવામાં કાંઈ સાર નથી. વળી જો આ છબીમાંનું હસતું મુખ મારી સામે છે ત્યાં સુધી તો ગુસ્સે થવું અશક્યજ છે. છેલ્લા છ મહિનાથી અમારો વિવાહ થયો છે ત્યારથી જે એ ત્રણ ગુણના એ ખાસ વખાણ કરે છે તેમાં શાંતિનો ગુણ મુખ્ય છે. માટે જો હું શાંતિ ના રાખું તો એમની મરજી વિરુદ્ધ વર્તન થાય અને તે આપણને શોભે નહિ. માટે...

સરોજ—(એકદમ વચ્ચેથી બધું ભુલી જઇ હસતી હસતી બોલી ઉઠી) ઓહો! અમારા શાણા દેખાતા રમણલાલભાઈ પરણ્યા પહેલાંએ તમને કાગળ લખે છે કે શું? ડાહ્યાડમરા મ્હારા ભાઈ એલ. એલ. બી. ની ટર્મ ભરતાં ભરતાં કાગળો ઠીક લખે છે કહેવાદે મારીને.

જ્યોત્સ્ના—સરોજ, સરોજ, હજી તું છેક નાદાનજ રહી. જેની સાથે આખું જીવન ગાળવાનું છે, જેની સમીપ રહી સંસારની મહા યાત્રા કરવાની છે, તેની પાસે રહેવા જતાં પહેલા જો હું એમને અનુકૂળ, એમને પસંદ પડતા ગુણથી વિભુષિત થાઉં તો તને નથી લાગતું કે અમારો સંસાર સુખમય રહે અને અમારામાં ભિન્નતા ના રહે? હું ઇશ્વરનો ઉપકાર માનું છું કે મારો સ્વભાવ સુધારવાનો આ અવસર મને મળે છે અને આ રીતે અરસ્પરસ અમારો પ્રેમ વધે છે. પણ આતો હું મારી વાતમાં પડી. પણ મારે તો તને તારી પોતાની બાબતમાં બે બોલ કહેવા હતા.

સરોજ—હા, કહો. અને હું જરૂર તે શાંતિથી સાંભળીશ.

જ્યોત્સ્ના—જો બ્હેન, કાલે હું ત્હારાં બા પાસે આવી હતી અને તે વખતે મારે મ્હોઢે એમણે તારા સંબંધી બહુ વાત કરી. તને ચૌદ વર્ષ પૂરાં થયાં છતાંએ તું હજી આવી બાળચેષ્ટાવાળી રહીછું તેથી તે બહુ ચિંતા કરતાં હતાં.

સરોજ—મ્હારી બાને તો મારો વાંક કાઢવાની ટેવ પડી છે. હું શી બાળચેષ્ટા કરૂંછું તે? મ્હારૂં બધું લેસન પરવારી હું ઘરનું કામ પણ કેટલું બધું કરૂ છું. જુઓ જ્યોત્સ્ના બ્હેન! આ મારૂં લુગડું તમે કોઇ દિવસ મેલું જોયું છે. હું મારાં બધાં કપડાં જાતેજ ધોઉંછું. વળી જ્યારે ફુરસદ ભરવાની હોય છે ત્યારે તો બાનેજ પુછજો કેટલું કામ કરૂંછું તે. આ વખતના અથાણા તો બધાં મ્હેંજ નાંખ્યા છે. અને બા પોતે પણ કહેતી હતી કે એના કરતાં મારી નજર સારી પહોંચે છે. પણ આ બધું પરવારીયે પછી પણ જરાક રમીયે નહિ? પણ બાની મરજી તો એમ કે જાણે એ નાતમાં બધાને જોવા જાય કે દર્શન કરવા જાય ત્યાં બધે હું એની સાથે જાઉં અને ડાહી ડમરી થઇને બેસી રહું અને બધા બુઢાખોખલાની વાતો સાંભળું, તે તમેજ કહોને કે આપણને ગમે? આપણે તો પરવારી કરીયે મઝા. ભાઇને ને બહેનને બે જણાને લઇ, જઉં અમારી છીંડીમાં ને કરૂં દોડાદોડ.

જ્યોત્સ્ના—પણ સરોજ તારી બા તે વિષેજ વાત કરતાતાં કે શું ધમાધમ બહુ કરે છે હવે તું મોટી થઇ તે તને એવું ના શોભે. નાતના બધાં તારી વાતો કરે તે સારૂં કહેવાય?

સરોજ—તે એમાં ખોટું શું છે. મ્હારા બાપાજીએ તો મને સંદર પરવાનગી આપી છે કે છોડી આટલી મોટી છે તો ત્યાં બેડમિન્ગ્ટનની ગોઠવણ કરવી અને મોટા ભાઇયે એમ કર્યું પણ છે, તે હું, મોટાભાઇ અને નાનું ત્રણે જણ ઘણીવાર રમીએ છીએ. છોકરીઓના શરીર બગડવાની બધાં વાતો કરે છે, લાંબા લાંબા ભાષણો આપે છે અને આટલી કસરત હું કરૂં છું તેમાં ટીકા-વાતો શેના કરે છે?

જ્યોત્સ્ના—પણ બ્હેન જો હવે તો બધાએ વિચાર કરવાનો=દારી-બા કોઇને જન્મક્ષર આપવા જાય એટલે લોકને ફાવે તે બોલે

સરોજ—હું! હવે સમજી. એમ કહોને કે મારા વિવાહ સંબંધી વાતમાં બા ચિંતા કરતી હતી. (આટલું બોલતા એના મોં ઉપર ગંભીરતા પ્રસરેલી લાગી અને એનો ઘાંટો પણ બદલાઇ ગયો) જ્યોત્સ્ના બ્હેન! હું દેખાઉં છું તેવી કાંઇ છેક નાદાન નથી. એકવાર બાપાજી ને બા, એ સંબંધમાં વાત કરતા હતા તે મારા સાંભળવામાં આવી હતી. કોઈ બરાબર જવાબ આપતું નથી અને જરાયે ખુલાસો કરતું નથી એમ બા નિરાશ થઇને બોલતી હતી. અને કહેતી હતી કે અંદર સુંક પૈસાની છે. કોન્ફરન્સમાં વરવિક્રય સામે ભાષણ કરનારા અને સુધારાના ખાં, અને નાતમાં એકઠા કરી બ્રહ્મહત્યાના સોગન ખાનારા, મુત્સદ્દી હોવાનો ફાંકો રાખનારા અને સત્યવાદીના પુતળાં બધાને ઓકાવાય એટલી રકમ ઓકાવવાની મરજી હતી. બાપાજી પણ ચિંતાભરત મોઢે કહેતા હતા કે બધું મળી રૂપિયા ત્રણ હજારનું ખર્ચ આવશે. બ્હેન! જે દિવસની આ વાત સાંભળી છે તે દિવસથી મારા મનમાં એ સંબંધી-લગ્ન સંબંધી ઘણાજ વિચાર આવ્યા કરે છે, અને લગ્ન કર્યુંજ ના હોય તો સારૂં એમજ થઇ જાય છે.

જ્યોત્સ્ના—બ્હેન! એમ આકળાં થઇને અભિપ્રાય બાંધી દેવો જોઇયે નહિ: લગ્ન એ શું છે. એ સંસ્થા દરેક દેશમાં શી રીતે દાખલ થઈ છે, સમાજમાં તેની શી જરૂર છે, એ વિષે વિવેચન શ્રીમતી યમુનાદેવીએ આપ્યું હતું તેતો તને યાદ હશે. વળી આ ઉપરાંત આપણામાં તો સ્ત્રીજાત તદન પરાધીન છે. પોતાના ભરણપોષણ માટે તેમનો બધો આધાર પુરૂષપરજ છે. કાયદામાં પણ છોકરીનો ભાગ પોતાના ભાઇની સાથે બાપની મીલકતમાં પડતો નથી, એટલે એ વીચાર પણ કરવાનો.

સરોજ—બ્હેન, એ વીચાર તો મેં કર્યો છે. આપણે બાપાજીની મીલકતમાં ભાગીયા છીયે નહિ અને એમાં ભાગ મારે જોઇતો પણ નથી. જુઓ, ફક્ત આપણે ભણી શકીએ તો ખાવાપીવા જેટલું રળી ખાઇયે અને ઠેક બી. એ. સુધી ભણાવે નહિ કે ભણાય નહિ તો એક બીજો પણ રસ્તો છે. હજી મારી ઉમર ચૌદ વર્ષની છે. બે વર્ષ પછી હું સોળની થઇશ અને મેટ્રીકમાં આવીશ. આ વખતે મારો વિચાર ગુજરાતી મેહેતી થવાનો—અભ્યાસ કરવાનો છે. ત્રણ વર્ષમાં તે થઇ શકે અને વચમાં બને તો મેટ્રીકમાં પણ પાસ થઇયે તો પછી ખાવામાં વાંધો પડે નહિ.

જ્યોત્સ્ના—વાહ ! વિચાર તો બહુ લાંબો કર્યો છે. ભરણપોષણ માટે તો તું કહે છે તેજ રસ્તો છે. કમનસીબે આપણે અહીંની કેળવણી બહુ ધીમી અને ખાસ કમાવાલાયક કરે તેવી નથી. છતાંએ તું કહે છે તે એક રસ્તો છે ખરો. પણ લગ્નના સંબંધમાં ફક્ત જાતનું પૂરું કરવું તેજ એક વિચાર કરવાનો નથી. તે સંબંધમાં તો ઘણી રીતના વિચાર કરવાના છે

સરોજ—અરે કમાવા સંબંધમાં તો મેં ઘણાએ વિચાર કર્યા છે. જ્યારથી આ વિચાર મારા મનમાં આવ્યા છે, ત્યારથી ફેશનબંધ ગોલકાં બધાં આપણે કોરાણે મૂકયાં છે. સાદાં અને સ્વચ્છ કપડાં પહેરવાં એજ નિશ્ચય કર્યો છે, એટલે ખર્ચ તો ઓછો થઇ જવાનો. તે સાથે મારાં કપડાં હું જાતે શીવી લઉં એટલી આવડ મારામાં છે. આ ઉપરાંત તોરણ, પડદા ભરતાં પણ શીખી છું અને જરા મેહેનત કરૂં તો સરસ કામ થાય, અને સારી કીંમતે તે વેચી પણ શકું.

જ્યોત્સ્ના—ઓ તારીની, આ તો દેખાય છે નાહાન પણ છે વિચારવંત. ખરેખર આ બધી તારી વાત સાંભળી તારા ઉપર મને બહુ વ્હાલ આવી જાય છે. પણ જો મેં તને કહ્યું તેમ પેટ ભરવું તેજ કામ આપણે જન્મી કરવાનું નથી. જેમ જેમ યુવાવસ્થા આવશે તેમ તેમ પ્રેમના અંકુરો તારા હૃદયમાં ફુટશે. તે અંકુરોને ટકવવા અને તેને સન્માર્ગે રાખવા ત્હારે કોઇ પ્રેમના સ્થાનની જરૂર પડશે. વળી સમાજની સ્થિરતા માટે તેમજ નીતિના રક્ષણ સારૂં સ્ત્રી અને પુરૂષ બંનેને લગ્નની જરૂર છેજ. તેમ આપણા શાસ્ત્રમાં પણ ગ્રહસ્થાશ્રમને શ્રેષ્ટ કહ્યો છે, કારણ કે તે આશ્રમ ઉપરજ સમાજનો ખરેખરો આધાર રહેલો છે, તે આશ્રમમાં રહીનેજ યોગ્ય માતપિતા હોય તો દેશનું ભવિષ્ય ગઢે છે. તે અવસ્થામાં માતા પિતા—ખાસ કરીને માતા જો

પોતાના બાળકને યોગ્ય ગૃહ શિક્ષણ આપે તો તેનામાં જ્ઞાન, નીતિ અને ચારિત્ર્યનાં બીજ રોપાય, અને તેથી ભવિષ્યની પ્રજા ઘણી ઉત્તમ થાય. બ્હેન ! ગૃહિણીનાં કર્તવ્ય કાંઈ જેવાં તેવાં નથી, તેમ તેની મહત્તા પણ ઓછી નથી. માટે તું જુવે છે તેમ સમાજની સ્થિરતા માટે, સંસારની વૃદ્ધિ માટે, નીતિના રક્ષણ માટે, ભવિષ્યના કલ્યાણ માટે લગ્નની તો જરૂર છેજ. લગ્નથી ગંઠાયલા દંપતિ તો સંસાર રથના બે ચક્ર સમાન છે. એ ચક્ર ઉપરજ સંસારનો આધાર છે, અને એ સંસાર રથ કાંઇ એક પૈડાંપર ચાલી શકે નહિ

બ્હેન ! બ્હેન ! આજે તમે મારી આંખ ઉઘાડી છે. ઘણી નવી બાબતો તરફ મારૂં લક્ષ દોર્યું છે. તમે કહી છે તે દરેક બાબત ઉપર હું વિચાર કરીશ.

જ્યોત્સ્ના—નિરાંતે વિચાર કરજે. શક પડે ત્યાં મને પૂછજે. હજી કાંઈ ઉતાવળ નથી, તારી ઉમ્મર નાની છે હમણા તો દ્રઢતાથી અભ્યાસ કર. જ્ઞાન વૃદ્ધિ કર. બે ત્રણ વર્ષમાં કાંઇ ધાડ નથી. સત્તર અઢારે લગ્ન કરવાનું છે. પણ સાથે સાથે આવી બાબતોપર વિચાર પણ કરવો, અને જરૂર પડે આપણે ચર્ચા પણ કરીશું.

સરોજ—ઉપકાર થયો બ્હેન, ખરેખરો ઉપકાર. અને તે પણ અપકારને બદલે ઉપકાર. મેં તમારૂં ચિત્ર બગાડયું તેના બદલામાં મને કેટલો લાભ આપ્યો ! પણ રમણભાઇને કાગળ લખો ત્યારે છબી બાબતમાં મારી દીલગીર બતાવજો. પણ બ્હેન કાગળ કયારે લખો છો (જરા ટીખળી મોં કરી) રોજ ને રોજ કની ?

જ્યોત્સ્ના—(લાડથી લપડાક મારી) જા, જા, ગાંડી. જો ઘંટ વાગ્યો. જા તારી કલાસમાં. "K."

ત્રિમાસિકમાં વાર્તા કેવી જોઇએ ?
એ બાબત એક સૂચના.

(પ્રો. બળવંતરાય ક. ઠાકોર, બી. એ.)

દરેક અંકમાં ટુંકી વાર્તા જોઇએ, એ વાત ખરી છે. દરેક અંક જેમ બને તેમ રસિક કરવામાં વાર્તાનો અંશ બહુ ઉપયોગી થઇ પડે એવો છે. પણ આપણા અંક આપણી નાતની દરેક છોકરી અને સ્ત્રી વાંચે, દરેક કાચી વય

કાચી સમજણ અને કાચી બુદ્ધિનો છોકરો વાંચે—અને એ આપણો વાંચક વર્ગ વાર્તાઓ ખાસ વાંચવાનો. આથી કરીને વાર્તાઓની પસંદગી ખાસ સંભાળથી થવાની જરૂર છે. અનીતિના સૂચનવાળી વાર્તા કે કેવળ મદનકથા કે શૃંગાર અને કરૂણારસની લાગણીનેજ લલકારનારી વાર્તા આવા પત્રમાં ન જોઇએ. બોધક, વીરરસની, વ્યવહારકુશળ, નાની, ધીરજની, કુટુંબ સ્નેહની, સ્નેહીઓની સેવાની, અને કર્તવ્ય બુદ્ધિને ઉત્તેજે એવી વાર્તાઓ પસંદ થવી જોઇએ. શૃંગાર અને કરૂણારસ એમાં નજ જોઇએ એવું મ્હારૂં કહેવું નથી, પણ એ રસ ગૌણ સ્થાને હોય એવીજ વર્તાઓ આપણે જોઇએ. આવી વાર્તાઓની ખોટ નથી. ઈંગ્રેજીમાં, બંગાળીમાં, મરાઠીમાં આવી અસંખ્ય વાર્તાઓ પ્રસિદ્ધ થઇ ચુકેલી છે અને થાય છે. એમાંથી પસંદ કરવામાંજ માત્ર જે તે કાંઇ સંભાળ રાખવાની છે. વળી ઘણીખરી હિંદુસંસારને ઉદ્દેશીનેજ લખાએલી કે હિંદુસંસારને લાગુ પાડવામાં જરાયે મુશ્કેલી ન પડે એવી વાર્તાઓ મળી શકે છે.

* * * * * * * * *

પણ દરેક અંકમાં એક ટુંકી વાર્તા જોઇએજ એવો દૃઢ નિયમ કરી દેવાની જરૂર જોતો નથી. કોઇ કોઇ વાર વાર્તાને બદલે તેટલોજ કે તેથી પણ વધારે રસિક વિષય મુકી શકાય. જીવનચરિત્રોમાંથી અને દુનિયામાં બનતાં બનાવોમાંથી સરલ, વર્ણનાત્મક, રસિક અને બોધક ટુંકા વિષયો પસંદ કરીને મુકાય અને પસંદગી સારી હોય તો તેવા વિષયો પણ વાર્તાના જેટલાજ આકર્ષક નીવડે. તેમજ ભાષણો, નિબંધો અને પુસ્તકોમાંથી ઉતારા પણ વાર્તાનું સ્થળ લઇ શકે.

ચર્ચાપત્ર.

એક હાનિકારક રિવાજ.

બ્ર. ત્રિ.ના મહેરબાન અધિપતિ સાહેબ,

આપણી નાતમાં દોઢ વર્ષની ઉમ્મરે પહોંચતાં પહેલાં ગુજરી ગયેલાં બાળકોને સ્મશાનભૂમિમાં લઈ જવાની ચાલુ રીત ઘણીજ વખોડવા જેવી છે.

ગમે તેવા ચેપી રોગથી મરણ પામેલાં બાળકને ખભે નાંખી લઇ જવામાં ઉંચકનારને તે રોગ લાગુ પડવાનો કેટલો ગંભીર ભય રહે છે, તેનો વિચાર આપણા જેવી સમજુ અને કેળવાએલી નાતે હજુ સુધી કર્યો નથી, એ અફ્સોસકારક છે અને તે હવે સત્વર કરવો ઘટે છે.

કોઇ કોઇ વાર તો એમ પણ બને છે કે બિચારા ઉંચકી લઈ જનાર મનુષ્યના કપડાં તથા શરીર મરણ પામેલાં બાળકના લોહી કે લાળથી ખરડાય છે. પોતાની આ દશા જોઇને કદાચ મેઘલી કે અંધારી રાત્રે સ્મશાનભૂમિમાં હુએલા એકલડોકલ મનુષ્યના મનની સ્થિતિ કેવી થાય તેનો ખ્યાલ આણવાનું આપના વિચારશીલ વાંચકોને સોંપું છું.

બાળકના શબને ખભાપર ઉંચકી જવા કરતાં એકાદ વાંસપર બાંધી લઇ જવામાં ઉપલી જંગલી રીતથી ભય ઓછો છે અને તે ઉપરાંત એથી ઉંચકનારને સુગમ પડે છે.

આપણી ન્હાનકડી નાતમાં સુભાગ્યે અત્યારે દશ, બાર ડાકટરો છે ને તેઓની પવિત્ર ફરજ છે કે તેમણે પોતાનાં સગાંવહાલાં તથા દરદીઓને આ બાબતમાં વખતસર ચેતવણી આપવી.

બીજું હિંદુઓની શબને અગ્નિદાહ કરવાની રીત ઉત્તમ છે એમ આજ સૌ કોઇ સ્વીકારે છે; છતાં સુધરેલા બ્રહ્મક્ષત્રિયો જે બાળકનું એક કલાક આગમજ પોતાના વ્હાલામાં વ્હાલા ફરજંદ તરીકે જીવની પેઠે જતન કરતા હતા તેજ બાળકને જમીનમાં દાટી, એના કુમળા શરીરને માટી, પથરા-ઇ. થી કચરી, રાત્રે શીયાળો અને કુતરાંઓનું ભક્ષ થવા, ચુંથાવા અને ફેંદઈ જવા નાખી આવે છે તે તેમને જરૂ પણ છાજતું નથી.

ભવિષ્યમાં આવી રોગજનક અને નિર્દય રૂઢીમાંથી પ્રભુ આપના વાંચોને ઉગારો એ પ્રાર્થના સહિત આ ટુંકો પત્ર સમાપ્ત કરૂં છું—ઇતિશમ્.

I. H.

પ્રાસંગિક નોંધ

પારસી કોન્ફરન્સ.

જરથોસ્તી લોકોએ મુંબઈની અંદર તેમની કોન્ફરન્સ થોડાએક સમય ઉપર મેળવી હતી. તેમાં તેમની કોમના હિતના ઘણા ઠરાવ પસાર થયા હતા અને તે ઉપર વિદ્વત્તા ભર્યાં ભાષણો પણ અપાયાં હતાં. આ ઠરાવોમાંનો એક એ હતો કે મુંબઇની જુદી જુદી નિશાળોમાં અભ્યાસ કરતાં પારસી બાળકોની વૈદક તપાસ કરવી અને તેનું પરિણામ દરેક બાળકના વાલી ઉપર દાકતરની સૂચનાઓ સાથે મોકલી આપવું. આ ઠરાવને અનુસરી કોમની દાઝવાળા દાકતરોએ આ પારસી બાળકોની મફત તપાસ કરી છે. આ તપાસથી ઘણોજ લાભ થવાનો સંભવ છે. ઘણીવાર બાળકોની આંખો જરા ખરાબ હોય છે, કે હૃદય નબળું હોય છે, અથવા તો બરોળ સ્હેજ વધેલી હોય છે, તે તરફ ખાસ કારણ શિવાય ઘણા માબાપનું ધ્યાન દોરાતું નથી. પરંતુ આવી નિયમિત તપાસ થવાથી તે બધું જણાઇ આવે, અને માબાપનું તે તરફ ધ્યાન ખેંચાતા વખતસરના યોગ્ય ઉપાય પણ થઇ શકે. આ વાત દરેક નાતે ધ્યાનમાં લેવા જેવી છે.

ભાટીયામાં બે તડ

આજકાલ મુંબઇમાં ભાટીયા જ્ઞાતિ સર્વનું ધ્યાન ખેંચી રહેલી છે પરદેશગમનના પ્રશ્ન ઉપર તે જ્ઞાતિએ મોટો ઝઘડો ઉઠાવ્યો છે. કેટલાએક ગ્રહસ્થો ઇંગ્લાંડની મુસાફરી કરીને પાછા ફર્યા અને પોતે પ્રાયશ્ચિત કરીને નાતની અંદર દાખલ થવા અરજ કરી. પરંતુ નાતના મહાજને એ અરજ ઉપર ધ્યાન આપ્યું નહિં, અને લાંબા વખત સુધી એ અરજનો નિકાલ કરવા નાત એકઠી કરી નહિ. આનું કારણ પરદેશ ગમન તરફ અણગમાનું હશે. પરંતુ મુખ્ય કારણ તો અમુક માણસો તરફ અદેખાઇ, અને કાંઇક કારણને લીધે તેમને સતાવવાનો વિચાર એજ હતું. આ ઘણી નાતોમાં જોવામાં આવે છે. મુખ્ય પ્રશ્નનો નિવેડો આણવાની દરકાર કોઇને હોતી નથી. પણ પોતપોતાના ખાનગી વેર વાળવાનો અવસર નાતની અંદર લાગવગ ધરાવનારા માણસો લઈ લે છે. આ પ્રમાણે ન્યાયની દૈવી સત્તાનો દુરૂપયોગ થાય તેનું પરિણામ સારૂં આવેજ નહિ. ભાટીયાઓની સંખ્યા ઘણી વધારે છે અને તેથી ન્યાય બુદ્ધિવાળા, અને પરદેશગમનના તથા એવાજ બીજા સુધારાના હિમાયતીઓની સંખ્યા પણ ઘણી સારી નિકળી આવી, અને તેઓએ પોતે

એક ઉત્તમ બંધારણવાળું નવું મહાજન ઉભું કર્યું અને તે સાથે યોગ્ય ભાટીયા યુવકોને પરદેશ મોકલી સારી કેળવણી આપવા માટે એક ફંડ ઉભું કર્યું. આ ફંડમાં લગભગ એક લાખ રૂપીઆ ભરાઈ ગયા છે. ખરા સુધારાના હિતને માટે આવાં વ્યવહારૂ પગલાં ભરવા માટે અમે આ નવા મહાજનના આપણા ભાટીયા ભાઈઓને અભિનંદન આપીએ છીએ

કપોળ ભાઈઓ. ભાટીઆએ આ પ્રમાણે ઝઘડો કર્યો, ત્યારે બીજી તરફથી મુંબઈના કપોળોએ ઘણોજ સારો દાખલો બેસાડ્યો છે. તે નાતના એક યુવક ઇંગ્લાંડ જઇ બારીસ્ટર થઈ આવ્યા તેમને કપોળ નાત સમસ્તે ઘણો હરખભર્યો આવકાર આપીને પોતાની અંદર દાખલ કર્યા છે. આપણે, કે જેઓએ આજથી સત્તર અઢાર વર્ષ ઉપર આપણા વિલાયત જઇ આવેલા બંધુઓને હર્ષભર્યો આવકાર આપી નાતમાં દાખલ કર્યા હતા તેઓને આ વાતથી ઘણોજ આનંદ થયો છે. બીજી નાતો પણ આ ઉપરથી બોધ લઈ, જમાનાને અનુસરી યોગ્ય પગલાં લે તો સારૂં.

સાહિત્ય સેવા. ગયા અંકમાં આપણા નાત ભાઇઓએ તરતના રચેલાં ચાર પુસ્તકો સંબંધી નોંધ લેવાઇ હતી છેલ્લા ત્રણ મહિનામાં વળી એક ભાઇયે તેમાં ઉમેરણ કર્યું છે રા. કલ્યાણરાય વજરાય દેસાઇએ કવીવર શેકસપીઅરના ઉત્તમ નાટક રોમિઓ અને જુલિયટનું ગુજરાતી પદ્યમાં ભાષાંતર કરી પ્રસિદ્ધ કર્યું છે. પ્રેમકથાઓમાં ઉત્તમ સ્થાન ભોગવતા આ નાટકના વસ્તુ વિષે તો કાંઇ કહેવાનું હોયજ નહિ. પણ ભાષાંતર કરનારનો પ્રથમજ પ્રયાસ હોવાથી પુસ્તકની અંદર કેટલાએક દોશ રહી ગયા છે. અંદર ગુજરાતી ભાષામાં ઇંગ્રેજી વાક્યરચના આવી ગઇ છે. આ સંબંધી બીજી આવૃત્તિમાં રા. કલ્યાણરાયને યોગ્ય ધ્યાન આપવા વિનંતિ છે. છતાં પુસ્તક એકંદરે સારૂં છે. આ પ્રમાણેના સાહિત્યપરિશ્રમમાં તેમને અને બીજા બંધુઓને સતત વળગી રહેવા અમે આગ્રહ કરીએ છીએ.

સ્નેહલતાનું આત્મદહન. અત્યાર સુધીમાં તો આપણે સર્વેએ આ વિષયમાં ઘણું સાંભળ્યું તથા વાંચ્યું છે. આ અંકમાં એ વિષેનો હેવાલ તથા એ વિષે જે બીજાં લખાણ છે તે તરફ અમે વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ. પોતાના લગ્ન માટે, પોતાનાં સાસરીઆંને પહેરામણી આપવા માટે, તેના પિતાને કુટુંબનું ઘર, કુટુંબનું એક માત્ર રહેઠાણ ગીરો મૂકવા જવું પડ્યું તે આ ચતુરબાલા સહન ન કરી શકી અને એ અટકાવવાને માટે એણે પોતે બળી મરીને વરવિક્રયની

રાક્ષસી રૂઢીને પોતાની આહુતી આપી. એ તો બળી ગઇ પરંતુ એ બળતી આગમાંથી ઉડેલા તનખાએ અત્યારે આખા હિંદુસ્તાનના હિંદુ સંસાર સમાજમાં અનન્ય આત્મજ્યોતિ પ્રકટાવી છે, અને સ્વાર્થ, લોભ અને લક્ષ્મીના મોહમાં અંધ થઇ ગએલા ઘણાનાં ચક્ષુ ખોલ્યાં છે. લગ્ન વખતે કન્યાવાળાઓને દબાવી, દબાવી, પૈસા લેવાથી સમાજને કેટલું નુકશાન થાય છે તે તરફ બધાનું ધ્યાન ખેંચાયું છે, અને દેશના ઘણા ભાગોમાં આ રૂઢી તરફ તિરસ્કાર બતાવવા જાહેર સભાઓ મળી છે અને સ્નેહલતા દેવીનું સ્મારક રાખવા હીલચાલ થઇ છે. કલકત્તામાં કૉલેજ સ્કવેરમાં, ટાઉન હોલમાં તથા અલ્લાહબાદ, કાશી અને બીજા ઘણાં ગામોમાં આવી સભાઓ મળી છે. પુનામાં પણ વિદ્યાર્થી અને બીજાઓની એક મોટી સભા ભરાઇ હતી, અને તેમાં એક મુસલમાન બાનુ વિદ્યાર્થીએ ઘણુંજ સરસ ભાષણ કર્યું હતું. આ બધી સભાઓમાં વિદ્યાર્થી અને યુવક વર્ગે ઘણો આગેવાનીભર્યો ભાગ લીધો હતો એ શુભ ચિન્હ હતું. વળી કલકત્તાની સભાનો હેવાલ જે પેપરોમાં આવ્યો છે તે તો ખરેજ વાંચવા લાયક છે. અસંખ્ય વિદ્યાર્થીઓએ "અમે અમારા લગ્નમાં પહેરામણી લઇશું નહિ, તેમજ લેવા પણ દઇશું નહિ" એવા સોગન લીધા. એટલુંજ નહિ પણ જે યુવકો પરણેલા હતા, અને જેઓના લગ્નમાં પહેરામણી લેવાઇ હતી, તેઓએ આગળ આવી ગદ્‌ગદ્ કંઠે તે સભાની સમક્ષ કબુલ કર્યું અને તેમાંથી કોઇને સાસરેથી ઘડીઆળ મળી હતી, કોઇને વિંટી મળી હતી, કોઇને અછોડો મળ્યો હતો, કોઇને કંઠી મળી હતી, કોઇને સોનાના બટન મળ્યાં હતાં તે સઘળાઓએ રૂદન કરતાં કરતાં કહ્યું કે અમારે સાસરેથી મેળવેલી આ લુંટ અમે સ્નેહલતા-સ્મારકમાં આપીને અમારા પાપનું પ્રાયશ્ચિત કરીએ છીએ.

આપણામાં વર વિક્રય.

આ બધા હેવાલ વાંચીને આપણે તાળીઓ પાડવાની નથી. સર્વ રીતે આગળ વધતી કહેવાતી, કેળવાયેલી ગણાતી, સુધરેલી મનાતી, આપણી નાતમાં એ આ દુષ્ટ રિવાજ, આ અનિષ્ટ અને હાનિકારક રિવાજ વ્યાપી રહ્યો છે. આ રિવાજને લીધે બીજાઓ પાસે આપણે ઉંચું મોં કરી શકતા નથી. આપણી નાતની કાંઇ સારી વાત થતી હોય છે, ત્યારે બીજી નાતવાળાઓ તરતજ આપણને આ મ્હેણું મારે છે, અને નીચું ઘાલીને આ ખરૂં મ્હેણું આપણે સાંખી રહેવું પડે છે. આ ઉપરાંત આ રિવાજથી જે બીજા સામાજીક અનર્થ થાય છે, તે આપણને પણ વખત આવ્યે નડશે અને અત્યારે પણ

નડવા માંડયા છે. માટે જ્યારે સર્વ આ આત્મ-જાગૃતિ થઇ છે, તે વખતનો લાભ લઇ આ આપણને લાંછનરૂપ, અધોગતિરૂપ, પાપરૂપ, રિવાજને અટકાવવા માટે ઉપાય લ્યો. અને આપણી ઉજળી નાત ઉપરનું આ કાળું કલંક દૂર કરો.

લગ્નની ભાવના. કેળવણીના પરિણામથી સંસ્કૃતના સંસ્કારથી અને ઇંગ્રેજીની અસરથી લગ્ન સંબંધી આપણી અધમ થઇ જતી ભાવના ઉદ્ધાર પામવા લાગી છે, ઉચ્ચ થવા માંડી છે. પરાપૂર્વથી આ આપણી ભાવનાઓ ઘણીજ શ્રેષ્ટ છે. પશ્ચિમના દેશોમાં તેમજ મુસલમાનોમાં લગ્નને એક સાટું-Civil Contract-ગણવામાં આવે છે. પરંતુ આપણામાં-હિંદુઓમાં તે એક ધાર્મિક મત તરિકે લેખવામાં આવે છે. આપણા સુજ્ઞો આપણા લગ્નમાં થતી ધાર્મિક ક્રીયાઓ તપાસશે તો આ વાત સહજ માલુમ પડી આવશે. લગ્ન તે બે આત્માનો સંયોગ છે. લગ્ન તે પૂરા પ્રેમનું પરિણામ છે, એ ભાવના આપણામાં જાગવા માંડી છે. લગ્ન વખતે બોલાતા પારસ્કરના એક સૂક્તમાં પરણનારને એમ બોલવાનું આવે છે કે "મ્હારો આત્મા ત્હારા આત્મા સાથે જોડું છું, મ્હારા પ્રાણ ત્હારા પ્રાણ સાથે, મ્હારા અસ્થિ ત્હારા અસ્થિ સાથે, મ્હારૂં માંસ ત્હારા માંસ સાથે, અને મ્હારી ત્વચા ત્હારી ત્વચા સાથે જોડું છું." આવી ઉત્તમ અને ઉચ્ચ ભાવનાના અભિલાષ હોય, આવા ઉત્તમ લગ્નયોગ સાધવાની ઇચ્છા હોય તો હાલમાં જે મારવાડીની માફક પહુણ થાય છે તે એકદમ બંધ કરો. લગ્ન તો ધાર્મિક મત છે, એ કાંઇ બજારનો સોદો નથી. લગ્ન-એ આત્માનાં લગ્ન-તો પ્રેમના પરિણામ હોવા જોઇયે.

આ પ્રેમનું કારણ તો અંતઃકરણમાંજ ઉદ્ભવે છે. રૂપીયાની કોથળીથી કે સુવર્ણના અલંકારથી તે નથી ઉદ્ભવતું. પિતાએ આપેલા પૈસાથી, ઘરની અંદર થયેલા ઉત્પાતથી, જે કન્યાનું મન ધુંધવાયું હોય તે કન્યા શું સપ્તપદી વખતે લેવાની પ્રતિજ્ઞાઓ ખુલ્લા મનથી લઈ શકે કે? આમને આમ પૈસા લેવાનું ચાલ્યા કરશે તો સાચાં મનનાં જોડાણ થશે કે? માટે દરેક જ્ઞાતિ સજ્જનને આગ્રહપૂર્વક વિનંતિ છે કે આ દુષ્ટ, અનિષ્ટ, પાપી, રાક્ષસ રિવાજને દૂર કરો. આપણી પ્રતિષ્ઠા જાળવો. શુદ્ધ પ્રેમના માર્ગમાંની અડચણો દૂર કરો. લગ્નની આપણી પરાપૂર્વની ઉચ્ચ અને શુદ્ધ ભાવનાઓ જાગ્રત કરો. કન્યાવિક્રય થતો હતો તેની સ્હામે સુધારકોએ કેટલો પોકાર કર્યો હતો, તો આ વરવિક્રય કાંઇ ઓછા ધિક્કારને પાત્ર નથી.

વર વિક્રયનાં કાંઇક કારણ.

આ બાબતની ચર્ચા કરીયે છીયે તે વખતે એના મૂળ કારણ શાં છે ? આપણે ખોળવા પ્રયત્ન કરવો જોઇયે એના કેટલાએક કારણ તો આપણા હિંદૂ સમાજના બંધારણને લઇને છે અને બીજાં કેટલાંએક વ્યક્તિ પરત્વે છે. પ્રથમ તો આપણા સમાજની માન્યતા એમજ છે કે કન્યાએને પરણાવવીજ જોઇએ અને તે પણ અમુક ઉમરની થતાં પહેલાં. ત્યાર પછી આપણી નાતોની સંસ્થા છે અમુક નાની નાતોમાં, ખાસ કરીને આપણા જેવી નાતોમાં તો, વરની પસંદગી ઘણીજ નાની સંખ્યામાંથી કરવાની હોય છે અને તેમાં જ્યારે નજરમાં બેસતો વર હોય ત્યારે પડાપડી થાય છે. અને વળી માબાપો કન્યાની ઉમર વધે એટલે જરા ઉતાવળ હોય છે. આવે વખતે વર વાળા મોંઘા થાય છે અને પૈસાની માગણી કરે છે. આવો લાગ આવે મનુષ્યનો સ્વાર્થી સ્વભાવ સર્વોપરી થઈ જાય છે અને લોભ કોઈ ભાગ્યેજ દબાવી શકે છે વળી વધતી જતી મોંઘવારી પણ આનું એક કારણ છે. સામાન્ય સ્થિતિના માણસો હમેશ જરા જરા તાણમાંતો હોય છેજ એટલે આવો પ્રસંગ આવે ફકત વર્તમાનનોજ લાભ લેવા લલચાય છે અને ભવિષ્ય ભૂલી જાય છે. આ ઉપરાંત પારસી જેવી જાતોમાં છોકરીઓ છોકરીઓ ખર્ચાળ થઇ ગએલી હોવાથી તથા રહેણી કરણીનું ખર્ચ વધી ગયેલું હોવાથી, અને પરણ્યા પછી એ પોતાને માથે પડવાનું છે એમ જાણીને પુરૂષો લગ્ન વખતે પૈસા લે છે.

યુવકોને વિનંતિ.

પરણનાર બંધુઓને આ પ્રસંગે અમે ખાસ વિનંતિ કરીયે છીએ કે આ શરમ ભરેલી રીત અટકાવવા એમણે બનતા પ્રયત્ન કરવા જોઇએ હવે તમારી ઉમર નાની નથી લગ્નની ઉચ્ચ ભાવના તમે સમજી શકો છો. તો શું તમે લગ્ન વખતે વેચાવું પસંદ કરશો ? તમે પૈસા લીધેલા હશે તો તમાર સાસરીઆં તમારે વિષે શું ધારશે ? તમારી પ્રેમાળ પત્નિ તમને કેવા ગણશે ? વળી આવી રીતથી સમાજને કેટલા ગેરલાભ થાય છે ? આ બધાનો વિચાર કરી દૃઢ પણ લ્યો, સોગન લ્યો, નિશ્ચય કરો કે તમારા લગ્ન વખતે પૈસા નજ લેવાવા જોઇએ આ સબંધમાં માર્ચ માસના મૉડર્ન રીવ્યુમાંનો એક ફકરો ખાસ ધ્યાન ખેંચે છે. એમાં લખે છે કેઃ—

"...young men who insult the love and woman hood
" of their wives by demanding doweries or by all-

owing such demands to be made by their parents or guardians are woth less creatures They do not Know what self respect means what manhood means, what love means."

જે યુવકો પોતે પહેરામણી માગીને અથવા તો પોતાના માબાપ કે વાલીને પહેરામણી માગવા દઈને પોતાની પત્નિના પ્રેમનું-તેના સ્ત્રીત્વનું-અપમાન કરે છે તેઓ તદ્દન નિરૂપયોગી પ્રાણીઓજ છે. સ્વમાન એટલે શું, માણસાઇ એટલે શું, પ્રેમ એટલે શું, તેનો અર્થ તેઓ જાણતાજ નથી."

કન્યાઓને આગ્રહ.

આ સાથે પરણનાર બ્હેનોને પણ આગ્રહ કરવાનો છે તેઓ પણ હવે સમજણી ઉમરે પરણે છે. તમે એવી ટેવો પાડો કે કોઇને ભારે ના પડો. કોઇ એમ ન કહે કે એ છોકરીનું ખર્ચ તો મને ભારે પડે માટે પહેરામણીના રૂપીયા આપો. સાદાઈ એજ સૂત્ર રાખો. ફેશનેબલ પોલકાં કે સુંદર સાડીઓજ સ્ત્રીના ભૂશણ નથી પણ સદાચરણ અને કેળવાયલું મન એજ ખરાં ભૂશણ છે. વિશુદ્ધ જીવન અને સારી ટેવો એજ મુદ્રાલેખ રાખજો. વળી દૃઢ મન રાખજો અને બને ત્યાં સુધી અને બને તેટલી કેળવણી લેજો કે પ્રસંગ આવે સ્વાશ્રયથી પણ તમે રહી શકો.

સન્નારીઓને પ્રાર્થના.

આ પ્રસંગે આપણી નાતની સન્નારીઓને ખાસ પ્રાર્થના કરવાની છે. કોઇની પણ પુત્રી માટે પૈસા લેવાય તે સ્ત્રી જાતીનુંજ અપમાન છે. આ વાત એમણે પોતાના પુત્રના લગ્ન વખતે યાદ રાખીને પોતાની જાતિનું અપમાન થવા દેવું નહિજ. ક્ષત્રાણીઓ જો આ વાત મન ઉપર લેશે તો તેઓ જરૂર તે કરી શકશે. વળી આ બાબત ચર્ચવા માટે તેનો પુરેપુરો નિકાલ લાવવા માટે મહિલા પરિષદની પણ ફરી શરૂઆત કરવી જોઇએ માટે તે સંબંધમાં પણ તેઓએ હિલચાલ શરૂ કરવી જોઇએ. વળી એક બીજી પ્રાર્થના એ છે કે તમારે તમારા પુત્રીના લગ્નની અધિરાઇ ઓછી કરવી, નક્કી જાણજો કે જેટલી છોકરીઓને પરણાવવાની ગરજ છે, તેટલી છોકરાઓને પણ છે. વળી તમે કહેશો કે મોટી ઉમ્મરની છોકરી સાચવવી તે તો સાપના ભારા જેવું છે પણ લગ્ન થયા પછી પણ છોકરી ક્યાં પીયર નથી રહેતી. તેને પણ

સાચવવીજ પડે છેને. વળી દુર્દૈવયથી બાળ વિધવા થાય છે, તેને પણ કયાં નથી સાચવવી પડતી. તો કુમારિકાને કાંઇ એવી વિશેષ નહિ સાચવવી પડે. માટે કદિ અધીરા થશો નહિ. વળી આ કુમારિકા અવસ્થામાં તમારી કન્યાઓને કેળવણી આપો. જરૂર પડે તો જાતે નિભાવ કરી શકે તેવી ને તેટલી કેળવણી આપો તો આ કુમારિકા અવસ્થા લંબાય તે વખતે કે આફતના વખતમાં પણ તમારી વ્હાલી દિકરીઓને અડચણ પડે નહિ. એમને નકામા લાડ ન લડાવશો, એમને ખરાબ ટેવો ન પાડશો, એમને સાદાઇ શીખવશો તો સો સારાં વાનાં થશે.

કંકુ અને કન્યા. ઉછેરતા—પરણનાર પુત્રના—માતપિતા! તમને આગ્રહપુર્વક વિનંતિ છે, અંતઃકરણની પ્રાર્થના છે કે તમારા પ્રિય પુત્રને પૈસા માટે વેચશો નહિ પૈસા ભરીને જે કન્યા તમારે ત્યાં આવી હશે તેને તમારે માટે શી લાગણી રહેશે! એના માબાપને દમનાર યમરૂપ તમે લાગશો! એના પીયરીઆને લૂંટનાર લૂંટારા જેવા તમે એને દેખાશો. આવી લાગણીઓ સાથે પુત્ર વધૂ તમે ઘરમાં લાવો. વળી એ મફતનો પૈસો આવે છે, તે વપરાય છે પણ કેવી રીતે તે તપાસજો. એ પૈસાના જોરથી રોકડબંધ વરઘોડા નિકળે છે, અને ભારે જમણવાર થાય છે, એમાં તમારા ઘરમાં શું રહ્યું? બહેતર છે કે તમારી સ્થિતિ પુરેપુરી પહોંચતી ન હોય તો વરઘોડા પણ ન કાઢવો, અને જમણવાર પણ ન કરવા. કોઇને પૈસે તે કરી, આત્માને અધોગતિએ ઉતારવા કરતાં તે ન કરવુંજ સારૂં છે, આપણી અસલની નિઃસ્વાર્થની ઉંચી ભાવના જગાવો અને "કંકુ અને કન્યા" એ સુત્રને સંભારો. દરેક જણ પૈસાદાર કે ગરીબ એવોજ નિશ્ચય કરો કે કંકુ સાથેજ કન્યા લેવી અને તે સાથે બીજું કાંઇજ લેવું નહિ—બીજા કરાની પરવા કરવી નહિ એટલુંજ નહિ પણ અપવા આવે તેને ધરાીને ના કહેવી. કંકુ સાથેજ કન્યા લેનાર ઉંચા કુળનો છે, એમ આગ્રહ સાથે માન્યતા ફેલાવો. આ લગ્નગાળો આવે છે, તેમાં યુવાનો અને વૃધ્ધો, સ્ત્રીઓ અને પુરૂષો, પરણનાર અને પરણાવનાર બધાંએ એકઠા થાવ, નાત ઉપરનું કલંકને દૂર કરો, સમાજને બચાવો અને કંકુ અને કન્યાનો વિચાર બધેજ ફેલાવો. અને આ બાબતમાં સમાજના દૂષણરૂપ ગણાતી આપણી નાતને ભૂષણરૂપ બનાવો.

જ્ઞાતિના ખબર અંતર.

મુંબઇમાં આ વર્ષે ઉજવવામાં આવેલા "હોલિકા સંમેલન" માં રા. જીવણલાલ માધવલાલ ઠાકોરને આસીસ્ટંટ સેક્રેટરી અને રા. મણીભદ્ર નીલકંઠરાય છત્રપતી બી. એ., એલએલ. બી. ને વ્યવસ્થાપક કમિટીના સભાસદ તરીકે નીમવામાં આવ્યા હતા. રા. મણીભદ્રે જુદે જુદે ચાર સ્થળોએ સહકારીપણું, મદ્યપાન નિષેધ વગેરે વિષયો ઉપર ભાષણ આપ્યાં હતાં. રા. જયંતિલાલ માધવલાલ અને રા. કૃષ્ણલાલ ચંદુલાલે મેજીક લૅન્ટર્નનાં ચિત્રો જુદે જુદે સ્થળે દેખાડયાં હતાં, તેમજ રા. બા. ચુનીલાલ હરીલાલ સેતલવડે માંડવી વિભાગ ઉપર હુતાશની નિમિત્તે કરવામાં આવેલા મહોત્સવ વેળાએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું, જે વેળા લગભગ અઢીહજાર સ્ત્રીપુરુષો હાજર હતાં.

અમદાવાદમાં આ વર્ષે ઉજવવામાં આવેલા "વસંત સંમેલન" માં દી. બા અંબાલાલ સાકરલાલ દેસાઇ પ્રમુખ, રા. જીવણલાલ વ્રજરાય દેસાઇ બેરીસ્ટર ઉપપ્રમુખ, રા. ઈશ્વરલાલ નરભેરામ ઠાકોર અને ડૉ. હરિપ્રસાદ વ્રજરાય જોઇન્ટ સેક્રેટરીઝ તથા રા. કૃષ્ણલાલ નરસીંલાલ દેસાઇએ ટ્રેઝરર તરીકે કામ કર્યું હતું. રા. પ્રીતમરાય વ્રજરાય દેસાઇએ વસંત સંમેલનમાં વિદ્યાર્થીઓના મેળાવડાની યોજના કરી હતી; અને રા. હરિપ્રસાદ ટાલાભાઇ છત્રપતી બી એ. એ તે મેળાવડાઓમાં મેજીક લૅન્ટર્નના ચિત્રો દેખાડયાં હતાં.

રા. રા. અંબાશંકર ઉત્તમરામ મલજીને ઉત્તર વિભાગની કોઓપરેટીવ ક્રિડીટ સોસાયટીઓના ઓનરરી ઓર્ગેનાઇઝર તરીકે સરકાર તરફથી નીમવામાં આવ્યા છે.

રા. કૃષ્ણલાલ નરસીંલાલ દેસાઇ એમ. એ., એલએલ. બી. એ પુના ખાતે મળેલી કૉઓપરેટીવ કૉન્ફરન્સમાં "કોઓપરેટીવ હાઉસીંગ" યાને અરસપરસ મદદથી ઘરો બાંધવાની યોજના ઉપર નિબંધ વાંચ્યો હતો; અને ભરૂચમાં મળેલી ખેતીવાડી કૉન્ફરન્સમાં એક નિબંધ લખી મોકલ્યો હતો.

રા. ઇશ્વરલાલ મણીલાલ દેસાઇ (આમોદ) ને ભરૂચની ખેતીવાડી કૉન્ફરન્સ તરફથી ઉતમ જુવારનો નમુનો રજુ કરવાથી બ્રોન્ઝનો ચાંદ એનાયત કરવામાં આવ્યો છે.

રા. નરહરી કુરણારામ દેસાઇ બી. એ. એ ભરૂચમાં મળેલી ખેતીવાડી કોન્ફરન્સમાં એક નિબંધ વાંચ્યો હતો.

રા. પ્રાણલાલ કીરપારામ દેસાઇ બી. એ. અમદાવાદ હ ઈસ્કુલના વિદ્યાર્થીઓને વડોદરા, મુંબઈ, કાલકે વગેરે સ્થળોએ અને રા મોતીલાલ અમુલખરાય દેસાઇ બી. એ. નડીઆદ હાઇસ્કુલના વિદ્યાર્થીઓને આબુની મુસાફરીએ અને રા ફુલ્ણલાલ ગણપતરાય ઠાકોર બી. એ ગોધરા હાઇસ્કુલના વિદ્યાર્થીઓને મુંબઇ વગેરે સ્થળોએ લઇ ગયા હતા.

રા. માણેકલાલ સાકરલાલ દેસાઇ એમ. એ નવસારી પ્રાંત સુબાને શ્રીમંત મહારાજ સર સયાજીરાવ ગાયકવાડના જન્મ દિવસના દરબાર અને માન પાનની લ્હાણીમાં સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો છે.

ડૉ શ્રીકમલાલ નરસીલાલને મેડીકલ ઓફીસર તરીકે હરીહરપુર (મહીસુર પ્રાંત) માં રૂ. ૬૫ ના પગારથી નીમવામાં આવ્યા છે.

રા ચીમનલાલ ચુનીલાલ ભરૂચ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના હેડ કલાર્કની બદલી ખેડાના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના હેડ કલાર્ક તરીકે થઇ છે.

રા અચ્છતરાય ચંદુલાલ ઠાકોરને જમાલપુર ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન ઉપર એન્જીનીયર તરીકે રૂા. ૧૫૦) ના પગારે કાયમ કર્યા છે.

રા. સુરજરામ રતનરામ દેસાઇ (આમોદ) ની નીમણુંક ઓરપાડની કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીમાં થઇ છે.

રા. ઇશ્વરલાલ મણીલાલ દેસાઇ (આમોદ) ભરૂચ જીલ્લાના ખેતી વાડી મંડળમાં સભાસદ તરીકે નીમાયા છે.

સરદાર રા બા. મોતીલાલ ચુનીલાલ દેસાઇ અને રા. રા. રામલાલ મોતીલાલ દેસાઇને ભરૂચ મ્યુનીસીપાલીટીના ત્રણ વર્ષને માટે સભાસદો તરીકે પ્રજા તરફથી ચુંટી કઢાયલા સત્તાવાર રીતે જાહેર થયા છે.

ડૉ. જગજીવનરામ ધ્રુપતરાય સબઆસીસ્ટંટ સર્જ્યનને અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં જનરલ ડયુટી ઉપર મુકયા છે.

ડૉ. રમણીકરાય કદાનદાસ દેસાઇને કેરોદ ડીસ્પેન્સરી મેડીકલ ઓફીસર માંથી બદલી જુનાગઢની સરદાર બખ્તે ડીસ્પેન્સરીના મેડીકલ ઓફીસર તરીકે રૂા. ૫ નાં પ્રમોશનથી નીમ્યા છે

રા. મણીપ્રસાદ કહાનદાસ દેસાઇને પોલીસ ખાતાંમાંથી બદલી જુનાગઢ હાઇસ્કુલના કલાર્ક તરીકે નીમ્યા છે

રા. કુલશંકર બલવંતરાય મુનશીની જુનાગઢ ચીફ-રેવન્યુ ઑફીસમાં નીમણુંક કરવામાં આવી છે.

રા. ગુલાબશંકર છોટાલાલ દેસાઇએ જુનાગઢમાં કેમીસ્ટ અને ડ્રગીસ્ટ તરીકે બીઝનેસ કરવું શરૂ કર્યું છે.

આમોદમાં દશા-વીશા બ્રહ્મક્ષત્રીઓનો જ્ઞાતિ વહેવાર સને ૧૯૧૦ માં બંધ કરવામાં આવ્યો હતો; આમોદની પંચે દશા ભાઇઓ પાસેથી માફીપત્ર લખાવી લઈ તેમની સાથે પુનઃજ્ઞાતિવહેવાર ચાલુ કર્યો છે અને તેની ખુશાલીમાં આમોદ પંચ તરફથી પતાસાં વહેંચવામાં આવ્યાં હતાં.

રા. ઇશ્વરલાલ મજરાય દેસાઇને અમદાવાદ જીલ્લાની કોર્ટોમાં વકીલાત કરવાની સનંદ મળી છે.

રા જયંતિલાલ નરભેરામ ઠાકોર બી. એ. અમદાવાદમાં પ્રોપ્રાએટરી હાઇસ્કુલમાં માસ્તર તરીકે નીમાયા છે.

રા. ગુણવંતરાય હીરાલાલ દેસાઇ બી. એ. ને ઉત્તર વિભાગની કોઓપરેટીવ અર્બન ટ્રેડીન્ગ અને બૅન્કીન્ગ સોસાયટી લીમીટેડના લીકવીડેટર નીમ્યા છે.

રા. કાન્તિલાલ દોલતરાય ઠાકોર બી. એ ને ગુજરાત કોલેજના ફેલો નીમવામાં આવ્યા છે.

રા ચુનીલાલ હકુમતરાય દેસાઇને સરકાર તરફથી રૂ. ૭૫) નું પેન્શન આપવામાં આવશે.

રા. ભગવાનલાલ કેશવલાલ દેસાઇ (જુનાગઢવાળા) પોરબંદર સ્ટેટના મુંબઇ ખાતેના એજન્ટ નીમાયા છે અને ફડચામાં ગએલી મુંબઇની સ્પીસી બૅન્ક લી૦ માં રૂ. ૧૫૦) નાં પગારથી મી. ભાઇશંકર નાનાભાઈ સોલીસીટરના આસિસ્ટન્ટ તરીકે લીકવીડેશનનું કામ કરે છે.

રા. હરિપ્રસાદ પરમોદરાય ઠાકોર અમદાવાદની નેટીવ ઇન્સ્ટીટ્યુશનમાં માસ્તર નીમાયા છે.

રા. રમણીકલાલ અમુલખરાય દેસાઈ બી. એ. અમદાવાદની ધી ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં માસ્તર તરીકે નીમાયા છે.

બ્હેન શારદાગૌરી ચીમનલાલ સેતલવડે ટ્રૅઇનીંગની ફર્સ્ટ ઇયરની પરિક્ષા પસાર કરી છે.

રા. દીનકરલાલ પ્રાણલાલ શંભુલાલ બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની લોકોમોટીવ સુપ્રીન્ટેન્ડન્ટની ઓફીસ મુંબઇમાં રૂ ૩૦) ના પગારથી રહ્યા છે.

રા. નટવરલાલ પ્રાણશંકર દેસાઈની મેન્યુફેક્ચર્સ લાઇફ ઇન્સ્યુરન્સ કું. લી.ની મુંબઇની ઓફીસમાં નીમણુંક થઇ છે.

રા. ઇશ્વરલાલ ગોવિંદલાલ લાખીયાની અમદાવાદથી અજમેર ટેલીગ્રાફ ડીપાર્ટમેન્ટમાં બદલી થઈ છે.

રા. દીનકરરાવ સુરજરામ મહિપતરામની ભરૂચથી વાગરા પોલીસ ફોર્સમાં બદલી થઇ છે.

રા. ઇશ્વરલાલ નરસીંહલાલ દેસાઇ બી. એ. મુંબઈની મીસ પારખ ગર્લ્સ સ્કુલમાં રૂ. ૬૦) ના પગારથી માસ્તર તરીકે નીમાયા છે.

રા. ચીમનલાલ ઉત્તમરામની | બદલી વલસાડથી સુરતની સ્મૉલકૉઝ કૉર્ટમાં થઇ છે.

રા. બળવંતરાય શ્રીપતરાય દેસાઇ (ભરૂચ) એફ. એ. ઝ. માં પાસ થયા છે.

જન્મ.

સૌ.	નિર્મળગૌરી હરરાય મુનશી	ને	પુત્ર	જુનાગઢ.
,,	સવિતાગૌરી નવનીધરાય	,,	પુત્રી	,,
,,	સવિતાગૌરી રૂપલાલ	,,	પુત્ર	અમદાવાદ.
,,	મંગળાગૌરી છોટાલાલ	,,	,,	,,
,,	જયાગૌરી હરિપ્રસાદ	,,	,,	,,
,,	ચતુરલક્ષ્મી બાપાલાલ	,,	,,	,,
,,	જસવંતી ઠાકોરલાલ ઠાકોર	,,	,,	ભરૂચ
,,	નિર્મળગૌરી ચુનીલાલ દેસાઇ	,,	,,	,,
,,	ધનલક્ષ્મી હીરાલાલ દેસાઇ	,,	,,	,,
,,	નંદગૌરી ચીમનલાલ દેસાઇ	,,	,,	,,
,,	હીરાગૌરી ચીમનલાલ	,,	,,	,,
,,	શીવગૌરી ઠાકોરલાલ દેસાઈ	,,	પુત્રી	આમોદ.
,,	સવિતાગૌરી ચીમનલાલ	,,	પુત્ર	સુરત.

મરણ.

ભુપતરાય માણેકલાલ	ઉમર વર્ષ	૭૦	લકવાથી	સુરત
ગં. સ્વ. હરીગંગા (રા. બા ચુનીલાલ વેણીલાલ સી. આઇ. ઇ. નાં વિધવા)	,,	૫૫		ભરૂચ.
સૌ. સવિતાગૌરી કૃષ્ણલાલ દેસાઇ	,,	૨૮	આંતરડાનોરોગ	આમોદ
ભગવંતરાય ગુલાબરાય દેસાઈ (ન્હાનાસાય)	,,	૪૫	ક્ષયરોગ	,,
સૌ. મંગળાગૌરી કુલશંકર દેસાઇ	,,	૨૬	,,	અમદાવાદ.
બાપાલાલ આપાજી લાખીયા	,,	૬૫	ગળાંનો સોજો	,,
બકુ ગુલાબરાય	,,	૫	ત્રીદોષ	,,
હરિપ્રસાદ શ્રીરપારામની પુત્રી	,,	૨	ઓરી	,,
નવનીધરાય લક્ષ્મીશંકર	,,	૨૬	ક્ષય રોગ	જુનાગઢ.
બકુ પ્રાણલાલ ભગવાનલાલ છત્રપતી	,,	૫	કાકાબળીઆ	,,

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક લવાજમની પહોંચ.

વર્ષ ૭ મું.

નકલ.

૨ રા. અંબાશંકર ઉત્તમરામ મલજી ભરૂચ.

૨ રા. ચુનીલાલ હકુમતરાય દેસાઇ (રાધણપુર).

નીચેના ગૃહસ્થો તરફથી ૧ નકલનું લવાજમ આવ્યું છે.

મુંબઇ.

ઑ. મી ચીમનલાલ હરીલાલ સેતલવડ.
રા. બા. ચુનીલાલ હરીલાલ સેતલવડ.
રા. જીવણલાલ માધવલાલ ઠાકોર.
,, જીવણલાલ ચીમનલાલ સેતલવડ.
,, ઠાકોરલાલ ચંદુલાલ ઠાકોર.
,, ચીમનલાલ આર. દેસાઇ.
,, કાન્તિલાલ ભોગીલાલ દેસાઇ.
,, ગોવિંદલાલ નરભેરામ ઠાકોર.
,, વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર.
,, કેશવલાલ હરીલાલ સેતલવડ.
,, ધનવંતરાય માણેકલાલ દેસાઈ
રા. છગનલાલ નરસીંલાલ કાનુંગા.
,, બાલમુકુંદરાય અંબાલાલ દેસાઇ.
,, ત્રંબકરાય નંદવરાય દેસાઇ.
,, કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ.
,, ધીરજલાલ કેશવલાલ ઠાકોર.
,, નટવરલાલ માધવલાલ દેસાઇ.
,, મગનલાલ માણેકલાલ દેસાઇ.
,, મુકુંદરાય બળવંતરાય દેસાઇ.
,, દીનકરરાવ બળવંતરાય દેસાઈ.
,, મણીભદ્ર નીલકંઠરાય છત્રપતી.
,, મદનલાલ ઉમેદરામ ઠાકોર.
,, સાકરલાલ ડાહ્યાભાઇ દેસાઇ.

થાણા.

રા. મણીલાલ અજીતરાય ઠાકોર.

સુરત.

,, શ્રીપતરાય હકુમતરાય ઠાકોર.
,, મોતીલાલ ચંદ્રશંકર દેસાઇ.
,, ભુપતરાય માણેકલાલ.
,, ભુપતરાય ગોવિંદલાલ ઠાકોર.
,, હરરાય અમુલખરાય દેસાઇ.
,, ઉદાલાલ નરસીંગરાય ઠાકોર.
,, ઠાકોરલાલ માણેકલાલ ઠાકોર.
,, માણેકલાલ પ્રાણશંકરરાય ઠાકોર
,, ચુનીલાલ નગીનલાલ દેસાઇ.

ભરૂચ.

રા. રતનલાલ ઘેલાભાઇ દેસાઇ.
,, મુકુંદરાય આત્મારામ દેસાઇ.
,, બળવંતરાય નરભેરામ દેસાઇ.
,, નરહરીલાલ બળવંતરાય ઠાકોર.
,, ત્ર્યંબકલાલ હિંમતરામ ઠાકોર.
,, માણેકલાલ સાકરલાલ દેસાઇ.
,, બળવંતરાય પ્રતાપરાય દેસાઇ.
,, નરભેરામ કીરપારામ દેસાઇ
ડૉ. મંજુલાલ નંદરરાય ઠાકોર.
રા. અંબાશંકર હરપ્રસાદ વકીલ.
,, હીરાલાલ પ્રાણલાલ દેસાઇ.
,, ઈશ્વરલાલ ગીરધરલાલ.
,, ચીમનલાલ હરદેરામ.
મ રા. બા. મોતીલાલ ચુનીલાલ દેસાઇ,
રા ટીકમલાલ બળવંતરાય
,, ચીમનલાલ ચુનીલાલ.
,, મોતીલાલ હરકીસનદાસ
રા. બળવંતરાય નરોતમદાસ.
,, ઠાકોરલાલ રતનરામ દેસાઇ.
,, ગુણવંતરાય હીરાલાલ દેસાઈ.
,, ગીરધરલાલ કેશવલાલ.
,, મોતીલાલ સાકરલાલ.
,, રતીલાલ માધવરામ.
,, નગીનલાલ સાકરલાલ.

આમોદ.

રા. ઇશ્વરલાલ મણીલાલ દેસાઈ.
,, સુરજરામ રતનરામ દેસાઇ.
,, ગુલાબરાય ગણપતરામ દેસાઈ.

વાગરા.

રા. લલ્લુભાઈ લક્ષ્મીરામ દેસાઇ.
,, કૃષ્ણલાલ બળવંતરાય દેસાઈ.
,, કૃષ્ણલાલ જગીએતરામ ઠાકોર.

જંબુસર.

રા. કૃષ્ણલાલ નરભેરામ દેસાઈ.
,, ગુણવંતરાય અનુપરામ દેસાઇ.
,, ભુપતરાય વ્રજરાય દેસાઈ.

વડોદરા.

રા. બાઇલાલ વ્રજરાય દેસાઈ
,, શ્રીપતરાય નંદવરાય વકીલ.
,, વ્રજરાય નંદવરાય કાનુંગા
,, સાકરલાલ જસવંતરાય.
,, મણીલાલ શીવરાય.
,, ચીમનલાલ ઉમેદરામ.
,, મગનલાલ ઉમેદરામ.
,, મોતીલાલ શીવદાસ.

અમદાવાદ.

રા. જીવણલાલ પ્રાણજીવનદાસ
ડૉ. હરિપ્રસાદ વ્રજરાય.
રા. ગીરધરલાલ કેશવલાલ.
,, પ્રાણલાલ કીરપારામ દેસાઇ.
,, નગીનલાલ કેશવલાલ દેસાઇ.
,, પ્રીતમરાય વ્રજરાય દેસાઇ,
,, ઇશ્વરલાલ ગોવિંદલાલ લાખીઆ.
,, ઇશ્વરલાલ હીરાલાલ દેસાઇ.
,, કૃષ્ણલાલ નરસીંલાલ દેસાઇ.
,, જીવણલાલ હરીલાલ ઠાકોર.
,, અજીતરાય ચંદુલાલ ઠાકોર.
,, નટવરલાલ હરીલાલ દેસાઇ.
,, ત્રીકમલાલ બાપાલાલ.
,, ઈશ્વરલાલ વ્રજરાય દેસાઇ.
,, ચંદુલાલ સાકરલાલ. ઠાકોર.
,, રતીલાલ જીવણલાલ લાખીઆ.
,, પ્રાણશંકર લલ્લુભાઇ.
,, શીવપ્રસાદ અજીતરાય ઠાકોર.
ડૉ. બલવંતરાય નરસીંલાલ કાનુંગા.
રા. કેશવલાલ જદુરાય.
,, ચંદુલાલ વજુભાઇ.
,, ત્રીકમલાલ જીવણલાલ.
,, બલવંતરાય પરમોદરાય.
,, ગીરધરલાલ પરમોદરાય.
,, નરહરીલાલ બલવંતરાય.
,, ચુનીલાલ નરભેરામ દેસાઈ.
,, ધીરજલાલ કેશવલાલ એન્જીનીયર.
,, વૈકુંઠરાય માધવલાલ દેસાઇ.

નડીયાદ.

રા. ત્રીકમલાલ પ્રાણજીવનદાસ.
,, કૃષ્ણલાલ ચંદુલાલ દેસાઈ.
,, મોતીલાલ અમુલખરાય દેસાઇ.
,, ઠાકોરલાલ ગોવિંદલાલ લાખીઆ.

ગોધરા.

રા. નરસીંલાલ હીરાલાલ.
,, રામચંદ્ર ગણપતરામ.
,, ઠાકોરલાલ અમૃતલાલ.
,, ધીરજલાલ ચીમનલાલ.
,, પ્રાણલાલ હરિપ્રસાદ.
,, કૃષ્ણલાલ ગણપતરામ ઠાકોર.
,, સુરજરામ પ્રાણશંકરરાય (હરસોલ)
,, કૃષ્ણલાલ કીરપારામ (વીરમગામ)
,, છોટાલાલ માણેકલાલ (ધોધા)
,, ભોગીલાલ ધીરજરામ (કપડવંજ)
,, અંબાલાલ માધવલાલ લાખીયા (દાહોદ)
,, ત્રીકમલાલ લલ્લુભાઇ (દીયોદર)
,, અંબાલાલ ગોપાળદાસ (સાદ્રા)
,, હરીલાલ ચંદુલાલ ,,
ડા. ધીરજલાલ જમીએતરામ. ,,
રા. મગનલાલ દયાશંકર મુનશી. (રાજકોટ)
,, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, (પુના)
,, માધવલાલ ચતુર્ભુજદાસ (જામનગર)
,, જીવણલાલ ચીમનલાલ ,,
,, પ્રાણલાલ સાકરલાલ (જેતપુર)

રા. હરરાય નવનીતરાય મુનશી, (જુનાગઢ)
,, સુમુખલાલ પ્રભુલાલ દેસાઇ ,,
,, ત્રંબકલાલ ચંદ્રશંકર (સુરત)
,, હરિપ્રસાદ હીરપાલરામ (ધારવાડ)
,, નરહરલાલ ગોવિંદલાલ (સોલાપુર)
,, મગનલાલ જમીઅતરામ (જલગામ)
,, મુગટરાય નવનીતરાય મુનશી, (જેતલસર)
ડા. ત્રીભોવન કેશવલાલ (પોરબંદર)
રા. મોતીલાલ ગોવિંદલાલ (વલસાડ)
,, બાપાલાલ હરીલાલ (અંકલેશ્વર)
,, કાન્તિલાલ સાકરલાલ દેસાઇ (લીંબડી)
રા. રતીલાલ માણેકલાલ (પાલણપુર)
,, ઇશ્વરલાલ ગોવિંદલાલ મજમુદાર, (ઇટોલા)
,, માણેકલાલ સાકરલાલ દેસાઇ, (નવસારી)
,, મણીલાલ જદવરાય કાનુંગા, (ચીખલી)
,, છગનલાલ આત્મારામ (બારડોલી)
,, કલ્યાણરાય કેશવલાલ ઠાકોર, (નાદોદ)
,, જદવરાય હકુમતરાય ઠાકોર, (પાંસ)

એક વિનંતિ.

આખિરે બાબત તેમની એક ખાસ સુચના છે અને તે એ કે જ્યારે ઇંગ્લાંડમાં સુવિખ્યાત ધારાશાસ્રી અને રાજનીતિ નિપુણ પુરૂષો વિગેરે વખતો વખત પોતાના જ્ઞાનનો અને અનુભવનો લાભ પ્રજાને આપ્યાજ જાય છે ત્યારે આપણા દેશમાં તેવું લગભગ કાંઈજ નથી એમ કહીએ તો ચાલે. ઇંગ્લાંડમાં એવું ભાગ્યે એક ચોપાનિયું (Periodical) હશે કે જેમાં તેઓના લેખો જવા નહીં હોય આપણા અગ્રગણ્ય પુરૂષો અહીંના પત્રોમાં કેમ લેખ આપતા નથી એ નવાઈ જેવું છે.

× × × × × ×

ચોપાનિયામાં આવતા લેખો (Periodical Literature) ઘણે ભાગે ઉચ્ચ પ્રકારનાજ હોય છે, અને તેથીજ તેવા લખાણોનો લાભ વાંચક વર્ગને વારંવાર ન મળે તો તે ચોપાનિયું તેનું ઉચ્ચપદ શી રીતે નભાવી શકે?

× × × × × ×

જેમણે અમુક વિષયોનું ખાસ મનન કર્યું હોય એવા માનનીય પુરૂષોના તે તે વિષયો પર લેખો આવતા રહે તો ચોપાનિયાનું ગૌરવ અને લોકમત કેળવવાની શક્તિ કેટલી વધી શકે? તેમ ન થાય તો પછી અધિપતિઓ તો બિચારા પ્રત્યેક વિષય—પછી તે ગમે તે બાબત હોય—તે પર તેમના લેખો આપતાજ રહે છે અને આપશે.*

---

* આ લેખના છેવટના ભાગ તરફ ખાસ કરીને જ્ઞાતિના વિદ્વાનોનું ધ્યાન ખેંચીયે છીએ. તેઓ વખતો વખત એમના જ્ઞાનનો લાભ ત્રિમાસિકને આપશે એવી આશા રાખીયે છીએ. (અધિપતિ.)

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસીક મંડળ.

પ્રમુખઃ—રા. રા. મણીલાલ અજીતરાય ઠાકોર બી. એ.

મેમ્બરોઃ—રા. રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ, બી. એ., એલએલ.બી.

" રા. રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.

" રા. રા. કાન્તિલાલ ભોગીલાલ દેસાઇ.

" રા. રા. છવણલાલ માધવલાલ ઠાકોર.

સુચનાઃ—

ત્રિમાસિક સંબંધિ પત્રવ્યવહાર કોઇપણ વ્યક્તિને નહિ કરતાં "ત્રિમાસિક ઓફીસ, કલ્યાણ બીલ્ડીંગ્સ નં. ૪—રૂમ નં. ૨૯" ને સરનામે કરવો.

આ બહુનિય ત્રિમાસિક શા મગનલાલ જગજીવનદાસના 'સરસ્વતિ' પ્રીન્ટીંગ પ્રેસ ૩૩૨-૩૩૪ નાગદેવી સ્ટ્રીટ મુંબઇમાં અ ક્ષ મંડળને માટે કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ છાપી મુંબઇ કલ્યાણ બીલ્ડીંગ નં. ૪ માં પ્રગટ કર્યું છે.

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

વર્ષ ૭ મું.] ૧ લી જુલાઈ ૧૯૧૪. [અંક ૩ જો.

અનુક્રમણિકા.

	વિષયક.	લેખક.	પૃષ્ઠ.
૧	પુસ્તકોનાં યશોગાન	ડૉ. હરિપ્રસાદ	૧
૨	જ્ઞાતિના રિત રિવાજ	ત્રિમાસિક ઑફિસ	૮
૩	,, ...	રા. મણીલાલ અજીતરાય બી એ.	૯
૪	હિંદની સ્ત્રી જાતિનો ઉદ્ધાર શી રીતે કરી શકાય?	રા. કુંકુંદરાય શ્રીપતરાય બી. એ.	૧૩
૫	,, ,, ...	રા. બળવંતરાય ક. ઠાકોર બી એ.	૧૭
૬	સાહિત્ય સેવા અને સમાલોચના...	ત્રિમાસિક ઑફિસ	૨૦
૭	પ્રાસંગિક નોંધ	,, ...	૨૩
૮	રમુજી ગીત	સંપાદક સૌ. હરિગંગા દેસાઇ..	૩૧
૯	ચર્ચાપત્રો		૩૨
૧૦	જ્ઞાતિના ખબર અંતર...	ત્રિમાસિક ઑફિસ	૩૩
૧૧	જુનાગઢ બ્ર. ક્ષ. જ્ઞાતિ ફંડ ...	,, ...	૩૮
૧૨.	લૉર્ડ પેરીની માતાનો ઉપદેશ ...	રા. નરહરી કે. દેસાઇ બી.એ. ...	૩૯
૧૩	માલસરની જાત્રા	બ્ર. ક્ષ સાધ્વી બ્હેન	૪૦
૧૪	રા. સા. અંબાશંકર ઉત્તમરામ મલજીનું જીવનચરિત્ર...	ત્રિમાસિક ઑફિસ	૪૬

લવાજમની પહોંચ.

નકલ.		
૨	રા. ઇશ્વરલાલ કેશવલાલ દેસાઇ	મુંબઇ
૧	રા. ભગવાનલાલ કેશવલાલ દેસાઇ	,,
૧	ડૉ. ચુનીલાલ એન. દેસાઇ	ભરૂચ
૧	રા. ઠાકોરલાલ ચુનીલાલ ઠાકોર	,,
૧	રા. બળવંતરાય હીરાલાલ ઠાકોર	,,
૧	રા. લક્ષ્મીરામ મહિપતરામ દિવાન	,,
૧	રા. નગીનલાલ વેણીલાલ	,,
૧	રા. હીરાલાલ ડાહ્યાભાઈ	,,
૧	રા. કલ્યાણરાય પ્રાણશંકરરાય	,,
૧	રા. જીવણલાલ હરરામ ઠાકોર	,,
૧	રા. ઇશ્વરલાલ નરસીંલાલ દેસાઇ	,,
૧	રા. દીનકરલાલ પ્રાણલાલ શંભુલાલ	,,
૧	રા. ચીમનલાલ દુર્ગારામ દેસાઇ	આમોદ
૧	રા. ઠાકોરલાલ ચીમનલાલ દેસાઈ	વાઘરા
૧	રા. નરસીંલાલ હીંમતરામ	વડોદરા
૧	રા. અંબાલાલ નરસીંલાલ એન્જીનીયર	અમદાવાદ
૧	રા. કુલશંકર સુંદરલાલ દેસાઈ	,,
૧	રા. જીવણલાલ મજરાય દેસાઇ	,,
૧	રા. ઠાકોરલાલ પરમોદરાય ઠાકોર	,,
૧	રા. શંભુપ્રસાદ ચીમનલાલ ઠાકોર	,,
૧	રા. બુલાખીદાસ ગંગાદાસ દેસાઇ	,,
૧	ડૉ. મણીલાલ ગંગાદાસ દેસાઇ	,,
૧	રા. ચીમનલાલ નરભેરામ ઠાકોર	,,
૧	રા. કૃષ્ણુલાલ નરસીંલાલ દેસાઈ	,,
૧	રા. મોતીલાલ જીવણલાલ દેસાઈ	,,
૧	રા. અમ્રતલાલ ચંદ્રશંકર	ઇંદોર
૧	રા. સવાઇલાલ ભગવાનલાલ મુનશી	રાજકોટ
૧	ડૉ. દોલતરાય ડાહ્યાભાઈ છત્રપતી	,,
૧	રા. પ્રાણલાલ હરીલાલ ઠાકોર	[illegible]

ब्रह्मक्षत्रिय त्रिमासिक.

વર્ષ ૭ મું.] ૧ લી જુલાઈ ૧૯૧૪. [અંક ૩ જો.

પુસ્તકોનાં યશોગાન.

(ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઇ.)

" અરે મ્હને એક ચોપડી આપો! અને, ઘરમાં કે બ્હાર છાંયડો હોય એવો એક એકાન્ત ખુણો શોધી આપો; પછી, માથા ઉપર પવનથી ઝાડનાં પાંદડાં ખખડે કે ગમેતો આસપાસના રસ્તાના શોરબકોર સંભળાય એની મ્હને દરકાર નથી સોનું રૂપું મળે તેના કરતાં જુનું કે નવું કંઇ પણ મ્હને નિરાંતે વાંચવાનું મળે તે વધારે સારૂં લાગે છે." *

આ વીસમી સદીમાં જન્મ મળવાથી જે કેટલાક ખાસ લાભો આપણે ભોગવીયે છીએ, તે બધામાં સ્હેલાઇથી પુસ્તકો મળી શકે છે એને માટે આપણે ઈશ્વરનો ખાસ-વિશેષ-ઉપકાર માનવો જોઇએ. પુસ્તકોના આપણે કેટલા ઋણી છીએ તે જુઓ! ડરહામના એક પાદરી કહે છે કે " પુસ્તકો તો એવા ગુરૂઓ છે કે સોટી કે આંકણી માર્યા વગર, વ્હઢયા વગર કે ક્રોધ કર્યા વગર આપણને બોધ આપે છે. એમને કશી ફી આપવાની નથી. કે ગુરૂ દક્ષણામાં લુગડાં કે દાણો કે પૈસો કંઇ જ એ માગતા નથી; જ્યારે ત્હમે એની પાસે જાવો ત્યારે એ જાગતા ને જાગતા; કદી ઉંઘતા નથી. કોઇ વિષયની સંપૂર્ણ માહીતી માટે તમે એમને ગમે એટલા પ્રશ્ન પૂછો તો બધી વાતનો ખુલાસો થવાનો. અહીં, કાંઇ ગુપ્ત રાખવાની કે અધીકાર વગર અમુક કહેવાની કે અમુક નહિ કહેવાની વાત નથી. કદી એમના કહેવાનો અર્થ ત્હમે ઉંધો કરો તોએ એ બડબડવાના નહિ. ત્હમે છેક ઠોઠ જેવા હશો તોએ, એ કદી ત્હમારી મશ્કરી નહિ કરે. તેટલા માટે જ્ઞાન પ્રાપ્ત કરવાનું સ્થળ જે લાયબ્રેરી તે ધનદોલત કરતાં વિશેષ કીંમતી સમજવી-એટલુંજ નથી પણ આ જગતમાં જે જે વસ્તુઓ પ્રાપ્ત કરવા મનુષ્ય ઇચ્છાઓ કરે છે તે બધીમાં લાયબ્રેરી સાથે સરખાવાય એવી એક પણ ચીજ નથી.

* (એક જુનું ઇંગ્રેજી ગીત.)

તેટલા માટે જેમને જ્ઞાનની, સુખની, વિદ્યાની, કળાની, શ્રદ્ધાની, કે સત્યની પ્રાપ્તિની ઇચ્છા હોય, તે બધાએ પુસ્તકોના પ્રેમી થવું જોઈએ.

પેટ્રાર્ક કહેતો કે "મ્હારે એવા મિત્રો છે કે જેમની સંગત મ્હને બહુજ રૂચિકર થઇ પડે છે. દરેકે દરેક યુગના, અને દરેકે દરેક દેશના મ્હારા મિત્રો છે. કેટલાકે રાજસભામાં, તો કેટલાકે રણક્ષેત્રમાં કીર્તિ મેળવેલી છે, અને વિદ્યા કળામાં કે સાહિત્યમાં એમને અમર નામ કર્યાં છે. એમની મુલાકાત સ્હેલાઈથી થઇ શકે છે; કારણ કે તેઓ હમેશાં મ્હારી સેવામાં હાજર રહે છે. મ્હારી મરજીમાં આવે તો એમને મ્હારી પાસે આવવા દઉં છું, ને મ્હારી ખુશીમાં આવે ત્યારે કહાડી મુકું છું. કોઇ દિવસ એ મ્હને કંટાળો આપતા નથી; પણ જે જે પ્રશ્નો હું પુછું છું, તેના ઝટ ઉત્તર આપે છે. કોઇ આવીને ભૂતકાળનો ઇતિહાસ મ્હને કહી જાય છે તો કોઇ મ્હને સૃષ્ટિનાં રહસ્યો ખુલ્લાં કરી આપે છે. કોઇ મ્હને કેમ જીવવું એ શીખવાડી જાય છે, તો કોઇ મ્હને મરવું કેમ એ સમજાવે છે. ઉલ્લાસ ભર્યા કોઇ આવીને મ્હારી ફીકર ચિંતાઓ દૂર કરે છે, ને મ્હને ઉત્સાહ આપી જાય છે. કોઈ મ્હારા મનને બળ આપે છે, મ્હારી તૃષ્ણાઓને વિવેકથી કબજે કેમ લેવી તે શીખવે છે, અને મ્હારાજ આત્મબળ પર આધાર કેવી રીતે રાખવો તે દર્શાવે છે. ટુંકામાં દરેકે દરેક જાતના, વિદ્યા અને જ્ઞાન, વિજ્ઞાન-ના ન્હાના પ્રકારના મનોહર પ્રદેશોનું દર્શન એમના વડે હું કરી શકું છું. અને સુખ દુઃખના પ્રસંગે એમનાજ પુણ્ય પ્રતાપે હું ટકી રહું છું.

આવી બધી સેવાઓના બદલામાં એ બધા મ્હારા ગરીબ ઘરમાં એક ખૂણે ફક્ત કબાટમાં પડી રહે છે. એકાન્ત સ્થળમાં એમને શાન્તિ સારી મળે છે, અને લોકોનો બહુ કોલાહલ હોય તેના કરતાં શાન્ત સ્થળે એમને વધારે આનન્દ થાય છે.

આઇઝાક બૅરો કહે છે કે "જે પુસ્તક ઉપર પ્રેમ રાખે છે તેને કદી મિત્રની જરૂર પડતી નથી. એને કોઇ સારી શીખામણ આપનાર ના હોય તોએ ચાલે છે. જેમને પુસ્તક ઉપર પ્રેમ છે તેવા લોકો ત્હાડ કે તડકો, સુખ કે દુઃખ સર્વે સ્થીતિમાં પોતાનું મન, અભ્યાસ, વાંચન અને મનનમાં વાળીને નિર્દોષ સુખનો ઉપભોગ કરી શકે છે."

સાઉધી કહે છે કે "મ્હારો વખત મરેલાં માણસોમાં ગયો છે. જ્યાં જ્યાં હું નજર નાખું છું, ત્યાં બધે હું પૂર્વ કાળના મહાત્માઓ જોઉં છું. એ મ્હારા સાચા મિત્રો છે અને એમની સાથે હું દરરોજ વાતો કરું છું."

આ જગતમાં થઇ ગયેલા બધા મહાન્ અને જ્ઞાની પુરૂષોને એકઠા કરીને બહુજ રસ પડે એવા વિષયો પર એમની પાસે આપણે વાતો કરી શકીએ એટલી આપણામાં સત્તા હોય તો એ સત્તા આપણે કેવી અમુલ્ય ગણીએ? સંસારના બીજા સુખો કરતાં આ સત્સંગનું સુખ આપણે કેટલું ચઢીઆતું ગણીએ? સારાં પુસ્તકો હોય એવી લાયબ્રેરીમાં આપણે પેઠા કે ખચીત એજ સત્તા આપણા હાથમાં આવી જાય છે." (એઈકીન.)

રામચંદ્રજીએ રાવણ ઉપર સ્વારી કરી, તે સંબંધે અનેક પ્રશ્નો આપણે આદ્ય કવિ વાલ્મિકીને પુછી શકીએ; પૃથ્વીરાજના શૌર્ય અને ટેક બાબત ચંદ વરદાઇને, અને પ્રતાપના સ્વદેશાભિમાનની કથા ટૉડ સાહેબને પુછી શકીએ. ગ્રીક અને રોમન વીરોના યુદ્ધો સંબંધે જે જાણવું હોય તે અબઘડી જાણી શકીએ. ઝેનો ફન અને સીસેરોની સ્વારીઓના વૃતાંત એમનેજ પુછીએ અને ડીમોસ્થીનીસ તથા સીસેરોને કહીએ કે આપનાં છટાદાર ભાષણો ચલાવો! શુકદેવજીને કહીએ કે મહારાજ! પરીક્ષિત રાજાને કહી હતી તે કથા અમને કહો! ભગવાન્ બુદ્ધ અને શંકરાચાર્યની આગળ પણ આપણે સ્થળ અને કાળ ઓળંગીને જઇ શકીએ, અને ભારત વર્ષના એ મહા પ્રખર તપસ્વી સન્યાસીઓની આગળ પૂર્ણ ભક્તિભાવથી બેસી આત્મોદ્ધારક ઉપદેશોનું શ્રવણ કરીએ. યુનાન દેશના સોક્રેટીસ અને પ્લેટોના શ્રોતા મંડળમાં આપણે પણ સામેલ થઇ જઇએ, અને યુકલીડ અને ન્યૂટનના પ્રયોગો જોઇ ભાસ્કરાચાર્ય અને લીલાવતીના ખગોળના પ્રયોગો તથા ગણીત શાસ્ત્રનાં તત્વોનું અવલોકન કરી શકીએ. અકબર બાદશાહના દરબારમાં મળેલી સર્વે ધર્મીઓની પરિષદ્ જોઇ, મહારાષ્ટ્ર વીર શીવાજીને રામદાસનો સ્વદેશોદ્ધારક સંવાદ સાંભળીએ. વિવેકાનંદ સ્વામી સાથે અમેરીકા જઇ ભારતનો પશ્ચિમને શો સંદેશો છે તે જોઇએ. કેશવ ચંદ્રસેનનો આશ્ચર્ય ચકિત કરી નાંખે એવો ધર્મોપદેશ, કલકત્તાની બ્રહ્મોસમાજ કે નવ વિધાન મંદીરમાં જઇને શ્રવણ કરીએ અને રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલીનાં કાવ્યો ખુદ એમનીજ બંગાલી ભાષામાં ધારીએ તો માગી લઇએ.

"પુસ્તકોમાં ઉત્તમમાં ઉત્તમ મનુષ્યોના સરસમાં સરસ વિચારો સારામાં સારી ભાષાદ્વારા રજુ કરાયલા હોય છે." (એઈકીન)

જેરીમી કોલીયર કહે છે કે " પુસ્તકો જુવાનીમાં સન્માર્ગ દર્શાવે છે, અને ઘડપણમાં આનંદ આપે છે. એકલવાયા થઇ પડીયે છીએ ત્યારે આપણી જાત ઉપર કંટાળો નથી આવતો તે પુસ્તકોના પ્રતાપ! લોકોના દુરાગ્રહ અને અન્યાય પુસ્તકો વડે આપણે ભુલી શકીયે છીએ. નિરાશ થઈ ગયા હોઇએ છીએ અથવા જીંદગી ઉપર કોઇ વાર કંટાળો આવી જાય છે ત્યારે પુસ્તકો આપણને પાછો ઉત્સાહ આપે છે. સંસારના લોકોથી કદી ન્હીડાઇ જઇએ તો પુસ્તકોદ્વારા મરી ગએલાંની પાસે જઇ બેસીયે, કારણ કે એ બધાં હવે રાગ દ્વેષ, ક્રોધ કે અભીમાન એ સર્વેથી પર ગયેલાં છે. એમની સાથેની વાત ચીતમાં દાવપેચ કે ભેદભાવ રહી શકે એમ નથી. પુસ્તકોની અસર કેવી થાય છે તે તો જેણે એકાદું પુસ્તક વાચ્યું કે સાંભળ્યું હશે તે તરત કહી શકશે. મહાભારતની કથા માત્ર માણ ભટ્ટ કહે છે તે વખતે પણ લોકો અર્જુનના મત્સ્ય વેધ વખતે કે પાંડવો વનવાસમાંથી પાછા ફરે છે તેવે વખતે ખાસ મંડપો કહાડી કથા થતી હોય છે તે સ્થળ શોભાયમાન બનાવી દે છે। રામાયણની કથા ચાલતી હોય છે તે વખતે રામવનવાસ કે સીતા હરણના પ્રસંગો આવતાં કેટલાં બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો રડી પડે છે।

વિદ્યા વિલાસી જનોનાં હૃદય ઉત્તર રામ ચરિત્રની કરૂણ રસિક કથાથી દ્રવે છે; એમને શકુન્તલાના પ્રેમ અને દુઃખની વાતોથી હર્ષ શોક થાય છે; સરસ્વતીચંદ્રની લાંબી કથા વાંચનના રસીકોને હજારો જાતની ન્હાના પ્રકારની અસરો ઉપજાવે છે

ભદ્રંભદ્રના માર્મિક કટાક્ષ, એમને હાસ્યરસ ઉત્પન્ન કરે છે; નારાયણ હેમચંદ્રના 'હું પોતે' વાંચી એઓ હિન્દુસ્તાનની મુસાફરી કરે છે; મી૦ મલ્બારી સાથે તેઓ "મોદીખાનેથી માર્સેલ્સ" જઇ આવે છે; મી૦ ભટ્ટના "વસંત વિજય"ના 'હજારો વર્ષો ઉપર ઉચ્ચરાયેલાં વચનો' એઓ કદી ભુલતા નથી. કુસુમ માળા અને હૃદય વિણા, કલાપીનો કેકારવ કે કુંજવિહાર એ એમના હૃદયની અમોલી મોંઘી ચીજો થઇ રહે છે. કારલાઇલનું કહેવું બહુજ વિદ્વત્તા ભરેલું છે કે સારાં પુસ્તકોનો સંગ્રહ એ ખરેખરી યુનીવર્સીટી જેવો છે

અરબસ્તાનમાં એક કહેવત ચાલે છે કે "વિદ્વાન માણસનો એક દિવસ તે મૂર્ખની આખી જીંદગી જેવો સમજવો" અને બીજી એક કહેવત છે કે

"જ્ઞાન પ્રાપ્ત કરવાનાં પુસ્તકો લખવા માટે જે શાહી વપરાય છે તે ધર્મને માટે પ્રાણ આપનાર વીર નરોનાં લોહી કરતાં એ વધારે કીંમતી છે!" ચીનના મહાપુરૂષ કોન્ફ્યૂશીયસના સંબંધમાં કહેવાય છે કે પોતાની વાત કરતાં એ એવું કહેતો કે "જ્ઞાન પ્રાપ્તિની આતુરતામાં હું ખાવાનું ભુલી જતો. જ્ઞાનના આનંદમાં હું મ્હારાં દુઃખ વીસરી જતો ને દહાડે દહાડે ઘડપણ આવે છે એ પણ જાણે ભુલી ગયો."

હવે ચિન અને અરબસ્તાનના વિદ્વાનોની ભાવના જુના કાળમાં ઉપર મુજબ હોય તો આ જમાનામાં, સમગ્ર જગતનો સાહિત્ય ભંડાર આપણી આસપાસ વેરાયેલો છે, એવા જમાનામાં પુસ્તકો તરફના આપણા ભક્તિભાવનું વર્ણન કેવી રીતે કરી શકીયે? હું ધારૂં છું કે ૨૦ મી સદીમાં ઇશ્વરે આપણને જન્મ આપ્યો છે તે કેવા મ્હોટા ભાગ્યની વાત છે એની પુરેપુરી કદર આપણે કરતા નથી! રૈનન આ જમાનાને બહુજ ખુશ કરી નાખે એવો જમાનો કહે છે, પણ હું તો કહું છું કે હાલનો જમાનો બહુજ રસ ઉત્પન્ન કરે એવો છે! જ્ઞાનના કેટલા વિષયો આપણું મન તલ્લીન કરી નાખે છે! સારસ્વતી દેવીના દિવ્ય સુંદર વનની અનંત કુંજો, આપણને દૂર ને દૂર ખેંચી જાય છે! આપણા બાપદાદાઓના વખતમાં ભયના પ્રસંગો વધારે હોવાથી અને રસના વિષયો બહુજ થોડા હોવાથી આપણા કરતાં આ બાબતમાં એઓ ઓછા સુખી હતા.

સીસેરોએ પુસ્તકો વગરના ઘરને આત્મા વગરના શરીરની ઉપમા આપી છે. મેકોલે ઉપર લક્ષ્મિની પૂર્ણ કૃપા હતી. આબરૂ, પ્રતિષ્ઠા, પદ્વિ અને બુદ્ધિ સર્વેની ઈશ્વરે એને નવાજેશ કરી હતી. પરંતુ એનું મ્હોટામાં મ્હોટું સુખ એને પુસ્તકોમાંથી મળતું હતું. એ કહેતો કે મ્હારી પહેલાં થઇ ગએલા ગ્રંથકારોનું મ્હારે માથે મોટું ઋણ છે. એઓ મ્હને સત્યને માર્ગે દોરી ગયા છે. મ્હારૂં મન એમને ઉદાર અને સુંદર રમ્ય મૂર્તિઓથી ભરી દીધું છે! સુખ દુઃખના વારા ફેરામાં એમણે મ્હને મદદ કરી છે. દુઃખમાં દિલાસો, માંદગીમાં માવજત અને નિર્જન આસાદાય દશામાં સોબત આપનાર એજ ગ્રંથકારો છે. સંસારના મિત્રો આપણી દશામાં જેમ ફેરફાર થતાં પોતાનાં સ્વરૂપ બદલે છે, તેવું કંઇ આ જુના મિત્રોમાં જણાતું નથી. દરિદ્રતા કે ધન વૈભવ કીર્તિ કે અપ્રસિદ્ધિ સર્વે દશામાં ગ્રંથકારો એકસરખી મદદ કરે છે. લેખક તરીકે મેકોલેએ જે અર્થ પ્રાપ્તિ અને કીર્તિ સંપાદન કરી હતી અને જે ખીતાબો

અને ઇનામો એને મળ્યાં હતાં એ બધાથી એને જે સુખ થતું હતું, તે કરતાં બીજા ગ્રંથકારોના પુસ્તકો વાંચવાથી એને ઘણોજ વધારે આનન્દ થતો હતો. આખા લન્ડન શહેરમાં મેકોલેને નારલા વખતે "સ્ટર્ન, ફીલ્ડીંગ, હોરેસ, વાલ્પોલ કે બોસવેલ સિવાય બીજા કોઇની સાથે બેસીને જમવું ગમતું નહોતું !*

ગીબન કહેતો કે "મ્હને મ્હારા વાંચન ઉપરના પ્રેમના બદલામાં કોઈ હિન્દ દેશની તમામ દોલત આપી દે તો પણ હું વાંચન ઉપરનો પ્રેમ ના છોડું." એવોજ પ્રેમ મેકોલેને પણ પુસ્તકો પર હોવાથીજ એનું જીવન સંપૂર્ણ સુખમાં ગયું હતું.

કુલર કહે છે કે ઇતિહાસના વાંચનથી જુવાન માણસ વૃદ્ધ થાય છે, એટલે વૃદ્ધ માણસની માફક એને શરીરે કરચલીઓ પડતી નથી, વાળ ધોળા થતા નથી, કે નબળાઈ આવીને બધી હરકતો નથી પડતી, પણ એનામાં ઇતિહાસના વાંચનથી વૃદ્ધ જેવું ડાહપણ અને અનુભવ આવે છે.

પુસ્તકોનો આનંદ એટલો બધો છે કે એમાં ગુલતાન થઇ જનારે ફક્ત એકજ બાબત સંભાળવાની છે. એની ધૂનમાં આપણાં બીજાં કર્તવ્યો ભુલવાં નહિ કે આંખો કે શરીર બગડતાં સુધી વાંચ વાંચ ના કરવું. આપણા ઘણા વિદ્વાનો કોઇ પ્રકારની કસરત કરતા નથી કે ખુલ્લી હવામાં નિયમિતપણે ફરવા હરવા જવાનું રાખતા નથી તેથી જે વખત એ કસરત માટે બચાવતા નથી તે વખત એમને મંદવાડમાં કાઢવો પડે છે.

કેટલાંક પુસ્તકો વાંચી, સ્મરણમાં રાખીને બોધ લેવા લાયક હોય છે. જેમ ખોરાક ખાઈ પચાવીને એનું લોહી કરવામાં આવે છે તેમ થોડાંક પુસ્તકો પણ પચાવવા લાયક હોય છે, બાકીનો મ્હોટો ભાગ તો ઝડપથી વાંચી જવા જેવાં હોય છે. એમાંના માત્ર થોડાક ઉત્તમ અને અગત્યનાં પાનાં ઉપરજ મનન કરવા જેવું હોય છે. આ રીતે ઝડપબંધ વાંચી જવાથી અલબત આપણે ઘણું ગુમાવીએ છીએ. પરન્તુ એ રીતે જ્ઞાનના વિશાળ પ્રદેશ ઉપર ફરી વળાય છે એ પણ જેવો તેવો લાભ નથી. લૉર્ડ બ્રોઘામે કેળવણીની વ્યાખ્યા કરતાં જે કહ્યું છે તે વાંચન સંબંધમાં પણ લાગુ પાડી શકાય. "દરેક વિષયમાંથી કંઇ કંઈ વાંચવું અને એકાદ વિષય સંપૂર્ણ વાંચવો."

* આ બધા ગ્રંથકારોનાં નામ છે.

લાયબ્રેરીની ન્હાની સરખી ઓરડી તેમાં તો વિદ્યારૂપી ધનનો અખૂટ ભંડાર ભરેલો છે. એટલુંજ નથી પણ ત્યાં બેઠે બેઠે આપણે પૃથ્વીના ચારે ખંડની પ્રદક્ષિણા કરી આવીએ છીએ. કેપ્ટન કૂક સાથે અથવા મહારાણી નંદકુંવરબા સાથે આપણે "ગો મંડળ પરિક્રમણ" કરીએ છીએ, કેપ્ટન સ્કોટની સાથે આપણે દક્ષિણ ધ્રુવના સફેદ બરફથી ઢંકાયલા ઠંડા, શીતળ, પ્રદેશમાં ભમીએ છીએ અને ડારવીન, કીંગસલી, અથવા રસ્કીન દ્વારા જે વિષયો આપણી આંખથી આપણે કદી ના જોઇ શકયા હોત, તે જોઇ આવીએ છીએ. પ્રો. જગદીશચંદ્ર બોઝ ત્યાં, આપણને જડમાં રહેલું ચૈતન્ય બતાવે છે અને વનસ્પતી રાજ્યની જીવનલીલા પ્રાણી સાથે કેટલી મળતી છે તે સ્પષ્ટ કહે છે. કુમાર સ્વામી, આપણા દેશની ચિત્રકળા શિલ્પકળા અને ઇમારતી બાંધકામમાં રહેલું સૌંદર્ય મહાન પરમેશ્વર રસેશ્વનીજ પ્રસાદી છે એમ સમજાવી આપણને જે નવી દ્રષ્ટિ આપે છે તે એમનાં પુસ્તકો વાંચ્યા વગર કદી મળત નહિં. પૃથ્વી અને એની ઉપરનાં પ્રાણી અને પદાર્થો પછી, પુસ્તકોના વાંચકોથી આગળ નહીં જવાતું હોય એમ નથી. હમ્બોલ્ટ અને હરશલ એમની ખગોળ વિદ્યાદ્વારા આપણને ગ્રહો, ઉપગ્રહો—તારા, સૂર્ય—અને એની અપાર ગ્રહ નિહારીકા પર્યંત લઇ જાય છે. સ્થળની માફક પુસ્તકોના પ્રેમીઓને કાળ પણ બાધ કરી શકતો નથી. ભૂત કાળનો અંધારો પડદો ઇતિહાસ ભેદી નાખે છે. અને મનુષ્ય ઇતિહાસની એ પેલી પાર લાખ્ખો ને કરોડો વર્ષ સુધીની વાતો ભુસ્તર વિદ્યા એમને કહે છે. પૃથ્વીનું પણ અસ્તિત્વ નહોતું, તે પહેલાંના "બ્રહ્માંડની સ્થીતિનો ચિતાર એ વિદ્યાદ્વારા વાંચકો પ્રાપ્ત કરે છે. જ્ઞાનના પ્રદેશને સીમા નથી. વિજ્ઞાન, ઇતિહાસ આદી વિષયો ઉપરાંત એરીસ્ટોટલ અને પ્લેટો, કપિલ અને કણાદ, ગૌતમબુદ્ધ અને શંકરાચાર્ય વાંચકોને તત્વજ્ઞાનના બળપ્રદ અને ઉન્નત વિષયોનું દર્શન કરાવે છે.

આરામ અને દિલાસો, સુખ અને શાન્તિ ખરેખર લાયબ્રેરીમાં બેસી જે કોઇ એમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું શુભ દ્વાર ઉઘાડવાની સુવર્ણની કુંચી શોધી શકે છે તેને પ્રાપ્ત થાય છે. જગત્‌ની જંજાળો અને તોફાનોથી મુક્ત થઈ લાયબ્રેરીનાં પુસ્તકોદ્વારા આપણે અલૌકીક સ્વર્ગીય સુખનો અનુભવ કરીએ છીએ। ગરીબ તાલેવનને અહીં સરખું સુખ મળે છે। કારણ કે વધારે પૈસાવાળાને પુસ્તકો વિશેષ લાભ આપતાં નથી. લાયબ્રેરીમાં ઉત્તમ ઇતિહાસનાં પુસ્તકો હરકેરી મૂકે એવાં સાહસિક પ્રવાસનાં વર્ણનો, રસીક નવલકથાઓ, અને સુન્દર કાવ્યો વાંચીએ છીએ. ત્યાં ઉત્તમોત્તમ રાજદ્વારીઓ, કવીઓ અને

તત્વજ્ઞાનીઓની મુલાકાત કરીએ છીએ. મહાનમાં મહાન વિચારકોના, ગહન વિચારોના લાભ લઇએ છીએ; અને મનુષ્ય બુદ્ધિએ ઉત્પન્ન કરેલી ભવ્ય બુલંદ સૃષ્ટિનો ઉપયોગ કરીએ છીએ.

જે લાયબ્રેરીનો આપણને બરાબર ઉપયોગ કરતાં આવડે તો જ્યાં અમૃતનું ઝરણુ વહે છે, એવા દેવી સારસ્વતીના દિવ્ય વનમાં આપણે વિહાર કરી શકીએ છીએ અને આ પૃથ્વીપરજ સ્વર્ગ મેળવીએ છીએ.*

—:o:—

જ્ઞાતિના રીત રિવાજ.

—:o:—

ત્રિમાસિક મંડળ તરફથી કેટલાએક માસ અગાઉ નીચે મુજબનો એક પત્ર નાતના કેટલાએક વિદ્વાનો તરફ મોકલવામાં આવ્યો હતો. પરંતુ તેના ઉત્તરમાં કોઈપણ બંધુએ પોતાના વિચાર લખી મોકલવા મહેરબાની કરી નથી. ફક્ત શ. મણીભાઇ અજીતરાયે એમના વિચાર મોકલ્યા છે જે આ સાથે આપ્યા છે, બીજા સજ્જનોને હજીપણ આ ચર્ચા ઉપાડી લેવા આગ્રહ સાથે વિનંતિ છે.

વ્યવસ્થાપકો.

ત્રિ. મંડળનો પત્ર.

મહેરબાન સાહેબ,

બ્રહ્મક્ષત્રિય કૉન્ફરન્સના મેળાવડાઓ આજ કેટલાએક વખતથી બંધ પડી ગયા છે અને તેને પરિણામે આપણી નાતના કેટલાએક કઠણ સવાલો પરની જરૂરી ચર્ચાપણ થઈ શકતી નથી. આ ચર્ચા થાય તે ઘણું ઉપયોગી છે એમ ધારીને બ્ર. ક્ષ. ત્રિમાસિકના વ્યવસ્થાપકો ત્રિમાસિકના દરેક અંકમાં એકાદ નાતનું ઘણું ધ્યાન ખેંચી રહેલા પ્રશ્ન ઉપર ચર્ચા ચલાવવાને આતુર છે.

"ત્રિમાસિક" ના આવતા અંક માટે નીચેના પ્રશ્ન ઉપર ચર્ચા ચાલુ કરવા ઠરાવવામાં આવ્યું છે તો આપ સાહેબને વિનંતિ કરવાની કે એ સંબંધમાં આપ જે વિચાર ધરાવતા હો તેનો લાભ "ત્રિમાસિક" ને અને તે દ્વારા આખી નાતને આપશોજી.

* Pleasures of Life (સંસારનાં સુખ) એ નામના ઇંગ્રેજી પુસ્તકના એક પ્રકરણનો અનુવાદ તથા સારાંશ.

વિષય.

" આપણી નાતમાં જન્મથી કે મરણ સુધી રૂઢીથી અથવા ધર્મથી જે જે ધાર્મિક ક્રીયાઓ ચાલે રીત રિવાજ ચાલુ છે તેમાં શા શા સુધારા કરવા જરૂરના છે અને તે કેવી રીતે અમલમાં મૂકવા જોઇયે."

આપણા "ત્રિમાસિક"નું નાનું કદ અને તેમાંની જગાની તાણ ધ્યાનમાં લઇને જેમ બને તેમ ટુંકાણમાં પણ મુદ્દાની વાતો બાદ કર્યા શીવાય આપને આ વિષય ઉપર ચર્ચા કરવા વિનંતિ છે.

ફેબ્રુઆરીની છેલ્લી તારીખ સુધીમાં આપનું લખાણ મોકલાવી આપવા મહેરબાની કરશો. એજ.

લી૦ સેવકો,

બ્ર. ક્ષ. ત્રિમાસિક મંડળના સભ્યો.

રા. મણીભાઇ અજીતરાય ઠાકોર, બી. એ. ના વિચારો.

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકનું વ્યવસ્થાપક મંડળ આપણી નાતમાં જન્મથી કે મરણ સુધી સ્ત્રીપુરૂષ બન્નેને રૂઢી અથવા ધર્મથી જે રીતરીવાજો, આચાર, સંસ્કાર લાગુ છે તે વિષે વિવેચનની અપેક્ષા રાખે છે.

હાલના ચાલતા આવતા રીવાજોનો ધ્યાનપૂર્વક તથા અનુભવ સાથે ઉંડો અભ્યાસ કર્યા વગર તેમનું મૂળ તથા પ્રસાર જાણવામાં કમીપણું રહે તે સ્વભાવિક છે. નાતના ખાસ આચારોનો અભ્યાસ જે ભાઈ બેનોને હમેશાં નાતના સહવાસમાં રહેવાનો પ્રસંગ બને છે તેમનાથી બરોબર બની શકે. દેશાવરમાં પોતાની જીંદગી ગાળી હોય તેવા કોઇ માણસથી ચાલુ રીવાજોનો અભ્યાસ પુરતો થઇ શકે નહિ માટે હાલના ચાલતા રીત રીવાજોનું વિવેચન કોઇ અનુભવી બાનુથી થાય તો તે વધારે યોગ્ય ગણાય. યથામતિ હું થોડી સૂચના લખું છું.

સમસ્ત હિંદુ પ્રજા માટે ધર્મ શાસ્ત્રમાં નીચે પ્રમાણે સંસ્કારો દર્શાવેલા છેઃ—

૧ ગર્ભાધાન	૪ જાતકર્મ	૭ ચૌળ
૨ પુંસવન	૫ નામકર્મ	૮ ઉપનયન
૩ સીમન્તોન્નયન	૬ અન્નપ્રાશન	૯ વિવાહ

આ નવ સંસ્કારમાંથી પ્રથમના ત્રણ સંસ્કારોને જાહેર કરવાની રૂઢી નાતમાં હવે લગભગ નીકળી જવામાં છે અને તે વ્યાજબીજ છે. તે સંસ્કારો જાહેર કરવાની રૂઢી હાલના વખતમાં ઇંગ્રેજી પદ્ધતિમાં ઉછરેલા ભાઇબેનોને અવિવેક યુક્ત લાગે એવી છે. અને હાલના દેશકાળને તે અનુકુળ નથી.

જાતકર્મ એટલે જન્મ પછી સ્નાન કરવું તે સંસ્કાર સ્વભાવિક રીતે થાય છે. તે સંસ્કાર પણ નાતમાં જાહેર રીતે થતો નથી તે ઠીકજ છે. તેજ પ્રમાણે નામકરણ સંસ્કાર પણ નજીકના સગાની હાજરીમાં થાય છે. નામકરણ એટલે બાળકનું નામ પાડવું. તે બાબત હાલ ચાલતી રૂઢીમાં કંઇ ફેરફાર સૂચવવા જેવું જણાતું નથી.

અન્નપ્રાશન સંસ્કાર એટલે બાળકને દુધપાન સાથે અન્ન આપવાનો આરંભ કરવો તે સંસ્કાર શાસ્ત્ર પ્રમાણે આ સંસ્કાર છઠ્ઠે, આઠમે, દશમે કે બારમે મહીને થાય છે. આપણી નાતમાં તે સંસ્કાર ઘણેભાગે બારમે મહીને થતો હોય એમ જણાય છે.

ચૌળ સંસ્કાર એટલે મુંડણ તે જન્મ પછી ૧–૨–૩ કે પાંચમે વર્ષે અથવા ઉપનયન (જનોઇ) સંસ્કાર સાથે શાસ્ત્ર પ્રમાણે થઇ શકે છે. ઘણીખરી બ્રાહ્મણોની જ્ઞાતીઓમાં મુંડણનો સંસ્કાર જનોઇના સંસ્કાર સાથે કરવામાં આવે છે. આપણી નાતમાં પાંચમે વર્ષે નીશાળે બેસાડતી વખતે આ સંસ્કાર કરવાનો રીવાજ છે. તે સંસ્કાર વિષે ચાલતી રૂઢીમાં કંઇ તફાવત કે સુધારો કરવા જેવું મને જણાતું નથી.

ઉપનયન સંસ્કાર (મૌંજી અથવા જનોઈ.)

બાળકને વિદ્યાભ્યાસ માટે આચાર્યની સમીપ લેઇ જવો તેનું નામ "ઉપનયન" (પાસે લેઇ જવાનું કર્મ) સંસ્કાર કહેવાય છે. શાસ્ત્ર પ્રમાણે

સમસ્ત હિંદુ પ્રજા માટે ધર્મ શાસ્ત્રમાં નીચે પ્રમાણે સંસ્કારો દર્શાવેલા છે:—

૧ ગર્ભાધાન	૪ જાતકર્મ	૭ ચૌળ
૨ પુંસવન	૫ નામકર્મ	૮ ઉપનયન
૩ સીમન્તોન્નયન	૬ અન્નપ્રાશન	૯ વિવાહ

આ નવ સંસ્કારમાંથી પ્રથમના ત્રણ સંસ્કારોને જાહેર કરવાની રૂઢી નાતમાં હવે લગભગ નીકળી જવામાં છે અને તે વ્યાજબીજ છે. તે સંસ્કારો જાહેર કરવાની રૂઢી હાલના વખતમાં ઇંગ્રેજી પદ્ધતિમાં ઉછરેલા ભાઇબેનોને અવિવેક યુક્ત લાગે એવી છે. અને હાલના દેશકાળને તે અનુકુળ નથી.

જાતકર્મ એટલે જન્મ પછી સ્નાન કરવું તે સંસ્કાર સ્વભાવિક રીતે થાય છે. તે સંસ્કાર પણ નાતમાં જાહેર રીતે થતો નથી તે ઠીકજ છે. તેજ પ્રમાણે નામકરણ સંસ્કાર પણ નજીકના સગાની હાજરીમાં થાય છે. નામકરણ એટલે બાળકનું નામ પાડવું. તે બાબત હાલ ચાલતી રૂઢીમાં કંઇ ફેરફાર સુચવવા જેવું જણાતું નથી.

અન્નપ્રાશન સંસ્કાર એટલે બાળકને દુધપાન સાથે અન્ન આપવાનો આરંભ કરવો તે સંસ્કાર શાસ્ત્ર પ્રમાણે આ સંસ્કાર છઠ્ઠે, આઠમે, દશમે કે બારમે મહીને થાય છે. આપણી નાતમાં તે સસ્કાર ઘણેભાગે બારમે મહીને થતો હોય એમ જણાય છે.

ચૌળ સંસ્કાર એટલે મુંડન તે જન્મ પછી ૧-૨-૩ કે પાંચમે વર્ષે અથવા ઉપનયન (જનોઇ) સંસ્કાર સાથે શાસ્ત્ર પ્રમાણે થઇ શકે છે. ઘણીખરી બ્રાહ્મણોની જ્ઞાતીઓમાં મુંડનનો સંસ્કાર ,જનોઇના સંસ્કાર સાથે કરવામાં આવે છે. આપણી નાતમાં પાંચમે વર્ષે નીશાળે બેસાડતી વખતે આ સંસ્કાર કરવાનો રીવાજ છે, તે સંસ્કાર વિષે ચાલતી રૂઢીમાં કંઇ તફાવત કે સુધારો કરવા જેવું મને જણાતું નથી

ઉપનયન સંસ્કાર (મૌંજી અથવા જનોઇ.)

બાળકને વિદ્યાભ્યાસ માટે આચાર્યની સમીપ લેઇ જવો તેનું નામ "ઉપનયન" (પાસે લેઇ જવાનું કર્મ) સંસ્કાર કહેવાય છે. શાસ્ત્ર પ્રમાણે

પુરાણું છે માટે બધું સારૂંજ છે તેમ નથી. તેમ નવું કાવ્ય માટે સારૂં એમ પણ માનવું નહિ. ડાહ્યા પુરૂષોએ પરીક્ષા કરીને ને સારૂં લાગે તે સ્વીકારવું. વળી મૂર્ખ લોકો બીજા જે કહે કે કરે તે પ્રમાણે વિવેક વગર અંધ માફક અનુસર્યા કરે છે. આપણે હાલના દેશકાળને અનુસરતા આચારો કાયમ રાખવા જોઇએ તેને માટે મેં ઉપરના પ્રાચીન ધર્મશાસ્ત્રકારોના પ્રમાણો બતાવ્યાં છે. દરેક દેશકાળમાં અધિકારી અને એકજ રહે તેવા ધર્મો કે આચારો હોઈ શકે નહિ. તેવી વસ્તુ તો માત્ર એક પરમાત્મા છે. બાકી જગત્ સર્વ હમેશા બદલાયા કરે છે અને બદલાશે કેમકે-તે વિકારી છે. આ આધારોને અનુસરી સાકર ખાવી. ખોળા ઝોળા શીખંડની માણ આ ત્રણ બાબતો વિવાહ સંસ્કારમાંથી કમી કરવી જોઇએ એમ મારો નમ્ર મત છે.

ઘણી વાર ધર્મને બ્હાને વ્હેમ તથા આળસ આપણને સારી કિંવા ખોટી કંઇ પણ રૂઢી નહિ બદલવા પ્રેરણા કરે છે. તેમાં બીચારા "ધર્મ" ને કે "માતા" ને કંઇ સંબંધ નથી, માત્ર આપણું આળસ, તમોગુણ, મોહ **તથા ચાલતી સ્થીતિમાં ફેરફાર કરવા વિરૂધ્ધતાની લાગણી આપણને** સુધારો કરતાં અટકાવે છે અને તે આળસ, વ્હેમ અથવા મોહને આપણે "કુળદેવી" "માતા" કે "ધર્મ" નું નામ આપી આપણા અવગુણ "દુરાગ્રહ" ને ઢાંકીએ છીયે. ધર્મ કે કુળદેવી હમેશાં આપણો મુખ્ય મિત્ર છે. શત્રુ નથી. હમેશાં આપણને સીધા દોરનાર છે. ખાડામાં ઉતારનાર નથી એમ મનને માન્યું કે "ધર્મ આભાસ" અથવા ખોટા ધર્મને બદલે "ખરા ધર્મ" નો પ્રકાશ આપણા મન ઉપર પડશે. તે પ્રકાશ આપણી નાતમાં જલદી પડો એવી પ્રભુની પ્રાર્થના કરી લેખ બંધ કરૂં છું.

* હિંદની સ્ત્રીજાતિનો ઉદ્ધાર શી રીતે કરી શકાય?

રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.
અને
રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, બી. એ.

હિંદુસ્તાનની સ્ત્રીયોને ઉચ્ચ સ્થિતિમાં આણવાનો રસ્તો એકજ છે અને તે એ કે તેમના સાંસારિક માર્ગમાં હાલ આવી રહેલી કૃત્રિમ અડચણો દૂર કરી તેઓ જાતેજ આત્મોદ્ધાર એટલે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે એમ થવા દેવું—એટલું કહી ચૂપ રહેવું એ મને ઠીક લાગતું નથી. હિંદુસ્તાનના ઇતિહાસની મોટી મોટી રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં હિંદી સ્ત્રીયોએ કેટલો મહત્વનો ભાગ લીધો છે તે આજના સમયમાં થોડાજ પુરૂષો સમજી શકે છે. ઓગણિસમી સદીની શરૂઆત થતાં સુધી હિંદમાં મહાન સ્ત્રીયો ઉત્પન્ન થયા કરેલી છે. પણ ઇંગ્રેજી રાજ્ય અમલનો જેમ જેમ ફેલાવો થતો ગયો તેમ તેમ હિંદની જાહેર જિંદગીમાંથી સ્ત્રીયોનો ભાગ કમી થતો ગયો એ એક વિચિત્ર, નહીં સમજ પડે તેવો, તેમજ અણચિંતવેલો સંજોગ દેખાય છે. તેનું કારણ વખતે એમ હોય કે હિંદના પુરૂષો ઇંગ્રેજી પદ્ધતિ અનુસાર કેળવાયલા છે અને હિંદની સ્ત્રીયોએ એક તરફથી જૂના કાળમાં મળતી કેળવણી મોટે ભાગે ખોઇ છે તેની સાથે નવી ચાલુ કેળવણીથી જોઇએ તેવો લાભ અદ્યાપિ તેઓ મેળવી શકેલી નથી. પરંતુ શૌર્ય, આત્મભોગ, અને લોક સેવા કરવાની વૃત્તિના ગુણો, જેને લીધે ભૂતકાળની હિંદની સ્ત્રીયો નામના મેળવી શકેલી તે હિંદની વર્તમાન કાળની સ્ત્રીયોમાં એવાને એવા વિદ્યમાન છે-તેનો દાખલો તાજો તરમાંજ દક્ષિણ આફ્રિકાના બનાવોએ પૂરો પાડેલો છે, જે ખંડમાં સ્ત્રીયોએ તેમના પતિ અને પુત્રોની જ હારમાં સરસી રહીને તુરંગોના સખળા ત્રાસો વેઠયા છે. આનું શું કારણ? એજ કે સાહય

* મિસિસ બીસન્ટના તા. ૮-૪-૧૯૧૪ ના "જ્ઞાન પ્રકાશ" માં આવેલા ફકરાનો તરજુમો.

આ તરજુમો કરવાની સુચના રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર તરફથી મળેલી. તરજુમો પૂરો કર્યા બાદ જોવા સારૂ તેમને આપેલો-તે ઉપર તેમના વિચારો લખાઇ આવેલા તે આ લેખની અંતે આપ્યા છે જે તરફ ત્રિમાસિકના વાંચકવર્ગનું લક્ષ ખેંચવા રજા લઉં છું-વી. એસ. ટી.

આફ્રિકામાં પુરૂષોએ જનહિતના કાર્યો અને ઉચ્ચાભિલાષોમાં તેમને **પોતાની સમસુખદુ:ખી ભાગીયણો બનાવી.** સાઉથ આફ્રિકામાં મુશીબતના પ્રસંગોમાં દરેક જાતની વિટંબણામાં સ્ત્રીયોએ પુરૂષોના જેટલી જ કામગીરી બજાવી પુરૂષોના જેટલીજ જાહેર હિમ્મત બતાવી છે તેનો ખુલાસો આજ છે. હિંદી સ્ત્રીયોના હૃદયમાં તેમનો પુરાણો જુસ્સો નિદ્રાવસ્થ છે પણ એવો ને એવો મોજૂદ છે; અને જ્યારે જ્યારે પુરૂષો તેને ઉશ્કેરી શકશે ત્યારે ત્યારે તે ઉછળતો દેખા દેશે હિંદની સ્ત્રીયોને જાહેર કર્તવ્યોમાં જોડાવાની તક પ્રાપ્ત થતાં તેઓ પોતાની ફરજ ઝડપી લેશે અને દેશ સેવામાં પુરૂષોના જેટલુંજ કરી બતાવશે. આથી વધુ પુરાવો જોઇતો હોય તો અહીં વસતી હિંદી સ્ત્રીયોએ દક્ષિણ આફ્રિકામાં દુ:ખી થતા બાંધવો અને બગિનીઓ સારૂ કરેલાં ભાષણો અને ફાળાઓ અને તેમાં દેખાયલી તેમના હૃદયની દુ:ખની દાઝ અને ખરી સ્થિતિ સમજવાની તેમના મગજની શક્તિ તરફ નજર કરો.

ભૂતકાળના ઇતિહાસપર નજર કરશો તો ઉપલી બીનાઓ સાબીત થશે. પૂર્વકાળમાં સ્ત્રી જાતિને સારૂ બે માર્ગો ખુલ્લા હતા: પત્ની અને માતા થઇને તે સાંસારિક આનંદમય સુંદર જીવન ગાળતી, અગર તો તે બ્રહ્મવાદિની થઇ તપસ્વી જીવનમાં મોક્ષનો એકાંત માર્ગ ગ્રહણ કરતી જ્યારે ગૃહસ્થાશ્રમ ધર્મની ફરજો પૂરી થઇ રહેતી ત્યારે યાજ્ઞવલ્કયની પાસેથી મૈત્રેયી શીખ્યાં તેમ પરબ્રહ્મનું જ્ઞાન પહેલે માર્ગે ગયેલી સ્ત્રી પણ મેલવી શકતી, અગર પતિની સાથેજ ગૃહસ્થાશ્રમને અંતે વાનપ્રસ્થાશ્રમ અંગીકાર કરી શકતી. જાહેર જિંદગીમાં પણ તે તેને યોગ્ય મહત્વનાં કામકાજ હાથ ધરતી હતી, એના દાખલા તરીકે રાજાઓ અને યોદ્ધાઓની ભર સભામાં ગાંધારીને તેના પુત્ર સાથે વાદવિવાદ કરતી આપણે જોઇએ છીએ. પરંતુ હાલના જમાનામાં વખતે ઘણા લોકોને આ દાખલાઓ કયા ભટની કહાણીઓ જેવા કાલ્પનિક લાગે તેથી થોડા સમયપર જે સ્ત્રીયોના નામો ઇતિહાસ પટપર ચિરસ્મરણીય થઇ રહ્યા છે તેમની નોંધ લેઉંછું.

મેવાડની પદ્મિની, જેણે ઇસવી સન ૧૨૭૫ માં પોતાના પતિને બંધનમાંથી મુક્ત કરાવ્યો, અને જ્યારે દુશ્મનોના અખુટ દલ સામું પુરૂષો કેસરિયાં કરવા નીકળ્યા ત્યારે ચિતોડની સઘળી સ્ત્રીયો સાથે ચિતાપર ચઢી, તેને યાદ કરો. વળી સને ૧૫૩૫ માં એજ પ્રતાપી શહેરની રાજ્યમાતા પોતાના સૈન્ય સાથે નગી પરેલી દિવાલની બહાર નીકલી રણક્ષેત્રમાં તલવાર ચલાવતી

દેવલોક પામી તેને સંભારો. વળી સને ૧૫૬૨ માં જ્યારે સઘળા સરદારો મરણ શરણ થયા ત્યારે પોતાના શૂરવીર પણ કાચી વયના છોકરાને ભાલાં પકડાવી કેસરિયાં વસ્ત્ર સજાવી, પાછળ રહેલાં સ્વજનોનો વિચાર પણ ન આવે તેથી તેની માએ તેની નવ વધુ સાથે રણસંગ્રામમાં મોકલ્યો અને એ ત્રણે ત્યાંજ મરણ પામ્યાં એ દાખલો સંભારો. અગર તારાબાઇ, ચાંદબીબી, અને સને ૧૮૦૫ માં દેવલોક પામેલી ઇંદોરની પ્રતાપી રાજકર્ત્રી અહલ્યાબાઇને યાદ કરો. માતૃભૂમિ સારૂં હિંદની સ્ત્રીઓએ શું શું કર્યું છે તે બતાવવાને થોકબંધ આખ્યાયિકા અને ઐતિહાસિક લેખો છે, અને તેથીજ હું કહું છું કે સ્ત્રીઓને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવવાનું કામ તેમના પિતા, પતિ અને પુત્રોના હાથમાં છે, તેમને તેવી તક આપો.

બીજું, તેઓ પ્રવૃત્તિ માર્ગમાં જોડાવા લાયક બને એવી તેમને મદદ કરો. પહેલું તો તેમને કેળવણી આપો, અને કન્યાઓની કેળવણી બીજી હરેક જાતની તાલિમ કરતાં પ્રજાના અંકુશ નીચે વિશેષતઃ જોઇએ—તેની રૂપરેખા, પદ્ધતિ વગેરે હિંદુ, મુસલમાન અને પારસીઓ જેઓ હિંદના જીવનમાં આગળ પડતો ભાગ લે છે, તેમને હાથે ઘડાવાં જોઇએ. શીખ લોક અને જૈનોનો મત પણ તેમાં લેવો. હિંદની છોકરીઓની કેળવણી પરદેશી અન્ય ધર્માશ્રયી પાદરીઓના હાથમાં જવા દેવી એ તો હિંદના ઐક્યનો, હિંદના ભાવિ એક પ્રજાત્વની આશાનો પણ—નાશ કરવા જેવું છે; અને તેને પરિણામે ધાર્મિક ભાવનાનો અવશ્ય નાશ થાય તે તો વળી જુદું. પાદરીઓને હાથે અપાતી કેળવણી કેટલી નુકસાનકારક છે તે જાણવાને પંડિતા રમાબાઇના વટાળનો દાખલો બસ છે. રમાબાઇ જ વટલી ન હોત તો તેણી હિંદુસ્તાનની સ્ત્રી કેળવણીની નેત્રી થઇ હોત. એના જન્મ સંસ્કાર અને એની કેળવણી એવાં હતાં કે તે નેત્રી થવા લાયક હતી. પણ એ વટલી ગઈ અને એ એક બનાવથી હિંદની સ્ત્રી કેળવણી બે દાયકા પાછળ પડી, અને હજુ પણ એ દાખલો ઘણાના મનમાં કેળવણીની સામે ઠંટકરૂપ થઇ પડયો છે.

કેળવણી ધાર્મિક અને નૈતિક-પ્રત્યેક શિષ્યાના સંપ્રદાય મુજબ હોવી જોઇએ. સ્ત્રીઓને સાહિત્યજ્ઞાન મળવું જોઇએ. માતૃભાષા, સંસ્કૃત, અને પોતાના પતિની જાહેર ભાવનાઓ અને કૃતિઓમાં ભાગ લેવા તે લાયક બને એટલા માટે ઇંગ્રેજી ભાષા જ્ઞાનનો તેમાં સમાવેશ થવો જોઇએ. સ્ત્રીઓને વૈજ્ઞાનિક કેળવણી પણ મળવી જોઈએ. વ્યક્તિઓનું આરોગ્ય અને શહેરોનું આરોગ્ય

જાળવવા માટેના સિદ્ધાંતોનું જ્ઞાન, અન્નપાનમાં વપરાતા પદાર્થોના ગુણ અને તેના ઉપયોગ, ધરવૈદું અને અકસ્માત્ વેળા તાત્કાલિક ઉપાયોનું જ્ઞાન, હિંદના કળા હુન્નર (ગાયન, વાદ્યવિદ્યા, ચિત્ર વિદ્યા વિગેરે) નો કાંઇક ભાગ, અને અંગ-કસરત સર્વ સ્ત્રીયોને આવશ્યક સામાન્ય કેળવણીનું રેખાચિત્ર આ માત્ર દોરૂં છું.

જે છોકરીઓ શિક્ષિકા થવા, વૈદ્ય, થવા, અગર રોગીની સેવા કરતાં શીખવા ઈચ્છતી હોય તેમને આ ઉપરાંત તેવી કેળવણી મળે એવી સુગમતા કરી આપવી જોઇએ. આ કેળવણી લેવા ઇચ્છતો મોટો વર્ગ ખાસ બચ્ચાં વિનાની કમનશીબ અસંખ્ય વિધવાઓમાંથી નીકળી આવશે. તેઓને માટે, અને જે કોઇ છોકરી પ્રાથમિકથી ચઢતી કેળવણી લેવા માંગતી હોય તેમને સારૂ, તેવી પાઠશાળાઓ અને વિશ્વવિદ્યાલયની પદવી પ્રાપ્ત કરવા યોગ્ય જ્ઞાન તાલિમ-આપતા આશ્રમો સ્થપાવા જોઈએ. આવા કોઇક આશ્રમો સાથે સ્ત્રીયોનું દવાખાનું, સુવાવડખાનું અને એવા વિષયોના જ્ઞાન આપતા વર્ગો સાથે રાખવાં. આવી તાલિમ આપતા આશ્રમને હું "વિધવા આશ્રમ" નું નામ આપતી નથી તેનું એક કારણ એ કે "વિધવા" શબ્દ હિંદુજન સમાજમાં અમંગલ સૂચક ગણાય છે, અને બીજું એ કે તેમાં મોટી વયની કુંવારી છોકરીઓ પણ દાખલ થાય તેમાં બાધ હોવો ન જોઇએ. મારે ખાસ કરીને કહેવું જોઇએ કે હિંદના સ્ત્રી સમાજની ઉન્નતિ કરવા સારૂ બાળલગ્ન નાબુદ થવાં જોઈએ—તેમ થયે બાળ વિધવાઓ આપોઆપ દેખાતી બંધ થશે. જ્યાં સુધી છોકરી સોળ વર્ષની થાય—એટલે તેને સતરમું વર્ષ બેસે—ત્યાં સુધી તેને પરણાવવી નહીં. ઇંદ્રિય શાસ્ત્રની દૃષ્ટિથી—માત્ર માતા થવા સારૂ નહીં. પણ—તંદુરસ્ત માતા થવાને સારૂ ઓછામાં ઓછી એટલી ઉમ્મર જોઇએ.

બાળલગ્નના પ્રતિબંધથી ઓછા જરૂરી સુધારા આ છે. સ્ત્રીયોને પડદામાં રાખવાનો રિવાજ દૂર થવો જોઇએ, અને જ્યાં જ્યાં તે રિવાજ ચાલુ હોય ત્યાં ત્યાં હિંદી સ્ત્રીયોને ઇંગ્રેજ સ્ત્રીયો સાથે મેળાવડાઓમાં ખાસ કરી હાજર કરવી; પુનર્લગ્ન કરતી સ્ત્રીયોને વ્યવહાર બહાર મુકવાનો કાયદો રદ કરવો, નાચ બંધ કરવા અને ધર્મક્રિયા પ્રમાણે નહીં કરેલા લગ્નમાં (civil marriage) સ્ત્રી તથા પુરૂષ હિંદુ નથી એવું કહેવાની જરૂર પડે છે. તે કહેવાની જરૂર ન રહે એવો પુખ્ત ઉમ્મર થયેજ લગ્ન કરી શકાય એવો

કાયદો પસાર કરાવવો. વળી છોકરીઓને "દેવદાસી" તરીકે મંદિરોમાં અપાય છે એ કાર્ય ગેરકાયદેસર ઠેરવવું.

હિંદુસ્તાનની સ્ત્રીઓની ઉન્નતિ સારુ હિંદની એક સેવિકા અને એક પ્રજામિત્ર તરીકે હું ઉપર મુજબ મુખ્ય મુખ્ય વાત સુચવું છું.

રા. બળવંતરાય ક. ઠાકોરની ટીકા.

આપણી નાતમાંથી થિયોસોફિસ્ટો થોડાકજ છે; મિસિસ બેસન્ટના અભિપ્રાયને માટે માનની લાગણીવાળાની સંખ્યા પણ મોટી નહીં હોય. તથાપિ હિંદની એ વિદ્વાન સેવિકાના ઉપલા વિચારો અને આપ્યા છે તે એવાજ હેતુથી કે સ્ત્રી કેળવણીના મહત્વના વિષય ઉપર પુખ્ત ચર્ચા આરંભવામાં એ વિચારોને મુદ્દા તરીકે લઇને આગળ ચાલી શકાય.

૧—મિસિસ બેસન્ટના વિચારોમાં રાખાયલો સૌથી વધારે મહત્વનો મુદ્દો એ જણાય છે કે સ્ત્રીઓની ઉચ્ચ કેળવણીને માટે હાલ જે પુરૂષોની ઉચ્ચ કેળવણીના ધોરણોનો જ ઉપયોગ કરવામાં આવે છે તે ઘટિત નથી. સ્ત્રીઓ પુરૂષોની પાઠશાળાઓમાં પુરૂષો ભણે છે તે જ ભણે, પુરૂષો આપે છે તે જ પરીક્ષાઓ આપે, અને પુરૂષોને માટે જે બધા ધંધાઓ ખુલ્લા છે તેમાંથી ગમે તે પુરૂષના જેટલી જ છુટથી જ પસંદ કરી તેનું શિક્ષણ મેળવે, એને મિસિસ બેસન્ટ ઇષ્ટ ગણતાં નથી. એમની માગણી એવી જણાય છે કે સ્ત્રીઓનાં જુદાં કર્તવ્યો ધ્યાનમાં લઇને એમની ઉચ્ચ કેળવણીને માટે સ્ત્રીઓના જ આશ્રમો રચો, સ્ત્રીઓનીજ દવાશાળાઓ ઉઘાડો, અને ત્યાં એમને કેળવવાને માટે નવાં ધોરણો અને નવી પરીક્ષાઓ યોજો. શિક્ષિકા, દાઇપણું, ડાક્ટર અને કળાસેવિકા એ ચાર જ ધંધાને મિસિસ બેસન્ટના વિચારોમાં સ્થાન અપાયું છે. માતૃભાષા અને સંસ્કૃતના સાહિત્ય જ્ઞાન ઉપર મિસિસ બેસન્ટ ખાસ ભાર દેવા ઇચ્છે છે. ઇન્ગ્લિશ સાહિત્ય જ્ઞાન પણ એમને ઉચ્ચ કેળવણી લેતી હિંદની સ્ત્રીઓને માટે મહત્વનું જણાય છે. હિંદુ ધર્મનિષ્ઠ સદાચરણી અને સુશિક્ષિત શિક્ષિકાઓ મોટી સંખ્યામાં બનતી ત્વરાથી ઉત્પન્ન કરવી એને મિસિસ બેસન્ટ વર્તમાન કાળમાં હિંદની મોટામાં મોટી જરૂરિયાતોમાંની એક ગણે છે.

૨—ઉપલા વિચારોમાં ઉચ્ચ કેળવણીને હદથી વધારે મહત્ત્વ અપાયલું જણાય છે. કોઇપણ દેશ કે પ્રજાની કેળવણીના ઇતિહાસના આરંભમાં એમ થવું કુદરતી છે; અગર જો કે એ તો દેખીતું છે કે ઉચ્ચ કેળવણી માત્ર થોડી સંખ્યા-માત્ર લાયક વીણી કહાડેલી વ્યક્તિઓને માટે હોઇ શકે. દેશની પ્રગતિનો મુખ્ય આધાર વસ્તીનાં મોટા ભાગની કેળવણી ઉપર જ છે, એટલે કે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી ઉપર જ છે. પરંતુ મિસિસ બેસન્ટની માગણી કે સ્ત્રી કેળવણીને માટે સ્ત્રીયોનાં પુરૂષોથી ભિન્ન કર્તવ્યો ધ્યાનમાં લઇને રચાયલાં જુદા જુદા ધોરણો જોઇએ—એ તો સ્ત્રીયોની પ્રાથમિક અને માધ્યમિક કેળવણીના પ્રદેશમાં પણ લાગુ પડે છે. દાખલા તરીકે સ્ત્રીયોને માટે જુદી મેટ્રિક્યુલેશનનું ધોરણ આપણી શારદાપીઠોમાં રચાય નહીં ત્યાં સુધી સ્ત્રીઓને વધારે બંધબેસતી આવે એવી હાઇસ્કૂલો ક્યાંથી થઈ શકે? અને પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં હાઇસ્કૂલોમાં પ્રવેશ થાય, એટલે પ્રાથમિક અને હાઇસ્કૂલોનાં ધોરણો વચ્ચે ઘણો નિકટસો સબંધ સ્વાભાવિક રીતે જ રાખવો પડે. મતલબ કે સ્ત્રી કેળવણીની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ એ ત્રણે શ્રેણિનો સાથે લાગો વિચાર કરી આખી વ્યવસ્થા સળંગ અને ઉત્તરોત્તર ક્રમમાં બંધ બેસે એવી કરવાની જરૂર છે. આથી કરીને પ્રાથમિક અને માધ્યમિક કેળવણીની વ્યવસ્થા કરતાં એ કરતાં ગૌણ ઉચ્ચ કેળવણીનો પણ સાથે વિચાર કરવો આવશ્યક છે,

૩—મિસિસ બેસન્ટ ઉચ્ચ કેળવણીને વધારે પડતું મહત્ત્વ આપે છે, પણ એ ભૂલ હાલની સંસ્થિતિમાં સ્વાભાવિક છે, એ ઉપર કહ્યું. ઉપલા વિચારોમાં એથી ઘણી વધારે ગંભીર બીજીપણ એક ભૂલ સમાયલી છે. અને એ ભૂલ પણ ગયા સૈકડામાં સામાજીક કેળવણી યુરોપના દેશોમાં શરૂ કરવામાં આવી ત્યારથી ઘણીજ સામાન્ય થઇ પડેલી છે. મિસિસ બેસન્ટ પોતે સાઉથ આફ્રિકામાં કેદમાં જઈ આવેલી સ્ત્રીયોના, રજપુતાનાની બહાદુર રાણીઓ અને રાજમાતાઓના, અહલ્યાબાઈ, ગાંધારી, અને મૈત્રેયીના દાખલા ટાંકે છે. આમાંથી શાળા શિક્ષણ અને પુસ્તકિયા કેળવણી કેટલીને મળેલાં હતાં? પણ સ્ત્રીયોના જ દાખલા શા માટે? પુરૂષોના પણ જુવો: ઇતિહાસમાંથી હજારો મળી આવશે. અકબર, શિવાજી, અને હૈદરઅલી, કલાઇવ, ત્રીજો વિલિયમ, અને અબ્રહામ લિંકન, આલ્ફ્રેડ અને શાર્લમેન, હેનિબાલ, ઉમર, અને શેક્સપીયર, નાનક ગુરૂ ગોવિંદ અને રણજીતસિંહ આ શું પુસ્તક પંડિતો હતા? પુસ્તકિયા કેળવણીની હું વિરૂદ્ધ છું એવા ભ્રમમાં ન પડશો. પણ

પુસ્તકિયા કેળવણીથી ધર્મ અને નીતિ પણ સમજાય અને આચરતાં થવાય એ ભૂલ છે. એમ થાયે ખરું પણ નયે થાય,, અને હાલના સમયમાં તો એમ નથી થતું એ આપણે સૌ પ્રત્યક્ષ જોઇએ છીએ. (૧) ધર્મ અને નીતિની કેળવણી પુસ્તકિયા કેળવણી કરતાં ઘણી વધારે મહત્વની જરૂરી બાબત છે; (૨) ધર્મ અને નીતિની કેળવણી કુટુંબ અને સંસારના વાતાવરણમાંથી મળે છે; (૩) પુસ્તકિયા કેળવણી ધર્મ અને નીતિની કેળવણીને પોષે એવી જ રચવી જોઇએ; પણ હાલની પુસ્તકિયા કેળવણી એવી નથી: કેળવણીનો સુધારો તથા વધારો ઇચ્છનાર માણસે આ ત્રણ મુદ્દા પોતાના વિચારમાં સુદૃઢ ઠસાવવાના છે.

૪—જૉન સ્ટુઅર્ટ મિલ એના સબ્જેકશન ઑફ વુમન નામના ગ્રંથમાં કહે છે કે ગૃહપત્ની બનેલી સ્ત્રી પોતાના ઘરની ઘરવખરીની અને રસોઈની તથા પોતાના કુટુંબના સાંસારિક વ્યવહારની સંભાળ રાખે એ તેને માટે પૂરતા મહત્વનું, તેના જીવનને માટે પૂરતા આનંદ અને વિકાસનું, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પૂરતી કિંમતનું, અને જન સમાજની દૃષ્ટિએ પૂરતી ઉપયોગિતાનું કર્તવ્ય જાણે છે. સ્વ. ગોવર્ધનરામકૃત સરસ્વતીચંદ્રમાં પણ ગુણ સુંદરી આ વાતને ઘણી અસરકારક રીતે વિસ્તારે છે. લાયક ગૃહપત્ની થવું અને લાયક માતા થવું એ સ્ત્રીનું સમાજમાં પરમ કર્તવ્ય છે અને એ દ્વારાજ વ્યક્તિ તરીકે તેની પરમ ઉન્નતિ અને આત્મ વિકાસના છે. અને લાયક ગૃહિણી અને માતા થવાના સાધન તરીકે ઉંચામાં ઉંચી પુસ્તકિયા કેળવણીના કરતાં ધર્મ અને ગૃહનીતિ અને સમાજનીતિ અત્યંત વધારે મહત્વનાં છે: પરંતુ અફસોસની વાત એ છે કે એ વસ્તુઓ હાલના સમયમાં ઉંચી જાતોમાંથી પણ ઝપાટાબંધ ઓસરી જતી જણાય છે. "હાલ જે ચારે તરફ સ્ત્રીકેળવણીને માટે માગણી થવા લાગી છે. તેનું ખરું હાર્દ તો આ છે. પ્રશ્ન જે માગી રહી છે તે એ છે કે ઝપાટાબંધ ઓસરી જતાં, ધર્મ ગૃહનીતિ અને સમાજનીતિનું સંરક્ષણ કરો. પુસ્તકિયા કેળવણી—હાલની પુસ્તકિયા કેળવણીમાં એ સંરક્ષણ કરવાની તાકત નથી તે પ્રશ્ન સમજી શકતી નથી. પુસ્તકિયા કેળવણી નહીં તો બીજાં કયાં સાધનો વડે એ સંરક્ષણ થાય એ સવાલજ કોઇ ઉપાડતું નથી.

મિસિસ બેસન્ટના ઉપલા વિચારો ઉપરથી આ ચાર મુદ્દાઓ વિશેષ ગંભીર વિચાર અને ચર્ચાને માટે રજુ કરું છું.

*આપણા દયાળુ રાજ્યકર્તા સ્ત્રીઓની સ્કૂલો અને કોલેજો સ્થાપી સ્ત્રી કેળવણીના પ્રચાર સારૂ પ્રયત્ન કરે છે; પરંતુ જાહેર વિદ્યાધિકારી ખાતા તરફથી જે માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો છે તે હાલની જરૂરિયાતો પૂરી પાડવા પૂરતો યોગ્ય નથી. પુરૂષોની ઘર બહારની પ્રવૃત્તિઓ મોટે ભાગે સ્ત્રીજાતિને કરવી પડતી નહીં હોવાથી છોકરાઓને સારૂં જે શિક્ષણ પદ્ધતિ રાખી છે, તેજ છોકરીઓ સારૂં ન જોઇએ. વાંચન, લેખન, અને નીતિશિક્ષણ ઉપરાંત પાકશાસ્ત્ર, કપડાં સીવવા તથા વેતરવાનું શિક્ષણ, ભરત તથા ગુંથણકામ, સાધારણ રોગો પૂરતું વૈદકજ્ઞાન, થોડું થોડું આલેખન અને ચિત્રકામ સંગીત (Drawing and Painting) અને એવી બીજી કળાઓ જેથી તેમનાં ઘર સુંદર અને આનંદમય બને એવી તાલિમનો તેમાં સમાવેશ થવો જોઇએ. જ્યાં સુધી આમ નહીં બને ત્યાં સુધી સ્ત્રી કેળવણી લગભગ નિરૂપયોગી રહી ઉછરતી પ્રજાની ભાવનાઓ પૂર્ણ કરી શકશે નહીં. સ્કૂલોને અંગે આવી કોઇક શાળા આપણી સરકાર જોડે તો ઘણું સારૂં પરંતુ સરકાર તરફથી એવી શાળા ન નીકળે તેથી લોક સમૂહ તરફથી પણ તેવા શિક્ષણને ઉત્તેજન ન મળે એ ઠીક ન કહેવાય. છોકરાઓના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સારૂ ફાળા કાઢી આપવા જેટલી ઉદારવૃત્તિ લોકોએ બતાવી છે એ આપણે જોયું છે; અને તેથી તેમની પુત્રીઓ અને ભગિનીઓ સારૂ તેવી મદદ તેઓ નહીં કરે એવું કહી નહીં શકાય. પરંતુ એ શિક્ષણ જરૂરનું છે એ પ્રજા વર્ગના મગજમાં ઠસાવવાનું કામ જ્ઞાનવૃદ્ધ અને ઉચ્ચ વિચારશીલ પુરૂષોનું છે. આ ન્યૂનતા જેમ બને તેમ વહેલી પૂરાય તે જોવાનું પવિત્ર કાર્ય પ્રત્યેક સુધારકનું છે.

સાહિત્ય સેવા અને સમાલોચના.

રવિકાન્ત. આપણા જ્ઞાતિ બંધુ રા. ચુનીલાલ નરભેરામ દેસાઇએ "રવિકાન્ત" નામે એક ધર્મ માર્ગ દર્શક ગ્રંથ રચી પ્રસિદ્ધ કરીને ગુજરાતી સાહિત્યની સુસેવા કરી છે, તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે. આ પુસ્તક ધર્મ વિષયે છે, અને અમુક સિદ્ધાંત રજુ કરી તે વાંચનારનાં મન ઉપર બરોબર ઠસાવવા

*સંસાર સુધારકો પણ રા રા બ. ક. ઠાકોરના નંબર (૨) તથા (૩) વિચારોને મળતા થાય છે તે બનાવવા પુના ખાતે હમણાં મળેલી પ્રોવિન્શિયલ સોશિયલ કોન્ફરન્સમાં બહેન ગંગુબાઇ જોશીના ભાષણમાંથી આ ઉતારો આપ્યો છે. પી. એસ. ટી.

માટે જુદાં જુદાં દૃષ્ટાંતો આપવાની પૌરાણિક રૂઢીયે લખવામાં આવેલું છે. સામાન્ય જન સમાજ ઉપર અને જે લોકો ઉંડી તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી, શીલસુફીની રીતથી, ધર્મનો અભ્યાસ કરી શકતા નથી તેમના ઉપર, આ ઢબનાં પુસ્તક ઘણી સારી અસર કરી શકે છે.

"રવિકાન્ત" નો આ પ્રથમ ભાગ છે. અને આખો વિષય ત્રણ કે ચાર ભાગમાં થઈને પૂરો કરવાનું લેખક જણાવે છે. આ પ્રથમ ભાગની શરૂઆત એક વાર્તા રૂપે શરૂ થાય છે, પરંતુ આપણે તો અંદર જે ખાસ મુદ્દા જણાવેલા છે તેજ જોઇશું. લેખક પુસ્તકમાં જણાવે છે કે "કાર્ય કારણથી ઉદ્‌ભવતી આ દુનિયાને વિષે એવું કાંઇપણ નથી કે જે આપણને પ્રતિકૂળ વા દુઃખદ હોય, તેને આપણે ઉપાયોથી નિવારી ના શકીયે" વળી કર્મના મહાન સિદ્ધાંતને અનુલક્ષીને જણાવે છે કે "મનુષ્યને વિષે સારી યાતો નરસી સ્થિતિ હોવામાં મનુષ્યના પોતાના આ જન્મના તેમજ ગત જન્મ જન્માંતરોના કર્મો છે." અને જો કદાચ આ જન્મમાં આપણને દુઃખ હોય તો તે સુકૃત્ય–સત્‌કર્મોથી–આ જન્મમાં પણ નિવારી શકીયે. આટલું દૃષ્ટાંતો સહિત સમજાવી લેખક સત્‌કર્મો એટલે શું અને તે કયાં કયાં છે તે ચર્ચે છે અને મુખ્ય સત્‌કર્મો તરિકે દાન, ભક્તિ પુરૂષાર્થ અને ષડ્‌રિપુ સંહાર ગણાવે છે અને તે દરેક ઉપર વિવેચન કરી દૃષ્ટાંતો સહિત સમજાવે છે.

એકંદરે પુસ્તક સારૂં છે. કીંમત બે રૂપીઆ. પુસ્તકના કદ તથા પાકી બાંધણી જોતાં વધારે ન કહેવાય. આ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે અમે રા. ચુનીલાલને ખાસ અભિનંદન આપીએ છીયે ધર્મ જેવો કઠણ વિષય વાંચી, તે ઉપર મનન કરી, લોકોના ઉપયોગ સારૂ તેમાંના વિચારો ગોઠવી તે પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવા તે ઘણી ઉપયોગી પ્રવૃત્તિ છે. જુદી જુદી જાતની સાહિત્ય વૃદ્ધિ કરવા તરફ ધ્યાન આપવા દરેક જ્ઞાતિ બંધુને અમે વિનંતિ કરીએ છીએ. આપણામાંના ઘણાને અવકાશ હોય છે, અને શક્તિ પણ હોય છે, તો સાહિત્ય વૃદ્ધિ સંબંધના કર્તવ્યથી વિમુખ રહેવું તે યોગ્ય કહેવાય નહિ. પુસ્તકો તથા લેખોદ્વારા પોતાના જ્ઞાનનો લાભ બીજાને આપી તે પ્રકારે સેવા કરવા દરેક જણે તત્પર રહેવું જોઇએ. સાહિત્ય સેવાથી લેખકને પોતાને ઘણો આનંદ થાય છે. તથા વાંચનારને બહુ લાભ થાય છે, માટે તે તરફ ધ્યાન આપવા દરેક જણને અમે પ્રાર્થના કરીએ છીએ.

મોતીના પડદા. આ પુસ્તક કેટલાએક વખત પહેલાં પ્રસિદ્ધ થયેલું છે. તેમાં મોતીના પડદા ભરવાની જુદી જુદી રીતો આપેલી છે. ઘરશણગારની બાબતમાં આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઈ પડે તેવું છે અને તે રચવા માટે સૌ. મંગળાગૌરી રેવનલાલને ધન્યવાદ ઘટે છે.

અન્ય માસિકોમાં લેખો. આપણા નાતભાઇયોના ગુજરાતી માસિકોમાં પણ વારંવાર લેખો જોવામાં આવે છે. આમાંના રા. લક્ષ્મીરામ મહીપતરામનો ભરૂચના કવિ ધીરજ કાકા સંબંધના "સાહિત્ય" માં, તથા રા. બ. ક. ઠાકોરનો "બુદ્ધિ પ્રકાશ" માં "શિક્ષક અને શિક્ષિકાઓ" તથા "પરિક્ષા સબંધના બે લેખ, તથા તેજ પત્રમાં "રા. ત્રંબકલાલ ચંદ્રશંકરનો "નેપાળ પ્રવાસ વર્ણન" નો લેખ, રા. રા. મણીભાઈ અજીતરાય બી. એ. એ શંકર જયન્તિ પ્રસંગે અમદાવાદમાં "શંકરાચાર્ય અને વર્તમાનકાળ" વિષે ભાષણ આપ્યું હતું જે વસન્ત વૈશાખ માસના પૃષ્ટ ૨૪૯ મે પ્રસિદ્ધ થએલ છે તે અને "દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈની મુલાકાત અને વાતચીત" વસન્ત-વૈશાખ માસના પૃષ્ટ ૨૩૭ મે પ્રસિદ્ધ થએલ છે. એ બધા લેખ વાંચવા વાંચકોને ખાસ વિનંતિ છે આ ઉપરાંત રા- પ્રાણલાલ ક્રીરપારામની વરવિક્રય સંબંધે સુંદર વાર્તા "સુંદરી સુબોધ" ના જાન્યુવારી-ફેબ્રુઆરીના અંકમાં આવી છે. તે તરફ અમારા વાંચનારનું ખાસ ધ્યાન ખેંચીએ છીયે. આ "બબે વાર વેચાયલો વર" ની વાર્તા આ ત્રિમાસિક માટેજ લખાયલી હતી. પરંતુ તે ઘણી લાંબી થઇ જવાથી અમારે કચવાતે મને તે સુંદરી સુબોધમાં મોકલાવી દેવી પડી. દરેક વાંચકને તે વાર્તા વાંચવા અમે ભલામણ કરીયે છીયે.

અન્ય પુસ્તકો. આ અંકમાં પુસ્તકોના યશોગાનનો લેખ વાંચ્યા પછી નવા પ્રસિદ્ધ થયલા ઉત્તમ પુસ્તકો તરફ અમે વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ. આમાં સસ્તાં સાહિત્ય તરફથી પ્રસિદ્ધ થયલા "બુકર-ટી-વૉશિંગટન" તથા "સામાજીક સેવાના સન્માર્ગ" તે મુખ્ય છે. રા. રમણભાઇ મહીપતરામનો "રાઇનો પર્વત" પણ મનોજ રસિક અને બોધક છે.

નીચેનાંજ ચોપાનીયાં ત્રિમાસિકના બદલામાં મળ્યાં છે. જેની પહોંચ ઉપકાર સાથે સ્વીકારીએ છીએઃ—

વાલ્મિકકાયસ્થ ત્રિમાસિક, ઉનેવાળ અભ્યુદય, કપોળ, કપોળ મિત્ર, બાળ શિક્ષક, બુદ્ધિ પ્રકાશ અને ભાર્ગવ ત્રિમાસિક.

પ્રાસંગિક નોંધ.

પ્રાંતિક સંસાર સુધારા પરિષદ.

પુનામાં ગઈ તા. ૧૭-૧૮ તથા ૧૯ મી મે ને રોજ સંસાર સુધારા પરિષદ્ તથા તા. ૧૯ મી ને સંજે મહિલા પરિષદ્ ભરવામાં આવી હતી. પરિષદ્‌ના સ્વાગત મંડળનું પ્રમુખસ્થાન આપણા ઇલાકાના વયોવૃદ્ધ વિદ્વાન સુધારક સર રામચંદ્ર ગોપાળ ભંડારકરને આપવામાં આવ્યું હતું. તથા પરિષદ્‌નું પ્રમુખસ્થાન ઉમરાવતીના જાણીતા વકીલ મી. જોશીને આપવામાં આવ્યું હતું તથા મહિલા પરિષદ્‌નું પ્રમુખસ્થાન અમદાવાદના સૌ. વિદ્યાગૌરી બી. એ. ને આપવામાં આવ્યું હતું.

રાજકીય પરિષદોથી તદન ન્યારી માત્ર સંસાર સુધારાને માટે જ છેલ્લા ત્રણ વર્ષ થયાં આપણા ઇલાકામાં આ પરિષદ્ ભરાય છે. પહેલી પરિષદ્ સને ૧૯૧૨ માં મુંબાઈમાં ભરવામાં આવી હતી. બીજી પરિષદ્ ગઇ સાલ અમદાવાદમાં ભરવામાં આવી હતી. અને ત્રીજી પરિષદ્ આ સાલ પુનામાં ભરાઇ હતી. મુંબાઇ તથા અમદાવાદમાં ભરાયેલી પરિષદો કરતાં આ વર્ષે પુનામાં ભરાયલી પરિષદ્ સર્વ રીતે શ્રેષ્ઠ હતી એમ સર્વેનું માનવું છે.

આ પરિષદ્ નિમીત્તે જેઓ પુને ગયા હતા તેઓનું ધ્યાન પુનાવાસીઓની સાદાઇ તરફ ખાસ કરીને ખેંચાયું હતું. આપણા કરતાં દક્ષણી લોકો જીવનના સર્વ વ્યવહારમાં સાદા વધારે છે. પુનામાં મોટા મોટા વિદ્વાનો તથા સમાજના આગેવાનો પોતાના પહેરવેશમાં તથા બીજી રીતે ઘણાજ સાદા જોવામાં આવતા હતા. આપણી નાતમાં તો અત્યારે સ્ત્રી પુરૂષ બંનેમાં કપડાંલત્તાનો ભપકો ઘણોજ વધી પડયો છે. તેમાં કેટલાએકને તો કોટ, પાટલુન, હેટ, કોલર, નેકટાઇ વગેરે વિલાયતી પોષાકો વગર બીલકુલ ચાલતુંજ નથી. બે ચાર ચોપડી અંગ્રેજી ભણેલી—તેમ વગર ભણેલી સ્ત્રીઓથી પણ રેશમી કીંમતી સાડી, ફેરાનેબલ પોલકાં તથા ઉંચી એડીના બુટ વગર ઘરની બહાર નીકળાય નહીં! પરંતુ પુનામાં તો પાંચ સાત વર્ષ ઇંગ્લાંડ તથા જર્મની જેવા દેશોમાં રહી આવેલા તેમ અહીંઆ પણ ઉંચો દરજ્જો તથા પ્રતિષ્ઠા ધરાવનારા ઓ. મી. પ્રાંજપે, ડૉ. ગુપ્તે તથા મી. શીંધે તેમ શ્રીમતી કાશીબાઇ ઠાકુર જેઓ એમ. બે. થનાર પહેલવહેલી હિંદુ સ્ત્રી છે—તેઓ તદન સાદા પોશાકમાંજ જોવામાં

આવતાં હતાં! વિલાયતની હવા બીલકુલ નહીંજ ખાધેલી એવાઓની સાદાઇની વાતજ શી કરવી? પુનાના સ્ત્રી પુરૂષો પોતાના જ્ઞાન તથા વિદ્યાનો ઉપયોગ પોતાનું કર્તવ્ય તથા દેશ સેવા કરવામાં કરે છે. ભપકાબંધ કપડાં પહેરી ખાલી રોફ મારવામાં નહીં! કપડાંલત્તાંના ખાલી ઠાઠમાં પુષ્કળ પૈસો ખર્ચવો એ કાંઇ વિદ્યા તથા જ્ઞાનની નિશાની ...ી પરંતુ માત્ર છીછરાપણાનુંજ ચિન્હ છે! દક્ષણી સ્ત્રી પુરૂષોની રહેણી કહેણી ...મા સાદાઇ એટલી સ્પષ્ટ દેખાતી હતી કે સૌ. વિદ્યાગૌરીએ મહિલા પરિષદ્ પ્રમુખસ્થાનેથી અપાયલા ભાષણમાં કહ્યું હતું કે "ગુજરાતની સ્ત્રીઓએ ...ારી કનેથી આ સાદાઈ શીખવાની ખાસ જરૂર છે."

ડૉ. ભાંડારકરનું ભાષણ વિદ્વતા તથા પાકટ અનુભવથી ભરપુર હતું તેમાંથી એક ઉતારો નીચે આપીએ છીએ,

"આપણા લોકોમાં બેદરકારી એ મોટામાં મોટો અવગુણ છે. તથા તેમ થવા દો આપણે શું?" એ વિચાર સાધારણ રીતે ઘણાના જોવામાં આવે છે. આ બરોબર નથી. સુધારાનું કાર્ય આપણું પોતાનું છે એમ સમજી દરેક જણે તે તરફ મંડયા રહેવાની જરૂર છે."

પ્રમુખ મી૦ જોશીએ જુદી જુદી નાતોની કોનફરન્સ બાબતમાં નીચે પ્રમાણે ઇસારો કર્યો હતો. "જુદી જુદી નાતોની કોનફરન્સો સમસ્ત દેશના હિતને નુકશાનકર્તા છે એમ કેટલાકનું માનવું છે, તે બરોબર નથી. નાતોની કોનફરન્સો નાતોના ખાસ સુધારા તરફ નાતના લોકોનું ધ્યાન દોરે છે, ને તે સુધારવા પ્રયત્ન કરે છે. કેળવણી ફંડો ઉભા કરી નાતમાં વિદ્યાનો પ્રસાર કરે છે. પરંતુ નાતોની કોનફરન્સના આગેવાનોએ એક વાત ખાસ કરીને લક્ષમાં રાખવી જોઇએ. આપણને નાત હિત કરતાં દેશ હિત વધારે પ્રિય હોવું જોઇએ. માટે નાત હિત કરતાં કોઇપણ રીતે દેશના સમસ્ત હિતને નુકશાન ન થાય તે જોતા રહેવું.

શીરસ્તા મુજબ આ પરિષદ્‌માં પણ પ્રૌઢ ઉમ્મરે વિવાહ, વિધવા વિવાહ, સ્ત્રી કેળવણી, અંત્યજ વર્ગનો ઉદ્ધાર, વગેરે વિષયો ઉપર ભાષણો થયાં હતાં, ને ઠરાવ કરવામાં આવ્યા હતા, આ પરિષદ્‌માં એક તદન નવીજ બાબત હાથમાં લઇ તે ઉપર વિવેચન કરાવ્યું હતું, ને ઠરાવ કરાવ્યો હતો. તે બાબત એ હતી કે પારસ્પર સહાય કરનારા મંડળો, તથા ગ્રામાભિરૂ સેવા

એ પણ સંસાર સુધારાના અંગભૂતો છે માટે સુધારકોએ પોતાના કાર્યક્રમમાં એને પણ યોગ્ય સ્થાન આપવુંજ જોઇએ. વરવિક્રયની દુષ્ટ રૂઢી જે ખાસ કરીને આપણી નાતમાં વિશેષ જોવામાં આવે છે, તેપર પણ આ પરિષદે તિરસ્કારનો ઠરાવ કર્યો હતો. સૌ૦ વિદ્યાગૌરીએ મહીલા પરિષદ્‌ના પ્રમુખ-સ્થાનેથી અપાયલા પોતાના ભાષણમાં પણ વર વિક્રય સંબંધે નીચે પ્રમાણે ઇસારો કર્યો હતો.

"હમણાં હમણાં અંગ્રેજી કેળવણી લીધેલા વરો પોતાના સસરા પાસે પહેરામણીને નામે મોટી મોટી રકમો લે છે. આ રિવાજ સમાજના એકંદર હિતને બહુજ નુકશાનકર્તા છે. પુરૂષ વર્ગ આ રિવાજનો બધો દોષ સ્ત્રીઓપર મુકે છે. તેઓ એમ કહે છે કે અમે તો બંધ કરીએ પણ બૈરાંઓ માનતાં નથી. આ રિવાજનો બધો દોષ આપણા ઉપર આવે છે, માટે મારે સ્ત્રી વર્ગને એમ કહેવાનું છે કે આપણી પ્રતિષ્ઠાને ખાતર આપણે આજથી દૃઢ નિશ્ચય કરવો કે અમારે કોઇએ ગમે તેમ થાય તો પણ અમારા છોકરાના લગ્ન વખતે કન્યાવાળા પાસેથી પૈસા લેવા નહીં, ને અમારી છોકરીઓના લગ્ન વખતે ગમે તેમ થાય તો પણ વરવાળાને પૈસા આપવા નહીં.

બીજી નાતોની પરિષદો.

આ જાહેર પરિષદ્ ઉપરાંત ગયા ત્રણ માસમાં મેવાડા, પાટીદાર, પાંચાલ, તપોધન વગેરે નાતોનીપણ કેટલીએક પરિષદો મળી હતી તેમાં થએલું કામ જોતાં મી. જોશીએ કહ્યું હતું તેમ તેઓ દરેક પોતામાં રૂઢ થયેલા કુધારા દૂર કરી કેલવણી અને બીજા સુધારા ફેલાવવા યત્ન કરે છે તે સ્પષ્ટ માલૂમ પડે છે. પાટીદાર પરિષદમાં થયેલા ઠરાવો તો આપણે બધાંએ ખાસ મનન કરવા જોગ છે. તે જાતનો મુખ્ય નિર્વાહ ખેતી ઉપર હોવાથી સુધરેલા ખેતીના ઓજારો માટે તેઓએ સરકારને વિનંતિ કરવાના ઠરાવ કર્યાં હતા તે ઉપરાંત જુદા જુદા ગામોમાં વસ્તી પોતાની કોમમાં હાનિકારક રિવાજ શા શા છે તેની તપાસ કરવા તેઓએ એક કમીશન પણ નીમ્યું છે, વળી તેજ વખતે અમદાવાદ અને સુરતમાં વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગો સ્થાપવાની હીલચાલ પણ થઇ હતી. આથીવધુ શેની આશા રાખી શકાય!

આપણી પરિષદ્.

આ ઉપરથી જણાઇ આવશે કે દેશના આગેવાનો પણ નાતની હીલચાલોની વિરૂદ્ધ નથી, તેમ તેવી હીલચાલોથી ઘણો લાભ પણ થાય છે. આપણી પરિષદોથી પણ ફાયદા માલૂમ પડતા હતા. અને તેમાં સૌથી મોટો ફાયદો તો મહિલા પરિષદના જન્મનો હતો. પરંતુ ડૉ. સર ભંડારકર ફરિયાદ કરે છે તેવી બેદરકારી આપણી નાતમાં વિશેષ જોવામાં આવે છે તેથી કોન્ફરન્સનું કામ કથળી ગયું છે. અમે આશારાખીયે છીયે કે આવતા દીવાળીના તહેવાર સુધીમાં ભરૂચના ભાઇયો તથા બ્હેનો પુરૂષ પરિશદ તથા મહિલા પરિષદ ભરવાની જરૂર વ્યવસ્થા કરશે.

હિંદ સેવક સમાજમાં રા. કેશરીપ્રસાદ.

આખા હિંદુસ્તાનમાં આગેવાન ગણાતા મહા પૂરૂષ ના. ગોખલેએ નિષ્કામ વૃત્તિથી દેશ સેવા કરવા માટે ' હિંદ સેવક સમાજ " નામની સંસ્થા કેટલાંએક વર્ષો ઉપર પૂનામાં સ્થાપી હતી. આમાં જે લોકોને દેશ સેવા કરવાની અભિલાષા હોય તેઓને દાખલ કરવામાં આવે છે; અને તેમને સમાજ તરફથી અમૂક દરમાયો આપી કુટુંબ પોષણ માટેની માથાકુટથી મુક્ત કરવામાં આવે છે. આની અંદર થયેલો સભાસદ પોતાનો બધો સમય જુદે જુદે પ્રકારે દેશ સેવા કરવામાં ગાળે છે. આ સંસ્થામાં અત્યાર સુધીમાં કેટલાએક સભાસદ દાખલ થઈ ગયા છે અને તેઓ પૂના, મુંબઇ, અલ્હાબાદ, નાગપુર, મદ્રાસ અને બીજા સ્થળોમાં ઘણું ઉપયોગી કામ કરેછે. આપણાં ગૂજરાતમાં પણ છેલ્લા દુકાળ વખતે મી. દેવધર, જોશી અને બીજા સભાસદો દુકાળથી પીડાતા મનુષ્ય અને ઢોરોને મદદ કરવા આવ્યા હતા. અત્યાર સુધી આ સમાજમાં એક પણ ગૂજરાતી સભાસદ હતો નહિ. પરંતુ છેલ્લા વર્ષ દરમિયાન બે ગૂજરાતી ભાઇઓ અંદર દાખલ થયા છે. ત્યાર બાદ ગયા મે માસની પહેલી તારિખથી આપણી નાતના અમદાવાદના વતની રા. કેશરીપ્રસાદ મણીલાલ ઠાકોર તેમાં દાખલ થયા છે. આ નિશ્ચય માટે રા. કેશરીપ્રસાદને ઘણોજ ધન્યવાદ ઘટે છે. અને જે નાત તેઓને પોતાના કહી શકે છે તેને પણ તેથી ઘણો આનંદ થાય તે સ્વાભાવિક જ છે. રા. કેશરીપ્રસાદ ધારત તો સારો પગાર ઉંચો હોદ્દો અને સત્તા મેળવી શકત પરંતુ તેઓએ આ સર્વથી પણ શ્રેષ્ઠ સેવાનો સન્માર્ગ સ્વીકાર્યો છે. આ માટે આપણી નાતે પોતાનો આનંદ પ્રદર્શીત કરવો જોઇયે. શ્રાવક લોકોમાં જ્યારે કોઇ, સાધુ કે આરજા પદ સ્વીકારે છે, એટલે કે સંસારનો ત્યાગ કરી

ધર્મ-સેવા વ્રત લે છે, ત્યારે તેમને માટે ઘણીજ ધામધુમથી વરઘોડા ચઢાવવામાં આવે છે. જે ભાવથી, આ વરઘોડા નીકળે છે તેવોજ ભાવ રા. કેશરી પ્રસાદ માટે આપણને થવો જોઇયે. અમે જ્ઞાતિનું ધ્યાન આ તેના કર્તવ્ય તરફ દોરીએ છીયે.

જાપાનમાં લગ્ન-વય.

હાલમાં આપણી નાતમાં તેમજ દેશમાં પણ, છોકરીઓના લગ્નની વય કેટલી હોવી જોઇયે તે સંબંધમાં ચર્ચા ચાલે છે. તો આ પ્રસંગે જાપાન જે ઇંગ્લાંડ આદિની માફક પશ્ચિમ તરફનો દેશ નથી, પણ પૂર્વ તરફનો દેશ છે ત્યાં લગ્નની ઉમર કેટલી છે તે તપાસવું ઠીક થઇ પડશે. ત્યાંના કાયદા પ્રમાણે લગ્ન વખતે પુરૂષની વય સત્તરથી અને કન્યાની પંદરથી ઓછી હોવી જોઈયે નહિં. છતાં એ તેથી નાની ઉમરમાં પણ રૂઢીથી લગ્ન કરી શકવા માટે રસ્તો છે ખરો. પરંતુ સમગ્રે તરસાળો એમ કાઢવામાં આવ્યો છે કે ત્યાં દર વર્ષે પંદર વર્ષની બસો, સોળની સાત હજાર, અને વીશ વર્ષની ચાળીશ હજાર કંન્યા પરણે છે. ૧૯૧૦ માં એકવીશ વર્ષની સ્હાડી સુડતાળી હજાર અને બાવીસની પીસ્તાળી હજાર કન્યા પરણી હતી. આ ઉપરથી એમ કહેવામાં આવે છે કે **કન્યાઓની સૌથી મ્હોટી સંખ્યા એકવીસમે વર્ષે પરણે છે.** ત્યાર પછીની ઉમરમાં લગ્ન ધીમે ધીમે ઓછાં થતાં જાય છે. તેજ પ્રમાણે પુરૂષોના આંકડાં તપાસવાથી એમ માલુમ પડે છે કે સૌથી મોટી સંખ્યા છવીસમે વર્ષે લગ્ન કરે છે.

સ્ત્રીઓનું મરણ પ્રમાણ.

આ દાખલા ઉપરાંત લગ્ન વય વધારવાની બાબતમાં આપણા હિંદુસ્તાનનાજ વસ્તી પત્રકમાંના આંકડા તપાસવાથી ઘણો પ્રકાશ પડે તેમ છે. વિલાયત તરફ સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં વધારે છે. પરંતુ હિંદુસ્તાનના ૧૯૧૧ ના વસ્તી પત્રક પરથી જણાય છે કે આપણે ત્યાં દર હજાર પુરૂષે ૯૫૪ સ્ત્રીઓ છે. એટલે સ્ત્રીઓનું મરણ પ્રમાણ જેમ બને તેમ ઓછું થાય તોજ પુરૂષ અને સ્ત્રી સરખી સંખ્યામાં થાય. હાલમાં મુખ્ય ત્રણ ઇલાકામાં પુરૂષોના દર હજાર મોત થાય છે ત્યારે સ્ત્રીઓમાં જુદી જુદી ઉમરમાં નીચેના કોષ્ટક મુજબ મોત થાય છે:—

ઇલાકો.	જન્મથી ૧૫ વર્ષ.	૧૫ થી ૨૦.	૨૦ થી ૩૦	સમગ્રે.
બંગાળા... ...	૯૧૩	૧૨૧૫	૧૧૭૧	૮૯૭
મુંબાઇ	૯૮૦	૧૦૨૫	૧૦૬૧	૬૨૪
મદ્રાસ	૯૪૬	૧૨૩૪	૧૨૩૧	૬૬૦

આ આંકડા ઉપરથી જણાશે કે સમગ્રે તો સ્ત્રીઓમાં પુરૂષો કરતાં પણ મરણ પ્રમાણ ઓછું છે. પણ પંદરથી વીસ વર્ષની ઉમ્મરમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ ઘણાજ મોટા પ્રમાણમાં મરી જાય છે, અને તેના કારણમાં એમ જણાવવામાં આવે છે કે, બાળલગ્નને લીધે પંદર વર્ષ અને તેથી પણ પહેલાં સ્ત્રીઓને બાળક-છોકરીઓને સુવાવડ આવે છે, અને તેમાં તેમની કાચી ઉમ્મરને લીધે ઘણાં મોત થાય છે. **અને આ મરણ પ્રમાણ ઓછું કરવું હોય તો તેનો એકજ રસ્તો બાળલગ્ન અટકાવવાનો છે.** શરીરશાસ્ત્ર પ્રમાણે માણસનું કાઠું અઢાર વર્ષે સંપૂર્ણ બંધાઇ રહે છે; માટે તે ઉમ્મર સુધી તો છોકરીઓને પણ બ્રહ્મચર્ય પાળવું જરૂરનું છે. આ બધી વાતો ધ્યાનમાં લેતાં આપણી નાતમાં કન્યાઓના લગ્નની વય વધતી જાય છે, તેમાં જરાએ બળાપો કરવા જેવું નથી. લગ્ન વય વધવાથી કન્યાઓને મોતથી ઘાત જશે, એટલુંજ નહિ પણ તેમનો બાંધો સંપૂર્ણ ખીલવાથી ભવિષ્યની તેમની સંતતિ નિરોગી ને મજબુત થશે.

રા. મલજીની સખાવત.

ભરૂચના આપણી નાતના એક જાણીતા ગૃહસ્થ રા. સા. અંબાશંકર ઉત્તમરામ મલજીએ ત્યાંની લાલ બજારની કન્યાશાળાનું મકાન પોતાની માતુશ્રીને નામે બંધાવવા માટે છુટક છુટક થઇને સમગ્રે રૂ. ૩૦૦૦) ની નાદર રકમ બક્ષિસ તરીકે કેટલીક સરતોએ આપી છે, તે જાણી સંર્વને હર્ષ થશે. કન્યા કેળવણી તરફ આ પ્રમાણે સદ્ભાવ દર્શાવીને આવી એક રકમ આપવા માટે રા. સા. મલજીને અમે-ધન્યવાદ આપીએ છીએ.

વિકટોરીયા સ્મારક અંધશાળા.

ગયા એપ્રીલ મહિનામાં મુંબાઇના નામદાર ગવર્નર સાહેબે મુંબાઈમાં વિક્ટોરીયા સ્મારક અંધશાળાનું નવું મકાન ખુલ્લું મુકવાની ક્રિયા કરી હતી. આ શાળાના સ્થાપક અને પ્રિન્સિપાલ આપણા જ્ઞાતિ બંધુ રા. ડૉ. નિલકંઠરાય દાહ્યાભાઇ છત્રપતિ છે. તેઓએ પ્રથમથીજ મહા મહેનતે આંધળાઓને શીખવવાની બ્રેઇલ રીતી ગુજરાતીમાં ઉતારી અને ·પ્રમ·

દાવાદમાં નાના પાયા ઉપર એક અંધશાળા ખોલી. ત્યાર બાદ મુંબાઇમાં વીકટોરીયા સ્મારક ફંડ થયું હતું, તેના સેક્રેટરીઓએ તેમાંથી મુંબાઈમાં સારા પાયા ઉપર અંધશાળા ખોલવાનું ઠરાવ્યું, અને ડૉ. નિલકંઠરાયને પોતાના અમદાવાદના વિદ્યાર્થીઓને લઇને તે સ્કુલના પ્રિન્સિપાલ તરીકે જોડાવા નિમંત્રણ કર્યું. ડૉ. નિલકંઠરાયને પોતાની મહેનતનો ઘણોજ યોગ્ય બદલો આ રીતે મળ્યો. ત્યાં જોડાયા પછી તેમણે તે સ્કુલ પાછળ ઘણીજ મહેનત કરી, અને સરકારની મદદથી તેમજ વિકટોરીયા સ્મારક ફંડના સેક્રેટરીની મહેનતથી હાલમાં એ નિશાળને પોતિકા ખાસ મકાનમાં લઈ જવામાં આવી છે. આ મકાન ખુલ્લું મુકતી વખતે ના. ગવર્નર સાહેબે ડૉ. નિલકંઠરાયની સાથે ખાસ વાતચિત કરી તેમને ઘણી શાબાશી આપી હતી. ડૉ. નિલકંઠરાયની જોવાની તથા સાંભળવાની-શક્તિઓ કુદરતે લઇ લીધી છે, છતાં એ જે ઉપયોગી કાર્ય ખંત અને ઉત્સાહથી કર્યે જાય છે, તે સર્વેને બોધ લેવાલાયક છે.

બ્હેરાં મુગાંની શાળા.

ઉપરના જેવીજ એક બીજી ઉપયોગી સંસ્થા અમદાવાદની બ્હેરાં મુંગાંની શાળા છે. પોતાના પુત્રને કુદરતે કમનસીબ કરેલો હોવાથી રા. પ્રાણશંકર લલ્લુભાઇ દેસાઇએ બ્હેરાં મુગાંને શીખવવાની પદ્ધતિનો અભ્યાસ કર્યો. આ અભ્યાસનો લાભ બીજા કમનસીબ ભાઇ બ્હેનોને મળે તેવા હેતુથી તેમણે બ્હેરાં મુગાંની શાળા ખોલી હાલમાં સરકારની, મ્યુનિસિપાલીટીની તથા બીજા દાનેશ્રીઓની મદદથી આ શાળા કાંઇ સારા ધોરણ ઉપર મુકી શકાઇ છે. એ સંબંધનો પુરો ઇતિહાસ તથા બધી વિગતો આપનારો એક લેખ જાન્યુઆરી-ફેબ્રુઆરીના "સુંદરી સુબોધ" ના અંકમાં પ્રકટ થયો છે, તે વાંચવા અમે દરેક જણને આગ્રહ કરીએ છીએ.

અમદાવાદ વનિતા વિશ્રામ.

ઉપર ગણાવેલી બે જાહેર લોકોપયોગી પરોપકારી સંસ્થાઓ આપણા બે જ્ઞાતિ બંધુઓએ સ્થાપેલી છે, ત્યારે આપણાં એક જ્ઞાતિ બ્હેન ગં. સ્વ. સુલોચના બ્હેને અમદાવ. વનિતા વિશ્રામ નામે સ્ત્રીઓને માટે એક જાહેર સં સ્થાપી છે. આમાં વિધવાઓ ધર્મ પરાયણ થઇ પોતાનો નિર્વાહ ચલાવી શકે તેવું તેમને જ્ઞાન આપવામાં આવે છે. ગરીબ અને નિરાધાર વિધવાઓને આશ્રમના મકાનમાં રાખવામાં આવે છે, અને તેમને ભોજન પણ પૂરૂં પાડવામાં આવે છે. આ સાથે બાળકીઓને અને

મોટી ઉમ્મરની સ્ત્રીઓને પણ ધર્મ અને નીતિના જ્ઞાન સહિત શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થાનો વાર્ષિક મહોત્સવ ગયા મે માસમાં અ૦ સૌ૦ વિદ્યાગવરી નિલકંઠ બી. એ. ના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો.

આપણે લેવાનો બોધ.

ઉપર વર્ણવેલી ત્રણે સંસ્થાઓ કુદરતના કોપના પરિણામ રૂપ છે. ડૉ. નિલકંઠરાયની આંખો ગઇ, રા. પ્રાણશંકરભાઇનો પુત્ર બ્હેરો મુંગો થયો, અને બ્હેન સુલોચનાને બાળપણમાં વૈધવ્ય પ્રાપ્ત થયું, આ ત્રણે આફતો કાંઇ જેવી તેવી નહોતી. છતાં એ ત્રણેએ પોતાની આફતમાં તેમને જે જે અનુભવો મળ્યા તે સઘળાના પરીણામ રૂપે ત્રણ ઉપયોગી સંસ્થાઓ સ્થાપી. અને " કુદરત કૃતિ સર્વદા હેતુવાળી " એ કવિની પંક્તિનો સમાજને સાક્ષાત્કાર કરાવ્યો. ઘણા લોકો આફતને સમયે પોતાના દૈવને દોષ દઇ નિરૂપાય થઇ રડીને બેસી રહે છે, પરંતુ આ ત્રણે વ્યક્તિઓએ તેમ નહીં કરતાં કર્તવ્ય પરાયણ થઇ, પોતાના અનુભવનો, જ્ઞાનનો, અને સમયનો લાભ સમાજને આપ્યો છે, આમાંથી આપણે ઘણો બોધ લેવા જેવું છે. પ્રતિકુળ સંજોગોને અનુકૂળ કરી દેવાં, નિરાશામાંથી આશા ખોળવી અને આફતમાં હતાશ થઇ, હાથ જોડી બેસી નહિ રહેતાં, નવાં નવાં કર્તવ્ય ખોળી જુદી જુદી રીતે સમાજ સેવાના–દયાના–અને પરોપકારના કામ તરફ લક્ષ દોડાવવું તે બોધ આપણને આ જીવંત દૃષ્ટાંતો ઉપરથી મળે છે. આ સંસ્થાઓ કોઇ એકજ કોમના લાભ માટે નથી, પણ સામાન્ય લાભ માટે છે, તે પણ ઘણું ખુશી થવા જેવું છે. દયાનાં અને પરોપકારનાં કામો બને ત્યાં સુધી અને બને તેટલાં વિશાળ અને વધુ લાભદાયક થાય તે ઇચ્છવા જોગ છે. છેવટે સર્વે ભાઈ બ્હેનોને વિનંતિ કરવાની કે આવાં પરોપકારી ખાતાંને બને તેટલી અને બને તે રીતે મદદ કરવી જોઈએ, રૂઢીને આધીન થઇને સારે માઠે પ્રસંગે કે વ્રત તહેવારને દિવસે આપણે દાન કરીએ છીએ. આવું દાન કરતી વખતે ઉપરનાં અને તેવાં બીજાં ખાતાંને કાંઈ ને કાંઈ મોકલવું જોઇએ.

રમુજી ગીત.

(સંપાદક સૌ. હરિગંગા ચીમનલાલ દેસાઇ.)

[મર્હુમ વકીલ મજરાય સાકરલાલ દેસાઇ, ઘણાજ આનંદી સ્વભાવના હતા તેમ તેમને કવિતા બનાવવાનો પણ સારો મ્હાવરો હતો અને કેટલીક વાર તો ઘણી રમુજી કવિતાઓ બનાવતા હતા. એમને ત્યાં અસલ ગરબો ગવડાવ્યો હતો તે વખતે લોક ગીતની એક રૂઢ પંક્તિ લઇને ગરબામાં ગાવા, આ રમુજી ગીત મર્હુમે રચી આપ્યું હતું.]

શામળીયાજી, સાસુડી સંતાપે કહો કેમ કીજીએ.
હું વ્હેલી ઉઠી પરભાતે, વાશી કામો કરવા માટે,
સાસુજી ઉઠયાં સંગાતે, ... શામળીયાજી૦
બડબડતાં બાઇજી બહુ બોલ્યાં, અત્યારમાં બારણાં કેમ ખોલ્યાં,
નાહિ ધોઇને માથાં શા હોળ્યાં ... ... શામળીયાજી૦
ભજનમાં ભારે લ્હે લાગી, મ્હારી મીઠડી નિંદ્રાએ ભાગી,
ખડખડતાં હું ઝબકી જાગી ... ... શામળીયાજી૦
નવું ગયણું ત્હેં કેમ પલાળ્યું, આખું ઘર વાસીદું વાળ્યું,
રસોડામાં રાખ્યું કાળું ... ... શામળીયાજી૦
અત્યારમાં આધરણ શું મૂકયું, ચુલાની બ્હાર બળતું ફુકયું,
મ્હારૂં બાળી નાંખ્યું લાકડું સુકું ... ... શામળીયાજી૦
દીવાની દીવેટ જાડી કીધી, નૈવેદ્યમાં સાકર બહુ લીધી,
ત્હેં દેવની પૂજા કેમ કીધી ... ... શામળીયાજી૦
ભિક્ષુ બ્રાહ્મણને કેમ આપ્યું, ખાવાનું દુંજને નહિ આપું,
હવે લૂગડાં ત્હને નહિ લઇ આપું ... ... શામળીયાજી૦

બ્ર. ક્ષ. ત્રિ. ના વ્યવસ્થાપકો.

મુંબાઇ.

ગયા વર્ષમાં ત્રિમાસિક બંધ રહ્યું તે વર્ષનો કેળવણી ફંડનો રીપોર્ટ છપાઇ વ્હેંચાયો હોય એમ માલુમ નથી, તો જ્ઞાતિના સામાન્ય કેળવણી ફંડના વ્યવસ્થાપકો તેમજ અમદાવાદ ભરૂચ, સુરત અને આમોદના કેળવણી ફંડોના માનવંતા સેક્રેટરી સાહેબો હિસાબ પ્રગટ કરી તે ફંડમાં નાણાં ભરનારાઓને સંતોષ આપશો કે? કેળવણી ફંડમાં નાણાં ભરાવવા અને શરમાવવામાં જેટલી દરકાર લેવાય તેટલીજ તેનો હિસાબ રાખી છપાવી નાણાં ભરનારાઓને મોકલવામાં બેદકારી કયારે દૂર થશે?

તા. ૧૨-૬-૧૯૧૪. લી૦

કેળવણી ફંડોમાં નાણાં ભરનાર.

"માતાજીનો હાંડો."

મે૦ બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકના વ્યવસ્થાપકો જોગ, મુંબાઇ

વિનંતિ જે નીચે લખેલું ચર્ચાપત્ર આપના પત્રમાં દાખલ કરશોજી.

આપણી જ્ઞાતિમાં અમુક કુટુંબોમાં એવી પ્રચલિત રૂઢી છે કે શ્રીમંત પ્રસંગે દાંરોલ મુકામે જઈ કુલદેવીની પૂજા કરવી અને તે વખતે એક નાના બકરાનો માતાને ભોગ આપવો. આવી રીતે અર્પણ કરેલા ભોગમાંથી પૂજા કરનારે પ્રસાદ પણ લેવો પડે છે.

હાલની આપણી નિર્માંસાહારી જ્ઞાતિમાં આ રિવાજ હજુએ કેમ ચાલુ છે અને કયો શાસ્ત્રકાર આવે પ્રસંગે એક નિર્દોષ કોમળ જીવની ધર્મનિમિત્તે હાનિ કરવા અધિકાર આપે છે તે જાણવા મારી ઇચ્છા છે.

જાદવ કુળમાં આ રિવાજ "કંસાર બકરા" ને નામે ઓળખાય છે. પરંતુ તેમાં જીવહિંસાનું એકે કાર્ય થતું નથી, અને અમને તો તે વધુ પ્રશંસનીય લાગે છે.

X.

જ્ઞાતિના ખબર અંતર.

રા. છોટાલાલ નંદલાલ દેસાઇ ભરૂચ વાહન ઇન્સપેકટરને રૂા. ૫ નું પ્રમોશન મળ્યું છે.

રા. ઇચ્છાલાલ નંદલાલની સાણંદથી અમદાવાદ કલેકટરની ઓફીસમાં રૂા. ૩૫ ના પગારથી બદલી થઇ છે.

રા. કુરણારામ ખુશાલરાય જંબુસરના નાજર તા. ૧ લી એપ્રીલ ૧૯૧૪ થી રીટાયર થયા છે.

રા. ભાઇલાલ વેણીલાલની બદલી વાલોડ મદદલકારી તરીકે થઇ છે.

રા. છોટાલાલ માણેકલાલ ઠાકોર ધંધુકાના સબરજીસ્ટ્રારની બદલી પારડી થઈ છે.

રા. બલવંતરાય હીરાલાલ ઠાકોરને સરકારની વફાદારી ભરેલી નોકરી કરવા બદલ ભરૂચના આ. કલેકટરે ચમારગામ મુકામે ભરેલા દરબારમાં એક સાલ ઈનામ આપી છે.

રા. ભોગીલાલ ધીરજરામ ઠાકોર સુરત પોલીસ સબ-ઇન્સપેકટરને જીલ્લા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના રીડર તરીકે નીમવામાં આવ્યા છે.

સરદાર રા. બા. મોતીલાલ ચુનીલાલ દેસાઇ ભરૂચ મ્યુનીસીપાલીટીના પ્રમુખ તરીકે ચુંટી કઢાયા છે.

રા. દીનકરલાલ પ્રાણલાલ શંભુલાલની બદલી મુંબઇથી અમદાવાદની ડીસ્ટ્રીકટ લોકો સુપ્રીન્ટેન્ડન્ટ (બી. બી એન્ડ સી. આઇ રેલ્વે) ની ઓફીસમાં થઇ છે.

રા. મોતીલાલ હરીલાલ ઠાકોરની જંબુસરથી ભરૂચ મામલતદારની કચેરીમાં બદલી થઇ છે.

રા. માધવલાલ ચતુર્ભુજદાસ ઠાકોર જામનગર સ્ટેટ ત્રિઝોરરને રૂ. ૯૦ ના પગારથી તેજ સ્ટેટમાં હેડ એકાઉન્ટન્ટ તરીકે નીમ્યા છે.

રા. શ્રીપતરાય હકુમતરાય ઠાકોર (સુરત) ના રૂા. ૫૦ ના ૬૦ થયા છે.

રા. હીરાલાલ ગોવિંદલાલ લાખીયા (અમદાવાદ) રૂા. ૪૦ ના રૂા. ૫૫ થી દસક્રોઇ અવલકારકુન નીમાયા છે.

રા. ચીમનલાલ હરદેરામ ભરૂચના અવલ કારકુનના નવા રેવેન્યુ ખાતાના રીવીઝનમાં રૂ. ૬૦ ના રૂ. ૭૦ થયા છે.

રા. ઠાકોરલાલ રતનરામના રૂ. ૨૦ ના રૂ. ૨૫ થયા છે.

રા. બળવંતરાય પ્રતાપરાયના રૂ. ૩૬ ના રૂ. ૪૦ થયા છે.

રા. ચુનીલાલ અજબરાયના ભરૂચ ઈન્ડસ્ટ્રીયલ મીલમાં રૂ. ૨૦ ના રૂ. ૨૫ થયા છે.

રા. મણીલાલ કેવળરામ પાલેજ ખાતે મેરાર્સ ગેરામ એન્ડ કંપનીના એજન્ટ તરીકે નીમાયા છે.

રા. ઠાકોરલાલ ચુનીલાલ ઠાકોર બી. એ., એ ભરૂચની યુનીયન હાઇસ્કુલમાંથી રાજીનામું આપી ભરૂચ ખાતે વકીલાતનો ધંધો ચલાવવો શરૂ કર્યો છે

રા. ભગવાનલાલ કેશવલાલ દેસાઇ (જુનાગઢવાળા) જુનાગઢ સ્ટેટના મુંબઇ ખાતેના એજન્ટ નીમાયા છે.

રા. જયંતિલાલ માધવલાલ અને કૃષ્ણલાલ ચંદુલાલ મુંબઇની ફડચામાં ગયેલી સ્પીશી બેંકમાં રૂ. ૪૦ ના પગારથી રહ્યા છે.

રા. નૌતમલાલ ભગવાનલાલ છત્રપતિ બી. એ. (જુનાગઢ) આમોદમાં ધી એડવર્ડ સ્કુલમાં હેડમાસ્તરની જગ્યાપર રૂ. ૭૦ ના પગારથી રહ્યા છે.

રા. કુરણારામ ખુશાલરાય ધી ભરૂચ ઇન્સ્ટ્રીયલ મીલ લી૦ માં સ્ટોરકીપર તરીકે નીમાયા છે.

રા. શંભુલાલ માણેકલાલ દેસાઇ ભરૂચની જાપાનીઝ ફર્મમાં જોડાયા છે.

રા. ગીરધરલાલ કેશવલાલ ઠાકોરની અમદાવાદથી ભરૂચ હેડ એકાઉન્ટન્ટ તરીકે ૬ માસને માટે રૂ. ૨૦૦ ના દરમાયે નેમણુંક થઇ છે.

ગં૦ સ્વ૦ બ્હેન પદ્માવતિ ચીમનલાલે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની નીચલાં ધોરણની પરિક્ષા ઉપલે નંબરે પાસ કરી રૂ. ૨૫) નું ઇનામ મેળવ્યું છે

મી૦ વિષ્ણુપ્રસાદ બાપાલાલ દેસાઇએ મેડીકલ કોલેજના પહેલા વર્ષની પરિક્ષા પસાર કરી છે.

મી૦ ઇન્દુપ્રસાદ પ્રાણશંકર દેસાઇએ ડ્રોઇંગની સેકન્ડ ગ્રેઇડની પરિક્ષા પાસ કરી છે.

રા પ્રાણલાલ કેશવલાલ લાખીયાની બદલી વીરમગામથી વલસાડ ડીવીઝનના સર્કલ ઇન્સ્પેક્ટર તરીકે થઇ છે.

રા. રમણીકરાય અમુલખરાય બી. એ. ને રેવન્યુ ખાતાની સુપીરીયર સર્વીસની ખાતામાં રૂ ૭૫ ની જગ્યા મળી છે.

રા કાન્તિલાલ નરસીલાલ ઠાકોરની ગોધરા પોલીસ સબ ઇન્સ્પેક્ટરમાંથી દાહોદ તાલુકે બદલી થઇ છે.

ડૉક્ટર જમીએતરામ ભુપતરાયની અમદાવાદ ડીસ્પેન્સરીમાંથી ડાકોર બદલી થઇ છે.

રા. લલ્લુભાઈ ચંદુલાલ ધંધુકેથી અમદાવાદ નાજર તરીકે નીમાયા છે.

રા. ભોગીલાલ ધીરજરામ દેસાઇની બદલી કપડવંજથી ધંધુકે નાજરમાં થઈ છે.

રા. મોતીલાલ અમુલખરાય બી. એ. માસ્તર (નડીયાદ સ્કુલ) ના રૂ. ૫૫ ના ૬૦ થયા છે.

રા. કૃષ્ણલાલ ગણપતરામ બી. એ. (માસ્તર ગોધરા સ્કુલ) ના રૂ. ૪૫ ના ૫૦ થયા છે.

અમદાવાદમાં ડૉ૦ બા૦ અંબાલાલ સાકરલાલ દેસાઇએ "શંકર જયન્તિ" પ્રસંગે વિવેચન કર્યું હતું.

પુના ખાતે મળેલી પ્રાન્તિક સંસાર સુધારા પરિષદમાં અમદાવાદ તરફના પ્રતિનિધી તરીકે રા. પ્રાણલાલ કીરપારામ દેસાઇ અને રા. ગોતીલાલ અમુલખરાય દેસાઈ ગયા હતા. અને રા. પ્રાણલાલે "વર વિક્રય" વિરૂદ્ધના ઠરાવ ઉપર એક ભાષણ આપ્યું હતું.

રા. નટવરલાલ ગોવિંદલાલ મજમુદાર સોલાપુર ફેમીન રીલીફ ફંડના સેક્રેટરી નીમાયા છે.

રા. પાન્ડુરાવ જીવણલાલ દેસાઇ (અમદાવાદ) એ દક્ષિણ આફ્રિકામાં વસતા વીર મી૦ મોહનલાલ કરમચંદ ગાંધી અને દેશભકત એ૦ મી૦ ગોપાળ કૃષ્ણ ગોખલેનાં જીવનચરિત્રો પ્રસિદ્ધ કર્યાં છે.

દશાઓનું રેકવિઝેશન.

ભરૂચ ખાતે વસતા દશા ક્ષત્રિઓ તરફથી ગયા મહિનામાં ભરૂચની બ્રહ્મક્ષત્રિય નાતના સેક્રેટરી રા. અંબાશંકર હરપ્રસાદજી ઉપર એક રેકવિઝેશન મોકલી તેમાં એવી માંગણી કરી હતી કે તેમની સાથે અસલથી ચાલતો આવેલો (ભોજન) વ્યહવાર કે જે હાલ તેમના તરફથી થયેલાં એક લગ્ન પછી બંધ કર્યો છે તે પાછો ચાલુ કરવો. આ ઉપરથી સેક્રેટરી સાહેબે નાતનું પંચ બોલાવ્યું હતું, પરંતુ કોરમ નહીં થવાથી એ પ્રશ્ન ઉપર લક્ષ અપાયું નથી. આ રેકવીઝેશન આવ્યા પછી ભરૂચની આપણી ન્યાતમાં જુના અને નવા વિચાર ધરાવનારાઓમાં સારે ચર્ચા જન્મ પામી છે.

*જન્મ.

સૌ૦ પાંખડી ઉત્તમરામ રતનરામ	ને પુત્રી	ભરૂચ.
,, તનમનગૌરી રામલાલ મોતીલાલ	ને ,,	,,
,, રસીકગૌરી મંજુલાલ જાદવરાય	ને પુત્ર	,,
,, હંસગૌરી છવણલાલ હરરાય	ને ,,	,,
,, ધનલક્ષ્મી સાકરલાલ ડાહ્યાભાઇ	ને પુત્રી	,,
,, પદ્માવતી ભોગીલાલ રણછોડરાય	ને પુત્ર	આમોદ
,, અતીલક્ષ્મી ગીરધરલાલ	ને પુત્રી	અમદાવાદ
,, વેણીગૌરી કનૈયાલાલ મણીલાલ સેતલવડ	ને પુત્ર	,,
,, ગજેન્દ્રગૌરી રમણીકલાલ	ને પુત્રી	,,
,, શીવલક્ષ્મી ભાઇલાલ	ને ,,	,,
,, વેણીગૌરી ચુનીલાલ	ને ,,	,,
,, અતીલક્ષ્મી કૃષ્ણલાલ	ને ,,	,,
,, શીવલક્ષ્મી ત્રીકમલાલ	ને ,,	,,
,, સીવલક્ષ્મી કૃષ્ણલાલ	ને ,,	,,

*મરણ.

	ઉમર વર્ષ.	દરદ.	સ્થળ.
ઉત્તમરામ રતનરામની પુત્રી	૬ માસ		ભરૂચ.
ઇશ્વરલાલ ભોગીલાલનો પુત્ર	૮ ,,	વરાધ	અમદાવાદ.
ડૉ. હરિપ્રસાદ મજરાયની પુત્રી	૯ ,,	લુખ	
સૌ. બ્હેન સતુબળવંતરાય માણેકલાલ	૨૦ વર્ષ	કેન્સર	,,
આપાલાલ આપાજી	૬૫ ,,	વૃદ્ધાવસ્થા	,,
સૌ. હરીગંગા પ્રાણલાલ કેશવલાલ	૩૮ ,,	હૃદયબંધથવાથી	,,
જીવણલાલ હરિપ્રસાદની પુત્રી	૭ માસ		,,
કૃષ્ણલાલ ગણપતરાયની બાળક પુત્રી	૨ કલાક		,,
ભાઇલાલ વેણીલાલનો પુત્ર	૬ વર્ષ	લુખ	,,
ત્રીકમલાલ નરસીંલાલની પુત્રી	૧૪ દિવસની	દુધનહિ પીવાથી	સુરત.
વૈકુંઠલાલ શ્રીપતરાયનો પુત્ર	૭ માસ	તાવ	મુંબઇ.

*સૂચના:—જન્મ મરણની નોંધ અમને જેવી મળે છે તેવી છાપીએ છીએ. પરંતુ નામની અપૂર્ણતાને લીધે અમારા વાંચક વર્ગમાં ગેરસમજુતી ઉભી થવાનો સંભવ હોવાથી અમારા ઉત્સાહી ખબરપત્રીઓને અને અન્ય જ્ઞાતિ બંધુઓને નમ્ર વિનંતિ છે કે જન્મ, મરણ લગ્ન જનોઇ વગેરેમાં ધણીનું તેમજ તેના બાપનું પૂર્ણ નામ લખવા કૃપા કરશો.

પ્ર. ત્રિ. ઑફીસ.

લગ્ન.

નરહરીલાલ બળવંતરાય ઠાકોર	ઉમર વર્ષ ૩૦	ના લગ્ન	બ્હેન સન્મુખગૌરી ધીરજલાલ નરભેરામ	ઉમર વર્ષ	૧૭	ભરૂચ
કનૈયાલાલ નરભેરામ દેસાઇ (આમોદ)	,, ૩૩	,,	,, નિર્મળગૌરી રતીલાલ માણેકલાલ	,,	૧૭	અમદાવાદ
ઠાકોરલાલ ભગવંતરાય ડાહ્યાભાઇ	,, ૨૮	,,	,, રસીકગૌરી ધીરજલાલ નરસીલાલ	,,	૧૮	,,
હરિપ્રસાદ જીવણલાલ લાખીયા	,, ૨૪	,,	,, મનહરગૌરી પ્રાણલાલ	,,	૧૪	,,

જનોઇ.

મોહનમદનલાલ ચુનીલાલ ગણપતરામ	ભરૂચ
નરેન્દ્રલાલ ઠાકોરલાલ રતનરામ	,,
ધનમદનલાલ મણીલાલ રણછોડરામ	આમોદ
પુષ્પમદનલાલ મણીલાલ રણછોડરામ	,,

મુંડણ.

રસીકલાલ નરહરીલાલ ભોગીલાલ	ભરૂચ
હરીવદનલાલ મગનલાલ હરદેરામ	,,
કનૈયાલાલ નરસીલાલ નરભેરામ	,,

રા. ચીમનલાલ કલ્યાણરાય ઠાકોર (સુરત કેળવણી ખાતામાં) નો પગાર રૂા. ૪૫ થયો છે.

દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇએ લખેલો "મિતાહાર અને લાંબુ જીવન" લેખ જુન માસના બુદ્ધિ પ્રકાશમાં પ્રગટ થયો છે.

મુંબઇ ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળના પ્રમુખ બાઇ જમના બ્હેન નગીનદાસ સક્રાઇને વૈધવ્ય પ્રાપ્ત થયું તેની દીલગીરી દર્શાવવા મુંબઇની બાનુઓની એક જાહેર સભા તા. ૨૭ મી જુન ૧૯૧૪ ને રોજ મળી હતી, જે પ્રસંગે સો. કૃષ્ણાગૌરી ચીમનલાલ હરીલાલ સેતલવાડ પ્રમુખસ્થાને બીરાજ્યાં હતાં.

રા. ત્રીકમલાલ કેશવલાલ ઠાકોર અત્રેની "સાઉંડ ઇન્વેસ્ટમેન્ટ એજન્સી" માં જોડાયા છે.

રા. ચીમનલાલ આર. દેસાઇએ મીલ, જીન પ્રેસ ને સ્ટોરનો સામાન પુરો પાડવાની ફર્મ મેસર્સ સી. આર. દેસાઈની કુંપનીને નામે મુંબઈમાં ઉઘાડી છે.

"જુનાગઢ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ ફંડ."

ગઇ તા. ૧૫-૫-૧૪ ના રોજ જુનાગઢ મુકામે આપણી જ્ઞાતિના યુવાન બંધુઓની મહેનતથી એક ફંડની સ્થાપના થઇ છે; જેનો ઉદ્દેસ આપણી જ્ઞાતિના ગરીબ સ્થીતિના વિદ્યાર્થિઓને સ્કોલરસીપ અને નીરાધાર સ્થીતિમાં આવી ગયેલ હરકોઇ સ્ત્રી પુરૂષને મદદ કરવાનો છે. આ ફંડની અંદર જુનાગઢના જ્ઞાતિ બંધુઓ પાસે એક વતનની રૂપીયા ૮૦૦ ની રકમ એકઠી થયેલી તે આ ફંડમાં જમા કરાવ્યા છે તથા તે વતનની વાર્ષીક રકમ રૂપીયા ૭૨ ની જે ચાલુ વંશપરંપરા મળે છે. તે પણ જ્ઞાતિના ફંડમાં આપી સર્વ હકદારોએ પોતાનો હક ઉઠાવી લીધેલ છે. આ સીવાય નીચે જણાવેલા ગૃહસ્થો તરફથી તેઓના નામ સામે જણાવેલ રકમ પણ તેઓએ ફંડમાં ભરી છે.

રૂપીયા	૨૫૧	રા. રા.	દેસાઇ કેશવલાલ કહાનદાસ
,,	૧૦૧	રા. રા.	દેસાઈ અમૃતલાલ દરસનરાય
,,	૧૦૧	રા. રા.	ડાકટર મુળચંદ કેશવલાલ
,,	૧૦૧	,,	મુનશી મુગટરાય નવનીધરાય
,,	૧૦૧	,,	દેસાઇ ભગવાનલાલ કેશવલાલ
,,	૧૦૧	,,	બળવંતરાય જાદવરાયના વારસ પુત્રો તરફથી હા. પ્રતાપરાય જાદવરાય.
,,	૧૦૧	,,	કુલશંકર સુંદરલાલ.
,,	૫૧	,,	પ્રભુલાલ નંદલાલ
,,	૨૫	,,	દેસાઈ મણીપ્રસાદ કહાનદાસ
,,	૨૫	,,	મુનશી પ્રાણલાલ સાકરલાલ
	૯૫૮-૦-૦		
	૮૦૦		ઉપર જણાવેલા વતનના આવ્યા તે
રૂા.	૧૭૫૮-૦-૦		

આ ફંડનો લાભ તે ફંડના સ્થાપિત કરેલા નિયમોને અનુસરીને પહેલો જુનાગઢના વતનીઓને આપવાનું ઠરાવેલું છે અને તેવો લાભ લેનાર ઉમેદવાર ન હોય અને નાણાં બચત હોય તો આપણી જ્ઞાતિના અન્ય સ્થળોના વતનીઓને લાભ આપવાનો ટ્રસ્ટીઓને અધીકાર આપેલ છે.

આ ફંડનો લાભ મેળવવાની ઇચ્છા રાખનાર હરકોઇ વિદ્યાર્થી અથવા નીરાધાર સ્ત્રી પુરૂષે સેક્રેટરી રા. મણીપ્રસાદ કહાનદાસ દેસાઇને લખવાથી તે બાબતમાં ઘટીત કરશે.

આ ફંડમાં દિન પ્રતિદિન વધારો કરવાને નીયમોમાં અમુક ગોઠવણ રાખી છે જેથી દીવસે દીવસે વધારો થવાની આશા રાખવામાં આવે છે.

આ ફંડનાં નાણાંની વ્યવસ્થા કરવા માટે પાંચ ગ્રહસ્થોની કમીટી નીમવામાં આવી છે. અને સગવડતા ખાતર સાડાત્રણ ટકાની ગવરમેંટ પ્રોમીસરી નોટ અગર એવી કોઇ બીજી સધર જામીનગીરીનાં બોંડમાં નાણાં રોકવા માટે રા. રા. ડૉક્ટર મુળચંદ કેશવલાલને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે મુકરર કરવામાં આવ્યા છે.

લૉર્ડ પેરીની માતાનો ઉપદેશ.

લૉર્ડ પેરીનો જન્મ ઉત્તર અમેરીકાના કેનેડાના કવીબેક શહેરમાં સને ૧૮૪૭ માં થયો હતો. ન્હાનપણમાં એનો બાપ ગુજરી ગયો હતો અને ૧૫ વર્ષની ઉમર સુધી બેલફાસ્ટની નિશાળમાં અભ્યાસ કરી વહાણ બાંધવાના કારખાનામાં નોકરીએ રહયો. તે નોકરીએ રહયો ત્યાર પછી તેની માતાએ નીચે પ્રમાણે ઉપદેશ આપ્યોઃ—

"ભાઇ ત્હારૂં નસીબ ત્હારા હાથમાં જ છે. ત્હારા ધંધામાં તું આગળ વધે તે સઘળું ત્હારા હાથમાંજ છે." વળી એક બીજા પ્રસંગે તેને જણાવ્યું કે "ત્હારા માંબાપના ડહાપણને માટે માન રાખ, અને તેમનો ઉપદેશ ગ્રહણ કરતો જા. માને ઠીક લાગશે નહીં અથવા તો દુઃખ થશે એવી કલ્પના પોતાના મનમાં નહિ આણવાનો દ્રઢ નિશ્ચય જુવાન માણસને ઘણો ઉપયોગી છે. દરરોજના અનુભવમાંથી એક તારણ કરવું જોઇએ કે શી બાબતો ધંધામાં વિશેષ લાભદાયી થઇ પડશે. ઉદયોગજ સારા નસીબનો પિતા છે, ઝીણી નજરજ ઘણી જરૂરની છે; અને માણસની કાર્ય કુશળતાનું મોટું લક્ષણ છે, એ બારીક નજર બોલવા, ચાલવા અને વ્યવહારમાં હોવી જોઇએ. જે કાંઇ પણ કરવાનું હોય તે બરાબર થવું જોઇએ, અધું પડધું કરેલું કાંઇ પણ ઉપયોગી નથી. કામ કરવામાં કાંઇ પણ પદ્ધતિ હોવી જોઇએ. કેમકે તેથી કામ ઝડપથી અને સારૂં થાય છે. કામ સારૂં થાય એવી તારી ઇચ્છા હોય તો તે કામ હાથે જ કર; તેમ ન હોય તો જ બીજાને સોંપ."

આ ઉપદેશને અમલમાં મૂકીને પેરી લૉર્ડની પદ્દી સુધી પહોંચ્યો. આયર્લૅન્ડના ઉદ્યોગ અને વેપાર ખીલવવામાં એનો મોટો હાથ છે. એની ૮૦ એકર જમીનમાં ૧૪,૦૦૦ લોકો કામ કરે છે. આજે લગભગ સઘળું બેલફાસ્ટ તેને સ્વાધીન છે. ૨૦૭ આગબોટોનો તે આજે વહીવટ કરે છે. માતાના શિક્ષણની અને જ્ઞાનની બાળક ઉપર કેટલી છાપ પડે છે તેનું આ ઉદાહરણ છે. આપણા દેશને આવી લૉર્ડ પેરીની માના જેવી માતાઓ જોઇએ છે.

નરહરિ કુબેરારામ દેશાઇ.

ૐ

વનિતા વિશ્રામની બ્હેનો સાથે માલસરની યાત્રા.

(વિશ્રામની એક બ્રહ્મક્ષત્રિય સાધ્વી બ્હેન.)

આ નોંધપોથી લખની વખતે તેને પ્રસિદ્ધિમાં મૂકવાનો મ્હારો બિલકુલ વિચાર નહોતો કિન્તુ મ્હારાં એક પ્રિય સખી કે જે અમારી સાથે માલસર નહોતાં આવી શકયાં તેઓને ત્યાંના બનતા બનાવોની હકીકત જાણવાની ઘણીજ જિજ્ઞાસા હતી, તેમને કહેવાને માટે બનતા બનાવોની તથા તે ઉપરથી તે વખતે ઉપજેલા વિચારોની ટુંકી નોંધ કરી લેવી એજ વિચારથી આ નોંધ-આ વર્ણન-લખવા માંડયું હતું. તેથી મુસાફરીનું વર્ણન જેવી પંક્તિબંધ હોવું જોઇએ, તેવું કદાચ નહિ હોય એટલે ધાર્યા પ્રમાણે બધાંને પ્રિય નહિ લાગે.

માલસર એ શ્રીમંત ગાયકવાડ સરકારના તાબાનું ડભોઇ તાલુકાનું નાનું સરખું ગામડું છે મિયાગામ સ્ટેશને ઉતરી સિનોર લાઇનની ગાડીમાં બેશી ત્યાં જવાય છે. એ સ્થાન ઘણાના જાણવામાં નથી, પણ પ્રારબ્ધ યોગે થોડા વખતથી ત્યાંનું વર્ણન સાંભળી સંસ્થાના વ્યવસ્થાપકની વૃત્તિ ત્યાં જવા માટે દોરાઇ. એ ગામડું ઘણુજ ન્હાનું છે, પણ ત્યાંનાં હવાપાણી તથા પરમહંસ માધવદાસજી મહારાજનું સત્યનારાયણનું મંદિર, ખાખચોક, રહેવા માટેની સોઇ, પતિતપાવની નર્મદાજીનાં સ્નાનની સગવડતા તેમજ એકાંત સ્થળ હોવાને લીધે ઈશ્વર પ્રત્યેની કર્તવ્ય પરાયણતા પણ વિશેશ બની શકવાના સંભવને લીધે થોડા દિવસ તે સ્થળે જવાનો નિશ્ચય કરી તા. ૧૨-૫-૧૪ ને દિવસે અગીઆર વાગે અમદાવાદથી જે ગાડી ઉપડે છે, તેમાં માલસર જવાને માટે અમે નીકળ્યાં. રસ્તામાં મીયાંગામે ગાડી બદલવી પડી. ગાડીમાં—"તેરાવું'

કોને પ્રેમથી.'' એ ભજન ગવાયું. આ વખતે પૂર્વ સ્મરણ નિત્ય મુજબ થયું. × × બ્હેન સાંભર્યાં. તેઓ આ વખતે હોત તો જરૂર રડત. મ્હારાં આંસુનો ભાવ સમજત. આ સિવાય બીજા પણ એવાજ પ્રસંગોથી સાંભરતાં. સાંજના છએક વાગે માલસર ઉતર્યાં અને ઉતારે આવ્યાં. ઉતારો સ્ટેશનની પાસેજ છે, અને ઘણોજ સોઇબંધ છે, આ ઉતારો—આશ્રમ—પરમહંસ માધવદાસજી મહારાજનો છે. તેઓ શ્રી અત્ર નથી, પણ તેમના શિષ્ય છે. તેઓએ ઘણીજ સારી રીતે આતિથ્ય સત્કાર કર્યો. રેવાજીમાં ન્હાઇ ઘેર આવ્યાં. અંધારૂં થઇ ગયું હતું. સૂર્યોપાસના કરી જરાક વાતોચિતો કરી, સરસામાન ગોઠવી નીચે આશ્રમ જોવા ગયાં

આશ્રમ ઘણો સરસ છે. વચમાં મોટો એક ચોક છે, તેમાં સત્યનારાયણની સ્થાપના કરવા સારૂ મંદિર બંધાવવા માંડ્યું છે. બેઉ બાજુએ આવનાર જનારને ઉતરવાને માટે બંગલાના આકારના ઉતારા બનાવેલા છે. પાછળ રસોડું છે. એક બાજુપર ન્હાનું સત્યનારાયણનું મંદિર અને એક બાજુ ઉતારૂઓને રસોઇ વિગેરે કરવાને ચાલી તથા ઓરડા વિગેરે છે. મંદિરના ચોકની બહાર ન્હાનો સરખો બાગ છે. તેમાં કેળ, ફળ, ફુલ તરકારી વિગેરે વાવેલાં છે. પાસે મંદિરના કબજાનાં કેટલાંક ખેતરો છે બાગમાં એક મોટો કુવો છે. પાછલી તરફ ગાય, ભેંસ, ઘોડા, ગાડી વિગેરે બંધાય છે. આ મંદિરોમાં વાર્ષિક આવક ઘણી સારી છે. પાસે આવેલા ગામોમાંનાં ઘણાખરા શ્રીમંત પાટીદારો મહારાજશ્રીનાં શિષ્યો છે. તેઓની આ મંદિર વિગેરેમાં ઘણી મદદ છે. તા. ૧૩-૫-૧૪ આજે સ્હવારની હું નિવૃત્ત છું બપોરે બધાં રસોડામાં જમવા બેઠાં. હું ઉપર ઉતારામાં બેઠી. રસોડામાં જમનારને ઘણોજ આનંદ થતો હતો. શ્લોકો ભણતાં, આનંદ કરતાં જમતાં હતાં. હું અભાગી આ આનંદમાં ભાગ ન્હોતી લઇ શકતી. દૂરથી કાંઇ સૂર સંભળાતા ઘણું રળિયામણું લાગતું હતું. બપોરે ભેગું થઇ હૃદય ઘણું દ્રવ્યું હતું થોડી વારે શાંત થયું. સાંજરે ચારેક વાગે મુરબ્બી સુલોચના બ્હેન પણ મ્હારી સાથે નિવૃત્તિથી બેઠાં. રેવાજીપર બધાં ન્હાવા જતાં હતાં તેમની સાથે અમે ફરવા ગયાં. ઘેર આવ્યાં. બધાં જપ કરવા બેઠાં. અમો બે બ્હેનો વાતો કરવા બેઠાં. મ્હને વિચાર આવ્યો કે આજે ઘણો સારો પ્રસંગ આવ્યો છે, કાંઇક ઉત્તમ પ્રકારની વાતચીત કરી સત્સંગનો યથાર્થ લાભ લઉં; અને એનો સાર અમદાવાદ જઇ ×. × બ્હેનને કહું. વાતની શરૂઆત આપણા આસપાસના વાતાવરણની કરી.

રાત્રે ઘણો વખત ભજન કર્યા પછી બધાં નીચે મહારાજ સાથે વાતો કરવા ગયાં. સત્ પુરૂષોની વાતોમાંથી ઘણુંજ નવું જાણવાનું મળે છે, ને આવા તિર્થોમાં એવા ઘણા મહાત્માઓ મળે છે, આ મહારાજ સામાન્ય શુષ્ક વેદાંતી હોય એમ લાગતું નથી, પણ રસ સાથે જ્ઞાનવાળા જણાય છે. એમના સંપ્રદાયમાં ભક્તિને પ્રાધાન્યપદ છે. વિવેકી, ધર્મમાં ઉંડા ઉતરેલા છે, તેમ બહુ દરકાર અને ભાવવાળા છે. તેમના થોડાક શબ્દો ફક્ત આથી સાંભળવાથી પણ જણાય છે કે તે દરેક-રાજકીય, વ્યવહારિક, ધાર્મિક-વિષયોમાં ઉંડા ઉતરી બુદ્ધિપૂર્વક તારણ કાઢનાર છે. આ શ્રી માધવદાસજી મહારાજના મુખ્ય શિષ્ય છે, તો મહારાજ શ્રી તેથી પણ વિશેષ પ્રાજ્ઞ હોવા જોઇએ.'

લગભગ સાડા અગીયારે ઉંચા પ્રકારની ઘણી વાતો કરી બધાં ઉપર ચઢયાં અને આવી રીતે ઉત્તમ પ્રકારે સાધુ જીવન ગાળનારને પરોક્ષપણે ધન્ય વાદ આપવા અને શ્રવણ કરેલી વાતોનું મનન કરવા લાગ્યાં. અત્યારે ઘણોજ આનંદ થતો હતો. પરસ્પર હાસ્યવિનોદમાં લગભગ કલાકેક થઇ ગયો હશે, પણ જણાયો નહિ.

તા. ૧૪-૫-૧૪ બધાં બપોરે યનઘમાં બેશી પરમહંસજીનાં દર્શનાર્થે "રણાપુર" ગયાં. એક પુખ્ત વયની બાઇ સાથે અમે ચારેક જણાં અહીં રહ્યાં. થોડુક વાંચ્યું, લખ્યું, ભજનો ગાઈ તે દિવસ પૂરો કર્યો.

તા. ૧૫-૫-૧૪ આજે નહાવાની પુષ્કળ મજા પડી. ઘણો વખત નાહ્યાં. ઘેર આવી થોડુંક વાંચ્યું. વાતો કરી. પછી પેલા લોકોની આવવાની વાટ જોઇ છેવટે મોડાં દશમી જમ્યાં. પછી કેટલીક ઉપયોગી વાતો પણ કરી. થોડોક આરામ લીધો. કાંઇક વાંચ્યું, લખ્યું અને મહારાજ સાથે કેટલીક વાતો કરી. તે ઉપરથી જણાયું કે પરમહંસ માધવદાસજી મહારાજની પુર્વ સ્થિતિ બંગાળામાં હતી. તેઓ ૧૮૫૭ ના બળવા વખતે નોકરી કરતા હતા. અને હેમને બળીયા કાણીની નીચે ટાંકેલા છે માટે તેમની ઉમર મોટી હોય એમ લાગે છે.

વળી બંગાળા અને ગુજરાતની સ્થિતિની કેટલીક સરખામણી કરી. ત્યાં ગૌરાંગ પ્રભુના ઘણાં મંદીરો છે. લોકો શ્રદ્ધાળુ અને જુદા જુદા દરેક વિષયમાં આગળ વધેલા છે. ત્યાં નવ દ્વિપમાં વિધવાઓને એ સ્થિતિ પ્રાપ્ત થતાં તરતજ આ સંસાર સ્થિતિમાંથી દુર કરી મંદીરોમાંજ મૂકવામાં આવે છે.

આ વાત અમને ઘણી રૂચી, અને આપણા દેશની વિધવાઓની જીંદગી કેવા વ્યવહારી કામોમાંજ પૂર્ણતા પામી જાય છે એ વિચાર આવ્યો. અહા! જો એકજ જ્ઞાતિ કે દેશ જો આવો નિશ્ચય કરે કે હરકોઇ રીતે પણ વિધવાઓને અનુકુળતા કરી આપી આ કુટુંબ ભારમાંથી દુર કરીએ તો ઠીક. પરંતુ હજી ગુજરાતના અને ખાસ કરીને વિધવાઓના કમનશીબ છે ત્યાં સુધી એવું સ્ફુરણ શી રીતે થાય? પ્રભુ! સત્વર અમારી જીંદગી ઉન્નત પ્રકારે ગાળીયે એવી અનુકૂળતા આપો. પછી રણાપુરથી મહારાજશ્રીના દર્શન કરીને આવેલાંની સાથે ઘણી વાતો કરી (બાળાઓ તેમજ મોટાં પોત પોતાના અધિકાર મુજબ જે આનંદ મેળવી આવ્યાં હતાં તે મુજબ તેમણે રસમયતાથી વર્ણન કર્યું) અને આરતિ ગાઇને સુતાં.

તા. ૧૯-૫-૧૪ આજે અમારામાંથી કેટલી બ્હેનો સુરત વનિતા વિશ્રામના વાર્ષિક મેલાવડા ઉપર જાય છે. તેઓને આ સ્થાન ઘણું ગમ્યું છે. બનશે તો પાછાં આવવાનાં છે. બપોરે જમી પરવાર્યા પછી આરામમાં વાંચવા, સુવાનું સ્થાન સહુએ શોધી કાઢયું. અહીં બપોરે બે દિવસથી તાપ સખત પડે છે. રાત્રે પવન પણ પુષ્કળ વાય છે. તેથી ઓઢવાની પણ જરૂર પડે છે. બપોરે ઉન્હી લુ વાય છે. અહીંની હવા ઘણી સારી મનાય છે. વ્યવહારી માણસોને તો ઝાઝું અહીં ગમે તેવું નથી; કારણ કે આટલામાં કાંઇપણ જોવાનું કે ફરવા હરવાનું નથી પરંતુ અમને તો ઘણું સારૂં ગમે છે ને આનંદ પણ થાય છે. સાધારણ રીતે સંઘમાં જનારા માણસોને ઠેઠ સુધી પુરેપુરો સંપ રહેતો નથી પણ અહીં એમાંનું કાંઇ જણાતું નથી. કેવળ ભાંડુ ભાવથી બધાં વર્તે છે કારણ કે આ સંઘ જેવું નથી પણ એક કુટુંબ જેવું છે. દરેકને પોતપોતાના મત પ્રમાણે કામ કરવાનું નથી પણ એકના મતથી કરવાનું છે. તેથી માંહો માંહ કુસંપ થવાનું કારણ રહેતું નથી છાયાં નીચે રહેવાથી શાંતિજ મળે છે. એ નક્કી જાણવું. દેખીતી પરતંત્રતા પણ અંતર્ગત શાંતિ છે. મુખ્ય માણસોને માથાફોડ ઝાઝી છે. દરેકને ખુશમાં રાખવાં, સારી રીતે લાવવાં, લઇ જવાં, એ બધી ચીવટ તેમને રાખવી પડે છે, પરંતુ એકંદરે પોતપોતાની પદ્વી પ્રમાણે બધાં મઝાહ મેળવે છે.

રાત્રે કેશવદાસજી મહારાજ સાથે મૂર્તિપૂજા સંબંધી ઘણી વાતો થઈ. તેમણે યજ્ઞની અને મૂર્તિપૂજાની સરખામણી કરી, યજ્ઞને બદલેજ તે પ્રચલિત

છે એમ જણાવ્યું, યજ્ઞો બંધ થતાં મૂર્તિપૂજા નિમિત્ત પણ ઘણાંખરાં પારમાર્થિક, પ્રભુપ્રિત્યર્થ-નિષ્કામ કર્મો કરી શકાય છે. પરંતુ હાલ ત્હેનું ઘણું રૂપાંતર થઇ ગયું છે. કર્મ બંધ પડી ગયા છે, એટલે યજ્ઞના જેવું ફળ મેળવી શકતા નથી. ઇશ્વરી સ્વરૂપના ભાવિક પુરૂષો પ્રભુની **મનોમયી મૂર્તિ** ખડી કરે છે; પરંતુ મન ચંચળ છે—વૃત્તિઓ અસ્થિર છે, તેથી પ્રભુ ચિન્તવનમય -મન આખો વખત રહેતું નથી. વળી વ્યવહારી મનુષ્યો વારંવાર મનને રોકી શકવાને ઓછા સમર્થ હોય છે, તેથી તે મનોમયી-સૂક્ષ્મ મૂર્તિનું બાહ્ય સ્થૂલ સ્વરૂપ કરવું આવશ્યક છે બ્હેન ! દરેક સૂક્ષ્મ વસ્તુનું જ્યાં સુધી સ્થૂલ રૂપ કરવામાં નથી આવ્યું ત્યાં સુધી તે જોઇએ એવું ઉપયોગી થતું નથી; કારણ આપણી સ્થૂલ વૃત્તિઓને કેળવવાને સ્થૂલ પદાર્થજ જોઇએ. પરંતુ મૂર્તિ સારી છે કે ખોટી તે ઝઘડા તરફ આપણે તો દુર્લક્ષજ રાખવું; કારણ કે સર્વ મહાન્ પિતાના બાળકો છે. કર્મ, ભક્તિ કે જ્ઞાનથી, કાયા, વાચા કે મનથી પોતાની બુદ્ધિ પ્રમાણે-પોતાના અધિકાર પ્રમાણે દરેક તે મહાન પ્રભુની સેવા કરી રહેલા છે.

તા. ૧૭-૫-૧૪. સહવારે નર્મદા સ્નાન કરી આવી દરેક પોતપોતાનું નિત્યકર્મ કરવા બેઠાં, હું પણ બેઠી. નિત્યકર્મ પરવારી બધાં નીચે વાતો કરવા બેઠાં. બાળાઓ પાસે કાંઇ ભજન સ્તોત્ર બોલાવ્યાં જુદી જુદી વાતો કરતાં પ્રસંગોપાત મહારાજે કહ્યું કે—

આ ઉપાડેલું કામ તમને ઉપાધિરૂપ લાગે છે, પણ તે ઉપાધિ ન હોય, કિન્તુ એક સેવા છે. ઇશ્વરની સેવા છે—રંકની સેવા છે—એમ માની આગળ વધો. જગતમાં સ્નેહ પ્રસરાવો. આવી બાલિકાઓના ઉદ્ધાર માટે સ્નેહ વધારો. તમારૂં સર્વ ત્યાગીને બાળાઓનાં સુખનાં સાધન વધારી આપો. એમાંજ તમારો **સર્વ ત્યાગ** અહંમમનો ત્યાગ છે. વાણીથી નહિ પણ કૃતિથી નમન કરો. તમારૂં સર્વ ત્યાગ કરો. એટલુંજ નહિ પણ અહમ્‌નો ત્યાગ કરી દુઃખિ બાળિકાઓને માટે ભીખ પણ માંગો. તેથી અહંપણાનો નાશ થાયછે. પોતાના કુટુંબ માટેજ સંસારમાં માણસો કેટલી જહેમતો અને અનેક કાળાં ધોળાં કર્મો કરે છે, તે તરફ દૃષ્ટિ કરતાં જગત્ પિતાના બાળકોને પોતાનાં કુટુમ્બી માની, તે માટે ભીખ માગીશું, તેમાં કાંઇ આપણી અધોગતિ થવાની છે? આપણે આપણા કાર્યનું ફળ જોવાનું છે. ઈશ્વર પ્રેમની એ સાબિતી છે—પરમાર્થનું કામ કરવા તત્પર થવાથી ભીખ માગવી પડી છે એજ કાર્યની સાબિતી છે, અંતર્યામી પ્રભુ, ધનવાન શ્રદ્ધાવાનના હૃદયમાં ઉતરી ત્હમારી

સાત્વિક ભીક્ષાની માગણી સ્વીકારશે. હું પણ મારા આ મંદીરના કામની વ્યવસ્થા કરી તમારા આ કામને માટે પ્રયાસ કરીશ. મ્હને આ સેવાનો રસ્તો ઘણોજ ગમે છે.

આ વગેરે વાતો કરી ભોજન કર્યાં બાદ લગાર આરામ લઇ પાસે આવેલા અંગારેશ્વર મહાદેવમાં દર્શન કરવા ગયાં. અહી આ બે મંદિરો સિવાય કાંઇપણ બીજું જોવાલાયક સ્થળ નથી પરંતુ મહારાજશ્રીની ઘણીજ મહેરબાની—ઘણોજ ઔદાર્યભાવનો આતિથ્ય સત્કાર, રમણિય સ્થળ અને અમારા વિશ્વકુટુંબ નો નિર્દોષ આનંદ અન્ય સ્થળે જવાની ઇચ્છાજ નથી કરતો. ત્યાંથી દર્શન કરી આવ્યા પછી નહાવા ગયાં.

તા. ૧૮-૫-૧૪ આજ કાંઇ ખાસ વિશેષ બનાવ બન્યો નથી. રાત્રે મહારાજે ઉત્તમ જીવન કેવી રીતે ગાળવું એ બાબતપર થોડુંક વિવેચન કર્યું હતું. તે સાંભળી સુઇ રહ્યાં હતાં

તા. ૧૯-૫-૧૪ બરાબર સાડાચારે ઉઠી, નાહી ધોઇ પરવારી અમે છ સાત જણાં દમણીઆમાં બેસીને શ્રી વ્યાસ જવા નીકળ્યા. બરાબર ૭ વાગે અમારી ગાડી હંકરાઇ થોડે દૂર ગયાં એટલે એક વિશાળ આંબાવાડીઉં આવ્યું. આ સ્થળ ઘણુંજ રમ્ય, કુદરતની અપૂર્વ લીલાનું ઇશ્વરની અકલિત કળાનું ભાન કરાવતું હતું. ચો તરફ જ્યાં જ્યાં દૃષ્ટિ નાંખીએ ત્યાં ત્યાં વિશાળ આમ્રવૃક્ષ પર સુંદર અમૃત ફળ ઝુકી રહ્યાં હતાં સૂર્ય દેવતાના આછા કિરણોનો પ્રકાશ તે ઉપર પડવાથી રાતાં આમ્રફળ જાણે સોનાના અલંકાર વૃક્ષે ધારણ કર્યાંના હોય ! એવાં ભાસતાં હતાં.

ઇશ્વરની અદ્ભૂત શકિત અને આપણી સંસાર સ્થિતિ સંબંધી વાતો કરતાં હતાં બીચારા દુઃખે પાપે પણ અતિશ ભાર વહન કરનાર બળદને આધીન થઇ અમે ચાલવા લાગ્યાં. દશેક વાગે વ્યાસ પહોચ્યાં; ત્યાં રસોઇ કરાવી, જમ્યાં. થોડીક વાર બેઠાં પછી પાંચેક વાગે નીકળવાની તૈયારી કરી. પાસે કૈલાસ પુરીનાં દર્શન કરવા ગયાં. મંદીરમાં પેસતાંજ ઘણાં શિવ લિંગનાં દર્શન થયાં. ત્યાંથી દર્શન કરી અમે વ્યાસના મંદીરમાં આવીને બેઠાં. ત્યાં થોડાંક ભજન સ્તોત્ર ગાઇ ચાલી નીકળ્યાં ડાકોરની માફક ત્યાં પણ બ્રાહ્મણો પૈસો લેવા ભેગા થઇ જાય છે રસ્તામાં, રેતીમાં અને કાકરામાં મગજ કરતાં કરતાં અમે ટેકરો ચઢી ગયાં. થોડેક દૂર ગયાં ને એક ગાડીની કમાન તુટી એટલે ત્યાં અમારે થોડીવાર અટકવું પડયું એટલામાં પાસે રહેનાર એક

પાટીદારની ત્રણેક વર્ષની છોકરી ઉઘાડી ઉઘાડી રમતી હતી. આખે શરીરે પીઠી ચોળી હતી. તેથી અમને કાંઇક લાગ્યું કે આનાં લગ્ન હશે. પૂછતાં માલુમ પડયું કે એનાં આજે લગ્ન છે. અમે બે એક પૈસાનો થોડોક ચેવડો આપીને એ છોકરીને અમારી પાસે બોલાવીને પૂછયું, પણ બરાબર બોલતાંએ નહોતું આવડતું એટલે બિચારી શું કહે? આટલી ત્રણ વર્ષની છોકરી શું જાણશે કે લગન એટલે શું? આવાં લગ્નોથી એમનો સંસાર કેવો નીવડે? આપણા હિંદુ માબાપો એટલા બધા રૂઢી ચુસ્ત બની ગયા છે કે કાંઇ ભવિષ્યનો, સારાસારનો વિચાર કર્યા વિના કેવળ આંખો મીચીને ઝંપલાવે છે વળી આ ગામ શ્રીમંત ગાયકવાડ સરકારનું છે. ન્હાની ઉંમરની છોકરીને જે કોઇ પરણાવે તેને દંડ ભરવો પડે છે. તો દંડ ભરીને પણ છોકરી ન્હાની સરખી પરણાવીએ તોજ લ્હાવો લીધો કહેવાય-ઓરીયો વિત્યો મનાય. આતો ઠીક છે કે કણબી પાટીદારની છોકરી હતી એટલે કાંઇ થાય તો કામ બેસાડવામાં એમને કાંઇ વાંધો નહિ પરંતુ એવા સ્થળે બ્રાહ્મણની છોકરીની આવી ન્હાની ઉંમરમાં કાંઇક અવસ્થા થાય તો શી દશા? શી દશા શું અત્યારે હિંદુસ્તાનમાં કરોડો વિધવાઓ છે તેમાં વધારો અમને ત્યાં મોડું થયું. એટલે રસ્તામાં અનસૂયાજી જવું હતું તે ના જવાયું. રાતના અગીઆર વાગે માલસર આવ્યા ને દુધ પીને સુઇ રહ્યાં. . (અપૂર્ણ)

રાવ સાહેબ અંબાશંકર ઉત્તમરામ મલજી વકીલ.

આજના અંક સાથે ભરૂચના આપણા જ્ઞાતિ બંધુ **મી૦ અંબાશંકર ઉત્તમરામ મલજીની** છબી ભેટ આપવામાં આવી છે.

હિંદુસ્તાનના નામદાર **શહેનશાહ જ્યોર્જ ૫ માના** જન્મ દિવસની ખુશાલીમાં જે માન-ચાંદની લ્હાણી કરવામાં આવી હતી, તે વેળા મી૦ મલજીને **રાવ સાહેબના** ખીતાબથી નવાજવામાં આવ્યા છે. જે માન મી૦ મલજીને મળ્યું છે તેને માટે ખાસ સમસ્ત તરફથી અમે તેમને મુબારકબાદી આપીએ છીએ.

રાવ સાહેબ અંબાશંકરનો જન્મ સને ૧૮૭૩ સંવત ૧૯૨૯ ના ભાદરવા વદ પાંચમે થયો હતો, તેઓના પ્રપિતા ભરૂચના સરકારી વકીલ હતા. તેઓના પિતા ઉત્તમરામજી પણ વકીલ હતા, અને ભરૂચમાં ફોજદારી કામોના વકીલ

રાવ સાહેબ અંબાશંકર ઉત્તમરામ મલજી

વકીલ, ભરૂચ.



શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ.

તરીકે મશહુર થઈ ગએલા છે. મર્હુમ ઉત્તમરામ મલજીએ પ્રજા ઉપયોગી કામો કરી પોતાનું નામ અચળ કર્યું છે. તેઓ પોતાની ૫૬ વર્ષની વયે સ્વર્ગવાસી થયા, તે સમયે મી૦ અંબાશંકર માત્ર દશ વર્ષની વયના હતા. જોકે માથે વડીલ તરીકે કોઇનો ધાક નહોતો, તો પણ ખંતથી અભ્યાસ કર્યો અને સને ૧૮૯૩માં મુંબઈ યુનિવર્સિટીની એન્ટ્રન્સની પરિક્ષા પસાર કરી, પોતાના કુટુંબની જમીનો તેમજ લેવડદેવડનો વહિવટ તપાસવા લાગ્યા. એમના મર્હુમ કાકા માણેકલાલજી મલજીની ઇચ્છાનુસાર ડીસ્ટ્રીકટ પ્લીડરની પરિક્ષા આપવા સારૂ તેઓ કાયદાનો અભ્યાસ કરવા લાગ્યા, અને સને ૧૮૯૬.માં તેઓએ પહેલેજ પ્રયાસે તે પરિક્ષા પસાર કરી ભરૂચમાં વકીલાત કરવા માંડી; અને તેમાં અસીલોને પુરતો સંતોષ આપવા માંડયો અને આજે તેઓ ભરૂચના વકીલ મંડળમાં અગ્રપદ ભોગવે છે. સને ૧૯૦૪ માં ભરૂચના સરકારી વકીલના મૃત્યુ પછી તે વખતના ભરૂચના જડજ મર્હુમ મી૦ ગ્લોસ્ટરે તેઓને સરકારી વકીલની જગ્યા આપવા માંડી, પરંતુ મી૦ મલજીએ પોતાની સ્વતંત્ર રહેવાની ઇચ્છા હોવાથી મી૦ ગ્લોસ્ટરની માંગણીનો ઉપકાર સાથે અસ્વીકાર કર્યો. સને ૧૯૦૪ ની સાલમાં ભરૂચ મ્યુનિસિપાલીટીની ચુંટણી વખતે તેઓ પ્રજા તરફના એક કમિશનર તરીકે ચુંટી કઢાયા, અને ત્યારથી તે સને ૧૯૧૦ સુધી મ્યુનિસિપાલીટીમાં રહી ભરૂચની પ્રજાની સેવા બજાવવાનું કામ ઘણીજ કુશળતાથી કર્યું હતું. ત્યાર બાદ પોતાની બહોળી વકીલાત તેમજ અન્ય પ્રવૃત્તિઓને લઇને અગર ગમે તે ખાનગી કારણથી મ્યુનિસિપાલીટીમાંથી રાજીનામું આપ્યું. ટુંક વખતમાં મી૦ મલજીની સેવાઓની ખોટ મ્યુનિસિપાલીટીમાં જણાઇ, અને જણાય છે; જે ભરૂચી આલમને સુવિદિત છે. સને ૧૯૦૪ માં ભરૂચ ખાતે ડીસ્ટ્રીક્ટ એસોસીએશનની સ્થાપના થઈ, ત્યારથી તેના ચેરમેન તરીકે મી૦ મલજીને ચુંટી કઢાડવામાં આવ્યા. આ એસોસીએશન ભરૂચ અને તેની આસપાસની પ્રજાની ફરિયાદો સરકારના કાન ઉપર લાવી લોકોનાં દુઃખ ઘણે અંશે ઓછાં કરે છે. મી૦ મલજી ભરૂચ તરફના ડેલીગેટ તરીકે ઘણાં વર્ષો થયાં ચુંટી કઢાઇ કોન્ગ્રેસમાં હાજરી આપે છે. સને ૧૯૦૬ ની સાલમાં ભરૂચમાં સ્વદેશી માલનું પ્રદર્શન ભરવામાં આવેલું તેનું સઘળું માન મી૦ મલજીને છે, મી૦ મલજીએ આ પ્રદર્શનને તન, મન અને ધનથી મદદ આપી હતી.

મી૦ મલજી ચુસ્ત સનાતન ધર્મી છે. મી૦ મલજી આપણી જ્ઞાતિના કેળવણી ફંડના સેક્રેટરી તરીકે ઘણાં વર્ષોથી કામ કરી રહ્યા છે, તે સિવાય નાત તેમજ પરનાતના કેટલાંક ખાનગી ટ્રસ્ટ ખાતાં પણ તેઓના હાથમાં સોંપાયાં છે. એજ સિદ્ધ કરી આપે છે કે મી૦ મલજીએ નાતનો તેમજ ભરૂચની પ્રજાનો ચાહ અને વિશ્વાસ સંપાદન કર્યાં છે. સને ૧૯૦૭ ની સાલમાં

ભરૂચની ઇન્ડસ્ટ્રીયલ કોટન મીલ સ્થાપવામાં મદદ કરી, ડીરેકટર તરીકે તેમજ એજન્ટ તરીકે અત્યાર સુધી કામ કરતા આવ્યા છે.

ભરૂચ અર્બન સોસાયટીની સાથે કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઓની સ્થાપના કરવામાં મી૦ મલજીએ ઘણો આગેવાની ભર્યો ભાગ ભજવ્યો છે. ભરૂચ મીલમાં મજુરોને વાસ્તે એક કોઓપરેટીવક્રેડીટ સોસાયટી સ્થાપી ને હિંદુસ્તાનની અંદર પહેલ કરી છે અને હાલમાં ગુજરાતમાં કોઓપરેટીવક્રેડીટ સોસાયટીના ઑનરરી ઑર્ગેનાઇઝર તરીકે સરકારે નીમ્યા.

રા. સા. મલજીએ ભરૂચ અનાથાશ્રમ, સંસ્કૃત પાઠશાળા વગેરે ધર્માદા સંસ્થાઓને વર્ષો થયાં પૂર્ણ સહાનુભૂતિ તન, મન, અને ધનથી, કરી બતાવી છે.

રાવ સાહેબ મલજી મલતાવડા સ્વભાવના પરોપકારી અને નિરાભિમાની હોઇ તેમના સંસર્ગમાં આવેલા સૌ કોઇના માનનીય થઇ પડયા છે. એમનો એક પ્રશંસનીય ગુણ તે તેમની નીયમિતપણે અને ચોક્કસ રીતે કાર્ય આટોપવાની પદ્ધતિ. તેમનું સચ્ચરિત્ર યુવકવર્ગને ઉત્કર્ષક અને પ્રેરક બનો.

સામ્રાટ જ્યોર્જ ૫ માંના રાજ્યારોહણના માંગલિક પ્રસંગે રાઃ સાં. મલજીને તા. ૧૧-૧૨-૧૯૧૧ ના રોજ "કોરોનેશન સર્ટીફીકેટ" સરકાર તરફથી ઇનાયત થયું હતું. સર્ટીફીકેટની સનંદ ઇનાયત કરતી વખતે ભરૂચના તે વેળાના કલેકટર મી૦ રોથફીલ્ડ ભાષણ કરતાં નીચેના શબ્દો બોલ્યા હતાઃ—

"મી૦ અંબારાંકર ઉત્તમરામ મલજી-તમે હમેશા મ્યુનિસીપાલીટીના અને સરકારના કામ સંબંધિ સ્વતંત્રપણે અને નિડરપણે કામ કરતા આવ્યા છો. વળી વખતો વખત સરકારી અમલદારોને સારી સલાહ આપતા આવ્યા છો તેની ઇધાણીમાં આ સનંદ આપને એનાયત કરતાં મ્હને અતિ હર્ષ ઉપજે છે."

ઉચ્ચ કોમના વસવાટ મધ્યે રા. સા. મલજીએ રૂ. ૩૦૦૦) ની નાદર રકમ ભરૂચ મ્યુનિસિપાલીટીને પોતાનાં માતુશ્રી "તારાબાઇ મલજી કન્યાશાળા" સ્થાપવા માટે આપી આખી ભરૂચી પ્રજાને હમેશને માટે આભાર તળે મુકી છે; આ પગલું જ બતાવી આપે છે કે રા. સા. મલજી સ્ત્રી કેળવણીના ચુસ્ત હિમાયતિ છે. અને તેમનાં સ્તુતિપાત્ર કાર્યને માટે જેટલો ધન્યવાદ તેમને આપીએ તેટલો ઓછો છે. સરકારે તેમની જાહેર લોકોપયોગી, નિઃસ્વાર્થી સેવાઓની યોગ્ય (જોકે થોડી અને મોડી) કદર બુઝી રાવ સાહેબનો ખીતાબ તા. ૨૨ મી જુનને દિવસે બક્ષ્યો છે. રાવ સાહેબ મલજી વધુ લોક હિતના કામો કરી સરકાર તેમજ પ્રજામાં વધુ કીર્તિ સંપાદન કરો એજ અભ્યર્થના છે. પરમાત્મા તેમને અને તેમના કુટુંબને લાંબુ આયુષ્ય બક્ષે એજ અમારી પ્રાર્થના આમીન!!!

આ. બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક શા. મગનલાલ જગજીવનદાસના 'સરસ્વતિ' પ્રીન્ટીંગ પ્રેસ ૩૩૨-૩૩૪ નાગદેવી સ્ટ્રીટ મુંબઇમાં બ્ર. ક્ષ. મંડળને માટે કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ છાપી મુંબઇ [illegible] નં. ૪ માં પ્રગટ કીધું છે.

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ॥

Awake! Arise! Stop not Until the Goal is Reached.

જાગૃત થાવ! ઉઠો! સાધ્ય પ્રાપ્ત કરતા સુધી વિરમો નહિ.

ઉપનિષદ.

પ્રકાશક:—કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ,
બી. એ. એલ. એલ. બી.

વ્યવસ્થાપક:—બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક મંડળ,
૮૩૯ સી. પી ટેન્ક નં. ૪. મુંબાઇ.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે ૧-૨-૦.

વર્ષ ૭ મું.] ૧ લી અક્ટોબર ૧૯૧૪. [અંક ૪ થો.

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

વર્ષ ૭ મું.] ૧ લી અકટોબર ૧૯૧૪. [અંક ૪ થો.

અનુક્રમણિકા.

	વિષયક	લેખક	પૃષ્ઠ
૧	સદ્ગત દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ (અંગ્રેજી કાવ્ય)	રા. ત્ર્યંબકરાય જે. દેસાઈ બાર એટ લૉ.	૧
૨	સદ્ગત દિ. બા. અંબાલાલ દેસાઇને નિવાપાંજલી	રા. ધીરજલાલ ચીમનલાલ દેસાઇ	૩
૩	સદ્ગત દિ. બા. અંબાલાલ દેસાઇનું જીવનચરિત્ર	રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર બી. એ	૫
૪	પ્રસંગોપાત નોંધ		
	(૧) દિ. બા. અંબાલાલના ગુણાનુવાદ	રા. મણીલાલ અજીતરાય ઠાકોર બી. એ	૧૨
	(૨) નોંધ	ત્રિમાસિક ઑફીસ... ...	૧૫
૫	પ્રભુ પ્રાર્થના (કાવ્ય)	રા. સ્નેહી	૧૭
૬	હિન્દની સ્ત્રી જાતિનો ઉદ્ધાર શી રીતે કરી શકાય ?	રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા બી એ એલએલ બી	૧૮
૭	બ્હેનપણીને પત્ર	અજ્ઞાત	૨૧
૮	"પિતાની નિરાશા" (પત્ર) ...	રા. ઠાકોર	૨૭
૯	માલસરની યાત્રા	અ. સૌ. સાવિત્રી બ્હેન ...	૨૯
૧૦	બેલ્જીયમના લીજ ગઢનું પડવું (કાવ્ય)	રા. હરિપ્રસાદ વ્રજરાય	૩૫
૧૧	સ્ત્રી કેળવણી (કાવ્ય)	રા. લક્ષ્મીરામ મહિપતરામ દીવાન	૩૮
૧૨	બ્રહ્મક્ષત્રિના પુરોહીતો	ત્રિમાસિક ઑફીસ ...	૪૦
૧૩	આજના જમાનાના કંઈક લક્ષણો ...	રા. ચીમનલાલ હરદેરામ	૪૧
૧૪	જ્ઞાતિના વર્તમાન તરંગ	ત્રિમાસિક ઑફીસ ...	૪૩
૧૫	સાભાર સ્વીકાર	" " ...	૪૭
૧૬	લવાજમની પહોંચ	" " ...	૪૮



સ્વર્ગસ્થ દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ.

મ ઈ. સ. ૧૮૪૪ મરણ ઈ. સ. ૧૯૧'

બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક.

વર્ષ ૭ મું.] ૧ લી અક્ટોબર ૧૯૧૪. [અંક ૪ થો.

Dewan Bahadur Ambalal Sakerlal Desai.

(TRIMBAKRAI J. DESAI BAR-AT-LAW.)

Dirge—like deathless Death's detested tolls aloft the doleful bell,
Ere—to Dewan Bahadur's Castemen, they can go the news to tell,
With a lightning—speed the sad news *spreads* like fire near and far,
And the rich and poor rush in, to adore the setting Star,
None can say why all the people—young and *old—of Ahmedabad*,
Bowed to him with so much reverence as his sacred bier passed—
Ambalál, his *Ambá's Lálji*, was his father's Darling too,
Heart and soul before he learnt to worship Learning and to woo—
And he made tremendous progress, in those *Vidya's* early days,

Deftly passed his M. A. exam., *First Class First,* the record says—

Unassisted, selfreliant, he then passed his LL.B—

Ran to serve the source of *Vidyâ*, of his Life the secret key,

Artha—shâstra and his *Kosha* gave him soon unbounded fame,

Master Desai changed his calling, as a *Judge* to make his name—

British—born, he joined the service of Baroda's fotward State,

And the present Mahâ-râja paid him at the highest rate—

Lo! he soon became *Chief Justice*, and was *Dewan Bahadur* made,

And in that exalted status, he was all the while, he stayed—

Longing for a wider sphere, he his pension then did take,

Served the local Corporation from which none can profits make—

And while there he long presided at all meetings, big and small,

Kind Reception he accorded to the Congress-Leaders—all—

Even at the Rajkot Sabhâ he was asked to take the Chair,

Ruled by him the Surat Sabhâ, thrived beneath his fostering care—

Long the list of all his life—works—words are
poor to narrate,
All his good and glorions virtues, of the first
and highest rate—
Lives, not dead, the Dewan Bahadur, *Brâhma-Kshatri*, brave and bold,
Deathless, like the Death—Destroyer, *Bhishma*,
of the days of old—
Ever like a brilliant Lamp Light, shall our
erring footsteps guide,
Sunshine of thy Godly Living, and for ever
shall abide—
Adieu sapient *Dewan Bahadur*! May Almighty
God, so High,
In the Heaven's Light delight thee, and rejoice
thee in the sky!

May he rest in Peace.

"સ્વર્ગસ્થ દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇને નિવાપાંજલી."

(લેખક:—રા. ધીરજલાલ ચીમનલાલ દેસાઇ.)

(હરિગીત.)

૧.

ઉદાસ ક્ષત્રી કોમ "અંબાલાલ" દેહ પડ્યા થકી,
ઉદાસ અમદાવાદ "અંબાલાલ"ના અવસાનથી;
ઉદાસ ગુર્જર લોક "અંબાલાલ" દેહ વિરામથી,
ઉદાસ વિદ્યાવાન "અંબાલાલ"ના વિયોગથી.

આખા ગુજરાત અને કાઠીયાવાડમાં પોતાના ટેક અને પવિત્ર આચાર વિચારથી ઉચ્ચ આદર્શરૂપ રહેલા, બાલકથી તે વૃદ્ધપર્યંત સર્વ વર્ગ અને જાતિમાં પ્રસિદ્ધ પામેલા દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇનો જન્મ સન ૧૮૪૪ માં થયો હતો. તેમનું મૂલ કુટુંબ અલીણામાં રહેતું, પરંતુ પેશ્વાઇનો અંત આવ્યા બાદ તેમના વડીલો અમદાવાદમાં આવી રહેલા. તેમના પિતા સાકરલાલ છબીલદાસ અમદાવાદના એક સુવિખ્યાત વકીલ હતા. દિ. બા. અંબાલાલનું શરીર ન્હાનપણમાં ઘણું રોગીષ્ટ હતું અને તેથી તેઓએ મેટ્રિકની પરીક્ષા પણ આપી નહતી એટલામાં વધુ અભ્યાસ કરવો છોડી દેવો પડયો, અને સર થીયોડોર હોપના હાથ નીચે તેમણે નોકરી લીધી. તેમની અસામાન્ય બુદ્ધિ તથા કાર્યશક્તિથી સંતુષ્ટ થઇ સર ટી. હોપે તેમને તેમનો અભ્યાસ ચાલુ કરવા આગ્રહ કર્યો, અને તેને પરિણામે સને ૧૮૬૫ માં ગુજરાતી લઇને તેઓએ મેટ્રિકની પરીક્ષા પહેલે નંબરે પાસ કરી અને ચાર માસ પછી પુરતું લેટિન શીખી લઈ સ્કોલરશીપ લીધી. એફ. એ. તથા બી. એ., માં પણ એવીજ રીતે પ્રથમ વર્ગમાં પાસ થયા અને ૧૮૭૦ માં એમ. એ. ની પરિક્ષા અંગ્રેજી તથા સંસ્કૃત લઇ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પસાર કરી પારિતોષક મેળવ્યું. આજ ચુંમાલીશ વર્ષ થયાં પણ આવી રીતે અંગ્રેજી અને સંસ્કૃત લઇ કોઇ પ્રથમ આવ્યું નથી. એજ વર્ષમાં તેઓએ પ્રથમ નંબરે એલએલ. બી., ની પરીક્ષા પસાર કરી.

ભણીને શું કરીશું એ સવાલ એમના વખતમાં નહતો. તેમનો અભ્યાસ પૂરો થયો કે તરતજ તેમને સુરત હાઇસ્કુલમાં પ્રથમ મદદનીશ શિક્ષકની અને તે પછી હેડ માસ્તરની જગા આપવામાં આવી ત્યાંથી તેઓ અમદાવાદ આવ્યા. એમની શિક્ષણ આપવાની સચોટ રીતના તેમના શિષ્યો હજુએ વખાણ કરે છે. સુરત અને અમદાવાદમાં શિક્ષક તરીકે ગાળેલા દિવસો તેઓ તેમની વૃદ્ધાવસ્થામાં પણ અનેકવાર યાદ કરતા અને શિક્ષકનો ધંધો પવિત્ર છે, અને શિક્ષકની રહેણી કરણી વિદ્યાર્થીનું નૈતિક જીવન ઘડવામાં મોટા આધાર રૂપ છે, એવું ઘણીવાર તેમનું કહેલું યતું. પેન્શન લીધા પછી પણ તેમના પુત્રો સાથે સંસ્કૃત, અન્વિત ઍાલજીબ્રા અને ટ્રિગનોમેટ્રીના અઘરા ગુંચવણભર્યા સવાલોનો તેઓ હલ કરતા અને તેમના અંતસુધી તેમના પૌત્રોને ગુજરાતી તથા અંગ્રેજી શીખવતા. શિક્ષણપર તેમનો આવો પ્રેમ હતો અને શિક્ષક તરીકે મેલેલા ચોકસાઇ અને નિયમિતપણાના સંસ્કારો તેમનામાં છેવટ સુધી રહ્યા.

સ્વર્ગસ્થ દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ.

(લેખકઃ—રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.)

Now is the Stately colum broke,
The beacon-light is quenched in smoke,
The trumpet's silver voice is still,
The warder silent on the hill.
(Scott.)

કાળની ગતિ ન્યારી છે. ત્રિમાસિકના વાંચક વર્ગ સન્મુખ દિ. બા. અંબાલાલજીના સ્ત્રી શિક્ષણ સંબંધિ વિચારો મૂકવા અમારી ઉત્કૃષ્ટ ઈચ્છા હતી. પરંતુ તે ફળીભૂત થઇ નથી. અમારા જુલાઇ માસના અંકમાં "સ્ત્રીઓની ઉન્નતિ કેવી રીતે થાય" એ લેખ બાબત રા. બલવંતરાય ઠાકોરપર તેઓએ લખ્યું હતું કેઃ—"આજ બ્રહ્મક્ષત્રિય ત્રિમાસીકમાં સ્ત્રી શિક્ષણ વિષે તમોએ વિચાર દર્શાવ્યા છે, તે વાંચી મારૂં મન પ્રસન્ન થયું છે તે જણાવવા આ પત્ર લખું છું. પરદેશી સ્ત્રી જેવી આપણી દીકરીઓને બનાવવાના હાલના ચાલી રહેલા રિવાજને અટકાવવાની જરૂર છે. કહેવાતા સુધારાવાળા આ વિષે વિચાર કરશે તો બહુ સારૂં." રા. ઠાકોરની સુચના પરથી અમે દિ. બા. ને સ્ત્રી કેળવણી સંબંધિ ત્રિમાસિકમાં લેખ આપવા અગર તેમ ન બની શકે તો અમારા પ્રતિનિધી સાથે વાત કરવા વિનતિ કરી. શ્રાવણ શુદ ૨, તા. ૨૫ જુલૈના રોજનો તેમનો જવાબ આવ્યો કેઃ—"ત્રિમાસિકમાં નિબંધ લખવાનું મને અનુકૂળ નથી. હાલ સહેજ માથામાં કંઇ ગડબડ છે. તે પણ કારણ છે. પણ જે ત્રિમાસિક તરફથી કોઇ મને મોઢે વાદ કરી સવાલ પુછશે તેનો ઉત્તર આપવા મારી હરકત નથી. તમે ગમે તે સંબંધથી મને તસ્દી આપો તેમાં કાંઈપણ અઘટિત નથી."

આ જવાબ આવ્યાને એક પખવાડીયું પુરૂં પણ નહીં થયું હોય એટલામાં તેઓ પક્ષાઘાતના રોગથી પટકાઇ પડયાના માઠા સમાચાર અમારા સાંભળવામાં આવ્યા. એ રોગમાંથી તેઓ સહીસલામત ઉઠવા પામ્યા નહીં. તા. ૨૨ મી સપ્ટેમ્બરે બપોરે સવાત્રણ કલાકે તેમણે દેહ છોડી. આપણી ન્યાતે એક મહાન પુરૂષ અને હિંદે એક સુપુત્ર ખોયો.

આખા ગુજરાત અને કાઠીયાવાડમાં પોતાના ટેક અને પવિત્ર આચાર વિચારથી ઉચ્ચ આદર્શરૂપ રહેલા, બાલકથી તે વૃદ્ધપર્યંત સર્વ વર્ગ અને જાતિમાં પ્રસિદ્ધ પામેલા દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇનો જન્મ સન ૧૮૪૪ માં થયો હતો. તેમનું મૂલ કુટુંબ અલીણામાં રહેતું, પરંતુ પેશ્વાઇનો અંત આવ્યા બાદ તેમના વડીલો અમદાવાદમાં આવી રહેલા. તેમના પિતા સાકરલાલ છબીલદાસ અમદાવાદના એક સુવિખ્યાત વકીલ હતા. દિ. બા. અંબાલાલનું શરીર ન્હાનપણમાં ઘણું રોગીષ્ટ હતું અને તેથી તેઓએ મેટ્રિકની પરીક્ષા પણ આપી નહતી એટલામાં વધુ અભ્યાસ કરવો છોડી દેવો પડયો, અને સર થીયોડોર હોપના હાથ નીચે તેમણે નોકરી લીધી. તેમની અસામાન્ય બુદ્ધિ તથા કાર્યશક્તિથી સંતુષ્ટ થઇ સર ટી. હોપે તેમને તેમનો અભ્યાસ ચાલુ કરવા આગ્રહ કર્યો, અને તેને પરિણામે સને ૧૮૬૫ માં ગુજરાતી લઇને તેઓએ મેટ્રિકની પરીક્ષા પહેલે નંબરે પાસ કરી અને ચાર માસ પછી પુરતું લેટિન શીખી લઈ સ્કોલરશીપ લીધી. એફ. એ. તથા બી. એ., માં પણ એવીજ રીતે પ્રથમ વર્ગમાં પાસ થયા અને ૧૮૭૦ માં એમ. એ. ની પરિક્ષા અંગ્રેજી તથા સંસ્કૃત લઇ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પસાર કરી પારિતોષક મેળવ્યું. આજ ચુંમાલીશ વર્ષ થયાં પણ આવી રીતે અંગ્રેજી અને સંસ્કૃત લઇ કોઇ પ્રથમ આવ્યું નથી. એજ વર્ષમાં તેઓએ પ્રથમ નંબરે એલએલ. બી., ની પરીક્ષા પસાર કરી.

ભણીને શું કરીશું એ સવાલ એમના વખતમાં નહતો. તેમનો અભ્યાસ પૂરો થયો કે તરતજ તેમને સુરત હાઇસ્કુલમાં પ્રથમ મદદનીશ શિક્ષકની અને તે પછી હેડ માસ્તરની જગા આપવામાં આવી ત્યાંથી તેઓ અમદાવાદ આવ્યા. એમની શિક્ષણ આપવાની સચોટ રીતના તેમના શિષ્યો હજુએ વખાણ કરે છે. સુરત અને અમદાવાદમાં શિક્ષક તરીકે ગાળેલા દિવસો તેઓ તેમની વૃદ્ધાવસ્થામાં પણ અનેકવાર યાદ કરતા અને શિક્ષકનો ધંધો પવિત્ર છે, અને શિક્ષકની રહેણી કરણી વિદ્યાર્થીનું નૈતિક જીવન ઘડવામાં મોટા આધાર રૂપ છે, એવું ઘણીવાર તેમનું કહેવું થતું. પેન્શન લીધા પછી પણ તેમના પુત્રો સાથે સંસ્કૃત, ગણિત આલજીબ્રા અને ટ્રિગનોમેટ્રીના અઘરા ગુંચવણભર્યા સવાલોનો તેઓ ઉકેલ કરતા અને તેમના અંત[illegible]ના પૌત્રોને ગુજરાતી તથા અંગ્રેજી શીખવતા. શિક્ષણપર તેમનો ચ[illegible]તો અને શિક્ષક તરીકે મલેલા ચોકસાઇ અને નિયમિતપણાના [illegible] છેવટ સૂધી રહ્યા.

શિક્ષક તરીકે તેઓ રહ્યા તે દરમિયાન તેમણે સરકાર તરફથી સંસ્કૃતની પહેલી બે ચોપડીનું ભાષાંતર કર્યું તથા મી. મોન્ટગોમરી અને રા મહીધર પ્રસાદની સહાયથી અંગ્રેજી-ગુજરાતી કોષ તૈયાર કર્યો. એ ઉપરાંત મીલની પોલીટીકલ ઇકોનોમીનું ગુજરાતી ભાષાંતર કરવા સારૂ મુંબઇના શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇનું રૂ. ૪૦૦ નું ઈનામ પણ મેળવ્યું. જે કામ હાથ ધર્યું તે ઉંચી પંક્તિનું, અગત્યના ભોગવે એવું જ કરવું એ એમની ખાસીયત હતી અને તેનો નમુનો તેમની ડીક્ષનરી છે. અત્યારસુધી અનેક ડીક્ષનરી બહાર આવી છે પણ "અંબાલાલની ડીક્ષનરી"ને પહોંચી વળવા એકે સમર્થ હોય એવું અમે ધારતા નથી.

સને ૧૮૭૫ માં સર ટી. માધવરાવે અંગ્રેજ સરકારની મંજુરી મેળવી તેમને પ્રથમ નવસારી પછી કડી પ્રાંત અને તે પછી વડોદરામાં જીલ્લા જડજ તરીકે નીમ્યા. ચૌદ વર્ષ એ ઓદ્ધો માનપૂર્વક ભોગવી સને ૧૮૮૯ માં વરીષ્ટ કોર્ટમાં તેઓ ન્યાયાધીશ નીમાયા એ જગ્યા સન ૧૮૯૯ માં તેઓએ પેન્શન લીધું ત્યારે છોડી. થોડો વખત વધુ રહ્યા હોત તો દિવાન પદ મળત, પરંતુ લક્ષ્મી કરતાં કીર્તિ-ટેક એમને વિશેષ વહાલાં, અને અનુકુલ સંજોગો જોઇ તેમણે વડોદરા છોડ્યું. નોકરી છોડતી વખતે તેમને મહારાજા ગાયકવાડે ખાસ દરબાર ભરી પોષાક આપ્યો હતો અને પ્રજા તરફથી પણ તેમને સારૂં માન મળ્યું હતું. તેમની અચલ રાજ્યભક્તિ અને તે સાથે સત્યપ્રિયતા, નિડરતા તથા ન્યાયવૃત્તિથી તેઓ રાજા તથા પ્રજા બન્નેમાં પ્રિય થઇ પડયા હતા. તેમના ચુકાદાઓ નમુના રૂપ હતા; અને પ્રજાને પુરતો સંતોષ આપતા. ગુન્હેગાર લોકોને તેઓ ત્રાસરૂપ હતા. અને એક પ્રસંગ એવો એ હતો કે પોલિસ જે બંધ ન હાળી શકે તે કામ એમના કડક શાસનોએ સાધ્યું. વળી જ્યારે દક્ષીણી તથા ગુજરાતી પક્ષાપક્ષીનો પવન પૂર જોસમાં વાતો હતો ત્યારે મહારાજા ગાયકવાડે જાણીતા બાપટ કેસ કમીશનપર રીપોર્ટ કરવાનું, રાજા તથા પ્રજા બંન્નેને સંતોષવાનું, નિષ્પક્ષપાત પણ કઠિણ કામ-તેમને સોપ્યું હતું. અને આ વિકટ કસોટીમાંથી તેઓ અણીશુદ્ધ કીર્તિ લઇ પસાર થયા. એ વખતના બણકારા વડોદરાની પ્રજામાં હજુએ વાગે છે. સને ૧૯૦૦ માં તેમને નામદાર બ્રિટિશ સરકાર તરફથી દિવાન બાહાદુરનો કિતાબ મળ્યો.

પેન્શન લીધું-વાનપ્રસ્થ થયા એટલે બાકી રહેલું આયુષ્ય ઇશ્વર ભજનમાં, આરામમાં અને આળસમાં ગાળવું એવી લોક માન્યતા છે. આપણું વાતાવરણ

એવું છે. એ વાતાવરણમાં દિવાન બાહાદુર પડયા હોત તો અમદાવાદમાં આજે રાજકિય, ઔદ્યોગિક તથા કેળવણી વિગેરેની ચલવલોમાં જે ઉત્સાહ, જાગૃતિ જોવામાં આવે છે તે જોવાને આપણે ભાગ્યશાળી થાત કે નહીં તે સંશય પડતું છે. ગુજરાતની કેળવણીના અગ્રેસર ઉપરાંત તેમને અમદાવાદની રાજકીય, તથા બીજી દરેક પ્રવૃત્તિના પિતા કહીયે તો અતિશયોકિત ભર્યું નહીં કહેવાય. એમની ઘણીખરી પ્રવૃત્તિઓ જેને પરિણામે તેઓ આજે ગુજરાતના અગ્રગણ્ય પુરુષોમાં લેખાયા છે, જેથી આ બાલવૃદ્ધ સૌ પૂજ્ય બુદ્ધિથી તેમના તરફ જુએ છે, તે એમની વાનપ્રસ્થ અવસ્થામાંજ આરંભાઈ. આ બાબત દરેક વિદ્વાન પેન્શનરોએ ધ્યાનમાં રાખવા જોગ છે.

અમદાવાદ આવ્યા બાદ તેઓ ત્યાંની મ્યુનિસિપાલિટીમાં પ્રજાપક્ષ તરફથી દાખલ થયા અને વાઇસ-પ્રેસિડન્ટનો હોદ્દો સને ૧૯૦૪-૫ સુધી ભોગવ્યો. સને ૧૯૦૦-૧૯૦૧ માં પ્રજા તરફથી મ્યુનિસિપાલિટી સામું ગટર સંબંધિ જે પોકાર ઉઠયો હતો તેમાં એમણે આગળ પડતો ભાગ લીધો હતો. ઉત્તર વિભાગની મ્યુનિસિપાલીટીઓ તરફથી ધારા સભામાં દાખલ થવા તેમણે ત્રણવાર પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં તેઓ ફાવી શકયા નહતા. ત્રણે ચૂંટણી વખતે તેમની સામું તેમના એક વખતના સહાધ્યાયી મી. ગોકલદાસ કહાનદાસ પારેખ ઉભા રહ્યા હતા. ધારા સભામાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોત તો તેમની કારકિર્દી કાંઇ નવું જ રૂપ ધારણ કરત.

સને ૧૯૦૨ માં અમદાવાદમાં કોન્ગ્રેસ ભરાઇ, તે વખતે સન્માનકારિણી સભા reception committee ના પ્રમુખનું માનનીય પદ તેમણે ભોગવ્યું હતું. તે વખતનું એમનું ભાષણ, એમની વિદ્વત્તા, લોકપ્રિયતિનું અવલોકન કરવાની શકિત, અને દેશદાઝથી ભરપૂર છે. તેઓ છેવટ સુધી કોંગ્રેસના ચુસ્ત ભકત રહ્યા હતા.

છેલ્લા પંદર વર્ષમાં ઉભી થયલી રાજકીય ચલવલોમાં અને મુખ્યત્વે કરીને "સ્વદેશી" નો જુસ્સો જે વેળા પૂરજોશમાં બહાર પડયો હતો ત્યારે તેમણે અમદાવાદ, ભરૂચ તથા સુરત વિગેરે સ્થળોએ ગુજરાતી ભાષામાં આપેલા જુસ્સાદાર ભાષણો, મોડર્ન રીવ્યુ તથા હિંદુસ્તાન રીવ્યુમાં અને 'પ્રજાબંધુ' માં "સ્વદેશી" કે "બોયકોટ" ઉપર અંગ્રેજી ભાષામાં આપેલા લેખો, દેશસેવા સારૂ તેમનો અવિરત પરિશ્રમ અને ઉત્સાહ યુવાન બાંધવોને પણ આશ્ચર્ય ચકિત કરે એવા હતા. તેમના લેખો અને ભાષણો ઉત્તમ પ્રકારના માનસિક

ખોરાક રૂપ છે. " આપણે હમેશા સમગ્ર દ્રષ્ટિએ વિચાર કરવો જોઇએ. સમષ્ટિના લાભ આગળ વ્યક્તિએ પોતાનો સ્વાર્થ છોડી દેવો જોઇએ. રાષ્ટ્રીય બાબત વિષે બીજું હું બોલવા માગતો નથી. પણ જ્યાં સુધી દેશભક્તિ તથા સ્વાત્મભોગની શક્તિ આપણામાં આવશે નહીં, ત્યાં સુધી આપણા દેશની આપણે ઉન્નતિ કરી શકીશું નહીં, અને એ ઉન્નતિ થશે ત્યારે સંસાર સુધારો પણ એની મેળેજ થશે અને વ્યાપાર પણ વધશે." દેશસેવા કરનાર કેવો સમર્થ વ્યાપક Comprehensive-વિચાર રાખે છે તે બતાવવા એમના એક ભાષણમાંથી ઉપલો ઉતારો આપીએ છીએ.

ફક્ત રાજકીય ચળવળો તરફજ એમનું લક્ષ્ય ન હતું, તેઓ સઘળી પ્રવૃત્તિઓ તરફ સહાનુભુતિથી જોનારા હતા અને તેના પુરાવા તરીકે અમદાવાદમાં ભરાતી સઘળી-ધાર્મિક, નૈતિક, સામાજીક કેળવણી વિષય સંબંધિ સભાઓમાં તેમની હાજરી અને આગળ પડતો ભાગ પુરતા છે. વળી તેઓ મદ્યનિષેધ મંડળના પ્રમુખ હતા અને દારૂની વધતી જતી બદી અટકાવવા તેમણે બનતો પ્રયાસ ભાષણોદ્વારા કર્યો હતો. હોળીના તોફાની દિવસોમાં "વસન્તોત્સવ" જેવી હીલચાલમાં તેમણે લીધેલો ભાગ પણ ભૂલી જવાય તેમ નથી. ટુંકાણમાં અમદાવાદમાં-બલ્કે ગુજરાતમાં, 'જાહેર હીલચાલો, ચળવળો, અને પ્રજાજીવનની ખીલવણી તેમનીજ આગેવાની નીચે થઇ સને ૧૯૦૭ માં સુરતમાં ભરાયલી ઔદ્યોગિક કોન્ફરન્સના તેઓ પ્રમુખ હતા, અને તે વખતનું એમનું ભાષણ તેમના બીજા ભાષણો જેવું સરસ, સચોટ અને વ્યવહાર સુચનાવાળું હતું. આપણા યુવકો બી. એ. અને એલએલ. બી. થવા કરતાં ઉદ્યોગો તરફ વિશેષ લક્ષ આપે તો દેશનું અવશ્ય હિત થાય એવું તેમનું માનવું હતું. 'સ્વદેશીઝમ' તેમણે સંકુચિત દ્રષ્ટિમાં લીધું નહીં હતું અને તેથી "વિદ્યાના સંબંધમાં 'સ્વદેશીઝમ' હોઇ શકે નહીં. જ્ઞાન તો જ્યાંથી મળે ત્યાંથી લેવાને હરકત નથી," એ વાક્યદ્વારા પરદેશી કળા, પરદેશી વ્યાપાર શીખવામાં આપણે કશું ખોવાનું નથી પણ લેવાનું છે એ કહી બતાવ્યું હતું. વળી "સ્વદેશી"ના સમર્થનમાં સરળ ભાષામાં સચોટ અસર કરતી નાનકડી "શાંતિદાસ" નામની વાર્તા પણ એમણે લખેલી માનવામાં આવે છે.

રાજકીય, ઔદ્યોગિક અને શહેરી સેવા ઉપરાંત તેમણે સાહિત્યની સેવામાં લીધેલો ભાગ પણ ન્હાનો સુનો ન હતો. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના પ્રમુખપદપર એક દાયકા ઉપરાંત રહ્યા તે દરમિયાન સોસાઇટીના કારભારમાં બની શક્યો તેટલો ભાગ તેમણે લીધો હતો. એજ સોસાઇટીના "હીરક મહોત્સવ" વખતે પ્રમુખ તરીકે તા. ૯-૩-૧૯૦૯ ના રોજ જે ઠરેલ અને વારંવાર મનન કરવા યોગ્ય ભાષણ તેમણે આપ્યું તે જ્યાં સુધી ગુજરાતી ભાષા રહેશે ત્યાં સુધી યાદગાર રહેશે. એ ભાષણમાં તેમણે જન સમાજની કેળવણી, દ્રવ્ય કેળવણી અને સ્ત્રીકેળવણી, તથા કેળવણી કઇ ભાષાદ્

દ્વારા આપવી તે વિષયપર તેમના પરિપક્વ વિચારો. આ સાધનથી આકર્ષાઈ તેમની વિદ્વાસંપત્તિ, અહોલા જ્ઞાન અને અનુભવનો લાભ લેવા તેજ વર્ષમાં રાજકોટની ગુજરાતી સાહિત્ય પરિષદે તેમને પોતાના પ્રમુખ તરીકે ચૂંટી કહ્યા. તે વખતનું એમનું ભાષણ "વાણીનું સામર્થ્ય તથા અસાધારણ વ્યવહારૂ ડહાપણથી ભરપૂર" હતું.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના હીરક મહોત્સવ વખતે તેમણે ઉંચી કેળવણી સર્વ જાતનું જ્ઞાન આપણી ભાષામાં—ગુજરાતીઓને ગુજરાતી ભાષામાંજ મળે તેવા ઇલાજ યોજવા સુચના કરી હતી. આ સુચના તેમણેજ સને ૧૯૧૩ માં "ગુજરાત કેળવણી મંડળી" સ્થાપી વ્યવહાર રૂપમાં મુકી. આ મંડળીનો ઉદ્દેશ "ગુજરાતમાં ગુજરાતી ભાષાદ્વારે સર્વ પ્રકારના જ્ઞાનનો, કળાનો, નીતિનો તથા શરીર સંપત્તિનો પ્રસાર કરવા" નો છે, અને તે દ્વારા અજ્ઞાનનો નાશ કરવાનો છે. કારણ દિવાન બહાદુરના શબ્દોમાં કહીયે તો, "અજ્ઞાન એ રોગનું મૂળ છે. અજ્ઞાન એ દારિદ્ર્યનું મૂળ છે. અજ્ઞાન એ અનીતિનું મૂળ છે. અજ્ઞાન એ વહેમનું મૂળ છે. અજ્ઞાન એ સર્વ જાતની હાનીનું મૂળ છે." આ સંસ્થાને પગભર કરવા, રૂપીયા ઉઘરાવવા તેઓ પોતે ચાલુ વર્ષમાં મુંબઇ ત્રણેકવાર આવી રહેલા અને અનેક ઘેર ફરેલા. છતાં એ ગુજરાતની મોળી પ્રજાએ એમના આવા પરમાર્થી કામ તરફ પુરતી સહાનુભુતિ બતાવી નથી એવું અમે સાંભળ્યું છે. ગુજરાત અને ગુજરાતી પ્રજા સારૂ 'અભિમાનનો ઉમળકો' આણનારને, તેની હાલની સ્થિતિ સુધારવા ઇચ્છનારને પુરતું ઉત્તેજન મળ્યું નથી. એમની હયાતીમાં આ લીધેલું કામ કોઇ ઉપાડી લે, અરે, તેમની મદદે કોઇ રહે એવી તેમની એક ઇચ્છા હતી. દુર્દૈવે તેમની સઘળી ઇચ્છાઓ મનમાં ને મનમાંજ સમાઈ ગઇ.

સને ૧૯૦૯ નું વર્ષ—જે વર્ષમાં 'સરસ્વતી' પણ 'લક્ષ્મી' સાથે જોડાઈ, જે વર્ષમાં સરસ્વતી દેવીએ એમને વરમાળ આરોપી, તે વર્ષ એમના જીવનમાં યાદગાર રહી જશે. કહે છે કે 'લક્ષ્મી' અને 'સરસ્વતી' ને સાથે બનતું નથી. દિવાન બહાદુરની બાબતમાં તો એ ખરૂં પડયું. કારણ સને ૧૯૧૦ ની શરૂઆતથી તેમના ત્રણે પુત્રો સારૂ ઉભી કરેલી જાફરઅલી, નડિયાદ સ્વદેશી, તથા મર્ચંટ મિલ્સ એક પછી એક બંધ પડી, અને તેમાં એમની મિલ્કત સંડોવાઇ. કરકસરથી, પણ નીતિ અને જાત મહેનતથી ભેગી કરેલી લક્ષ્મી—પૈસો, જેવર અને ઘર, સ્થાવર તથા જંગમ સઘળી મિલ્કત, એક વર્ષ જેવા અલ્પ સમયમાં તણાઈ—લક્ષ્મીએ તેનું ચંચલ સ્વરૂપ અણી શુધ્ધ પ્રકટ કર્યું. સને ૧૯૧૦ પછી તેમનો સઘળો આધાર તેમને મલતા વાર્ષિક રૂ. ૫૦૦૦) ના પેન્શનપર હતો. અમે તેવા સંસારીનું ચિત્ત આવા માથી ચલિત થયા સિવાય રહે નહીં. દિવાન બહાદુર પણ મનુષ્ય હતા. બને તેટલું શાંત ચિત્ત રાખી, અનેક પ્રવૃત્તિઓમાં સમય રોકી તેઓ પોતાનો કાળ વ્યતિત કરતા.

હતા ઉપરાંત ઉભુ "ગુજરાત કેળવણી મંડળી" જેવું મહાભારત કામ તેમણે ઉપાડી લીધું હતું પણ જેવી શરીરની શક્તિની તેવી મનની શક્તિની પણ હદ હોય છે અને ૧૯૧૦ થી ૧૯૧૪ ના પાંચ વર્ષ દરમિયાન તેમની જાત અને કુટુંબપર આવેલી આફતથી તેને લાગે હશા-ચયલા મુકર્દમા, અપકીર્તિ અને ચિન્તાથી જે માનસિક શ્રમ પડયો તેજ તેમના રોગનું કારણભૂત થયો, "માયામાં કાંઇ ગરબડ છે" એવું એવખતે અમને લખ્યું તે પક્ષાઘાતના રોગની આગન્તુક નિશાનિ હતી. લગભગ ત્રણ માસ માંદગી ભોગવી તેઓ ઇશ્વરના પવિત્ર ધામમાં, સંસારની સઘળી ઉપાધિ અને કલેશથી મુક્ત થઇ ગયા

દિવાન બહાદુર રાજકીય ઔદ્યોગિક તથા સાહિત્યના પ્રદેશમાં જે ભાગ લીધો તે વિષે અમે ઉપર ઇશારો કર્યો તેમને 'સુધારક' કહેવા ખરા ? જો સંસાર સુધારો પ્રીતિભોજન અને હા તેમને હાલના સુધારાના કેટલાએક સિધ્ધાંત માન્ય ન હોવા છતા એ લગ્નની હદ વધારવા, બ્રહ્મચર્ય વ્રત પાળવા, શરીરસંપત્તિ, વિચારશક્તિ, નીતિબળ, સ્ત્રી કેળવણી આદિ સમાજ સુધારણાના વિષયોનો ઉદ્યોષ આપણો અને જાતવર્તનદ્વારા પ્રત્યક્ષ બતાવવામાં તેઓ કોઇ સુધારકથી પાછળ નહતા

આપણી જ્ઞાતિ સારૂ દિવાન બહાદુરે શું કર્યું છે તે જોવા ત્રિમાસિકની પાછલા છ વર્ષની ફાઇલો તથા જ્ઞાતિની કોન્ફરન્સના રીપોર્ટો ઉથલાવી જવાં જ્ઞાતિબંધુઓને અમે વિનંતિ કરીયે છીએ આપણી જ્ઞાતિ જન સમાજનું એક અંગ છે અને તેથી લોકસેવા કરવા જતાં જ્ઞાતિસેવા તેમનાથી પૂરી ન થઇ શકી હોય તો તેમાં તેમનો દોષ ન હતો અને તેથી દિલગીર થવાનું પણ નથી

સીત્તેર વર્ષની લાંબી પ્રવૃત્તિમય જીંદગીમાં અબાલાલજીને હાથે—મન, વાણી કે કર્મદ્વારા—કંઇ કંઇ ભૂલો થઇ હશે કર્યો મનુષ્ય સર્વ ગુણ સંપન્ન, દોષ રહિત છે ? પણ આપણે તો તેમના અનેક ગુણોજ લેવાના છે પ્રારબ્ધ કરતા પુરૂષાર્થને વધારે માનનારા, धर्मादर्थश्च कामश्च (ધર્મ થકીજ અર્થ અને કામ સંપાદન થાય છે) એ સૂત્ર ટાંકી ટાંકીને ઉપદેશ આપનારા નિ-ષ્કામ વૃત્તિથી અનેક સંસ્થાઓદ્વારા દેશસેવા સારૂ સતત પ્રયાસ કરનારા, પોતાના ખંત, ઉત્સાહ અને નિર્ભયતા આદિ ગુણોમાથી 'યુવાન' વર્ગને એક જવલંત દાખલો બેસાડતા તેમના જેવા કર્મવીર આપણને કયાથી કયારે સાંપડશે ?

સદગતના આત્માને તે પરમકૃપાળુ અખંડ શાંતિ આપો, અને આપણી જ્ઞાતિમાં એવા અનેક નવરત્ન પાકો

શાંતિ શાંતિ શાંતિઃ

પ્રસંગોપાત નોંધ.

परिवर्तिनि संसारे मृतः कोऽवाजुजा यते।
स जातो येनजातेन, वंशो याति समुन्नतिम् ॥

આર્ય પ્રજાના નેતાઓ અને તેના ઉન્નતિ માર્ગના સ્થાપનારાઓ, આ અને બીજા આવાં વચનો નીતિ શાસ્ત્રમાં સ્થળે સ્થળે લખી ગયા છે. તેમના મત પ્રમાણે મનુષ્ય જન્મ તથા જીવનનું ફળ એજ છે કે પોતાથી ઉતરતા જીવોને પોતાના સમાન તથા ઉચ્ચ બનાવવા ગાડીના ચાક પેઠે હમેશાં ફરતા આ સંસારમાં જન્મ લેવો તથા મરણું; વળી ફરી જન્મ લેવો તથા ફરી મરણું એ ક્રમ હમેશાં ચાલુ રહેવાનોજ. દેહનો ત્યાગ કર્યાથી કંઈ જીવાત્મા મરતો નથી. તે તો માત્ર પોતાના પાછલા અને ચાલુ જન્મના કર્મો એકત્ર તથા એક રસ થઇ કારણ દેહમાં બીજ રૂપે રહેવા લાયક થાય કે બીજો જન્મ લેવા તૈઆરી કરે છે. ઝાડનું સૂક્ષ્મ સ્વરૂપ બીજ છે. તેમ બીજનું સ્થૂલ શરીર ઝાડ છે. તે પ્રમાણે કર્મો પાકી બીજ રૂપમાં લય પામે ત્યાં સુધી માત્ર જીવાત્માને બીજો જન્મ લેવાને વાર છે. કર્મનાં બીજમાંથી ફરી જન્મ રૂપી ઝાડ થવાનુંજ. અને જન્મ લીધો કે ફરીથી આ સંસાર રૂપી મહાસાગરના મોજાઓમાં આવવાનું નક્કીજ છે. દરેક સંસારી જીવ છ વિકારોને આધીન છે એમ પ્રાચીન વિદ્વાનોએ ઠરાવ્યું છે. (૧) જન્મ લેવો તે. (૨) જન્મ થયો કે હયાતીમાં આવ્યા તે સ્થીતિ. (૩) ધીમે ધીમે વધવું એટલે મોટા થવું. (૪) વધવાની હદ આવી ગઇ કે પાકટ સ્થીતિ એ પોહોંચવાની સ્થીતિ. (૫) પાકયા પછી એક એક શરીરનાં અવયવો ખોવાં તે સ્થીતિ. (૬) અને છેવટે શરીરનો નાશ પામવો. ખનિજ, ઉદ્ભિજ, સ્વદેજ, અંડજ, જરાયુજ, કોઈપણ પ્રકારનો જીવ આ છ વિકારોથી ઉપર નથી.

આવા અતિ વિકારી, હમેશાં ચક્ર માફક ફરતા, સંસારમાં જીવાત્મા જન્મ લે તેનું સાર્થક એજ છે કે તેણે પોતાનાથી ઉતરતી પંક્તિના જીવોને પોતાની સમાન પંક્તિમાં લાવવા. અને વધારે ઉંચા ચઢવાને દૃષ્ટાની રૂપે બનવું.

મારા નમ્ર મત પ્રમાણે, પોતાના કુટુંબ, જ્ઞાતિ, તથા ગુજરાત દેશાં માટે, ઉચ્ચ વૃત્ત, દૃઢ સંકલ્પ, અચલ સત્ય પરાયણતા, તથા સદ્વર્તનના, મૂર્તિમાન જીવાત્મા, મુરબ્બી અંબાલાલજી થઇ ગયા છે. આખી જીંદગીમાં તેમણે અસત્ય વચન કોઇ દીવસ ઉચ્ચાર્યું નથી. પરમાત્માએ તેમને ઉપરના સદ્ગુણોના દૃષ્ટાન્ત રૂપ બનવાનેજ સંસારમાં જન્મ આપ્યો હશે. નાની વયથીજ, તેમનો સંકલ્પ, પોતાના સગાવાહાલાં, શિષ્યો, તથા અનુયાયિઓને પોતાના દૃષ્ટાંન્ત તથા વચનોથી ઉન્નતિ માર્ગ તરફ ચઢાવવાનો હતો. યુવાવસ્થા કે જે વખતે દ્રવ્ય વિગેરે સાધન સંપન્ન માણસોને, સંસારના વિષયોનું સુખ, સારી પેઠે ભોગવવા તરફ, સામાન્ય રીતે મજબુત વળણુ રહે, તે વખતે તો

તેઓ એ એક નમુનેદાર શિક્ષક તરીકે કીર્તિ સ્થાપી હતી. હેડ માસ્તર તરીકે તેમણે જે છાપ તેમના વિદ્યાર્થિઓ ઉપર બેસાડી હતી તે છાપ તે વિદ્યાર્થિઓની આખી જીંદગી સુધી કાયમ રહી તે વિદ્યાર્થિઓ સ્કુલ છોડયા પછી બીજા પ્રોફેસરો; તથા વિદ્વાન શિક્ષકોના સહવાસમાં ઘણા વર્ષો સુધી રહ્યા, છતાં અંબાલાલના શિક્ષણની છાપને બીજા વિદ્યાગુરૂઓનું શિક્ષણ ભુલાવી શક્યું નથી. વૃદ્ધાવસ્થાએ પોંહોંચેલા શિષ્યો એમને આ વાત ઘણીવાર કહેલી છે. અંબાલાલજીની કંઈ એક અસાધારણ આકર્ષણ શક્તિનો આ એક મજબુત પુરાવો છે.

ન્યાય ખાતામાં, નિષ્પક્ષ, તથા સ્વચ્છ ન્યાય માટે તેમની કીર્તિ તેટલીજ અચલ છે. વડોદરાના ન્યાય ખાતા સાથે સંબંધ છોડયાને પંદર વર્ષ થયાં છતાં ન્યાય મૂર્તિ તરીકે તેમની છાપ પ્રજા તથા અમલદારો ઉપર આજ સુધી તેવીજ રહેલી છે.

નાની વયથીજ તેમનુ તેજ એવું પડતું કે તેમના વડિલો તથા મુરબ્બીઓ પણ તેમને મ્હોંડે કંઇ કહી શકતા નહિ. સત્ય તથા ન્યાયનું ઓજસ એવું પડતું કે દસ શબ્દો કહેવાનો સંકલ્પ કરી તેમની પાસે જઇએ તો તેમાંથી બે શબ્દો માગ્યે બોલી શકાય. એવો તેમનો બ્રહ્મ ઓજસ સામા ઉપર પડતો.

"સત્ય" શબ્દનો ખરો અર્થ તેમણે પોતાની કારકીર્દીથી સ્પષ્ટ કર્યો છે એટલુંજ નહિ પણ તેના અર્થને વિસ્તાર્યો છે. ગૌણ રીતે "સત્ય"નો અર્થ એટલોજ મનાય છે કે જેવું પોતાના મનમાં જાણવું અથવા માનવું તેવુંજ વચન કહાડવું. આ અર્થ લોક પ્રસિદ્ધ છે. મુરબ્બી અંબાલાલજીએ, સત્ય શબ્દની વ્યાખ્યા વિસ્તારી છે. જેવું પાળવું તેવું બોલવું, તથા તે પ્રમાણે વર્તવું એ પ્રમાણે વર્તણુંક સુધી સત્યના અર્થને પોતાના દાખલાથી તેમણે વિસ્તાર આપ્યો છે. જેમ તેમનું અંતઃકરણ હમેશાં સત્ય તથા ન્યાય પરાયણ રહેતું. તેવુંજ તે આચરણ રાખતા. તેમના દાખલામાં, સત્યનો અર્થ, માત્ર વાચા તથા મનના સંમેલન સુધી અટકી ગયો નથી પણ આચરણ સુધી લંબાયો હતો, આ એકજ સદ્ગુણ એવો મોટો છે કે શાસ્ત્રનાં સિદ્ધાન્ત પ્રમાણે તે એકજ ગુણ માટે તેમને "મહા પુરૂષ" કે "ઋષિ" નું પદ આપીયે તો તે અયોગ્ય કહેવાય નહીં.

પૂર્વ જન્મના કર્મોના યોગથી કેટલાયેક જીવાત્માઓ જન્મથી જે કામમાં તેઓ ઉતરે તે પ્રત્યેક કામમાં જય મેળવ્યા કરે તેવા નીવડે છે. તેમના સદ્ગુણો તથા બુદ્ધિ સામાન્ય વર્ગનાં છતાં તેઓની કારકીર્દિ હમેશાં જશવંત નીવડે છે. કેટલીકવાર એવો યોગ બને છે કે બુદ્ધિ, તથા સદ્ગુણો બહુ અસાધારણ છતાં, કોઇ જીવાત્માને તે બુદ્ધિ તથા ગુણોને યોગ્ય, આ લોકમાં, કીર્તિ મેળવવામાં ઘણાં વિઘ્નો નડે છે. ભતૃહરિ જેવા વિશાળ બુદ્ધિ તથા યોગ સિદ્ધ રાજાના પ્રારબ્ધમાં જંગલમાં ભટકવાનું લખ્યું હતું. તથા તેમની અક્ષય કીર્તિ વાનપ્રસ્થ અવસ્થાથી તેમને મળી તેમના પૂર્વજો તથા વંશજો તેમનાથી બુદ્ધિ

તથા ગુણમાં બહુ ઉતરતા છતાં શાંતિથી રાજ્યના ભોગો ભોગવી ગયા હતા. જો અંબાલાલજી પ્રથમથી મુંબઇને વળગી રહ્યા હોત તો તે સદ્વર્તન માટે હાલાકાના એક દાખલા રૂપ મહા પુરૂષની પંક્તિમાં બેસત, પણ કર્મ યોગે તેમને માટે એક નાના ક્ષેત્રમાં પોતાનું જીવન ગાળવાનું પ્રભુએ નિર્માણ કરેલું હશે તેથી જેટલી ખ્યાતિ, ઉંચ્ચ ગુણો તથા બુદ્ધિને લીધે તેમની થવી જોઇતી હતી તેથી એક ચતુર્થાંશ દરજ્જે પણ તે પોહોંચી શકી નહિં. કેળવણી ખાતામાં જીવન ગાળ્યું હોત તો તેમાં પણ તેઓ વધારે સ્થાયિ પ્રકાશ મેળવી શકત. "અર્થ"નો પુરૂષાર્થ મુખ્ય ગણ્યાથી વૃદ્ધાવસ્થામાં તેમને બહુ સખત ફટકા પડ્યા. તપસ્વી તથા યોગી પુરૂષોને માટે "અર્થ"નો લક્ષ્ય વ્યાજબી નથી એમ ઇશ્વરે તેમના દ્રષ્ટાન્તથી સિદ્ધ કરી આપ્યા જેવી સ્થીતિ બની છે.

"સત્ય તથા ન્યાય પરાયણ પુરૂષોની દ્રષ્ટિ હમેશાં મગજની સમતા તરફ વળે છે. તેમને હૃદયની ઉર્મિઓની પક્ષપાત ફાવતી નથી. અમુક માણસ મારો મિત્ર; સગો, કે સ્નેહી માટે તેની તરફ પક્ષ રાખવો, એ સિદ્ધાન્ત ન્યાયને અનુકુળ નથી. પરોપકાર, ક્ષમા કે દયાની કિર્તિ અને ન્યાયની સંમતાને બરોબર મેળ હોતો નથી. મુરબ્બી અંબાલાલજીમાં ન્યાય તથા સત્યની વૃત્તિઓ મજબુત દ્દઢ થએલી હોવાથી તે સત્ય તથા ન્યાયનો, સ્નેહ, પ્રીતિ, વિગેરે લાગણીઓ માટે ત્યાગતા નહિ; તેથી તેમની બાયાં, તેમના મિત્રો, સગા, તથા સ્નેહીઓને તીવ્ર અને સખત લાગતી: સત્ય અને ન્યાય હમેશાં તીવ્ર લાગે છે. પણ તેમના અંતઃકરણમાં હમેશાં બધા જગત્ માટે શુભ લાગણીઓજ વાસ કરીને રહેલી હતી. તેમને કોઇ મિત્ર કે કોઇ શત્રુ હતોજ નહિ. પોતાની ફરજ પરત્વે મિત્રતા તથા શત્રુતા દેખાતી તે માત્ર બહાર દેખાવમાંજ હતી.

સારાં કર્મ કરનારને હમેશા ઉંચ્ચ ગતિજ મળે છે એમ શ્રીકૃષ્ણપરમાત્મા એ ગીતામાં અર્જુનને સ્પષ્ટ શબ્દોમાં કહેલું છે. મુરબ્બી અંબાલાલ પૂર્વજન્મમાં તપસ્વી યોગી હશે. તે વખતે ધનાઢ્ય પુરૂષો ઉપર આજીવિકા માટે આધાર રાખવો પડ્યો હશે તેથી કંઈ વાસના દ્રવ્યા માટે રહી ગયેલી. તે વાસના પૂરી કરવા જન્મ લીધો અને દ્રવ્ય આ જન્મમાં તેઓ પુષ્કળ કમાયા. પરમાત્મા એ અંતે તે વાસનાની કંઇ ગંધ રહી જાય નહિ તથા બીજા જન્મનું કારણ બને નહિ માટે, આ જન્મમાંજ બધુ દ્રવ્ય હરી લીધું અને તેના ઉપર વૈરાગ્ય ઉપજાવ્યો એમ મારૂં માનવું છે. પાછલી અવસ્થામાં દ્રવ્ય ઉપર તેમને બીલકુલ મોહ રહયો નહોતો, અને તેમની સ્વાભાવિક ઉંચ્ચ ભૂમિકા, એ તેમને આત્મ વિદ્યાની મદદમાં તથા તેથી મલતી શાંતિમાંજ તેમનું મન સ્થિર કર્યું હતું. તેવા પુરૂષોને મોક્ષ સિદ્ધજ છે. એમ વેદાંતનો ઢંઢેરો છે.

થાણા,
૨૩-૬-૧૪.

મણીલાલ અજીતરાય.

સ્ત્રી કેળવણી.

"સ્ત્રી જાતિના ઉદ્ધાર" સંબંધી ગયા ત્રિમાસિકમાં રા. બ. ક. ઠાકોરનું વિવેચન હતું, તે સંબંધમાં રા. ચંદ્રશંકર પંડયાએ કાંઇક વધુ વિવેચન કરવા ઇચ્છા બતાવી; અને પૂછાવ્યું કે આપણા ત્રિમાસિકમાં તેમને તે વિવેચન કરવા દેવામાં આવશે કે કેમ. અલબત આનો ઉત્તર નકારમાં અમે આપી શકીયેજ નહિ. કારણ કે તેથી ત્રિમાસિકના સત્કારમાં ખામી આવે. વળી જે વિષય જે પત્રમાં ચર્ચાયો હોય તેની વધુ ચર્ચા તેજ પત્રમાં આવે તેજ ઇષ્ટ છે. તે ઉપરાંત રા. ચંદ્રશંકર હાલના ગુજરાતના એક વિદ્વાન સાક્ષર છે; અને તેમના જેવાનું ધ્યાન આપણા જેવું, જ્ઞાતિનું એક રંક ત્રિમાસિક ખેંચે, તો તેથી આપણને ઘણું માન મળ્યું અમે તો સમજીયે છીયે: અને તેથી અમે તેમનો ઉપકાર માનીયે છીયે. વિષય સંબંધમાં અમારે કાંઇ કહેવાનું નથી. વાંચક વર્ગ પોતેજ બન્ને લેખ વાંચીને નિર્ણય કરશે. અમે તો એમજ ધારીયે છીયે કે સ્ત્રી કેળવણી સંબંધી આ પ્રમાણે ચર્ચા થાય છે તેજ બતાવે છે કે હવે તે કેટલી આગળ વધી છે; ભલે જેને જે પ્રકાર ઇષ્ટ લાગે તે સ્વીકારો. જુની રીતે ભણાવો કે નવી રીતે ભણાવો. બ્રામણીયા ભણાવો કે ઇંગ્રેજી ભણાવો. ગૃહિણી યોગ્ય શિક્ષણ આપો કે તેની સાથે દેશભક્ત થવા યોગ્ય શિક્ષણ આપો. ફાવે તે આપો, પણ સ્ત્રીઓને વધુ અને વધુ કેળવો. તેમને ગમે તે રીતે જ્ઞાન આપો. તેમને નવી નવી અને ઉપયોગી ચીજો બતાવો, અને શીખવો—તેમના વ્હેમ દૂર કરો. અને અજ્ઞાનનો ઉજ્વલ પ્રકાશ પ્રસરાવો.

આપણી એસોશીએશન.

ત્રિમાસિકના પાછલા અંકો જોતાં અમદાવાદની બ્ર. ક્ષ. એસોસીએશન કેટલી પ્રવૃત્તિમાન હતી તે જણાઇ આવે છે. તે સાથે હાલમાં તે તદન મંદ પડી ગઇ છે તે પણ લાગી આવે છે; પુખ્ત, અનુભવી અને વિદ્વાન અનેક નાતભાઇઓને પહેલાં ત્યાં બોલાવીને તેમના અનુભવનો લાભ લેવામાં આવતો હતો, એટલુંજ નહિ પણ યુવકો અંદર અંદર પણ ચર્ચાઓ કરી, ભાષણો આપી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા. વળી ચાલુ જમાનામાં ચર્ચા કરવાની આવડત, ભાષણ કરવાની કળા, સારી વાતચીત કરવાની હોંશીયારી તે ઘણીજ ઉપયોગી થઇ પડે છે. વકીલાત, દલાલી, સેલ્સમેન, દાકતર, વીમાના વગેરે ધંધામાં આ આવડત ઘણીજ ઉપયોગની છે. અને તે ખીલવવા માટે ડીબેટીંગની ઘણીજ અગત્ય છે. આ રીતે તેથી જ્ઞાન વૃદ્ધિ થાય તેમજ વ્યવહાર સદગુણો ખીલે છે. માટે આપણી નાતના દરેક ગામના દરેક વિદ્યાર્થીને અમે વિનંતિ કરીયે છીયે કે તેમણે આપણી પડી ભાંગતી એસોસીએશનોને પાછી જાગૃત કરવી અને જુદા જુદા વિષયો ઉપર દર અઠવાડીયે ચર્ચાઓ કરવી. આ કામમાં

તેમના મુરબ્બીઓ તેમને જરૂર મદદ કરશે અને વખતોવખત તેમની સાથે ભેળાઇને તેમને ઘણો લાભ કરી શકશે.

ઇંગ્લાંડથી ઉંચી કેળવણી લઇ પાછા ફરેલા ભરૂચના–દેસાઈ.

એમને નોંધ લેતાં હર્ષ થાય છે કે ગુજરાતના જાણીતા ઇનામદાર અને ભરૂચના દેસાઇ કુટુંબના નબીરા મી૰ હરીપ્રસાદ વિષ્ણુપ્રસાદ જેઓ ઉંચી કેળવણી અર્થે ઇગ્લાંડ ગયા હતા તેઓ સહીસલામત ઑગસ્ટ માસમાં પાછા ફર્યા છે, અને પોતાની જાગીરો અને એસ્ટેટનો ચાર્જ લીધો છે. એમણે ઇગ્લાંડમાં લાંબી મુદત નિવાસ કર્યો છે અને ત્યાંની ઉત્કૃષ્ટ પધ્ધતિનું ઉચ્ચ શિક્ષણ લઇ યુરોપ અમેરિકા આદિ સુધરેલા દેશોમાં પ્રવાસ કરી સારો અનુભવ મેળવ્યો છે. અમને આશા છે કે પોતે મેળવેલા અનુભવ અને વિદ્યાનો જનસમાજને લાભ આપી દેસાઇ કુટુંબ અને ક્ષત્રિય કોમને જેબ આપશે. પ્રભુ તેમને દીર્ઘાયુષ કરો એજ અમારી અંતિમ અભ્યર્થના.

આમારૂં વર્ષ.

આ અંકની સાથે, નવી વ્યવસ્થાથી ચાલતા ત્રિમાસિકનું એક વર્ષ, અને તેને પ્રથમ જન્મ પામ્યાનું સાતમું વર્ષ પૂરું થાય છે. આ વર્ષમાં જે જે લોકોએ અમને જુદી જુદી રીતે મદદ કરી છે તે સર્વેનો ઉપકાર માનીયે છીએ. જે બ્હેનો અને ભાઇયોએ કવિતા અને લેખ લખી મોકલ્યા છે તેમનો ઉપકાર માનીયે છીયે. તથા અમારા ગ્રાહકોનો પણ ઉપકાર માનીયે છીયે. આ કામમાં પૈસાની જરૂર ઘણીજ છે. સુભાગ્યે આ વર્ષ તો અમને–અમારા ગ્રાહકોને લીધે–તથા કંઇક જાહેર ખબરની મદદથી–પૈસાની તાણ પડી નથી. અમે જ્યારે શરૂ કર્યું ત્યારે ફક્ત ચાળીસ પાનાજ આપવાનો અમારો વિચાર હતો. પણ તે ઘણા થોડા લાગવાથી, તથા કેટલાએક લેખો રહી જવાની બ્હીકથી, અમારે ચારે અંકના ઉડતાળીસ પાના આપવા પડ્યાં છે. તે ઉપરાંત આ વર્ષમાં અમે બે ચિત્રો આપ્યા છે. વળી આપણા ત્રિમાસિકને હજી પણ વધારે ઉપયોગી બનાવવાનો અમારો વિચાર છે. તેમ તેને આકર્ષક બનાવવા પણ ધાર્યું છે. પરંતુ તે બધાનો આધાર પૈસા ઉપર છે. હજી ગ્રાહક વધવાની ઘણી જરૂર છે. માટે સર્વે ભાઈયો તે દિશામાં અમને મદદ કરશે એમ આશા છે. આવતો જાન્યુઆરીનો અંક સળગંગ બેવડો કાઢવા વિચાર છે. તે માટે ઉપયોગી લેખો મોકલવા સર્વેને વિનંતિ છે.

છેવટે ત્રિમાસિક દિન પરદિન જ્ઞાનહિત અને દેશહિતના વધુ અને વધુ ઉપયોગી કાર્યો કરવા સમર્થ થાય એજ પ્રાર્થના છે.

ત્રિમાસિક માટે પ્રભુને પ્રાર્થના.

તોટક.

નવનીત સુધારસ જ્ઞાન તણું,
કરવા મન મોદિત વાંચકનું;
પ્રભુ આશીશ માગવી ત્હારી કને,
ચિરકાળ ટકાવ ત્રિમાસિકને.

ઇતિહાસ રૂડા નિજ જ્ઞાતિ તણો,
ઝટ આદરજો મધુરી કૃતિના;
જડતા સહુમાં પ્રભુ દૂર કરો,
રસ ચૈતનતા સઘળે ઉભરો.

હિત જ્ઞાતિ જનો હૃદયે ધરજો,
ગણ દુઃખી તણા સહુ રૂઝવજો;
ભરી નીતિ તણા સભરર રૂડા,
નવલા રાગુણા તમ જીવનમાં.

યમ નિયમના વ્રત આચરીને,
ધરજો ઉચ જીવન છાપ હૃદે;
ઉઘડું ગીતડું રસથી ભરજો,
જગતાત જરી નવ વિસરશો.

વિધ વિધ ફુલો જેમ ગુચ્છ મહિં,
ગુંથતો રસથી જેમ માળી અહિં;
ગુંથણી ત્યમ થાય ત્રિમાસિક
રૂચતાં મનને *ફુલડાં ...

જુનાગઢ.

હિન્દની સ્ત્રી જાતિનો ઉદ્ધાર શી રીતે કરી શકાય ?

(રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ. એલએલ., બી.)

મિસિસ બેસન્ટના લેખનો ઉપરના મથાળાવાળો અનુવાદ અને તે ઉપરની 'રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરની ટીકા' એ બન્ને વાંચીને જે વિચાર ઉપજ્યા તેમાંના કેટલાક અત્ર રજુ કરૂં છું.

પ્રસ્તુત વિષય ઉપર હું મ્હારા વિચાર જણાવું તે પૂર્વે બીજી બે બાબત વિષે હું સ્હેજ સૂચન કરૂં તો તે અયોગ્ય નહિ ગણાય એમ ધારૂં છું. પ્રથમ તો એ કે જ્ઞાતિસુધારણાને અંગે નવા જમાનાને લાયક જે પ્રવૃત્તિઓ ગુજરાતમાં થવા માંડી છે ત્હેમાં જુદી જુદી નાતોનાં માસિકત્રૈમાસિકો એ અગત્યનું સ્થાન ભોગવે છે. તે માસિકત્રૈમાસિકોમાં બ્રહ્મક્ષત્રિય ત્રૈમાસિક પ્રથમથીજ મ્હને બહુ ઉંચી પંક્તિનું લાગ્યું છે. ત્હેમાં આપણા અર્વાચીન જીવનના કેટલાક ઉપયોગી સવાલો પસંદ કરવામાં આવે છે એટલું નહિ પરન્તુ નવા જમાનાને શોભતી સ્વતંત્રતાથી તે વિષયો ચર્ચાતા લાગે છે ભાષા પણ' સાદી છતાં સંસ્કારી હોય છે. ત્રૈમાસિકની અગત્યના પ્રમાણમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિનાં સ્ત્રીપુરૂષોમાં તથા અન્યત્ર તે વંચાતું હશે એવી હું આશા રાખું છું. હવે બીજી બાબત. બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ જેટલી કેલવણીમાં આગળ પડતી છે ત્હેના પ્રમાણમાં ગુજરાતના સાક્ષર મંડલમાં ત્હેણે જોઇએ તેટલો ફાળો આપ્યો નથી એવો કાંઇક સંસ્કાર મ્હારા મન ઉપર પડેલોછે. પરન્તુ જે ફાળો ત્હેણે આપ્યો છે ત્હેમાં રા. ઠાકોર અગત્યનું સ્થાન ભોગવે છે. કદાચિત્ લેખનના ધોરણની અતિશય ઉંચી કલ્પનાને લીધે તેઓ કાંતો બહુ લેખો લખતા નથી-કાંતો લખી છાનામાના સંતાડી રાખે છે. ગમે તેમ હો; ત્હેમની એક પ્રવૃત્તિ માટે ત્હેમને ઓળખનાર સર્વ કોઇને માન થયા વગર રહે તેમ નથી. તે ત્હેમની પ્રવૃત્તિ તે બ્રહ્મક્ષત્રિય ત્રૈમાસિક માટેની ત્હેમની સતત કાળજી. જેઓ એમ માનતા હોય કે શક્યતાની વા ઇષ્ટતાની દૃષ્ટિથી જ્ઞાતિઓ દ્વારાજ હિન્દુસમાજનો સુધારો થઇ શકે એમ છે તેઓને માટે રા. ઠાકોરની પ્રવૃત્તિ એક ઉપયોગી દૃષ્ટાન્ત પૂરૂં પાડે છે. 'સુધારાવાળા'ઓને ઠીક લાગ્યું એવું ત્હેમણે કહ્યું અને કર્યું. 'સુધારાવાળા'ઓને સ્વસ્તિવાચન સંભળાવ્યે કાંઇ હિન્દુસમાજનો ઉદ્ધાર સ્વયમેવ થવાનો નથી. 'નેતિ' 'નેતિ' કર્યે ઇશ્વરનું સ્વરૂપ કદાચિત્

કલ્પનામાં ઉતરતું હશે, પણ એમ કર્યે કાંઈ સમાજસુધારો પોતાની મેળે નહિ થાય. નિષેધાત્મક (Negative) કામ સ્હેલું છે; વિધાનાત્મક (Positive, constructive) કામ કરનારની જોખમદારી ગંભીર છે. જ્ઞાતિઓ દ્વારા સમાજસુધારો કરવો ઠીક લાગતો હોય તો જ્ઞાતિના સમજુ અને કેળવાયલા ગૃહસ્થોએ જ્ઞાતિહિતના પ્રશ્નો વિષે વિચાર કરવો જોઇએ અને જ્ઞાતિહિતનાં કાર્યોમાં ઉત્સાહભર્યો ભાગ લેવો જોઇએ પોતાની જ્ઞાતિનું ત્રૈમાસિક પત્ર એ એક જ્ઞાતિહિતનું સાધન છે. તેવા પત્ર સાથે પોતાનું તાદાત્મ્ય રા. ઠાકોર બતાવે છે તે ખરેખર સ્તુતિપાત્ર અને અનુકરણીય છે.

૫. આપણા દેશના અને આપણા સમાજના મહાપ્રશ્નોમાં સ્ત્રીકેળવણીનો મહાપ્રશ્ન અત્યંત અગત્યનું સ્થાન ભોગવે છે. હિન્દના અનેક મહાપ્રશ્નો વિષે મિસિસ બેસન્ટે જેમ પોતાના વિચારો જાહેર કર્યા છે તેમ સ્ત્રીકેળવણી વિષે પણ કર્યા છે, અને તે પણ અનેક પ્રસંગોએ. હું પોતે થિઑસૉફિકલ સોસાઇટીનો સભાસદ નથી, તેમજ મિસિસ બેસન્ટનાં વચનોને વેદવાક્ય માનનાર પણ નથી. છતાં મિસિસ બેસન્ટની વ્યક્તિ માટે તેમ જ વિચારો માટે મ્હને અત્યંત માન છે. સ્ત્રીકેળવણી વિષેના મિસિસ બેસન્ટના વિચારો ઉપર જે 'મૂલ' નો આરોપ રા. ઠાકોર કરે છે તેથી મ્હને વિસ્મય થાય છે. આપણા દેશના તેમજ અન્ય દેશોના સ્ત્રીકેળવણીના હિમાયતીઓના એક વર્ગમાં ઉચ્ચ કેળવણીને અને 'પુસ્તકિયા' કેળવણીને જે વધારે પડતું મહત્વ અપાય છે તે આપણા સ્ત્રીવર્ગની હાલની સ્થિતિમાં ભૂલભરેલું ગણાય એવું જો રા. ઠાકોરે કહ્યું હોત તો કંઇ વાંધો લેવા જેવું ન્હોતું; પરન્તુ ઉચ્ચ કેળવણીને અથવા તો 'પુસ્તકિયા' કેળવણીને વધારે પડતું મહત્વ આપવાની ભૂલનાં મિસિસ બેસન્ટ અપરાધી છે એમ ધારવામાં રા. ઠાકોર મિસિસ બેસન્ટને ગેરઇન્સાફ કરે છે, એમ મ્હને લાગે છે. બેશક, બ્રહ્મક્ષત્રિય ત્રૈમાસિકમાં અનુવાદ માટે પસંદ કરાયલા લેખમાં સ્ત્રીજીવનના સાર્વજનિક સ્વરૂપ ઉપર મિસિસ બેસન્ટે વધારે ભાર દીધો છે એ ખરું છે, પરન્તુ તેટલા માટે સ્ત્રીજીવનના કૌટુમ્બિક સ્વરૂપને મિસિસ બેસન્ટ ગૌણ ગણે છે એમ માની લેવું યોગ્ય નથી. દાખલા તરિકે પ્રસ્તુત અનુવાદમાં જ નીચેનું વાક્ય છે. "પૂર્વકાળમાં સ્ત્રીજાતિને સારૂ બે માર્ગો ખુલ્લા હતાઃ પત્ની અને માતા થઇને તે સાંસારિક આનંદમય સુંદર જીવન ગાળતી, અગર તો તે બ્રહ્મવાદિની થઈ તપસ્વી જીવનમાં મોક્ષનો એકાંત માર્ગ ગ્રહણ કરતી. જ્યારે ગૃહસ્થાશ્રમ

થશે.' કાલેજમાં જશે તો મન કાલેજના લેસનમાં ગુંથાયલું રહેશે." આથી મ્હારી બાએ મ્હને કાલેજમાં જવા દીધી. પણ રોજ પચ્ચીસ મેણાં મારે છે ને મ્હારૂં શેર શેર લોહી બાળે છે. તેમાં વળી મ્હારી નાની મા, મોટી માશી ને નાની ચાચીથી તો તોબા પરમેશ્વર! આવામાં વળી ત્હારે ગામ આવવાની હઠ કરે તો વળી કાંઇ વાતનું વતેસર થઇ જાય!

મોટી કુંવારી છોકરીઓને બ્હેનપણીને ત્યાં નાતના સારા કુટુંબમાં દશ પંદર દીવસ રહેવામાં હરકત! તેમાં આપણી નીતિને ભય! ને અભણ ને રાંડેલી સ્ત્રીઓ મંદીરે મંદીરે, ને મહારાજોની - ફને ભટકતી ફરે તેની હરકત નહીં! છોકરાઓને તો બધી વાતની સદાય પરવાનગી! એમની નીતિને તો કોઇપણ જાતનો ભય છેજ નહીં! એતો માબાપ ને કુટુંબથી આવા મુંબાઇ ને વડોદરા જેવા શહેરોમાં ભણવાને બહાને એકલા ને નિરંકુશ રહે, ગમે તેટલા પૈસા ખર્ચે ને ગમે ત્યાં ફરતા ફરે તેની હરકત નહીં!

છોકરાને છોકરીઓ વચ્ચે જ્યાં સુધી આવો ખોટો ભેદ રહેશે ત્યાં સુધી આપણા સંસારમાં એક જાતનો અન્યાય રહેવાનો. આપણે બહુ બ્હીતાને દબાયલા રહીશું તો નાતના દોઢ ડાહ્યા બાયડા બૈરાંઓ આપણને વધારે દબાવ્યા કરશે. ત્હને યાદ છે કે, એક દીવસ "કરન્ટ ટૅાપીકસ"ના લેસન વખતે મુ માસ્તરે આપણને કહ્યું હતું કે વીલાયતમાં બૈરાંઓને પાર્લામેંટમાં મેંબરો મોકલવાનો હક નથી આપતા તેથી તેઓ ખુબ તોફાને ચઢીઓ છે. રસ્તે ફાનસો ફોડે છે, મકાનોને આગ લગાડે છે, ચિત્રોને બાવલાંઓ બગાડે છે. કોઇ કોઇ વારતો મોટા મોટા અધીકારીઓને ચાબુકે ચાબુકે મારે છે. આવા આવા બહુ તોફાનો કરે છે. પહેલાં તો તેમણે કાલાવાલા કરી પોતાના હકોની માગણી કરી પણ પુરૂષોએ તે ગણકારી નહીં. તેથી હવે સામા થઇ હક માગે છે, હવે પુરૂષોને તે આપ્યા વગર છુટકો નથી, આપણે પણ હવે રાંકડાને દબાયલા ના રહેવું. લગાર ડુંફાડો મારતાં શીખીશું તોજ આપણો દહાડો ફરશે.

તું મ્ને અમદાવાદની નવા જુની પુછે છે. ત્હેના જવાબમાં લખવાનું કે ખાસ નવા જુની તો કાંઈ નથી. બે ત્રણ લગ્નો થયા છે ને નાતો ચાલે છે. મ્હારી પોતાની બાબતમાં એક નવા જુની બની છે. તું મ્હારી ખાસ બેનપણી છે મ્હારા સુખ દુઃખમાં ભાગ લે એવી છે. ને આજ મ્હારો તો કાલે ત્હારો વારો આવે એમ છે. એમ સમજી હું તને વિગતવાર બધી હકીકત લખું છું. મ્હારી ખાત્રી છે કે ત્હને એમાં રસ પડશે.

ત્રણ ચાર વર્ષ થયાં મ્હારી બા મ્હારા લગ્નને માટે વલોપાત કર્યાં કરે છે. પણ બે ત્રણ હજાર વગર કોઇ દાદ દેતું નથી તેથી એ બીચારી લાચાર છે. અમદાવાદમાં ઘેરે ઘેર ફાંફા મારી થાકી તેથી હવે પરદેશ તરફ આંખ ફેરવી છે. સુરતમાં આપણી નાતના નરસીલાલ ફોજદાર આજ ત્રણ મહીના થયાં બીજી વારના રાંડ્યા છે. ત્યાં મ્હારી બાએ મ્હારી મોટી માશી તથા માસાજી માર્ફત ગોઠવણ કરી લાગે છે. મ્હારા ચાચા એમાંનું કાંઇ જાણતા નહીં હોય. ગયા અઠવાડીઆમાં મ્હારા ચાચા અહીં લગ્નપર આવ્યા હતા, તે વખતે એક દિવસે અમે બધા સાંજના ત્રણ ચાર વાગતાં મેડીએ બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. વાતનો વિષય "મ્હારો વિવાહ" એજ હતો. મ્હને ઓગણીશ પુરાં થયાં એટલે હવે તો ગમે તેમ કરી મ્હને પરણાવી દેવી જોઇએ. સાપનો ભારો ક્યાં સુધી સાચવી રાખવો ? હાથી તો દરબારજ શોભે. આવું આવું મ્હારી બા બોલ્યા કરતી હતી ને મ્હારા ચાચા મુંગે મ્હોડે સાંભળ્યા કરતા હતા; એવામાં અમારા બારણા આગળ ગાડીનો અવાજ સંભળાયો. ગાડી બારણે ઉભી રહી ને ગાડીમાંથી મ્હારા માસાજી ને બીજો કોઇ આશરે ચાલીશ વર્ષનો ભાયડો ઉતર્યો. એમને જોતાંજ મ્હારી બાના મ્હોંપર હર્ષના ચીન્હો દેખાવવા લાગ્યાં. એકદમ તેણે મ્હને કહ્યું, "વિમળા અહીંથી જતી નહીં." પછી મ્હારા ચાચા તરફ જોઇને કહ્યું "નરસીલાલ ફોજદાર આવે છે." એટલામાં તો એ બે જણાં, નીચેનું બારણું ઉઘાડી ઉપર આવ્યાં. એમને જોઇ મ્હારી બાએ પોતાનું મ્હોં મલકાવીને પુછ્યું. "કેમ, નરસુભાઇ, સારા છોને ? ક્યારે આવ્યાં ? પછી તરતજ મોટો ઘાંટો પાડી મ્હારાં મોટી બ્હેનને ચ્હા મુકવા કહ્યું. નરસીલાલ ફોજદાર એકી ટસે મ્હારી સામું જોયા કરતા હતા. છેવટે મ્હારી બાને એમણે પુછ્યું. "આજ તમારી નાની છોકરીને ?" મ્હારી માએ જવાબ દીધો, "હા" "તમારે બે દીકરીઓ કેમ ?" "હા, મોટી નીચે છે, તમારા કેશવભાઇના નરેંદ્ર જોડે પરણાવી છે"ને આ નાની હવે એકલી પરણાવવાની બાકી છે.". આટલું થયા પછી હું બોબડી તોતડી નથી એની ખાત્રી કરવાને મ્હારા માસાજીએ મ્હને આપણી કૉલેજ સંબંધી બે ચાર સવાલો પુછી મ્હારા જવાબ લીધા. મ્હારી બાએ પછીથી ઉઠી મ્હારી ડ્રૉઇંગબુક તથા બીજી એક નોટબુક લાવી નરસીલાલ ફોજદારને મ્હારા અક્ષર તથા ચિત્રો બતાવ્યાં. પછી બારણે લટકાવેલાં તોરણો બતાવી મ્હારી બા બોલી, "આ બધાં મ્હારી વિમળાએ ભરેલાં." મ્હારી આવડત તથા હુશીઆરીની નરસીલાલ ફોજદાર ઉપર મજબુત છાપ પાડવાના હેતુથી મ્હારી બાએ કહ્યું "રાતની રસોઈ હમેશાં મ્હારી વિમળાને માથેજ છે.

તેમ એના પોતાના પોલકાં, કબજા, તથા મ્હારી મોટીના છોકરાંઓના ઝભલાં, ટોપીઓ બધું એ હાથેજ શીવે છે ભરતકામનો તો એને પ્રદર્શનમાંથી ચાંદ મળેલો છે. એનું શરીર મજબુત છે તેથી પાંચ શેર ભરડવાનું હોય તોપણ મ્હારી વિમળા હઠે એમ નથી." આ બધું સાંભળીને નરસીલાલ ફોજદાર ખુશી થયા હોય એમ મ્હને લાગ્યું.

એટલામાં ચા આપી, તે પી પાનસોપારી ખાઇ, મ્હારી બા, મ્હારા માસાજી તથા નરસીલાલ ફોજદાર નીચે ઉતર્યા ને દાદર નીચે એ ત્રણે જણાંએ ધીમે ધીમે વાતો કરવા માંડી. આટલો બધો વખત મ્હારા ચાચા એક પણ શબ્દ બોલ્યા વગર ઉદાસીમાં ખુરસીપર બેસી રહેલા હતા. એ જોઇ મ્હને કાંઇ આશા આવી. મ્હારી બાની ગેરહાજરીનો લાભ લઇ હું ડુસકાં ખાતાં ખાતાં બોલી, "ચાચા, આ નરસીલાલ ફોજદાર આપણે ત્યાં કેમ આવ્યા હતા તે હું સમજી ગઇ છું. હવે મ્હારી બધી આશા તમારા ઉપર છે. તમારા સિવાય આ દુનીઆમાં મ્હારૂં કોઇ બેલી નથી. તમે મ્હારી વ્હારે ધાજો નહીં, તો પછી દીકરીને ગાય જ્યાં દોરે ત્યાં જાય." મ્હારાથી વધારે બોલી શકાયું નહીં. મ્હારી એક આંખમાં શ્રાવણ તથા બીજીમાં ભાદરવો વ્હેવા લાગ્યા. રડતી રડતી હું ત્યાંથી પાછલી મેડીમાં જઇ સુતી.

બ્હેન, આપણી જીંદગીમાં લગ્ન એ મોટામાં મોટો બનાવ છે. આપણા સઘળા સુખ દુઃખનો આધાર લગ્ન ઉપર રહેલો છે. આવી મોટી બાબતમાં પણ આપણા માબાપ આપણને કાંઈ પુછેગાછે નહીં ને આપણને ગમે ત્યાં નાંખે એ કેમ રહેવાય ? આમ આપણી મરજી વિરૂદ્ધ થયેલાં લગ્નો જીંદગી સુધી આપણને બંધનકર્તા છે એમ મ્હારાથી તો માની શકાતુંજ નથી. આપણું મન તથા હૃદય સામા માણસને આપણા ભવિષ્યના સાથી તરીકે કબુલ કરે નહીં ત્યાં સુધી દવેજીના તથા ગોરોના અર્થ વગરનાં શબ્દો 'જીંદગી સુધી આપણને કેવી રીતે બાંધી શકે ? મ્હારૂં અંતઃકરણ આ નરસીલાલ ફોજદારને મ્હારા પતિ તરીકે સ્વીકારવા સાફ ના પાડે છે પણ મ્હારા હૃદયની લાગણીની દરકાર ના કરતાં મ્હારી બા મ્હને આ ચાળીસ વર્ષના ડચરા સાથે પરણાવે તો એના ઉપર મ્હને કેવી રીતે પ્રેમ ઉપજે ? જે પુરૂષ એક સ્ત્રી મરી ગયા પછી છ મહીને બીજી પરણ્યો, બીજીને મરે બે મહીના થયા નથી એટલામાં તો ત્રીજીની તેવડમાં ફરે છે એવાને પરમેશ્વરતુલ્ય સમજી એની સેવા કરો એવું કોઇપણ શાસ્ત્રી કહે તો હું તે માની શકતી નથી.

આપણી નાતમાં આવાં દુઃખી કજોડાં ઘણાંએ છે. વિજયા બ્હેનનોજ દાખલો લોને; એ કેવાં ભણેલાં ડાહ્યાં ને સમજુ છે! હવે એમના વર ચુનીલાલ જુઓ! વિજયા બ્હેનનો સંસાર જોઈ મ્હને તો બહુજ ત્રાંસ આવે છે. શું એમનું જ્ઞાન ને ડહાપણ! એમનું પાનું ચુનીલાલ જેવા સાથે પડયું છે. એ ચુનીલાલમાં અક્કલ કેટલી છે તે આખી નાત જાણે છે. એમની ચાલ ચલગતથી તો ત્રાહી દીનાનાથ! વિજયા બ્હેન જેવી સુંદર અને જ્ઞાની સ્ત્રીને મુકી અમે ત્યાં એ ભટકતા ફરે છે. ને દારૂ પી ઘેર આવી એમને ગમે તેવી ગાળો દે છે ને માર મારે છે તે તો જુદું! આ બધી વાત હું તો શું જાણું પણ પહેલાં અમે એમની પડોશમાં રહેતાં હતાં તેથી એમના ઘરમાં જે કાંઇ બનતું તેની રજે-રજ અમને ખબર પડતી. વિજયા બ્હેન જેવા ભણેલાંને સમજુ સ્ત્રીને નાનપણમાં એમના મા બાપે આવા અભણ, અક્કલ વગરના વંઠેલા પુરૂષ સાથે પરણાવ્યાં માટે શું એમનું હૃદય આવા નીચ તથા અધમ પતી તરફ દોરાય? એવા પતી તરફ એમને પ્રેમ ઉપજે ખરો? ને એવાને પરમેશ્વર તુલ્ય સમજી એમની સેવા કરે એ કદી બને ખરૂં? **પ્રેમ અને ભકિત તો અન્યો અન્ય છે. પુરૂષો જ્યારે સ્ત્રીઓને દેવી તરીકે પુજશે ત્યારે સ્ત્રીઓ પણ પુરૂષોને પરમેશ્વર તુલ્ય માની એમની સેવા કરશે.** પરંતુ અત્યારે આપણી ન્યાતમાં શું સ્થિતિ છે? અત્યારે સ્ત્રીઓની શું કિંમત છે? આપણે તો વગર પૈસાના નોકર અને રસોઇઆ બરોબર છીએ. ભાયડાઓને પોતાના મોજ શોખ તથા ઉપભોગને માટે જેમ ખુરસી ટેબલ જોઇએ, સારી સારી ચોપડીઓ જોઈએ, સારાં સારાં ચિત્રો જોઇએ, સારૂં સારૂં ખાવાનું જોઇએ, તેમ એક બૈરી પણ જોઇએ. કેટલીક વાર તો ખાવાના કરતાં પણ સ્ત્રીઓની કિંમત ઓછી આંકવામાં આવે છે. આપણી નાતમાં રસોઈ સારી ના કરી એટલા ગુન્હા માટે ધણીએ બૈરીને મારેલી એ મ્હેં નજરે જોયું છે. વળી આપણી નાતમાં હવે તો સ્ત્રીઓ જોડે બબ્બે હજાર રૂપીઆ મળે છે એટલે તો પુરૂષોને મધુ મઝા! એક બૈરી મરે એટલે બે હજાર રૂપીઆ મળે ને બીજી બૈરી મળે.

આવી સ્થિતિમાં આપણે શું કરવું? આવી અધમને હલકી સ્થિતિ મુંગે મ્હોંએ સહન કરવી કે માથું ઉંચકી એમાંથી છુટવા પ્રયાસ કરવો? મ્હને તો આ બાબતમાં બહુજ લાગે છે. આપણે અભણ તથા અણસમજુ હોઇએ તો આવાં દુઃખો આપણને ના લાગે? પણ હવે તો આપણે ભણી ગણી સમજતાં થયાં છીએ તો આનો કાંઇ ઉપાય કરવો જોઇએ. આપણી કોલેજ ઉઘડે એટલે આપણે બધાં એકઠાં થઇ આનો કાંઇ ઉપાય કરીએ? જેવી રીતે પુરૂષો

તેમ એના પોતાના પોલકાં, કબજા, તથા મ્હારી મોટીના છોકરાંઓના ઝભલાં, ટોપીઓ બધું એ હાથેજ શીવે છે. ભરતકામનો તો એને પ્રદર્શનમાંથી ચાંદ મળેલો છે. એનું શરીર મજબુત છે તેથી પાંચ શેર ભરડવાનું હોય તોપણ મ્હારી વિમળા હુઠે એમ નથી." આ બધું સાંભળીને નરસીલાલ ફોજદાર ખુશી થયા હોય એમ મ્હને લાગ્યું.

એટલામાં ચા આવી, તે પી પાનસોપારી ખાઇ, મ્હારી બા, મ્હારા મામાજી તથા નરસીલાલ ફોજદાર નીચે ઉતર્યા ને દાદર નીચે એ ત્રણે જણાંએ ધીમે ધીમે વાતો કરવા માંડી. આટલો બધો વખત મ્હારા ચાચા એક પણ શબ્દ બોલ્યા વગર ઉદાસીમાં ખુરશીપર બેશી રહેલા હતા. એ જોઇ મ્હને કાંઇ આશા આવી. મ્હારી બાની ગેરહાજરીનો લાભ લઇ હું હુસકાં ખાતાં ખાતાં બોલી, "ચાચા, આ નરસીલાલ ફોજદાર આપણે ત્યાં કેમ આવ્યા હતા તે હું સમજી ગઇ છું. હવે મ્હારી બધી આશા તમારા ઉપર છે. તમારા સિવાય આ દુનીઆમાં મ્હારૂં કોઇ બેલી નથી. તમે મ્હારી વ્હારે ધાજો નહીં, તો પછી દીકરીને ગાય જ્યાં દોરે ત્યાં જાય." મ્હારાથી વધારે બોલી શકાયું નહીં. મ્હારી એક આંખમાં શ્રાવણ તથા બીજીમાં ભાદરવો વ્હેવા લાગ્યા. રડતી રડતી હું ત્યાંથી પાછલી મેડીમાં જઇ સુતી.

બ્હેન, આપણી જીંદગીમાં લગ્ન એ મોટામાં મોટો બનાવ છે. આપણા સઘળા સુખ દુઃખનો આધાર લગ્ન ઉપર રહેલો છે. આવી મોટી બાબતમાં પણ આપણા માબાપ આપણને કાંઈ પુછતાંજ નહીં ને આપણને ગમે ત્યાં નાંખે એ કેમ સ્હેવાય? આમ આપણી મરજી વિરૂદ્ધ થયેલાં લગ્નો જીંદગી સુધી આપણને બંધનકર્તા છે એમ મ્હારાથી તો માની શકાતું જ નથી. આપણું મન તથા હૃદય સામા માણસને આપણા ભવિષ્યના સાથી તરીકે કબુલ કરે નહીં ત્યાં સુધી દસ્તેજના તથા ગોરોના અર્થ વગરના શબ્દો જીંદગી સુધી આપણને કેવી રીતે બાંધી શકે? મ્હારૂં અંતઃકરણ આ નરસીલાલ ફોજદારને મ્હારા પતી તરીકે સ્વીકારવા સાફ ના પાડે છે પણ મ્હારા હૃદયની લાગણીની દરકાર ના કરતાં મ્હારી બા મ્હને આ ચાળીસ વર્ષના ઠચરા સાથે પરણાવે તો એના ઉપર મ્હને કેવી રીતે પ્રેમ ઉપજે? જે પુરૂષ એક સ્ત્રી મરી ગયા પછી છ મહીને બીજી પરણ્યો, બીજીને મરે બે મહીના થયા નથી એટલામાં તો ત્રીજીની તેવડમાં ફરે છે એવાને પરમેશ્વરતુલ્ય સમજી એની સેવા કરો એવું હોયપણ શાસ્ત્રી કહેતો હું તે માની શકતી નથી.

આપણી નાતમાં આવાં દુઃખી કજોડાં ઘણાંએ છે. વિજયા બ્હેનનોજ દાખલો લોને; એ કેવાં ભણેલાં ડાહ્યાં ને સમજુ છે ! હવે એમના વર ચુનીલાલ જુઓ ! વિજયા બ્હેનનો સંસાર જોઈ મ્હને તો બહુજ ગ્રાંસ આવે છે. શું એમનું જ્ઞાન ને ડહાપણ ! એમનું પાનું ચુનીલાલ જેવા સાથે પડયું છે. એ ચુનીલાલમાં અક્કલ કેટલી છે તે આખી નાત જાણે છે. એમની ચાલ ચલગતથી તો ત્રાહી દીનાનાથ ! વિજયા બ્હેન જેવી સુંદર અને જ્ઞાની સ્રીને મુકી અમે ત્યાં એ ભટકતા ફરે છે. ને દારૂ પી ઘેર આવી એમને ગમે તેવી ગાળો દે છે ને માર મારે છે તે તો જુદું ! આ બધી વાત હું તો શું જાણું પણ પહેલાં અમે એમની પડોશમાં રહેતાં હતાં તેથી એમના ઘરમાં જે કાંઇ બનતું તેની રજે-રજ અમને ખબર પડતી. વિજયા બ્હેન જેવા ભણેલાંને સમજુ સ્ત્રીને નાનપણમાં એમના મા બાપે આવા અભણ, અક્કલ વગરના વંઠેલા પુરૂષ સાથે પરણાવ્યા માટે શું એમનું હૃદય આવા નીચ તથા અધમ પતી તરફ દોરાય ? એવા પતી તરફ એમને પ્રેમ ઉપજે ખરો ? ને એવાને પરમેશ્વર તુલ્ય સમજી એમની સેવા કરે એ કદી બને ખરૂં ? પ્રેમ અને ભક્તિ તો અન્યો અન્ય છે. પુરૂષો જ્યારે સ્ત્રીઓને દેવી તરીકે પુજશે ત્યારે સ્ત્રીઓ પણ પુરૂષોને પરમેશ્વર તુલ્ય માની એમની સેવા કરશે. પરંતુ અત્યારે આપણી ન્યાતમાં શું સ્થિતિ છે ? અત્યારે સ્ત્રીઓની શું કિંમત છે ? આપણે તો વગર પૈસાના નોકર અને રસોઇઆ બરોબર છીએ. ભાયડાઓને પોતાના મોજ શોખ તથા ઉપભોગને માટે જેમ ખુરસી ટેબલ જોઇએ, સારી સારી ચોપડીઓ જોઈએ, સારાં સારાં ચિત્રો જોઇએ, સારૂં સારૂં ખાવાનું જોઇએ, તેમ એક બૈરી પણ જોઇએ. કેટલીક વાર તો ખાવાના કરતાં પણ સ્ત્રીઓની કિંમત ઓછી આંકવામાં આવે છે. આપણી નાતમાં રસોઈ સારી ના કરી એટલા, શુન્હા માટે ઘણીએ બૈરીને મારેલી એ મ્હેં નજરે જોયું છે. વળી આપણી નાતમાં હવે તો સ્ત્રીઓ ત્રેડે બબ્બે હજાર રૂપીઆ મળે છે એટલે તો પુરૂષોને વધુ મઝા ! એક બૈરી મરે એટલે બે હજાર રૂપીઆ મળે ને બીજી બૈરી મળે.

આવી સ્થિતિમાં આપણે શું કરવું ? આવી અધમને હલકી સ્થિતિ મુંગે મ્હોંએ સહન કરવી કે માથું ઉંચકી એમાંથી છુટવા પ્રયાસ કરવો ? મ્હને તો આ બાબતમાં બહુજ લાગે છે. આપણે અભણ તથા અણસમજુ હોઇએ તો આવાં દુઃખો આપણને ના લાગે ? પણ હવે તો આપણે ભણી ગણી સમજતાં થયાં છીએ તો આનો કાંઇ ઉપાય કરવો જોઇએ. આપણી કોલેજ ઉઘડે એટલે આપણે બધાં એકઠાં થઇ આનો કાંઇ ઉપાય કરીએ ? જેવી રીતે પુરૂષો

પોતાની કલબો કાઢે છે તેવી આપણે પણ કુંવારી છોકરીઓની એક કલબ કાઢવી. એ કલબમાં આપણે બધાંએ મેંબર થઇ પ્રતીજ્ઞાઓ લેવી કે:—

(૧) આપણી મરજી વિરૂદ્ધ ગમે તેવા પુરૂષો સાથે આપણા માબાપો આપણને પરણાવવા માગે તો આપણે સાફ ના કહેવી ને ના પરણવું.

(૨) જે પુરૂષો હજારને બબ્બે હજાર રૂપીઆ લઈ આપણી સાથે પરણવા માગતા હોય તેની સાથે કદી પરણવુંજ નહીં. જે પુરૂષ આપણા રૂપ, ગુણ અને વિદ્યા માટે આપણને પરણતા નથી પણ માત્ર પૈસાનાજ સગા છે, પૈસા ના મળે કે ઓછા મળે તો આપણને પરણવાની ના પાડે એવા સ્વાર્થી ને લોભી પુરૂષોના પ્રેમનો ભરોસો શું? એવા પુરૂષો આપણને ચાહતા નથી પણ પૈસાના પુજારી છે, તેવા પુરૂષો આપણા પતી થવાને નાલાયક છે. તેઓ પોતાની સ્ત્રીઓને માટે પૈસો માગે તેઓ પોતાની સ્ત્રીઓના પ્રેમનું તથા સ્ત્રીત્વનું હડહડતું અપમાન કરે છે. એવાઓની પત્ની થવા કરતાં તો કુંવારા રહી લોકસેવા કરવી એ હજાર ગણું સારૂં છે.

(૩) જે પુરૂષોની ચાલચલગત સારી નથી તેવાઓ સાથે કદી પણ ના પરણવું.

(૪) જે પુરૂષો આપણને માત્ર રસોઇઆ કે ચાકર તરીકે જ ગણવા માગે છે, અથવા તો આપણને માત્ર એક વિલાસનું સાધન જ સમજે છે પણ એક સહચારીણી તરીકે આપણને માન આપવા તૈયાર નથી તેવાઓ સાથે પણ ના પરણવું.

જો આપણે આવી લેખત પ્રતિજ્ઞાઓ લઇશું ને મક્કમપણે તેને વળગી રહીશું તો બાયડાઓ એની મેળે ઠેકાણે આવશે.

આમ કરવા જતાં કદાચ આપણે જીંદગી સુધી કુંવારાજ રહેવાનો વખત આવે તો તેને માટે પણ તૈયાર રહેવું. માટે કોઇની પણ મદદ વગર આપણું ભરણ પોષણ કરવાને આપણે સમર્થ થવું જોઇએ. આપણા મડમ સાહેબ આપણને કહેતાં હતાં કે આપણે જો મેટ્રીકમાં પાસ થઈશું તો ચાલીસ પચાસ રૂપીઆ તો સહેજમાં પેદા કરી શકીશું. એક જીવનું પુરૂં કરવા ચાલીશ પચાસ રૂપીઆ શું ઓછા છે? પોતાનું માન ગુમાવી ગમે તેવા પુરૂષ સાથે પરણી આખો જન્મારો તેના મ્હેણા ખાવા તેના કરતાં કુંવારા રહી સ્વતંત્ર જીંદગી ગુજારવી શું ખોટું છે? આપણા માબાપોને પણ

આપણે ચોખ્ખું કહી દેવું કે છોકરીઓને સારી કેળવણી આપ્યા પછી ગમે તેવા વરો સાથે એમને પરણાવવાનો વિચાર એમણે માંડી વાળવો. ભણેલી છોકરીઓ આવું અપમાન કદી પણ સાખશે નહીં.

બ્હેન ! મ્હારા મનમાં તો ઘણા ઘણાં વિચારો આવે છે પણ એ બધા અહીંઆ લખવા બેસું તો ત્હને કંટાળો આવશે રૂબરૂમાં મળીશું ત્યારે એ સંબંધમાં આપણે વધારે વાતચીત કરીશું આપણી આ કલબ કાઢવાની વાતનો તો તું સંપૂર્ણ વિચાર કરી જોજે. કૉલેજમાં નહીં આવતી બીજી કુંવારી છોકરીઓને પણ આ બાબતની હું વાત કરીશ આપણું બધું નક્કી થાય તો છપાવી આપણી નાતની પરગામની છોકરીઓને પણ આપણી કલબમાં મેમ્બર બનાવીશું તો આપણી આ કલબમાં ૩૦, ૩૫ મેમ્બરો થાય તો ખરેખરી ગમ્મત આવે. હાલ એજ.* લી०

વિમળાના યથાયોગ્ય

"પિતાની નિરાશા."

(રા. ઠાકોર.)

ચી. નટુ,

ત્હારો પત્ર પ્હોંચ્યો, વાંચી હું ઘણોજ અજાયબ થયો છું. મ્હને ખબર ન્હોતી કે એક કેળવાયલો અને સમજુ છોકરો એકાએક કાંઇપણ વિચાર કર્યા વગર આવું પગલું ભરશે, પણ ખેર; જે થયું તે થયું. તું લખે છે કે ત્હને ચોક્કસ ખબર મળી કે હું ત્હારો વિવાહ કરનાર છું અને લગ્ન વખતે (———) લેનાર છું, તે વાત ખરી છે તે ત્હને પસંદ ના પડયું તેથી ત્હારે ત્હારી આ જીંદગી બદલી એકાએક સન્યસ્ત લઇ "સર્વન્ટસ ઑફ ઇન્ડીયા સોસાયટી" "હિંદ સેવક સમાજ"માં દાખલ થયો એ ત્હેં એક ગંભીર ભૂલ કરી છે. તું લખે છે કે મ્હેં એક વખતે "કૉન્ફરન્સ"માં પૈસા ન લેવા અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો "વર-વિક્રય ના કરવો." તે વિષે વિવેચન કર્યું હતું, એ ત્હારૂ લખવું ખરૂં છે; પણ ત્હને મ્હારામાં જેટલી અસત્યતા દેખાય છે તેટલી શું ત્હને ત્હારા જ્ઞાતિભાઇઓમાં નથી લાગતી?

---

* લેખની અંદર વર્ણવામાં આવેલી સ્થિતિ આપણી જ્ઞાતિમાં પ્રચલિત હોય તેમ જણાતું નથી-ત્રિમાસિક મંડળ.

શું "ત્રિમાસિક"માં તેમજ દરેકે દરેક, "કૉન્ફરન્સ"માં લખનારાઓ અને ભાષણ કરનારાઓએ પોતાના પુત્રોના તેમજ ભાઇઓ અથવા સગાં-વ્હાલાંના પૈસા ભાષણ કર્યા પછી નથી લીધા? શું ત્હેં ત્હારી ત્રણ બ્હેનોને પરણાવતી વખતે રૂ.———આપતી વખતે ના કહી હતી? તો જરા મન સાથે વિચાર કર કે જ્યારે આપણે આપ્યું તો તે લઇને આપણે આપણું વસુલ નહિં કરવાનું કારણ કંઇ તું મ્હને સમજાવશે?

તું હવે બધું સમજે છે, પણ ઘરનો ખર્ચ કેવી રીતે ચાલે છે એની ત્હને બિલકુલ ખબર નથી. આપણી હાલ કેવી સ્થિતિ છે તેનું પણ ત્હને બિલકુલ ભાન નથી. અમદાવાદની "મીલો"માં, મુંબઇની "બેન્કો"માં મ્હારૂં સ્વોપાર્જીત બધું ધન ગયું તે તું સારી પેઠે જાણે છે ત્હારી બ્હેનોને પરણાવતાં મ્હને કેટલો ખર્ચ થયો તેનો વિચાર પણ ત્હેં કર્યો નહિં હોય.

અત્યાર સુધી ત્હને એક પિતા તરીકેની મ્હારી ફરજ સમજી "બી એ" સુધી ભણાવ્યો; પણ તેમ કરવામાં મ્હેં પોતાને હાથેજ પગમાં કુહાડી મારી છે; તું ત્હારી ફરજ સમજતો નથી; અને સમજતો હોય તો આધુનિક સમયના પવનમાં તું પણ ઉડતો થયો છે. વૃદ્ધાવસ્થામાં દરેકે દરેક માત પિતા પોતાના પુત્રો તરફથી સુખ મળે એમ ઈચ્છે છે; પણ તે મેળવવા હું ભાગ્ય હીન છું. મ્હને આશા હતી કે તું કોઇપણ રીતે મ્હને મદદ રૂપ થઇ પડશે. પણ અફસોસ! કે જે છોડ મેં વાવ્યો તે કાંટાનો હતો.

પણ એમાં ત્હારો વાંક નથી જેનાથી તુ ઉશ્કેરાયો છે તેવા લેખો તેમજ ભાષણો લખનારાઓ અને કરનારાઓ-જ્ઞાતિબંધુઓને જ હું ઠપકો દઇશ,—કે જેઓ બોલવામાં અને લખવામાં શૂરા પણ વર્તવામાં તદ્દન બાયલા છે. "વર વિક્રય"ના સખાણો "ત્રિમાસિક"માં જોઇએ એટલાં આવે છે; પણ લખનારાઓ પોતે તેમ વર્તે છે કે નહિ એ એક ગંભીર સવાલ છે.

જો તેમ તેઓ વર્તતા ના હોય તો લેખો લખી, પુત્રોને-ઉછરતા યુવકોને વડિલો સાથે કલહ કરાવવા એવા લેખો ત્રિમાસિકમાં લખતી વખતે, જ્ઞાતિનું બંધારણ શું છે એ એમને વિચાર જ આવતો નહિં હોય. આપણી જ્ઞાતિનું દરેકે દરેક ઘર-કુટુંબ, સ્વતંત્ર વિચારનું છે, પોતાને જ સારૂં લાગે તેજ તેઓ કરે છે. ત્યારે, તેમના લેખથી શું ફાયદો થયો છે અને થશે તે જોવાનું છે પરંતુ હાલ તો હું ત્હને પુછાવું છું; એ મ્હને ફાયદો કહો કે નુકશાન કહો,

ત્હારામા આપણી જ્ઞાતિની એક સ્ત્રી કરતા પણ ઓછી અક્કલ છે એક સ્ત્રી પણ સમજે છે કે પોતાની દીકરીને માટે પૈસા આપતી વખતે, દીકરાના લઇશુ અને એમ કરીને આપેના પૈસા વસુલ કરીશુ.

હું પણ સમજુ છું કે એ રીવાજ ખરાબ છે પણ સમયને અનુસરી હુ વર્તુ છુ ત્હારી માફક, ઉધ્ધત થઇ, જ્ઞાતિ તજી, સાર્વજનિક સંસ્થામા દાખલ થવુ એ તદ્દન ભુલ ભરલુ છે

ત્હારો વિચાર ત્હારે મ્હને રૂબરૂમા જણાવવો હતો હજી કાંઈપણ ફેરફાર ત્હારી જીંદગીમા કરી શકતો હોય તો કરી સત્વર ત્હારા કમકશીબ પિતાની કુમકે આવ. પ્રભુ ત્હને સદ્બુદ્ધિ બક્ષો

લી૦

ત્હારો હતાશ પિતા

વનિતા વિશ્રામની બ્હેનો સાથે માલસરની યાત્રા.

(વિશ્રામની એક બ્રહ્મક્ષત્રિય સાધ્વી બ્હેન)

(ગયા અંકથી ચાલુ)

તા ૨૦-૫-૧૪ —સ્હવારે બધાને ગાડીની અથડામણી લાગી હતી મ્હારી તબીઅત સારી હતી. નિત્ય કર્મ પરવારી થોડુક વાચ્યુ, લખ્યુ એકાદશી હતી તેથી દુધ પીને ઘણા ભજન ગાયા થોડીવાર આરામ લઈ સ્નેહી બ્હેનનો પત્ર વાચ્યો અને વાચી સભળાવ્યો

નિર્દોષ બાળાઓની મનોવૃત્તિપર દબાણ હોવાને લીધે તે બિચારી કોઇપણ દિવસ ખીલવા પામતીજ નથી પણ ઉલટી મનમા ને મનમા મુંધવાયા કરે છે મુઝાયા કરે છે એ એના પત્રથી સ્પષ્ટ સ્હમજાઇ આવતુ હતુ દરેક સ્ત્રીમા બુદ્ધિ હોય છે પણ આપણી હિન્દુઓની રૂઢી પ્રબળતાને લીધે તે બિચારી ખીલવા પામતીજ નથી તેમા વળી અમારી સ્થિતિ તો એથી બધી પરતન્ત્ર છે કે વ્યવહારથી વિરક્ત થયા તોએ ઇચ્છાએ કે અનિચ્છાએ-તેને માન આપીને માહ્ય ભરાઇ રહેવુ પડે છે ગૃહસ્થીઓ પોતાનો ગૃહસ્થ ધર્મ પાળી આનંદ મેળવે ત્યાગી તેમનુ સાધન સાધીને આનંદ મેળવે ને અમે તો વચમા ત્રિશંકુની માફક રહ્યા વ્યવહાર ગયા ને પરમાર્થ પણ બગાડીએ

સાજરે સ્નાન કરી આવી થોડીવાર ઇશ્વરસ્મરણ કરી ચ્હા દુધ પી મહારાજ સાથે વાતો કરવા નીચે ગયા આજે એમણે એવો સરસ ઉપદેશ આપ્યો છે કે જે મગજમા રમ્યાંજ કરે છે તેમા તેમણે ભક્તિનું મહાત્મ્ય સમજાવ્યુ અને કામ ક્રોધ વગેરેનો નાશ કરી સત્કર્મોનો સચ્ચય કરવા ઉપદેશ કર્યો અને કહ્યું કે –

આવી રીતે જ્યારે તમારાં કર્મો શુદ્ધ થશે, સરલતા, નમ્રતા, શુદ્ધ પ્રેમ ત્હમારામા આવશે, અને ત્હમારા રિપુઓ નાશ પામશે ત્યારે પ્રભુને પ્રસન્ન કરવાને સાત્વિક ભક્તિ ત્હમે કરી શકશો. અને જેનાથી મુક્તિ સુખ તમે મેળવી શકશો. માટે જે જે વસ્તુ પ્રભુની છે તે તે તરફ તમે તમારો નમ્ર-વિશુદ્ધ પ્રેમ દોરવો દરેક પ્રભુની મૂર્તિઓ છે એમ જુઓ. **સર્વે વ્યાપક મહાન પ્રભુ અણુઅણુમાં વ્યાપ્ત છે** એ ભૂલશો નહીં આપણે એક **વિશ્વકુટુંબી** છીએ એકજ પિતાનો પરિવાર છીએ તેથી સર્વત્ર સ્નેહ ક્ષમા અને દયા વૃત્તિ કેળવો એટલે તમારા કલેશો નિવૃત્ત થશે સર્વત્ર પ્રભુ મયતાનુ ભાન થયા કરશે. આ રસ્તો સ્રીઓને માટે ઘણો ઉત્તમ છે

આ સિવાય બીજી પણ કેટલીક આનંદદાયક વાતો કરી અગે બધાં બારેક વાગે સુવા ચઢ્યાં મ્હને ઉંઘ નહોતી આવતી એટલે મ્હેં થોડુંક લખ્યુ અને એક દોઢ વાગે સુઈ ગઇ

તા. ૨૧-૫-૧૪:—આજ ખાસ કાઇ બનાવ બન્યો નથી ગુરૂવાર હોવાને લીધે વિધિ પુર સર ગુરૂ પૂજન કર્યું અને બાકીના વખતમાં થોડુંક વાંચ્યું, લખ્યું ને રાત્રે બધા આરતિ કરી સુઇ ગયા.

તા. ૨૨-૫-૧૪:—અત્રે એક દંપતિ વાન પ્રસ્થ ધારણ કરીને રહ્યાં છે તેના દર્શન કરવાને અમે સ્હવારે ગયાં એમનો આશ્રમ અહીંથી થોડોક દૂર છે. તે બંગાળાના કાન્યકુબ્જ બ્રાહ્મણ છે. થોડો વખત ગૃહસ્થાશ્રમ સેવીને ઇષ્ટ સાધન સાધવા અત્રે ગુરૂ આશ્રમ સમીપ એકાંત સ્થળમાં રહ્યાં છે,

આપણા ગૃહસ્થાશ્રમીઓમા ઘણાં યુગ્મો અપુત્રવાન છે તેઓ પુત્રની અભિલાષાથી રેખપર મેખ મારવા તૈયાર થાય છે, પરંતુ તેમ છતા એ નિરાશ થાય છે તો પછી લોકોનાં છોકરાંને ગાદી પતિ બનાવવાનું મન થાય છે અને અને આખી જીંદગી ક્લેશમય વ્યતિત કરે છે પણ તેને બદલે ઘરમાં રહી વાનપ્રસ્થ જેવો ધર્મ પાળી મનપર કાબુ રાખી પોતાનુ જીવન ભક્તિમાં-જન સેવામા અર્પી દે તો કેટલો આનંદ તેમને થાય ને કેટલો લાભ જનસમુદાયને

થાય ? એ વિચાર કરો. મ્હારી અલ્પ બુદ્ધિનો અભિપ્રાય તો એવો છે કે જેણે કાંઇ પણ કેળવણી લીધી છે અને જે અપુત્રવાન છે ત્હેણે તો અન્ય ફાંફાં ના મારતાં, જીવન કેવળ નિરર્થક ના ગાળતાં જનસેવા-વિરાટ પ્રભુની સેવા-કરવી જોઇએ. બુદ્ધિનો ઉપયોગ અનેક બૈરીઓ પરણવામાં ધુતારાઓને દેશમાં વધારવામાં કરવો અને પૈસાનો ઉપયોગ ન્યાતો જમાડવામાં કરવો એના કરતાં જનસેવા કરવામાં કર્યો હોય તો જીવન સુધરે, અનેકનું કલ્યાણ થાય ને પ્રભુ પ્રસન્ન થાય.

ત્યાંથી એક પાસે મહાદેવ હતા, ત્યાં દર્શન કરી ઘેર આવ્યાં. બપોરે તે અમારે મુકામે આવ્યાં હતાં. થોડા ભજન ગાયાં. બાદ સ્નાન કરવા ગયાં. અત્યારે અમદાવાદથી પાંચ છ જણ અહીં જોવા સારૂ આવ્યાં હતાં. તેઓની સાથે વાત કરતાં પ્રતિકૂલ પરિસ્થિતિના સંજોગે મ્હને ક્ષણવાર મુંઝાવી પણ અત્રના આનંદી સમુદાયે ચારે તરફ શાંતિનો ફુવારો છોડયો જેથી ઘણી શાંતિ મળી, પછી બધાં ભેગાં મળી આટલા દિવસમાં કોઈપણ વખત નહિ મળેલો એવો આનંદ મેળવી સર્વ સુતાં.

તા. ૨૩-૫-૧૪:—આજે આખો દિવસ ઘણીજ ગમગીનીમાં પસાર થયો છે. ઉદાસ મને બધાં આમતેમ ફર્યાં કરે છે કારણ કે આશ્રમમાં રહેનાર એક વિધવા બાઇનો એકનો એક યુવાન ભાઈ ગુજરી ગયો તેના મરણના સમાચાર આજે છ દિવસે મળ્યા.

અહીં ટપાલનું એટલું બધું દુઃખ છે કે કાગળ આવતાજ નથી. ટપાલ આવીને "સાધલી" સ્ટેશને પડી રહે છે. ક્યારે કોઈ ખાસ માણસ જઇને ટપાલ લઇ આવે છે ત્યારેજ આવે. બીજે દિવસે કાગળ મળવો જોઇએ તેને બદલે ઘણે દિવસે કાગળોનું મોઢું જોઇએ છીએ. આવી વખતે આવા ગામોમાં એટલો બધો ત્રાસ લાગે છે કે ન પુછો વાત.

તા. ૨૪-૫-૧૪:—સ્હવારે આઠ વાગે પરગહંસજી મહારાજના દર્શનાર્થે દોડીને રસ્તે અમે રણાપુર ગયાં સાડા અગીઆરે ત્યાં પહોંચ્યાં. ન્હાઈ, ભોજન કર્યા પછી મહારાજશ્રીના દર્શન કરવા તેમની ગુફામાં ગયાં તેઓશ્રીની મુખાકૃતિ આહોશ અને હસમુખી છે. સ્વભાવમાં ઘણા સાદા અને સ્નેહાળુ છે. સાંભળ્યા પ્રમાણે તેઓશ્રીએ બી. એ. સુધી અભ્યાસ કરી થોડો વખત નોકરી કરી હતી. ત્યાર પછી તેમણે સન્યસ્ત લીધું હતું. હાલ એમની ઉમ્મર ૮૫) વર્ષની હોય એવું અનુમાન કરી શકાય છે. અમારી સાથે થોડી વાતો કરી,

વનિતા વિશ્રામને અંગે એકાદ માસિક કહાડવા સૂચના કરી. તેમે પ્રાણાયામ વિગેરે યોગની ક્રિયાઓ શીખવા તથા શીખવાડવાની યોજના કરવા કહ્યું.

અમે બે ચાર જણાં એમનાં દર્શન કર્યા વિના રહી ગયાં હતાં તે તથા અમદાવાદથી આવેલાં નવા મંડળમાંથી અને અગારાં વડીલ એટલાંજ દર્શને માટે આવ્યાં હતાં. વધારે લાભ લઇ શકાય તેમ નહોતું કેમકે કેટલી વ્યવહારી ઉપાધિઓનાં અનિવાર્ય કારણોને લીધે અમારે બધાંને મંગળવારે વીખરાઇ જવાનું હતું.

બપોરે સ્નાન કરી તેઓશ્રી ભજનમાં બેસે છે તે પ્રમાણે તેઓ આજે પણ બેઠા. ગામમાંથી કેટલાંક બૈરાંઓને મળવા માટે બોલાવ્યાં હતાં. લગભગ વીસ ચાળીસ બૈરાં હતાં. મહારાજશ્રીએ એઓની આગળ કાંઇક બોલવાનું કહ્યું.

ગામડાના લોકો ઘણા ભાવિક હોય છે. બહારના માણસો જો થોડાપણો આડંબર કરીને જાય તો ફાવી જાય, પણ આણુવડ એટલાં બધાં હોય છે કે જે અસર એમને થવી જોઇએ તે થતી નથી, અને દુષ્ટો ધુતી જાય છે.

"કેળવણીની અગત્ય" સબંધી થોડીક વાત તેમની આગળ કરવામાં આવી અને આશ્રમમાં અભ્યાસ કરનારી–રહેનારી–એક બે ન્હાની ન્હાની બાલિકાઓને બતાવી, જે જોવાથી તાત્કાળીક તો એમને કેળવણીની જરૂર જણાઇ; પરંતુ પાછળ તો "શેઠની શિખામણ ઝાંપા સુધી" એ કહેવત પ્રમાણે બનશે, એવું જણાય છે. કારણ કે આ ગામ ગાયકવાડી હદનું હોવાથી ફરજીયાત કેળવણી આપવાનો અહીં કાયદો–ઠરાવ–છે અને તે પ્રમાણે ના આપે તો દંડ ભરવો પડે છે. તેમ છતાં દંડ ભરીને પણ છોકરીને ભણાવતા નથી. એ લોકોનો મત એવો છે કે "ભણાવે તો વખતે વહી જાય, કે વિધવા થાય. ત્યારે આ વખતે મ્હને વિચાર આવ્યો કે આ બધી દેવીઓ (વિધવાઓ) દેખાય છે તે તો પંડિતાઓજ થઇ ગઇ હશે કારણ કે જો ભણે વિધવા થતી હોય તો આ બધી ના થવી જોઇએ. ને તેમ છતાં થઇ તો આ જન્મની નહિ તો પૂર્વ જન્મની પણ કોઇ જ્ઞાતિ–પંડિતાઓજ હોવી જોઇએ.

પછી ૭ વાગે નર્મદામાં સ્નાન કરી બરાબર સાતેક વાગે હોડી હંકારી. શરૂઆતમાં પવન અનુકૂળ હતો. સાધારણ રીતે હોડી ઠીક ચાલતી હતી. ઘડીમાં જળ તરફ તો ઘડીમાં સૂર્ય તરફ તો વળી ઘડીમાં કીનારા તરફ નજર ફર્યા કરતી હતી. તેવામાં સ્હામા કિનારા ઉપર સારસના જોડાં ફરતાં હતાં તે તરફ નજર પડી અહા! પ્રભુ! એમનો કેવો વિપુલ પ્રભાવ! કેવી અદ્ભૂત

શક્તિ! કોણ કહે છે કે પશુ પક્ષીમાં પ્રેમ નથી? ન્હેં, તો આજે માણસ કરતાં પણ તેમનામાં પ્રેમ વધારે દીઠો. માનવોમાં તો ભાગ્યે હજારે કવચીત નીકળી આવે છે. કોઇકજ દંપતિ આ લોકમાં પ્રેમમય જીવન પુરૂં કર્યાં પછી પરલોકમાં સહગમન કરે છે. આ દંપતિ-આ સારસ યુગલો તો પંગલે પગલે સાથે જીવન ગાળે છે. પતિની પાછળ સ્ત્રી અને સ્ત્રી પાછળ પતિ જીવન અર્પે છે ધન્ય છે આ પ્રેમને! ધન્ય છે આ માનવ કરતાં પક્ષી જીવનને!

ધીમે ધીમે અમે તે કીનારો છોડીને ચાલવા લાગ્યાં. સૂર્ય અસ્ત પામ્યો. કૃષ્ણ પક્ષ હોવાને લીધે ચંદ્રના દર્શન તો ના થયાં પણ તારામંડળ આછો પ્રકાશ આપવા લાગ્યું. કેવળ ત્હેના પ્રકાશથી હોડીવાળા હોડી ચલાવવા લાગ્યા. આ રસ્તે કેટલેક ઠેકાણે પાણી બહુ ઓછાં હોય છે એટલે ઉતરીને ચાલવું પડે છે, પણ રાત અંધારી હોવાને લીધે અમે બેસીજ રહ્યાં હતાં. જ્યાંસુધી અજવાળું હતું ત્યાંસુધી થોડાં ભજનો ગાયાં પછી વાતો ચલાવવા માંડી.

જ્ઞાનની કેટલીક વાતો કરતાં હોડીની સાથે અમે પણ ઉછળતાં ચાલવા લાગ્યાં. આ વખતે પવન તદ્દન પ્રતિકુળ હતો. સ્હવારે જતી વખતે સાડાત્રણ કલાકમાં પહોંચી ગયાં હતાં તેને બદલે અત્યારે બારેક વાગી ગયા હતા. સાત વાગ્યાના બેઠાં હતાં તે હુજી અડધે પણ આવ્યાં નહોતાં. પવન તદ્દન પ્રતિકૂળ હોવાથી હોડી ઘણી ડોલાયમાન થવા લાગી. તેમાં પાણી ભરાયાં કરતું અને અમે વારંવાર તેને ઉલેચ્યા કરતાં હતાં. આ વખતે કાંઇક ભીતિ લાગતી હતી, પણ આસપરસ પુષ્કળ હસવા લાયક વાતો કાઢી એટલે બીજા બે એક કલાક વ્યતીત થઇ ગયા, તે જણાયા નહિ. હવે કાંઇ માઉસર પાસે આવી પહોંચ્યાની આશા લાગી. ફરથી દીવો જણાયો. બરાબર બે વાગે માઉસર ઉતર્યાં. હોડીની સ્થિતિને અને આનંદને સંભારતાં સંભારતાં સુઇ રહ્યાં.

તા. ૨૫-૫-૧૪:—આજે રોજ કરતાં સહજ મોડું ઉઠાયું હતું. હોડીની અથડામણીને લીધે કેટલાંકની તબીયત નરમ થઇ હતી. આવતી કાલે અમદાવાદ પાછું ફરવાનું હોવાથી આજે બધો સામાન બાંધવા મુકવાનું કામ ચાલ્યું, પછી રાત્રે વહેલાં પરવારી નિવૃત્તિથી ભજનો ગાવા માંડ્યા. આ વખતે મહારાજ પણ ઉપરજ હતા. કેટલાક વિદાયગીરીના, ઉપકારનાં કરૂણાજનક ભજનો ગાયાં. આ વખતે બધાંનાં હૃદયો ઘણુંજ પીગળ્યાં. મોડી રાત સુધી ભજનો ગાયા પછી બધાં સુતાં.

તા. ૨૬-૫-૧૪:—આજે અહીંથી મન ઉઠયું હતું પણ ન્હાના મોટાં કોઇને ખસવું ગમતું નહોતું. તુટેલી માળાના મણકાની માફક બધાંને જુદાં જુદાં

વિસરાઇ જવાનું હતું. જેટલો આનંદ અમદાવાદથી નીકળતી વખતે હતો તેમાંનો લેશ પણ અહીંથી-માલસરથી નીકળતી વખતે નહોતો. કારણ કે સમૂહનો દિવ્ય આનંદ ધાર્યા કરતાં પણ થોડા દિવસમાં વિસરાઇ જઇ વ્યવહારના કલેશમય કિચ્ચડમાં જઇને પડવાનું હતું. બપોરે નીકળતી વખતે બાળાઓને રડવું આવ્યું બધાનાં સ્નેહથી ગલિત હૃદયો જોઇ મહારાજનું હૃદય પણ પીગળ્યું. સ્ટેશન ઉપર મૂકવા આવી, રીઝર્વ્ડ ડબ્બાની સોઇ કરી આપી, ગાડી ઉપડયા પછી તેઓ મૂકામે ગયા-અમે સાડાત્રણે મીયાગામ આવી પહોંચ્યા અને મુંબઇથી આવતી ગાડીમાં અમે સાડાચારે બેસી રાત્રે આઠ વાગે અમદાવાદ આવી પહોંચ્યાં અહિં સૌ સૌને ઘેર જવા છૂટા પડતી વખતે બધાંના હૃદય દ્રવ્યાં.

પુનઃ આવો પ્રસંગ ક્યારે આવશે ? આવા સંવિવેક સમૂહમાં રહી મુસાફરીનો-યાત્રાનો-ખરો લ્હાવ-ખરો આનંદ ક્યારે પ્રાપ્ત થશે ? પ્રભુ ! અમને આવા પ્રસંગો વારંવાર મેળવી આપ.

હિંદુ સંસારમાં વિધવાઓની સ્થિતિ કેવી છે તે કોઇથી અજાણ્યું નથી. દરેક જણ જાણે છે કે વિધવાઓને કોઇ પણ આનંદનું સ્થાન નથી-આનંદનો પ્રસંગ નથી. (અને ઘણાખરાનું તો એવું પણ માનવું છે કે એમને આનંદના સ્થાન-પ્રસંગો હોવા પણ ના જોઇએ.) સાધારણ રીતે તો હિંદુ સ્ત્રી જાતિને માટે આનંદ લોપાઇ ગયો છે પ્રસંગો ઘણાં છે પણ ખરો વિશુદ્ધ સ્થાયિ આનંદ તેઓ મેળવી શકતાં નથી. પરતંત્રતા, હદ ઉપરાંત રૂઢી બંધન અને કેળવણીની ખામી એ તેમને આનંદમાં વિઘ્ન કર્તા છે છતાં સુખની-આનંદની દરેકને ઇચ્છા હોય છે; પરંતુ જ્ઞાન વિના તે બરાબર મેળવી શકાતું નથી; જ્યારે પતિવાળી પત્નીને, પુત્રોવાળી માતાને અને ધનવાળી શેઠાણીઓને પણ ખરો આનંદ-ખરૂં સુખ-નથી મળતું તો પછી અમારા જેવી કેવળ નિરાધાર, પરતંત્ર વિધવાઓને તો ક્યાંથીજ મળે પણ "જેનું કોઇ નહિ તેનો પ્રભુ છે." એ કહેવત અમને બરાબર લાગુ પડે છે. પરમ કૃપાળુ પરમાત્માએ અમારા માટે દિવ્યાંશી બ્હેનો દ્વારા સુખનાં વિશુદ્ધ સાધનો-ઉન્નતિનાં સરળ માર્ગો મેળવી આપ્યાં છે. પ્રભુ ! અમારી માફક અમારી જુએ ખોચરે રડતી રીબાતી, દીર્ઘ કાળને માટે શોકમાંજ હણતી બ્હેનોને પણ કાંઇક ઉન્નતિનાં-સુખનાં-સાધનો આપ. અસ્તુ *

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

* આ લેખ ઘણોજ લાંબો હતો, પરંતુ જગ્યાની તાણને લીધે ટુંકાવવો પડયો છે. આખો લેખ ઉત્તમ હતો. ત્રિમાસિક ઓફીસ.

બેલ્જીયમનો લીજ ગઢનું પડવું.

(લેખક:—રા. હરિપ્રસાદ વ્રજરાય.)

ઓખાહરણના રાગની ચાલ.

“ સેના વ્યાપિ રહી અતિ ભારે,
ઘેરી લીધા અરે ! ગઢ બારે !
ચાલ્યું બેલ્જીયમ, હવે ચાલ્યું !
પ્રભુ ! આ દેશનું શું તેં ધાર્યું ?

વેદના તીવ્ર અંતરે વળગી,
નહીં થાય હવે હું થી અળગી;
ચાલો મથું શોધી સરદાર
કંઇ વિચારી સમયનો સાર ”

અનુષ્ટુપ.

મનસાથે વિચારીને ભર્ગો મારતર ચાલીયો
ધબકારા દબાવીને અંતરના આવેગના

દ્રુતવિલંબીતની ચાલ.

ધ ડુ ડુ ડૂ મ, તતડે તોપો ઘણા
ગુ ડુ ડુ ડૂ મ, ગગડે ગોળા ઘણા;
ભુરૂજડે ભુરજે ફરી એ વળયો,
ન મળે, સરદાર કંઇ એ જડયો !

અનુષ્ટુપ.

આખિરે એક બાજુમાં જોતોતો દુર્બિનવડે
ઘોર, અંધારી રાત્રીમાં તેજસ્વી સર્ચ લૈંપથી !
સગર્વ ઉશ્કેરાયેલી સ્થીતિમાં એ ઉભો હતો,
જોતો જર્મનો ચ્હડતા ધીમે પેટ ઘસી ઘસી
સવા આવ્યાં દનાં પુરાં, શત્રુઓ તસ્કરઃ
ફરંગ તેમ છતાં કરતો, અગ્નિને વરસાવવા.
ગણીત શાસ્ત્રનો વેત્તા, ગભરાટ કરતો નથી;
આજે કામ બહુ જોરૂં ! શ્રદ્ધા અને કર્તવ્યનું ·

ઓખાહરણની ચાલ.

બરગો માસ્તરે મ્હોં મલકાવ્યું,
" ત્હમે કર્તવ્ય કીધું રૂડમારૂં,
બાપુ ! બગાડો ના ની ખરાબી
વળી ફેંદેશો તો ભવિષ્યની અગાડી."

અનુષ્ટુપ.

સુણ્યું એ શું ? સુણ્યું એમ ! ક્રોધ દાબ રહ્યો નહીં;
સાઠ વર્ષો ગયાં તોએ, થશે એ યુવાન સમ !

ઓખાહરણ.

" જાવ અંદર જઇને બેસો,
પાસે બોયરૂં છે એમાં પેસો;
જાવ જુઓ એકછ્યમ સ્ત્રીઓ,
કેવી જર્મન રહામે મરદીઓ !
કહે, કેવા કેવા ગોળીબ્હાર !
દેશસેવામાં સ્ત્રીઓની વ્હાર !
ન્હને વિસરતી નથી બાળા
વર્ષે આરાઉ જે જયમાળા
પ્હેરી સ્વર્ગે બિરાજતી હશે,
એના આત્માને શાન્તિ મળો !
લઇ પિસ્તોલ ભરી મ્હોટી ફાળ
મસ્ત વાઘણ સમ વિકાળ
પાડયો જર્મન ઑફીસર પડાકે
જતો વિંધી નાખ્યોરે તડાકે "

અનુષ્ટુપ.

એટલું ફક્ત બોલીને, પડયો સહર કામમાં
બન્નો માસ્તરનાં ચક્ષુ ભરાયાં અભિમાનમાં

કૃતવિલંબીતની ચાલ.

" શાદબાશ ! શાબાશ " કહી દોડતો
કંઇક સ્વપ્ને, પરાક્રમ દેખતાં;
નજર બ્હાર એ દુર થયા છતાં
સ્વસ્થ એ ફરી ફરી કંઇ જતા

અનુષ્ટુપ.

કારમા કાટકા સાથે, વીજળીના ચમકારથી;
ભયંકર ધડાકા થે, પડયો તટ તત્કાળમાં.
વિજયનાં ગીતો ગાતા, જય ધ્વજ ફરકાવતા;
જર્મનો આવીને ગાંઠી, હીમન જોવા લાગીયાં.

ઉથામ્યાં કો ચૂનાગચ્છી, જોયાં કો કંઈ ભોંયરાં;
દટાએલો, દબાએલો, શોધી કાઢયો વીરનર,
એગીચે આવીને પાસે ધીમે શીર નમાવીયું,
" સ્વીકારશોજી આ હસ્ત ! હ્યોજી ! તવાર આપની."

ટીકાઃ—યૂરોપમાં જે મહાન્ યુદ્ધ ચાલે છે તેમાં જર્મનોના અથાગ બળ આગળ ન્હાનકડા બેલ્જીયમે જે શૌર્ય અને સ્વદેશાભિમાન દર્શાવી અસલની સ્પાર્ટન પ્રજા અથવા આપણા રજપૂતો જેવું જે અમર નામ પ્રાપ્ત કર્યુ છે તે ઇતિહાસમાંથી કદી ભુસાશે નહીં. આ કાવ્યની મૂળ હકીકત ખરી છે. લીજની ચારે તરફ સેના વ્યાપિ રહી અને એના એક ગઢમાં જે બાર ન્હાના ન્હાના ગઢો હતા એ બધા પડવાની અણીપર આવ્યા ત્યારે બરગો માસ્તરે એટલે નગર શેઠે વિચાર કર્યો કે સરદારને મળીને હવે શરણે થવાનું હું કહું. ગઢ પડે તો બેલ્જીયમનું રક્ષણ લગભગ અસંભવિત હતું. તેથી અંતરની વેદના દબાવીને નગરશેઠ લીમંન સરદારને શોધવા જાય છે. પહેલી આઠ લીંટીઓમાં નગરશેઠના વિચાર છે નવથી ૧૩ લીંટી સુધી નગરશેઠ સરદારને શોધવા જાય છે તે વખતની સ્થીતિનું વર્ણન છે. ૧૫ થી ૧૮ લીંટીઓમાં:— ઉશ્કેરાયેલી સ્થીતિમાં લીમન સરદાર અંધારી રાત્રીમાં તેજસ્વી પ્રકાશ નાખીને દુશ્મનોની હીલચાલ તપાસતો હતો તેવામાં બર્ગો માસ્તરે એને જોયો. જર્મનો આ વખતે પેટ ઘસી ઘસીને સુતા સુતા ગઢ પર ચ્હડતા હતા. કોઇ કહે છે કે એ વખતે લીમનના પગ કપાઈ ગયા હતા. છતાં આરામ ખુરશીમાં પડયો પડયો પોતાનું કર્ત્તવ્ય કરતો હતો આ કાવ્યમાં એ વાત લીધી નથી. ૨૧ મી લીંટીમાં ગણીત શાસ્ત્રનો વેત્તા વગેરે છે અર્થાત્ લીમન લશ્કરી કોલેજમાં ગણીત શાસ્ત્રનો પ્રોફેસર હતો. છતાં આ વખતે ગણત્રી કરતો નથી એમ કહ્યું છે. કારણ ૨૨ મી લીંટીમાં સ્પષ્ટ કર્યુ છે. ૨૩ થી ૨૬ લીંટીમાં બરગોમાસ્તર સરદારને કહે છે કે હવે શરણે થાવ ને વળી છુટશો તો ભવિષ્યમાં કંઇ કરી શકશો. ૨૭ થી ૩૨ લીંટીમાં:—સરદારે એ વાત સાંભળી

બ્રહ્મક્ષત્રિના પુરોહીતો.

આપણી નાતની કાંઇપણ વાત કરતા હોઇએ ત્યારે દસા, વિસા, અને પુરોહીત, એમ ત્રણ વિભાગ આપોઆપ ઉભા થઇ જાય છે. એટલે જે નાતની સંપૂર્ણ વાત કરવી હોય તો દસા અને પુરોહીતોના વિભાગ તરફ પણ આપણે લક્ષ રાખવુંજ જોઇએ આ હેતુથીજ આ સ્થળે અમે પુરોહીતોને લગતી કાંઇક વિગત એકઠી કરી છે. એમના વિભાગની ખબર અંતર અમને દર અંક માટે કોઇ પુરી પાડશે તો અમે તે ખુશીથી સ્વીકારીશું. પુરોહીતોની–એટલે જેમની સાથે તેમને લગ્ન વ્યવહાર છે તેમનીજ વસ્તિ કુલે ફક્ત ૨૪૭ માણસોની છે. આ સઘળા પાંચ ગોત્રમાં નીચે મુજબ વહેંચાઇ ગયેલા છે.

ગોત્રનું નામ.	કુંવારા. પુ	સ્ત્રી.	પરણેલા. પુ.	સ્ત્રી.	રાંડેલા. પુ	સ્ત્રી.	કુલે.	ઘર.
મોઢા.	૩૩.	૧૬.	૨૩.	૨૩.	૭.	૮.	૧૧૦.	૨૦.
જેતલી.	૧૮.	૧૫.	૧૬	૧૬.	૪.	૧૦.	૭૯.	૧૨.
ઓઝીઆ.	૮	૩	૪.	૪.	૧.	૩.	૨૩.	૫.
દીક્ષિત	૮.	૩.	૭	૭	૦.	૨.	૨૭.	૪.
હેદ્રાબાદી.	૪.	૧.	૧	૧	૦.	૧.	૮.	૧.
કુલે.	૭૧.	૩૮.	૫૧.	૫૧.	૧૨.	૨૪.	૨૪૭.	૪૨.

આ રીતે ૧૩૪ પુરૂષોની અને ૧૧૩ સ્ત્રીઓની સમગ્રે આ નાત છે. આટલી નાની નાતનું અસ્તિત્વ ઘણુંજ સાચવી રાખી શકાય. આ નાતના કોઇ સદસ્ય બ્રહ્મક્ષત્રિયોએ થોડા વખત ઉપર પોતાનું વસ્તી પત્રક કર્યું હતું તેજ ધોરણ ઉપર એમની આખી નાતનું વસ્તી પત્રક અમને કરી મોકલશે તો તે અમે પ્રસિદ્ધ કરીશું. એવા વસ્તી પત્રક ઉપરથી વિચાર કરવાનું ઠીક સૂઝ પડશે. હાલતો એમની વસ્તિ સબંધી આટલી ખબર આપ્યા પછી એમની ધંધાની વિગતો અમને જે કાંઇ મળી છે તે અત્રે આપીશું.

હાલમાં જુદાં સરકારી ખાતાંમાં ૨૮ માણસો નોકરીએ છે અને તે સર્વેની કુલે પગાર માસિક રૂ ૧૩૫૦ની છે. આશરે ૨૦ માણસો ખાનગી નોકરી કરે છે, અને તેમની સમગ્રે પગાર માસિક રૂ. ૩૦૦ ને આશરે છે. આ રીતે ૧૧

વર્ષે રૂ. વીસ હજારની આવક નોકરી માંથી છે. આ ઉપરાંત પાંચેક કુટુંબો પૈસાદાર છે, અને મુડી, જમીન વગેરેમાંથી વ્યાજ, ઉપજ અને વતન વગેરે મળી એકંદરે આશરે પંદર હજારની તેમને આવક છે. વળી થોડીક આવક તેમને આપણા ગોર હોવાથી યજમાન વૃત્તિમાંથી મળે છે. અમને તપાસ કરતાં માલમ પડયું છે કે સરેરાશ દરવર્ષે વૃત્તિમાંથી તેમને ફકત દોઢ હજારેનીજ આવક છે, અને આમાંથી બે પાંચસો રૂપિયાતો તેમને હેદ્રાબાદથી મળે છે. એટલે આ તરફતો હજારેકને આશરેજ તેઓને વસ્તીમાંથી મળે છે. આ પ્રમાણે તેમની સમગ્ર આવક સાડી છત્રીસ હજારની દર વર્ષે છે. અને કુલે ઘર ૪૨ છે, એટલે દર કુટુંબની સરેરાશ વાર્ષિક આવક સાડા આઠસે રૂપિ માની છે. અને માથાં દીઠ વાર્ષિક આવક રૂ. ૧૪૮ની છે. આર્થિક સ્થિતિ ખોટી કહેવાય નહિ. વળી નાના મોટા થઇ કુલે ૭૦ મકાનો પુરોહીતોની માલકીનાં છે એટલે ભાડું પણ કોઇને ભરવાનું નથી.

આ નાની સરખી નાતમાં પંદર માણસ મેટ્રીક પાસ થયેલા છે. આમાંથી ચાર, અને ઈન્ટરમીડીયેટમાં ન પાસ થઇને બે, એમ છ નોકરી કરે છે અને પાંચ તો ગ્રેજ્યુએટ થયલા છે. ત્રણ ગ્રેજ્યુએટ નોકરીમાં છે અને બે એલ. એલ. બીનો અભ્યાસ કરે છે. ચાર મેટ્રીક પ્રીવિયસમાં અભ્યાસ કરે છે. હાઇસ્કુલ અને પ્રાથમિક શાળામાં પણ તેમનું ભણતર સંતોષકારક છે. એકંદરે આ સ્થિતિ સંતોષકારક લેખાય ગુજરાતના સાક્ષર મંડળમાં એક વખતે ઘણું ધ્યાન ખેંચી રહેલા "દીન-બન્ધુ" સ્વ-અનુપરામ મીઠાલાલ પણ આ નાતના હતા એ આપણે ધ્યાનમાં રાખવા જેવું છે.

આજના જમાનાના કંઇ લક્ષણો.

(લેખકઃ—રા. ચીમનલાલ હરદેરામ.)

ડૉકટર સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર હાલના જમાનામાં વિદ્યાથી, આચાર થી, તથા સંભાવિતપણાથી જેઓ અગ્રગણ્ય ગણાય છે તેમાંના એક છે. "માસિક મનોરંજન" ચોપાનિયાના સંપાદકે તેઓની સાથે વાર્તાલાપ કરેલો. તે પ્રસંગે સર ભાંડારકરે ચાલુ જમાનાને ઉલ્લેખીને જે બોધ વચનો કહ્યાં હતાં તે મનનીય હોવાથી થોડાંક અત્રે આપીયે છીએઃ—

"છોકરાંઓને બચપણુથી સભ્યતાની આદત પડવા તરફ હું ઘણી કાળજી રાખું છું. છોકરાંઓ કોઇની સાથે લડાઇ કરે, કોઇની તીખળી કરે અગર

એવી તેઓની બીજી કોઇ વર્તણુક તરફ હું કદી દુર્લક્ષ કરતો નથી. છોકરાંઓના આચાર વિચાર કે નિયમીતપણા તરફ હું હમેશાં કડક નજર રાખું છું. તેઓની હઠ હું કદી ચાલવા દેતો નથી; તથા મને જે સારી લાગે તે વાત તેઓની પાસે કરાવ્યા વગર હું કદી ચુકતો નથી. નીતી શિક્ષણના પાઠ બીજા વિષયો સાથે શીક્ષકોના શીખવવાથી કંઇ લાભકારક પરીણામ થાય એમ મને લાગતું નથી. નીતી શીક્ષણ આપનાર શિક્ષકોનું પોતાનું વર્તન ઘણું ચોખ્ખું હોવું જોઇએ. તેની પોતાની શુભેચ્છા જોઇએ તથા ઉત્તમ નિષ્ઠા જોઇએ તથા પોતાનું કર્તવ્ય તે ઉત્તમ રીતે જાણનારો હોવો જોઇએ. હાલમાં વિદ્યાને ખાતર વિદ્યા ભણનારા થોડા છે. કંઇ ખાસ ઉદ્દેશથી વિદ્યા ભણનાર ઘણા છે. ગુરૂનો અનાદર કરવા તરફ હાલમાં છોકરાંઓનાં લક્ષણ દેખાય છે. આ દોષ જુવાનીઆમાં પણ જણાય છે. તેઓ પોતે "सर्व ज्ञोस्मि" સમજે છે. આ સ્થિતીના જોખમદાર કેટલાંક વર્તમાન પત્રો, સભાઓમાં ભાષણ કરનારા વકતા તથા આગળ પડતારા છે. આપણામાં મુખ્ય પાંચ દોષ છે. (૧) વ્યકતી હિત. પોતાનું હિત સાધવાના કારણ વિના સ્વાર્થ વગરના રાષ્ટ્ર હિતના કામમાં માથું મારવું નહીં. થોડાક સ્વાર્થ હિત સારૂં આખા રાષ્ટ્ર હિતનું નુકશાન કરવા તૈયાર થવું, મતલબ કે સ્વાર્થ સિવાય રાષ્ટ્ર હિતની માહીતી નહીં. (૨) પરસ્પર વિશ્વાસ કમી અને વિશ્વાસ લાયક વર્તન પણ કમી. (૩) નીયમીતપણું બીલકુલ નહીં. સભા ભરવાની ધારણા ૬ વાગ્યે હોય ત્યારે પાંચ વાગ્યાની ચીઠીઓ બહાર કહાડયાં છતાં ૭ વાગે પધારવાની શરૂઆત થાય!! બાર વાગે જમવાનું હોય ત્યારે અગીયાર વાગતાંના તેડાં કરવાં પડે. (૪) દ્રઢ નિશ્ચયથી તથા એક નિષ્ઠાથી કામ કરી તે પરીપાર ઉતારવાની શકતી નહીં. (૫) અરસપરસના ટંટાને લીધે રાષ્ટ્ર હિતને ભયંકર હાની થતી હોય અને ચોખ્ખી નજરે દેખાતું હોય તોપણ પોતાની હઠ છોડવી નહીં.

રાજ્ય આશ્રય હોય તો અમે આમ કરીએ અને તેમ કરીએ એ સમજ ભુલ ભરેલી છે. ખરી કામગીરી બજાવવામાં દ્રઢ નિશ્ચય, એક નિષ્ઠા, સતત ઉદ્યોગ એ ગુણો આપણામાં આવવાં જોઇએ. જેતામાં આ ગુણ છે તે છુપાં રહેતાં નથી. જે વાત આપણા હાથની નથી, જે આપણાથી બદલાય તેવી નથી, તેનાપર ટપકો મુકી પોતાની જોખમદારીમાંથી મોકળા થવું અને પોતાની ફરજ ઉડાવી દેવી એ માણસાઇના લક્ષણ નથી."

——:o:——

વિનંતિઃ—દરેક જ્ઞાતિ બંધુ પોતાને ત્યાં બનતા બનાવ-જેવાં કે જન્મ, મરણ, જનોઇ, લગ્ન, નીમણુક, ફેર બદલી, પગારમાં વધારો-વગેરેની નોંધ અમને લખી જણાવી ઉપકૃત કરશો.

વર્તમાન તરંગ.

ઑ. શ્રી ચીમનલાલ હરીલાલ સેતલવડ બી એ એલ. એલ બી. એડવોકેટ મુંબઇની પ્રાઇમરી ટીચર્સ એસોશીએશનના પ્રમુખ નીમાયા છે.

દેશભક્ત દાદાભાઈ નવરોજજીની ૯૦ મી વર્ષગાંઠનો દિવસ અમદાવાદમાં રા. રા. જીવણલાલ ગજરાય દેસાઇ બાર-ઍટ-લૉના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો.

રા. રા. માણેકલાલ સાકરલાલ દેસાઇ એમ. એ ની બદલી નવસારીથી વડોદ્રા પ્રાંતના સુબા તરીકે થઇ છે.

ઑગસ્ટ માસમાં મળેલી મુંબઇ ઇલાકાની પ્રાન્તિક કૉઑપરેટીવ કૉન્ફરન્સમાં સરદાર રા. બા. મોતીલાલ ચુંનીલાલ દેસાઇ, રા રા. જીવણલાલ પ્રાણજીવનદાસ લાખીયા, રા સા. અંબાશંકર ઉત્તમરામ મલજી, રા. રા. લક્ષ્મીરામ મહીપતરામ દીવાન, રા. રા ચીમનલાલ હરદેરામ અને રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ એમ. એ, એલ. એલ. બી. એ ભાગ લીધો હતો, તથા જુદા જુદા વિષયો ઉપર નિબંધ વાંચ્યા હતા.

રા. ધીરજલાલ કેશવલાલ ઠાકોર બી. એ બાર-ઍટ-લૉ મુંબઇ યુનીવર્સીટીની એલ એલ બી. ની પરિક્ષામાં પરિક્ષક નીમાયા છે.

રા ચંદુલાલ મણીલાલ દેસાઇ દાંતના ડાકટરની પરિક્ષા (ઇગ્લાંડ.) રા. બાબારાવ જીવણલાલ દેસાઇ ફાર્મસ્યુટીકલ કેમીસ્ટ્રી (ઇગ્લાંડ.) રા. મદનલાલ ઉમેદરામ ઠાકોર એલ. એમ. ઍન્ડ એસ. રા. મંજુલાલ હીરાલાલ દેસાઇ બી. એ અને રા. વિષ્ણુપ્રસાદ મણીલાલ ઠાકોર ઇન્ટરમીડીયેટ કૉમર્સની પરિક્ષા (મુંબઇ) માં પાસ થયા છે.

રા. રતીલાલ જીવણલાલ લાખીયા બી. એ. એલ. એલ. બીને ખેડાના સરકારી વકીલના મદદનીશ તરીકે નીમ્યા છે.

કેળવણી ખાતાના નોકરોના પગારનુ રીવીઝન થવાથી નીચેના ગૃહસ્થોના પગારમા વધારો થયો છે—રા' પ્રાણવાન શીરપારામ દેસાઇ બી એ ના ૭૫ ના ૮૦, રા નરહરી કુરણારામ દેસાઇ બી એ ના ૬૦ ના ૬૫, રા મોતીલાલ અમુલખરાય દેસાઇ બી. એ ના ૬૦ ના ૬૫, રા સુન્દરાય બળવતરાય દેસાઇ એમ. એ ના ૫૫ ના ૬૦, રા કૃષ્ણલાલ ગણપતરામ ઠાકોર બી એ ના ૫૫ ના ૬૦ અને રા પ્રીતમરાય મજ્જરાય દેસાઇ બી એ ના ૪૦ ના ૫૦, થયા છે

રા ઇશ્વરલાલ ભોગીલાલની અમદાવાદનો ચીનુભાઇ શેઠની મીલમા વીવીંગ માસ્તર તરીકે રૂ ૧૫૦ ના પગારથી નીમણુક થઇ છે

રા. ઇશ્વરલાલ હીરાલાલ બી એ અમદાવાદની પ્રોપ્રાયેટરી હાઇસ્કુલમા રૂ ૫૦ થી માસ્તર તરીકે નીમાયા છે

રા રા ભુપતરાય વલ્લુભાઇ અને રા રા છોટાલાલ હીરાલાલ રીટાયર થયા છે

ભરૂચ રેવન્યુ ખાતાનુ રીવીઝન થતા રા નગીનલાલ સાકરલાલને રૂ ૧૦, રા કલ્યાણરાય જસુભાઇને રૂ. ૧૦ અને રા મણીલાલ રતનરામને રૂ ૫ નો વધારો મળ્યો છે.

રા ઠાકોરલાલ શીરજરામની ભરૂચ સીટી પોલીસમા જમાદાર તરીકે બદલી થઇ છે

રા ઇશ્વરલાલ નરભેરામને ભરૂચ સીટી પોલીસ ઑફીસમાંથી પુને ચીફ ઑપરેટરનુ કામ શીખવા મોકલ્યા છે

રા. કૃષ્ણલાલ ચતુરલાલ અને રા જયતિલાલ માધવલાલના મુબઇની ફડચામા ગયલી સ્પીશીઅલ બેન્કમાં રૂ ૪૦ ના ૪૫ થયા છે

મુબઇ સનાતન ધર્મનીતિ શિક્ષણ પ્રવર્તક કમિટી તરફથી લેવામા આવતી પરિક્ષામા રા કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ બી એ/એલ એલ. બી, રા વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર બી એ, રા જીવણલાલ માધવલાલ રા કૃષ્ણલાલ ચતુલાલ અને રા જયતિલાલ માધવલાલ પરિક્ષકો તરીકે નીમાયા હતા

મુબઇ સોશિયલ સર્વિસલીગ જુગાર નિરોધક કમિટી તરફથી હિંદુઓમા કૃષ્ણજયંતિ પ્રસગે પ્રવલિત જુગારની બદી અટકાવવા ગાર હારૂ

જુદે સ્થળોએ બાનુઓ અને ગૃહસ્થોની જાહેર સભાઓ ભરવામાં આવી હતી બાનુઓની પ્રથમ સભામાં શ્રીમતી સૌ. કૃષ્ણગૌરી ચીમનલાલ સેતલવડ અને બીજી સભામાં શ્રીમતી સૌ મંગળાગૌરી ચુંનીલાલ સેતલવડ પ્રમુખ સ્થાને બીરાજ્યાં હતાં અને પ્રસંગોપાત બોધ જનક ભાષણ આપ્યાં હતા.

રા ગણીભદ્ર નીલકંઠરાય છત્રપતી બી એ એલ એલ. બી, રા કેશવપ્રસાદ મણીલાલ ઠાકોર અને રા જીવણલાલ માધવલાલ ઠાકોર સભાસદો તરીકે જુગાર નિષેધક કમિટીમાં જોડાયા હતા.

ચી બ્હેન ઉર્મિલા વૈકુંઠરાય અને ચી બ્હેન નિર્મળા ગીરધરલાલને નવરોજજી પેસ્તનજી સ્કોલરશીપો મળી છે.

સદ્ગત દિવાન બાહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇના મૃત્યુનો શોક પ્રદર્શિત કરવા એક જાહેર સભા અમદાવાદ પ્રેમાભાઈ હૉલમાં સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે પ્રસંગે પ્રો આણંદશંકર બાપુભાઇ ધ્રુવ, રા બા રમણભાઇ મહિપતરામ નીલકંઠ વગેરે વિદ્વાન વક્તાઓએ મર્હુમના ગુણોનું અવલોકન કર્યું હતું. મર્હુમની યાદગીરી જાળવી રાખવા "સ્મારક ફંડ" ઉઘાડવામાં આવ્યું છે, જેના જોડયા સેક્રેટરી તરીકે રા. રા કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ એમ એ એલ એલ બી ને નીમ્યા છે.

યુરોપીય વિગ્રહને લઇને હિંદુસ્તાનમા "ઇમ્પીરીયલ વૉર રીલીફ ફન્ડ" ઉઘાડવામાં આવ્યું છે. જે ફંડમાં જ્ઞાતિ બધુઓ અને બગીનીઓએ યથા શકિત નાણાં ભરી-ભરાવી રાજ્ય બકિત પ્રદર્શિત કરી છે.

રા કેશવરામ નરભેરામ દીવાનના ભાવનગર રેલ્વે ઑફીસમાં રૂ ૬૫ ના ૭૦ થયા છે.

રા. કાલીદાસ નરભેરામ દીવાનના ભાવનગર રેલ્વે ઑફીસમાં રૂ. ૨૦ ના ૨૫ થયા છે.

મ્હૈસુર ખાતે ભરવામાં આવેલા હુન્નર ઔદ્યોગીક પ્રદર્શનમાં રા. નટવરલાલ ગોવિંદલાલ મજમુદાર એમ. એ અને રા વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર બી એ સોલાપુર મી'સ અને મોરારજી ગોકળદાસ મીલ્સ તરફથી પ્રતિનીધીઓ તરીકે ગયા છે.

જન્મ.

સૌ. નિર્મળગૌરી હીનકરરાવ પ્રાણલાલ	ને પુત્ર	ભરૂચ
„ મંગળાગૌરી જયંતિલાલ બળવંતરાય	ને „	„
„ ચંચળગૌરી હીરાલાલ ડાહ્યાભાઇ	ને „	„
„ મંગળાગૌરી ત્રીકમલાલ બળવંતરાય	ને „	„
„ લલીતા મોતીલાલ સાકરલાલ	ને પુત્રી	„
„ લીલાવતી રાજુલાલ માણેકલાલ	ને „	„
„ ચંદ્રમણી બળવંતરાય રાયજીભાઇ	ને „	„
„ રતનગૌરી અમૃતલાલ ચંદ્રસંકર	ને પુત્ર	સુરત
„ હંસગૌરી શંકરલાલ હરીલાલ	ને „	અમદાવાદ
„ લીલાવંતી ચંદુલાલ સાકરલાલ	ને „	„
„ ધનવિદ્યા નટવરલાલ પ્રાણશંકર	ને „	„
„ કપીલા ચીમનલાલ પ્રાણજીવનદાસ	ને „	„
„ શારદાગૌરી કેશવપ્રસાદ છોટાલાલ	ને „	„
„ ધનલક્ષ્મી ગુણવંતરાય માણેકલાલ (નાના સાથ)	ને „	„
„ ચંદ્રમણી નરહરીલાલ ચીમનલાલ	ને પુત્રી	„
„ ધનલક્ષ્મી સાકરલાલ ધીરજલાલ	ને „	„
„ હીરાગૌરી (જુના ગઢવાલા રા હીરાલાલ પુરૂષોતમરાયની પુત્રી)	ને „	„
„ જયાગૌરી મણીપ્રસાદ મુનશી	ને „	જુનાગઢ
„ જયાગૌરી ઇશ્વરલાલ દેસાઇ	ને „	„
„ વિજયાગૌરી મુગટરાય મુનશી	ને „	„
„ હીરાલક્ષ્મી અનંતરાય મુનશી	ને „	„
„ કમળાગૌરી ચીનાભાઇ અચ્છતરાય	ને પુત્ર	અમદાવાદ
„ મણીગૌરી કેવળરામ નરભેરામ	ને „	ભાવનગર

મરણ.

—:o:—

	ઉમર વર્ષ	રોગ	
ડી. બા અંબાલાલ સાકરલાલ દેસાઈ	૭૨	લકવો	અમદાવાદ
ગીરધરલાલ પરમોદરાય	૪૦	હૃદય બંધ પડવાથી	,,
દેસાઈ નરસીલાલ પ્રાણજીવનદાસ	૫૨	જલંધર	,,
રસીકગૌરી મંજુલાલ જાદવરાય	૨૧	ક્ષય	,,
ગુણવંતરાય માણેકલાલનો બાળક પુત્ર			,,
ઈશ્વરલાલ કેશવલાલ હીરાલાલનો બાળક પુત્ર			,,
મંજુલાલ જાદવરાયનો બાળક પુત્ર.		તાવ	,,
નરસીલાલ ચતુર્ભુજદાસ દેસાઇ	૫૫	ઘડપણ	ભરૂચ
હરીલાલ નવનીધરાય દેસાઇ	૫૮	તાવ	,,
હીરાલાલ કીરપારામની બાળક પુત્રી			,,
હીરાલાલ ચુનીલાલનો પુત્ર	૩		,,
ઠાકોરલાલ ચુનીલાલનો બાળક પુત્ર		વરાધ	,,
રામચંદ્ર ત્રીકમલાલ (પુરોહીત)	૫૦		,,
રૂપશંકર જયાશંકર દેસાઇ	૪૨	અકસ્માત ભીત પડવાથી	જુનાગઢ
સુમંતરાય નવનીધરાય મુનશીની બાળક પુત્રી.			,,

—:o:—

સાભાર સ્વીકાર.

—:o:—

નીચેનાં ચોપાનીયાં ત્રિમાસિકના બદલામાં મળ્યાં છે. જેની પહોંચ ઉપકાર સાથે સ્વીકારીએ છીએ—

બુદ્ધિપ્રકાશ, સમાલોચક, કેળવણી, બાળશિક્ષક, દશાલાડ પત્રિકા, શ્રીમાળી અભ્યુદય, વાલ્મિક કાયસ્થ ત્રિમાસિક, ઉનેવાળ અભ્યુદય, કપોળ, કપોળમિત્ર, ભાર્ગવ ત્રિમાસિક, સારસ્વત પ્રકાશ, ભાગ્યોદય અને અમદાવાદ વનિતા વિશ્રામનો રીપોર્ટ.

લવાજમની પહોંચ.

નકલ			
૫	રા	હરીપ્રસાદ વિષ્ણુપ્રસાદ દેસાઈ	ભરૂચ
૧	રા	નીકમલાલ હરીનાથ ઠાકોર	"
૧	રા.	નરહરીલાલ કુરણારામ દેસાઈ	"
૧	રા	નગીનલાલ બાળકૃષ્ણ	"
૧	રા	છોટાલાલ નંદલાલ દેસાઈ	"
૧	રા	મગીલાલ કેવળરામ	"
૧	રા	ધીરજલાલ નરભેરામ દેસાઈ	"
૧	રા	વૈકુંઠલાલ ઉત્તમરામ અલમૌલા	વલસાડ
૧	ડૉ	જમીએતરામ ભુપતરાય	ડાકોર
૧	રા.	ભગવાનલાલ કેશવલાલ	અમદાવાદ
૧	રા	નરહરીલાલ ચીમનલાલ લાખીઆ	"
૧	રા	કનૈયાલાલ મણીલાલ મેતનનદ	"
૧	રા	ભવાનીલાલ મોહનલાલ મુનસફ	લીંબડી
૧	રા	ુનરી ર ભતવનરાય	જુનાગઢ
૧	રા	અમૃતલાલ દર્શનરાવ	"
૧	રા.	[illegible] દેસાઈ	"
૧	રા	ધીરજલાલ ઉમેદરામ	મુંબઇ.

આ બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક શા. મગનલાલ જગજીવનદાસના 'સરસ
ી-ડીંગ પ્રેસ ૩૩૨-૩૩૪ નાગદેવી સ્ટ્રીટ મુંબઇમાં બ્ર. ક્ષ. મંડળને માટે કેશવ
ાદાસ લ. દેસાઇએ છાપી મુંબઇ ૩૯ સી. પી. ટેન્ક નં. ૪ માં પ્રગટ કર્યું